।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।

ऐं नमः

# સમાધાન યાત્રા

◆ લેખક ◆

પ.પૂ.આ. શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી પટ્ટધર

સુવિશાલગચ્છાધિપતિ પ.પૂ.આ.

**શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.**

◆ સંપાદક ◆

પ.પૂ. મુનિરાજ

**શ્રી સત્યકાંત વિ.મ.સા.**



◆ પ્રકાશક ◆

**દિવ્યદર્શન ટ્રસ્ટ**

૩૬, કલિકુંડ સોસાયટી, મફલીપુર,

ચાર રસ્તા, ધોળકા-૩૮૭ ૮૧૦.

પ્રકાશન : ૨૦૬૩

પ્રતિ : ૧૦૦૦

કિંમત : રૂા. ૬૦.૦૦

◆ સુકૃત અનુરાગી થયા લાભના ભાગી ◆

એક સદ્‌ગૃહસ્થ

એક ગુરૂભક્ત

પ્રાપ્તિ સ્થળ

**દિવ્યદર્શન ટ્રસ્ટ**

૩૬, કલિકુંડ સોસાયટી, મફલીપુર,

ચાર રસ્તા, ધોળકા.

**અરવિંદભાઇ જે. શાહ**

૮૯, શેખમેમણ સ્ટ્રીટ, ૨ જે માળે,

મુંબઇ-૪૦૦ ૦૦૨.



# સંપાદકની કલમે

**શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિ-પં. સૂર્યકાંત વિજયેભ્યો નમઃ**


**એ**ક લોકોક્તિ ઘણીવાર આપણાં કાને પડી છે- **''પૂછતાં-પૂછતાં તો ઠેઠ લંકા પહોંચાય.''** હા, વાત એકદમ સાચી ! ભલે ને આપણે મારગથી સાવ અજાણ, પ્રદેશ અણદીઠ, રસ્તો અટપટો હોય. પૂછવાનો અને પગલા ભરવાનો પ્રયત્ન કરવાથી નિશ્ચિત સ્થળે નિશ્ચિંત પહોંચાય.

પરંતુ આ વિષયમાં ઉપા. શ્રી વિનયવિજયજી મહારાજાની એક ચેતવણી ધ્યાનમાં રહે-'**कुमततमोभरमिलितनयनं किमु पृच्छत पन्थानम्...**' કુમત રૂપી અંધકારથી જેની આંખો બંધ છે તેને માર્ગ ન પૂછાય.

પથ અજાણ્યો ચાલે, પથિક અજ્ઞાની ચાલે પણ પથદર્શક તો પૂર્ણ વાકેફ જોઇએ. તેને જ પૂછી શકાય-તેના ચિંધેલા માર્ગે ચાલી શકાય અને મંઝિલે પહોંચાય.

માત્ર મુકામે પહોંચવા માટે જ નહીં. માનવીના જીવનમાં સફળ જિંદગી માટે, પાપથી છૂટવા માટે, ધર્મમાં જોડાવા માટે, શાસનના મર્મને સમજવા, આત્મ પ્રગતિ સાધવા તૈયાર થતાં તેને અજ્ઞાન કે અધકચરા જ્ઞાનના કારણે અવનવા પ્રશ્નો ઉઠતા હોય છે. સંતોષ કારક સમાધાન માટે તે ગીતાર્થ ગુરૂને શોધે છે અને **'સુહગુરૂજોગો'**ની માંગણી સ્વીકારાતાં મૂંઝવણમાંથી બહાર આવી કંઇક નવું જાણ્યાની અનુભૂતિ કરે છે.

જેઓ જે પૂજ્યશ્રીની ગીતાર્થતાથી સુપરિચિત છે, જેઓશ્રીની શાસ્ત્ર પરિકર્મિત બુદ્ધિના અનેકવાર અનુભવો જેમણે




કર્યા છે તેવા પૂજયનીય ચતુર્વિધસંઘના વિશાળ જિજ્ઞાસુવર્ગે પૂજ્યપાદ ગચ્છાધિપતિ દાદાગુરૂદેવ આ. **શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ને પોતાના મનમાં ઉદ્ભવેલા પ્રશ્નોના સંતોષદાયી ઉત્તરોની માંગણી કરતાં **જ્ઞાન આપવાથી હંમેશા વધે છે** એ વાક્યને આત્મસાત્ કરનારા પૂજ્યશ્રીએ સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો.

આ કલ્યાણકારી જ્ઞાન માત્ર પ્રશ્નકર્તા પૂરતું જ ન રહેતા બધાને લાભદાયી બને એ આશયથી છેલ્લા ૬-૭ વર્ષથી **તારક જિનાજ્ઞા** માસિકમાં ક્રમશઃ છાપવાનું શરૂ થયું જેનો આંકડો ૭૦૦ લગી પહોંચ્યો છે. તેમાંથી ૫૦૦ પ્રશ્નોત્તરોને અહીં સંગ્રહીત કરવામાં આવ્યા છે.

અહીં એક વાત કરવી ખૂબ ઉચિત છે કે આ સમાધાન યાત્રામાં પડદા પાછળના કસબી છે પૂજ્ય વિદ્વદ્વર્ય પંન્યાસ **શ્રી અજિતશેખરવિજયજી મહારાજ !** જેમણે પૂજ્યશ્રી પ્રત્યેના અથાગ બહુમાનથી પૂજ્યશ્રીએ આપેલા ઉત્તરોના સંગ્રહને સામાન્યજનો પણ સમજી શકે તેવું સરળ-સુવાચ્ય રૂપ બનાવ્યો છે. તેમનો ખૂબ આભાર માનીએ.

તથા વાંચનની સરળતા અને તે-તે ચોક્કસ વિષયના પ્રશ્નોત્તરોને શોધવાની સરળતા રહે તે માટે કુલ ૧૧ વિભાગી કરણ કરવામાં આવેલ છે તેનું પરિશિષ્ટ / અનુક્રમણિકા આ સાથે સામેલ કરેલ છે સહુ તેનો ઉપયોગ કરી વિશિષ્ટ જ્ઞાન દ્વારા આત્મભાન પામી સિદ્ધિ ગતિનું સન્માન મેળવે તે જ આશા...

**મુનિ સત્યકાંત વિ.**



શ્રી સિદ્ધાચલમંડન ઋષભદેવાય નમઃ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ઐં નમઃ સિદ્ધમ્
વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત-
જયશેખર-અભયશેખરસૂરિભ્યો નમઃ

# પ્રશ્નોત્તર=ગુરૂ-શિષ્ય સંવાદનું સૌંદર્ય

પુત્રે પૂછેલા દરેક પ્રશ્નના જવાબમાં પિતાજીએ ‘મને ખબર નથી’, ‘યાદ નથી’, ‘ખ્યાલ નથી’ એ જ કહ્યું. છેવટે પુત્રે કહ્યું-પિતાજી ! હું પ્રશ્નો પૂછું એમાં વાંધો નથી ને ! પિતાજીએ કહ્યું-ના...ના...પૂછ... પૂછ...પૂછશે, એમ તારું જ્ઞાન વધશે.

પૂછવાથી જ્ઞાન વધે, પણ ક્યારે ? જ્યારે યોગ્ય-ઉચિત જવાબ અપાય ત્યારે. જેના જવાબ ન મળે એવા પૂછાયેલા પ્રશ્નથી જ્ઞાન વધતું નથી.

જોકે બધા પૂછાતા પ્રશ્નના જવાબ પણ આપવાના નથી હોતા. જેનાથી ક્લેશ-સંઘર્ષ વધે, જે વ્યાખ્યાન કે વાતાવરણને ડહોળવા પૂછાયા હોય ઇત્યાદિ પ્રશ્નો જવાબપાત્ર નથી.

વિસ્મયથી, જિજ્ઞાસાથી સાચી જાણકારી પામી આચારમાં, વિધિમાં, આરાધનામાં, પરિણતિમાં શુદ્ધિ લાવવાના ઉદ્દેશથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ અનેક ભવ્ય જીવોને અનેક રીતે ઉપકારી નીવડે છે.

પૂછનાર જિજ્ઞાસુ જોઇએ, શંકાશીલ નહીં, એમ ઉત્તરદાતા સંવિગ્ન-અભ્રાન્ત-ગીતાર્થ-બહુશ્રુત જોઇએ. આ ભૂમિકાએ **પ્રચ્છના** સ્વાધ્યાયનો બીજો પ્રકાર બને છે. સૂત્રાર્થ વ્યાખ્યામાં **‘ચાલના’** અને **‘પ્રત્યવસ્થાન’** તરીકે પ્રશ્નોત્તરીનો સમાવેશ છે.

પ્રશ્નોત્તરથી બોધ વિશદ બને છે. વાચનાથી મળેલો સામાન્ય બોધ પૃચ્છનાથી સ્પષ્ટ બને છે. તેથી જ તુંગિયા નગરીના શ્રાવકો માટે એક વિશેષણ હતું **‘પુચ્છિયત્થા’**.

પૃચ્છના એ ખરેખર તો ગુરૂના જ્ઞાનને વંદના છે, શિષ્યની નમ્રતાનું દ્યોતક છે. જ્ઞાની હોવાના અહંકારને છોડ્યા વગર અને ઉત્તરદાતાના જ્ઞાનને વિશિષ્ટ જ્ઞાનરૂપે સ્વીકાર્યા વગર પૃચ્છના શક્ય નથી.

ઉચિત વિધિપૂર્વક પ્રશ્ન પૂછનાર પ્રશ્નરૂપી ચાવીથી ગુરૂના જ્ઞાન ખજાનાને ખોલે છે. પૂછનાર કસ્તૂરીનો ઘરાક છે. ગુરૂ પાસે પ્રશ્નદ્વારા જ્ઞાનની કસ્તૂરી પોતે ગ્રહણ કરે છે, પણ જાણકારીની સુવાસ સાંભળનાર-વાંચનાર બધાને પ્રાપ્ત થાય છે.

**શ્રી ભગવતી સૂત્ર** એટલે જ ગુરૂ ગૌતમસ્વામીએ

જિજ્ઞાસાવશ વિસ્મયભાવથી પૂછેલા પ્રશ્નો અને કરૂણાધાર પ્રભુવીરે આપેલા ઉત્તરોનું પંચમ ગણધર શ્રી સુધર્મસ્વામીએ કરેલું સુંદર સંકલન. તે કાળે તે સમયે થયેલી એ પ્રશ્નોત્તરી આજે પણ કેવળીગમ્ય પદાર્થોનો શ્રુતના બળે આપણને બોધ આપવા સક્ષમ છે.

પૂજ્ય જગદ્‌ગુરૂ શ્રી હીરસૂરિજી મહારાજને અને તેમના સમર્થ પટ્ટધર પૂજ્ય સેનસૂરિજી મહારાજને તે-તે કાળે પૂછાયેલા પ્રશ્નોનો એમણે આપેલા ઉત્તરોનું થયેલું સંકલન **'હીરપ્રશ્ન' 'સેનપ્રશ્ન'** તરીકે પ્રસિદ્ધ છે ને વર્તમાનમાં તેવા પ્રશ્નોના સમાધાન માટે આગમની ગરજ સારે છે.

સમ્યક્ત્વના ૬૭ બોલમાં આઠ પ્રભાવકોની વાત આવે છે. એમાં વર્તમાન શ્રુત-અર્થનો પારગામી પ્રથમ પ્રભાવક ગણાય છે. વર્તમાનમાં એ અપેક્ષાએ પ્રથમ પ્રભાવક પૂજ્યપાદ, સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિશ્રી વર્તમાનકાળમાં શ્રુતજ્ઞાન-ચિન્તાજ્ઞાન-ભાવનાજ્ઞાનના અવ્વલ નંબરના સ્વામી તરીકે સર્વજન પ્રસિદ્ધ છે.

તેઓશ્રીએ જિજ્ઞાસુ સાધુ/સાધ્વી/શ્રાવક/શ્રાવિકાઓએ યોગ્ય માર્ગદર્શન મળે એ હેતુથી પૂછેલા પ્રશ્નોના આગમાર્થને અનુકૂળ, વર્તમાન દ્રવ્ય-ક્ષેત્રાદિને સાપેક્ષ, વર્તમાન જીવનમાં ઉપયોગી, અનેકાનેક ભ્રમોના નિરસનમાં સમર્થ, ઉત્સર્ગ અપવાદને બાધ ન આવે એ રીતે, જૈનશાસનની અનેરી અનેકાન્ત દ્રષ્ટિને લક્ષ્યમાં રાખીને જે ઉત્તરો આપ્યા છે તે વર્તમાન અને ભવિષ્યના જૈન સંઘને અનેક રીતે ઉપયોગી થાય એવા છે, તેવા પ્રસંગે સાક્ષી પાઠરૂપ બને તેવા છે, એક સ્વતંત્ર ગ્રંથ તરીકે ઉપાદેય બને એવા છે.

એવા પ્રશ્નોત્તરોમાંથી પ્રસ્તુત પ્રકાશનમાં પાંચસો પ્રશ્નોત્તરોનું સંકલન કરવામાં આવ્યું છે. પોતાના પ્રભાવક શિષ્યરત્ન તાર્કિક શિરોમણિ વિદ્વદ્‌વર્ય પૂજ્ય આ. દે. શ્રી. વિ. જયસુંદરસૂરિજી મહારાજ પાસે ઉત્તરોનું સંશોધન કરાવી પૂજ્યશ્રીએ પોતાની નમ્રતા અને ઉત્સૂત્ર ભીરૂતાનો આદર્શ રજુ કર્યો છે.

પ્રસ્તુત સંકલન જિજ્ઞાસુવર્ગને અનેક રીતે ઉપયોગી બની રહે. ભવિષ્યમાં ય પથ પ્રદર્શક બની રહે અને આ શ્રેણિમાં નવા-નવા પ્રકાશન થતાં રહે તેવી શુભેચ્છા છે.

**લિ...અજિતશેખર વિજય**

# વિષય વિભાગ

| નં. | વિષય | પ્રશ્ન નં. |
|---|---|---|
| ૧. | દેવ | ૧,૩, ૨૪, ૨૫, ૨૬, ૩૪, ૪૩, ૪૪, ૪૬, ૫૨, ૫૬, ૮૨, ૮૩, ૮૯, ૯૦, ૯૭, ૯૮, ૧૦૦, ૧૩૮, ૧૩૯, ૧૫૩, ૧૬૨, ૧૬૭, ૧૬૯, ૧૮૧, ૧૯૦, ૧૯૭, ૧૯૯, ૨૬૯, ૩૧૧, ૩૨૬, ૩૫૨, ૩૫૩, ૩૬૫, ૩૮૨, ૩૮૪, ૩૮૫, ૪૦૦, ૪૦૧, ૪૦૨, ૪૧૨, ૪૧૩, ૪૪૨, ૪૭૭ થી ૪૮૫, ૪૯૩, ૫૦૦. |
| ૨. | ગુરૂ | ૨૦, ૫૮, ૭૦, ૭૬, ૭૭, ૮૧, ૮૪, ૯૩, ૯૪, ૧૦૩, ૧૦૪, ૧૧૨, ૧૨૬, ૧૨૯, ૧૩૬, ૧૩૭, ૧૪૩, ૧૪૯, ૧૫૪, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૦, ૧૬૧, ૧૬૫, ૧૭૨, ૧૮૨, ૨૨૦, ૨૨૧, ૨૨૩, ૨૩૨, ૨૮૩ થી ૨૯૫, ૩૦૯, ૩૧૮, ૩૨૦, ૩૭૪, ૩૭૭, ૩૮૧, ૩૯૫, ૪૪૬. |
| ૩. | જ્ઞાન | ૧૪૦, ૨૫૭, ૩૨૯, ૩૬૧, ૩૯૯, ૪૦૪, ૪૦૫, ૪૧૧, ૪૪૧, ૪૭૬. |
| ૪. | સામાયિક | ૧૧, ૩૩, ૪૦, ૫૯, ૧૮૦, ૧૮૯, ૧૯૧. |
| ૫. | પ્રતિક્રમણ | ૧૯, ૨૩, ૨૮, ૨૯, ૩૫, ૫૦, ૧૦૧, ૧૧૫, ૧૯૨, ૧૯૩, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૦૫, ૨૧૪, ૨૨૨, ૨૩૩, ૩૧૬. |
| ૬. | પચ્ચક્ખાણ | ૨, ૬, ૩૮, ૬૧, ૬૭, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૭૮, ૧૭૯, ૨૧૮, ૨૮૧, ૨૮૨, ૩૪૪, ૩૫૫, ૩૬૭, ૪૬૪. |
| ૭. | આહાર | ૨૧, ૨૨, ૪૧, ૫૫, ૬૬, ૬૮, ૭૯, ૮૫, ૯૫, ૯૬, ૧૧૩, ૧૧૪, ૧૨૨, ૧૨૩, ૧૪૨, ૧૫૦, ૧૬૩, ૧૬૬, ૧૭૦, ૧૭૧, ૨૧૭, ૨૨૪, ૨૨૬, ૨૩૪, ૩૨૮, ૩૪૩, ૩૪૯, ૩૮૩, ૩૯૧, ૩૯૨, ૩૯૩, ૩૯૪, ૪૦૭, ૪૧૦, ૪૧૬, ૪૪૩, ૪૪૪, ૪૪૮ થી ૪૫૫, ૪૫૮, ૪૫૯, ૪૬૦, ૪૯૫. |
| ૮. | સમ્યક્ત્વ | ૩૯, ૬૦, ૧૫૨, ૨૧૬, ૨૨૭, ૨૨૮, ૨૨૯, ૨૪૦, ૨૪૧, ૨૪૨, ૨૬૫, ૩૫૦, ૩૬૪, ૩૭૮, ૩૭૯, ૩૮૦, ૪૨૯, ૪૩૦, ૪૭૪, ૪૯૭. |
| ૯. | સામાચારી | ૮, ૧૬, ૫૩, ૭૮, ૮૦, ૯૪, ૯૯, ૧૦૭, ૧૪૧, ૨૦૧, ૨૦૬, ૨૦૭, |

| નં. | વિષય | પ્રશ્ન નં. |
|---|---|---|
| | | ૨૩૧, ૨૬૩, ૨૬૭, ૩૧૦, ૩૫૭, ૩૫૮, ૩૬૩, ૪૪૫, ૪૪૭, ૪૫૬, ૪૫૭, ૪૬૧, ૪૬૨, ૪૬૩, ૪૬૭, ૪૯૪, ૪૯૮, ૪૯૯. |
| ૧૦. | **કાર્મગ્રંથિક** | ૪, ૭, ૯, ૧૦, ૨૭, ૩૭, ૪૯, ૫૧, ૬૨, ૬૩, ૬૪, ૭૩, ૭૫, ૮૬, ૮૭, ૮૮, ૯૨, ૧૧૧, ૧૨૮, ૧૫૫, ૧૮૩ થી ૧૮૮, ૨૩૭, ૨૪૪, ૨૪૫, ૨૪૬, ૨૪૭, ૨૪૮ થી ૨૫૦, ૨૫૩ થી ૨૫૬, ૨૬૪, ૨૭૧, ૨૭૨, ૨૭૫, ૨૭૮, ૨૭૯, ૨૯૦, ૨૯૬, ૩૦૨, ૩૦૫, ૩૦૬, ૩૧૨ થી ૩૧૫, ૩૧૭, ૩૨૪, ૩૨૭, ૩૩૨, ૩૩૪, ૩૩૫, ૩૩૭, ૩૩૮, ૩૬૦, ૩૭૩, ૩૯૦, ૪૦૮, ૪૧૫, ૪૧૭ થી ૪૨૮, ૪૩૧ થી ૪૩૮, ૪૭૦, ૪૭૫. |
| ૧૧. | **પ્રકીર્ણક** | ૫, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૩૦, ૩૧, ૩૨, ૩૬, ૪૨, ૪૫, ૪૭, ૪૮, ૫૪, ૫૭, ૬૫, ૭૧, ૭૨, ૭૪, ૯૧, ૧૦૫, ૧૦૬, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૬, ૧૨૭, ૧૪૫ થી ૧૪૮, ૧૫૧, ૧૬૪, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૯૪, ૧૯૫, ૧૯૬, ૨૦૦, |

| નં. | વિષય | પ્રશ્ન નં. |
|---|---|---|
| | | ૨૧૧, ૨૩૦, ૨૩૫, ૨૩૬, ૨૩૯, ૨૪૩, ૨૫૧, ૨૫૨, ૨૬૦, ૨૬૨, ૨૬૬, ૨૬૮, ૨૭૦, ૨૭૩, ૨૭૪, ૨૭૬, ૨૭૭, ૨૯૭ થી ૩૦૧, ૩૦૩, ૩૦૪, ૩૦૭, ૩૦૮, ૩૧૯, ૩૨૧, ૩૨૨, ૩૨૩, ૩૨૫, ૩૩૦, ૩૩૧, ૩૩૩, ૩૩૯ થી ૩૪૨, ૩૪૭, ૩૪૮, ૩૫૧, ૩૫૪, ૩૫૬, ૩૫૯, ૩૬૨, ૩૬૬, ૩૬૮, ૩૬૯, ૩૭૦, ૩૭૧, ૩૭૨, ૩૮૯, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૪૦૦, ૪૦૧, ૪૦૨, ૪૦૩, ૪૦૬, ૪૦૯, ૪૧૪, ૪૩૯, ૪૪૦, ૪૬૬, ૪૬૮, ૪૬૯, ૪૭૧, ૪૭૨, ૪૭૩, ૪૮૯, ૪૯૦, ૪૯૬. |
| ૧૨. | **દેવદ્રવ્યોપયોગ** | ૬૯, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૬૮, ૨૧૫, ૨૫૮, ૩૩૬, ૩૭૫, ૩૮૬, ૩૮૭, ૩૮૮, ૪૬૫, ૪૯૧ |
| ૧૩. | **ગુરૂદ્રવ્ય** | ૧૨૬, ૧૨૯, ૨૨૫ |
| ૧૪. | **દેવ-દેવીદ્રવ્ય** | ૧૨૫, ૧૩૦, ૧૩૫, ૧૪૪, ૧૯૮, ૨૬૧, ૩૪૬, ૩૭૬, ૪૮૬, ૪૮૭, ૪૮૮, ૪૯૨. |

**પ્રશ્ન : ૧.** દેવાધિદેવ તીર્થંકર પરમાત્માના કલ્યાણક મહોત્સવમાં વધુમાં વધુ કેટલાં આયુષ્યવાળો દેવ આવે ? એ દેવ પોતાના જીવનકાળમાં વધુમાં વધુ કેટલા તીર્થંકરના કલ્યાણક મહોત્સવમાં ભાગ લઇ શકે ?

**ઉત્તર :** તીર્થંકર પરમાત્માનાં કલ્યાણક મહોત્સવમાં બારમાં દેવલોક સુધીના દેવો આવે છે. ગ્રૈવેયકના અને અનુત્તરના દેવોને આ પ્રસંગે આવવાનો કલ્પ-આચાર નથી. બારમાં દેવલોકનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૨ સાગરોપમ છે. તેથી વધુમાં વધુ ૨૨ સાગરોપમનાં આયુષ્યવાળો દેવ કલ્યાણક મહોત્સવમાં આવી શકે. એ દેવ પોતાના જીવનકાળમાં અસંખ્ય તીર્થંકરોના કલ્યાણક પ્રસંગે ભાગ લઇ શકે છે, કેમકે એક પલ્યોપમ જેટલા કાળમાં પણ મહાવિદેહ ક્ષેત્રમાં અસંખ્ય તીર્થંકરો થઇ જાય છે.

**પ્રશ્ન : ૨.** શ્રી પાર્શ્વનાથ ભગવાનનો આત્મા બીજા ભવમાં હાથી હતો. મુનિ પાસેથી ફરીથી બોધ પામ્યા પછી છઠ્ઠ-ઉપવાસાદિ તપ કરતા હતા. તો તિર્યંચો આ રીતે જે ઉપવાસાદિ તપ કરે ત્યારે ઉકાળેલું પાણી પીતા હશે ? અથવા ક્યું પાણી પીતા હશે ? તથા એ તિર્યંચો એકાસણા-આંબેલ કરતાં હશે ખરા ?

**ઉત્તર :** આવા પશુ-પંખી વગેરે તિર્યંચો પાંચમાં ગુણસ્થાનકે શ્રાવક અવસ્થામાં ગણાય. તેઓ સચિત્ત-અચિત્તનો વિવેક કરી શકતા હોય છે. અલબત્ત તેઓને ઉકાળેલું પાણી મળવાનો સંભવ ઓછો હોય છે. જંગલાદિમાં રહેલા તેઓ ઉપવાસાદિ તપ મોટા ભાગે ચોવિહાર કરતાં હોય છે. તિવિહાર ઉપવાસ વખતે સૂર્યતાપથી વ્યવસ્થિત તપેલું અથવા કચરા વગેરેના કારણે અચિત્ત થયેલું પાણી લે. શ્રાવકના ઘરે



રહેલા અને તેવી સગવડ ધરાવતા તિર્યંચો આંબેલાદિ કરે ખરા. જંગલના તિર્યંચો આંબેલ-એકાસણા કરે, ત્યારે ઉપરોક્ત પાણી લેતા હોય, એમ સંભવે.

**પ્રશ્ન : ૩.** ઘણા શ્રાવકોને પૂજા કરવી હોય છે, પણ ધોતિયું પહેરતા શરમાતા હોય છે. તો તેઓને શુદ્ધ લેંઘો પહેરીને પૂજા કરવાનું કહી શકાય ?

**ઉત્તર :** પૂજા શરુ કરાવવાના આશયથી 'છુટ આપવી પડે' એ વાત જુદી છે, પણ જો એની દેખાદેખીથી 'લેંઘાથી પૂજા થઇ શકે કેમકે ગુરુ મહારાજે છુટ આપી છે' એમ એના આલંબનથી બીજાઓ પણ લેંઘાથી પૂજા કરવા માંડે તો અનવસ્થા થાય. તેથી એ આલંબન થવું જોઇએ નહીં. તેથી જ લેંઘાની છુટ આપ્યા પછી ઝભ્ભા કે ખમીશની છૂટ આપવાના બદલે ખેસ પહેરવાનો આગ્રહ કરવો, એ પણ અંદર ગંજી વિના. પછી ધીમે ધીમે પૂજાની ટેવ પડ્યા બાદ લેંઘાના સ્થાને ધોતિયું પહેરવા સમજાવી લેંઘો છોડાવી દેવો જોઇએ.

**પ્રશ્ન : ૪.** આત્મામાં આઠ રુચક પ્રદેશ છે, એવું જે સાંભળવા મળે છે, તે રુચકપ્રદેશો ક્યાં છે ? શરીરના ક્યા ભાગમાં હોય ? તે કર્મરહિત છે એમ કહેવાય છે, તો શું અભવ્યના એ આઠ પ્રદેશો કર્મરહિત હોય ? આ સ્થિર છે કે અસ્થિર છે ?

**ઉત્તર :** દરેક જીવના, અભવ્યના પણ આઠ આત્મપ્રદેશો કે જે રુચક પ્રદેશો તરીકે ઓળખાય છે, તે કર્મરહિત છે. તેનું સ્થાન શરીરમાં મધ્યભાગે સંભવે છે. પણ તે સ્થિર નથી, કેમકે તેમનો સંકોચ અને વિકાસ સંભવે છે. **ભગવતી સૂત્રમાં** એ આઠ પ્રદેશો એકથી માંડી આઠ આકાશ પ્રદેશમાં રહેતા બતાવ્યા છે, તેથી તેમનો સંકોચ-



books\satyakant\proof.pm6,mch2,7

વિકાસ સિદ્ધ થાય છે. જો કે એ રુચકપ્રદેશો સાત આકાશપ્રદેશમાં તથાસ્વભાવે રહેતા નથી.

**પ્રશ્ન : ૫.** કેવલી ભગવંતો વસ્ત્રધારી હોય કે નિર્વસ્ત્ર હોય ? તેઓ ગોચરી કરે ત્યારે પાત્રામાં કરે કે હાથમાં=કરપાત્રી હોય ?

**ઉત્તર :** સામાન્યથી તમામ કેવલી ભગવંતો વસ્ત્રધારી હોય છે, તીર્થંકરોને દીક્ષા લેતી વખતે ઇંદ્ર દેવદૂષ્ય ખભે મુકે. એમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરનું દેવદૂષ્ય સાધિક એક વર્ષ રહ્યું. પછી નીકળી ગયું. તેથી તે સિવાયના બધા જ ભગવંતો નિર્વાણ સુધી વસ્ત્ર સહિત હતા તથા કેવલી ભગવંતો પાત્રામાં જ ગોચરી વાપરે, કરપાત્રી ન હોય.

**પ્રશ્ન : ૬.** વિદેશમાં કેટલાક એવા સ્થાનો છે કે જ્યાં મહીનાઓ સુધી કાં તો એકલી રાત જ હોય, અથવા મહિનાઓ સુધી એકલો દિવસ જ હોય, તો ત્યાં નવકારશી-ચોવિહાર વગેરે પચ્ચક્ખાણ કેવી રીતે કરવાના ?

**ઉત્તર :** જ્યાં મહીનાઓ સુધી દિવસ કે રાત હોય, ત્યાં કાળ પચ્ચક્ખાણ અર્થાત્ નવકારશી-પોરસી વગેરે પચ્ચક્ખાણો સંભવતા નથી. ત્યાં મુઠ્ઠસી પચ્ચક્ખાણ અથવા કલાક પચ્ચક્ખાણ થઇ શકે, જેમ કે બાર કલાક ચાર આહારનો ત્યાગ ઇત્યાદિ.

**પ્રશ્ન : ૭.** છ આરામાં મનુષ્યનું આયુષ્ય જેમ ઘટે છે, તેમ પશુ-પંખી, કીડી-મંકોડા વગેરેના પણ આયુષ્ય ઘટે ? પૃથ્વીકાય વગેરેના ઘટે ખરા ?

**ઉત્તર :** અવસર્પિણીના છ આરામાં મનુષ્યની જેમ પશુ-પંખી વગેરે પંચેન્દ્રિય તિર્યંચોના તથા કીડી-મંકોડા વગેરે વિકલેન્દ્રિયોના પણ આયુષ્ય ઘટતા જાય. પૃથ્વીકાય વગેરે એકેન્દ્રિયમાં પણ તેવી સંભાવના



લાગે છે, પણ તે અંગે શાસ્ત્રોમાં સાક્ષાત્ અક્ષરો હોવાનો ખ્યાલ નથી.

**પ્રશ્ન : ૮.** સંથારા પોરિસી ભણાવતી વખતે છેલ્લી ત્રણ ગાથા પહેલા સાધુને ત્રણ અને શ્રાવકોને સાત નવકાર ગણવાના હોય છે. તો આમ ફેર શા માટે ?

**ઉત્તર :** આમાં સાધુ-શ્રાવક સામાચારી ફરક સિવાય બીજો કોઇ વિશેષ હેતુ દેખાતો નથી. કેટલાક એમ કહે છે કે સાધુને નિદ્રા વખતે પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અખંડ આરાધના ચાલુ રહે એ નિમિત્તે ત્રણ નવકાર ગણવાના અને ગૃહસ્થોને સંસારની જંજાળમાં સતાવતા સાત ભયો સામે નિદ્રામાં પણ રક્ષણ કરે એવા આશયથી સાત નવકાર ગણવાના હોય છે.

**પ્રશ્ન : ૯.** પૂર્વે મનુષ્ય આયુષ્ય કે તિર્યંચઆયુષ્ય બાંધી દીધું હોય, એવો મનુષ્ય સમ્યક્ત્વ પામ્યા પછી તીર્થંકર નામકર્મ બાંધે-નિકાચિત કરે ખરો ?

**ઉત્તર :** પૂર્વે મનુષ્ય આયુ કે તિર્યંચ આયુ બાંધેલો જીવ સમ્યક્ત્વ પામ્યા પછી તિર્થંકરનામકર્મ બાંધી=નિકાચિત ન કરી શકે.

**પ્રશ્ન : ૧૦. 'જ્ઞાન બિંદુ'** ગ્રંથમાં એકેન્દ્રિયને જે શ્રુતજ્ઞાન કહ્યું છે તે કેવી રીતે ? કેમકે એકેન્દ્રિય તો મિથ્યાત્વમાં હોય, અને મિથ્યાત્વીને તો શ્રુતઅજ્ઞાન શાસ્ત્રમાન્ય છે ?

**ઉત્તર :** સમ્યક્ત્વ-મિથ્યાત્વના કારણે શ્રુતજ્ઞાનના જ્ઞાન-અજ્ઞાન એમ જે ભેદ પડે છે, એ અપેક્ષાએ અહીં સમજવાનું નથી, અર્થાત્ એ અપેક્ષાની અહીં વિવક્ષા નથી, પણ શ્રુતનો જે અંશ શ્રુતજ્ઞાનાવરણથી આવરાયો નથી, ઉઘાડો છે એ અંશની અપેક્ષાએ શ્રુતજ્ઞાન સમજવું.



books\satyakant\proof.pm6,mch2,8

**પ્રશ્ન : ૧૧.** સામાયિક બે ઘડી થાય પછી પારવું જ પડે ?

**ઉત્તર :** સામાયિક બે ઘડી થયા પછી પારવું જ પડે એવો નિયમ નથી. પક્ખી વગેરે પ્રતિક્રમણમાં કે પ્રવચનશ્રવણ આદિ વખતે બે ઘડી થવા છતાં સામાયિક પારવાનું હોતું નથી. એવી જ રીતે વિશેષ સ્વાધ્યાય-જાપ વગેરેમાં અધવચ્ચે પારવાના બદલે પૂર્ણ કર્યા પછી પારવું ઉચિત ગણાય.

**પ્રશ્ન : ૧૨.** શ્રાવકને ધર્મધ્યાન કેમ નહીં ?

**ઉત્તર :** શ્રાવકને આંશિક ધર્મધ્યાન સંભવે છે, પણ પ્રધાનતયા ન હોવાથી ધર્મધ્યાન નથી એમ કહેવાય છે.

**પ્રશ્ન : ૧૩.** પંખાથી તો પવન ઉત્પન્ન થાય છે, તો એમાં વાયુકાયની હિંસાની વાત ક્યાંથી આવી ?

**ઉત્તર :** જેમ પવન ઉત્પન્ન થાય છે તેમ ત્યાં રહેલા વાયુની વિરાધના પણ થાય છે. તેમજ ઉત્પન્ન થતો વાયુ જોરથી ફેંકાય છે તેથી ત્યાં રહેલા બીજા વાયુકાય જીવોની હિંસા થાય છે. આમ એ વાયુના અભિઘાતથી સચિત્ત વાયુનો નાશ થતો હોવાથી પંખો વાપરવો જોઇએ નહીં.

**પ્રશ્ન : ૧૪.** દેવો પ્રસન્ન થઇ મનુષ્યને સોનામહોર વગેરે આપે તે વૈક્રિય હોય કે ઔદારિક હોય ?

**ઉત્તર :** દેવો મનુષ્યને જે વસ્તુઓ આપે એ ઔદારિક હોય છે, વૈક્રિય નહીં.

**પ્રશ્ન : ૧૫.** ભગવાનની દેશનાથી એક જીવ તો અવશ્ય વિરતિ પામે જ ને ?



**ઉત્તર :** હા, એક જીવ અવશ્ય વિરતિ પામે પણ અહીં વિરતિ એટલે (૧) સમ્યક્ત્વ સામાયિક (૨) શ્રુત સામાયિક (૩) દેશવિરતિ સામાયિક અને (૪) સર્વવિરતિ સામાયિક. આ ચારમાંથી કોઇપણ એક વિરતિ સમજવાની.

**પ્રશ્ન : ૧૬.** શ્રાવકો પોતાના સ્થાપનાચાર્યનું પડિલેહણ બપોરે કરી શકે ? ક્યારે કરે ? મધ્યાહ્ને કે છેલ્લે પ્રતિક્રમણ વખતે ?

**ઉત્તર :** શ્રાવકો બપોરે સ્થાપનાચાર્યનું પડિલેહણ પુરિમઢ્ઢનું પચ્ચક્ખ્ખાણ આવે, ત્યારથી કરી શકે. સાંજે પ્રકાશ રહે, ત્યાં સુધી કરી શકે. પ્રતિક્રમણ પહેલા જે કરે, તે ચલાવવાની વાત છે, બાકી અંધારામાં પડિલેહણનો અર્થ શું ?

**પ્રશ્ન : ૧૭.** વિદેશમાં દેરાસરોમાં પ્રતિષ્ઠા કરવી હોય, તો આચાર્ય વગેરેની નિશ્રા ન હોવાથી થઇ શકે ખરી ?

**ઉત્તર :** ભગવાનની પ્રતિમામાં પ્રાણ પ્રતિષ્ઠારુપ અંજનશલાકા અહીં આચાર્ય ભગવંતો કરે. પછી પ્રતિષ્ઠા પણ આચાર્યાદિની નિશ્રામાં અહીં થાય, કેમકે પ્રતિષ્ઠા એટલે માત્ર ભગવાનને સીમેન્ટથી ફીટ કરવાના એમ નથી. એ પ્રતિષ્ઠિત ભગવાનનો મહિમા વધે એ માટે આચાર્યાદિના વાસક્ષેપ આવશ્યક છે. વાસક્ષેપ નાંખનાર અને વાસક્ષેપની મહત્તા છે.

જ્યાં પરદેશ વગેરેમાં તેની શક્યતા ન હોય, ત્યાં મંત્રિત કરેલો વાસક્ષેપ લઇ જઇ ગૃહસ્થો પ્રતિષ્ઠા કરી શકે. પ્રતિષ્ઠા વખતે મંત્રિત વાસક્ષેપ નાંખે. પ્રતિષ્ઠાકારકે અઠ્ઠમ વગેરે તપ કરવા જોઇએ.

**પ્રશ્ન : ૧૮.** ભગવાન મહાવીર સ્વામીની છેલ્લી દેશના સમવસરણમાં હતી ?



books\satyakant\proof.pm6,mch2,9

**ઉત્તર :** ભગવાન મહાવીર સ્વામીની છેલ્લી દેશના હસ્તિપાળ રાજાની જીર્ણશાળામાં થયેલી એમ **કલ્પસૂત્ર**ના મતે દેખાય છે. **ત્રિશષ્ટિ શલાકાપુરુષના દસમાં પર્વમાં** કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મહારાજે ચરમ દેશના સમવસરણમાં થઇ, એમ બતાવ્યું છે. તત્ત્વ કેવળી ગમ્ય છે.

**પ્રશ્ન : ૧૯.** પક્ખી પ્રતિક્રમણમાં બીજાને છીંક આવવાની સંભાવના હોય, તેથી એનું અમંગલ આપણને ન થાય, એ હેતુથી અલગ ઠાવી શકાય ખરું ?

**ઉત્તર :** શાસ્ત્રકારોએ ક્યાંય પણ કાઉસ્સગ્ગ વગેરેમાં છીંકનો બાધ ગણ્યો નથી કારણ કે કાઉસ્સગ્ગમાં તો એનો સ્પષ્ટ અપવાદ કરેલો છે, તેમ છતાં હીરસૂરિ મહારાજના કાળથી છીંક નિવારવાની પરમ્પરા ચાલુ થઇ લાગે છે. બીજાને છીંક આવવાથી માનસિક રીતે અમંગલ થાય, તેથી અલગ ઠાવવાની પરમ્પરા હાલ ચાલુ થયેલી દેખાય છે.

**પ્રશ્ન : ૨૦.** સાંજે કામળીકાળમાં કામળી ઓઢ્યા વગર બહાર નીકળવાની ના છે, કેમકે ઉપરથી સંપાતિમ જીવો પડતા હોય છે. તો એ સંપાતિમ જીવો પવન સાથે બારીમાંથી ઉપાશ્રયમાં પણ આવી શકે. તેથી ઉપાશ્રયમાં પણ કામળી ઓઢવી જરુર નહીં ?

**ઉત્તર :** આ જે જીવો પડે છે, તે અપ્‌કાય છે. પવન તેમને એક સ્થાનેથી બીજા સ્થાને વહન કરી જાય, એવો કોઇ પાઠ નથી. તેઓ પવનથી વાહ્ય નથી, કેમકે ઘણા સૂક્ષ્મ છે. આકાશમાંથી કોઇ ત્રસ જીવો સાંજે પડતા હોય, એવી કોઇ વાત વાંચવા-સાંભળવા મળી નથી. તેથી ત્રસ જીવો પવનથી ખેંચાઇ આવે એવી સંભાવના હોવા છતાં તેઓ પડતા ન હોવાથી એ માટે પણ કામળી ઓઢવાની રહેતી નથી. ત્રસ જીવો સંપાતિમ તરીકે પ્રસિદ્ધ છે. અપકાય નહીં. કાળ



વેળાએ કામળી ઓઢાય છે તે મુખ્યપણે તમસ્કાય (એક પ્રકારના અપ્‌કાય) જીવોની રક્ષા માટે ઓઢાય છે.

**પ્રશ્ન : ૨૧.** પહેલા કાળના પાણીનો સમય થઇ જાય, એ પહેલા જ શ્રાવક એ પાણી ફરીથી ઉકાળી બીજા કાળના પાણી તરીકે વાપરી શકે ખરો ?

**ઉત્તર :** બીજા પહોરે કે એ પછી ઉકાળે, તો બીજા કાળના પાણી તરીકે વાપરી શકે.

**પ્રશ્ન : ૨૨.** છાશમાં બોળેલા ભાત બીજા દિવસે ખપે ?

**ઉત્તર :** છાશ ભાત ઉપર ચાર આંગળ જેટલી તરવી જોઇએ તો ચાલે.

**પ્રશ્ન : ૨૩.** પ્રતિક્રમણ વગેરેમાં આપણો કાઉસ્સગ્ગ થઇ ગયો હોય, પણ વડીલનો કાઉસ્સગ્ગ પૂર્ણ થયો ન હોય, તો શું કરવું ? વધારે લોગસ્સ ગણી શકાય ?

**ઉત્તર :** જો આપણને ખ્યાલ હોય, કે વડીલને કાઉસ્સગ્ગમાં વાર લાગે છે, તો આપણે પહેલેથી જ ધીમે ધીમે કાઉસ્સગ્ગ કરવો. છતાં આપણો કાઉસ્સગ્ગ પૂરો થઇ ગયા પછી પણ વડીલનો કાઉસ્સગ્ગ પૂરો થયો ન હોય, તો વધારે લોગસ્સ ગણવા નહીં. પણ લોગસ્સ સૂત્ર વગેરેના આધારે પ્રભુના ગુણોનું ચિંતવન કરવું જેમ કે ‘પ્રભુ ચંદ્રથી પણ વધુ નિર્મળ છે’ ઇત્યાદિ.

**પ્રશ્ન : ૨૪.** સામાયિકના ધોયેલા વસ્ત્રો પહેર્યા હોય, તો સવારે પ્રભુને વાસક્ષેપ પૂજા થઇ શકે ખરી ?

**ઉત્તર :** બને ત્યાં સુધી પૂજા માટેના અલગ કપડાનો જ ઉપયોગ રાખવો. કો’ક વાર એ શક્ય ન હોય, ને પૂજા કરવી હોય, તો એ



books\satyakant\proof.pm6,mch2,10

ધોયેલા કપડાથી વાસક્ષેપ પૂજા કરી શકાય.

**પ્રશ્ન : ૨૫.** એક સાથે કેટલા તીર્થંકરનો જન્મ થઇ શકે ? અને તે વખતે સૌધર્મેન્દ્ર કેટલે ઠેકાણે જાય ?

**ઉત્તર :** મહાવિદેહ ક્ષેત્રને અપેક્ષીને ઉત્કૃષ્ટથી એક સાથે વીસ તીર્થંકરનો જન્મ થઇ શકે. સૌધર્મેન્દ્ર વગેરે ઇંદ્રો આ બધા જ તીર્થંકરોના જન્મ મહોત્સવમાં એ પ્રમાણે વૈક્રિયરુપ કરી જાય.

**પ્રશ્ન : ૨૬.** અભક્ષ્ય-કંદમૂળ ખાનારો ભગવાનની પૂજા કરવા માટે લાયક ગણાય ખરો ?

**ઉત્તર :** પૂજા કરતી વખતે મોઢામાંથી દુર્ગંન્ધ આવવી જોઇએ નહીં. અભક્ષ્યાદિ ખાનારો પણ પ્રભુપૂજા કરી શકે છે. તેથી પૂજા માટે નિષેધ કરી શકાય નહીં, એના બદલે એમ થવું જોઇએ કે પ્રભુપૂજા કરનાર અભક્ષ્યાદિ ખાઇ શકે ખરો ? એને અભક્ષ્યાદિ ખાતા વિવેકપૂર્વક અટકાવી શકાય. અને એણે પણ અભક્ષ્યભક્ષણથી અટકવા પ્રયત્નશીલ થવું જ જોઇએ.

**પ્રશ્ન : ૨૭.** નરક કરતાં નિગોદમાં અનંતગણી વેદના કઇ રીતે સંભવે ?

**ઉત્તર :** નિગોદમાં મુખ્યતયા પોતાના ચૈતન્ય સ્વરુપના અજ્ઞાનનું દુઃખ છે. તેમજ સામાન્યથી અનંતકાળ વિતાવવાનો હોવાથી તથા અનંત જીવોએ એક જ શરીરમાં એક સાથે આહારાદિ તથા જન્મ-મરણ વારંવાર કરવાના હોવાથી ઇત્યાદિ કારણોથી અનંતગુણ વેદના કહી શકાય.

**પ્રશ્ન : ૨૮.** ચૌદસે સમય ન રહેવાથી અથવા બીજા પક્ખી પ્રતિક્રમણ કરાવનાર ન હોય, ને પોતાને પક્ખી પ્રતિક્રમણ આવડતું ન હોય,



તો દેવસી પ્રતિક્રમણ કરી લઇએ તો ચાલે કે પછી પ્રતિક્રમણ કરવું જ નહીં ?

**ઉત્તર :** જો ખરેખર ઉપરોક્ત પરિસ્થિતિ હોય, તો દેવસી પ્રતિક્રમણ કરી શકાય, કેમકે પક્ખી પ્રતિક્રમણમાં પણ આખું દેવસી પ્રતિક્રમણ આવે જ છે. પણ પ્રમાદ વગેરેના ખોટા આલંબનથી પક્ખીના સ્થાને દેવસી પ્રતિક્રમણ કરી લે, તે ન ચાલે.

**પ્રશ્ન : ૨૯.** ચાલુ ટ્રેને પ્રતિક્રમણ કરી શકાય ? અને તે વખતે સામાયિક લેવાનું ?

**ઉત્તર :** ચાલુ ટ્રેને સામાયિક કે પ્રતિક્રમણ થઇ શકે નહીં. તેથી રોજ સામાયિક-પ્રતિક્રમણ કરનારે તે રીતે જ મુસાફરી ગોઠવવી જોઇએ. સંયોગવશ તે જ સમયે મુસાફરી કરવી પડે તો રોજ પ્રતિક્રમણ કરનાર સામાયિકના કપડામાં સામાયિક ઉચર્યા વગર પ્રતિક્રમણ ક્રિયા વ્યવહાર રુપે કરે તો ભાવ સામાયિક કે પ્રતિક્રમણ ન થવા છતાં ભાવરક્ષક પ્રતિક્રમણ-સામાયિકનો લાભ લઇ શકે. સમજુ વ્યક્તિ આ રીતે પ્રતિક્રમણ કર્યા પછી બીજાને 'મેં સામાયિક-પ્રતિક્રમણ કર્યું' એમ કહે નહીં.

**પ્રશ્ન : ૩૦. 'હીર પ્રશ્ન :** 'માં જગદ્ગુરુ હીરસૂરિજી મહારાજે પરમાધામી ભવ્ય-અભવ્ય બંને હોય, એમ જણાવ્યું છે. જ્યારે **અભવ્ય-કુલકમાં** પરમાધામીઓ અભવ્ય ન હોય, એમ જણાવ્યું છે. તો શું સમજવું ?

**ઉત્તર :** બંને પ્રકારના મત પૂર્વના મહાપુરુષોના છે. તેથી આપણા માટે શાસ્ત્રરુપ છે. તેથી સ્થૂળ બુદ્ધિથી આપણે એમાં સત્યાસત્યનો નિર્ણય કરી શકીએ નહીં. તેથી મતાંતર સમજી બંને મત માન્ય રાખવા.

**પ્રશ્ન : ૩૧.** ભગવાન મહાવીર સ્વામી અનાર્યદેશમાં કર્મ ખપાવવા ગયા, તો ત્યાંના લોકોને કર્મબંધ થયો, તેનું શું ?

**ઉત્તર :** અહીં ભગવાનનો પોતાના કર્મ ખપાવવાનો ભાવ જ મુખ્યરુપ છે. અન્યને કર્મબંધની વાત ગૌણ છે. અનાર્યો કર્મબંધ કરવાના જ હતા, ભગવાન તો પોતાના કર્મો ખપાવવા માટે નિમિત્તમાત્ર બન્યા.

**પ્રશ્ન : ૩૨.** સુકૃત કરતી વખતે તેનું જે પુણ્ય બંધાય, તે પુણ્ય સુકૃત થઇ ગયા પછી પરંપરારુપે બંધાવાનું ચાલુ રહે ? પરલોકમાં-ભૂતકાળમાં કરેલા સુકૃતોને ઓઘથી 'મેં ભૂતકાળમાં જે કાંઇ સુકૃતો કર્યા હોય, એની હું અનુમોદના કરું છું' એમ સામાન્યથી અનુમોદના કરીએ, તો તે સુકૃતોનું પુણ્ય બંધાય ?

**ઉત્તર :** સુકૃતના દરેક સ્થાને પુણ્ય બંધાય. સુકૃત કરવાનું પ્રણિધાન કરો, ત્યારે પણ તેનું પુણ્ય બંધાય, સુકૃત કરો ત્યારે ય પુણ્ય બંધાય, એ માટેના અભિગ્રહ કરો ત્યારે ય પુણ્ય બંધાય, અનુમોદનાથીય પુણ્ય બંધાય. જિંદગીભર રાત્રિ ભોજન ત્યાગનો અભિગ્રહ કર્યો હોય, તો રોજ દિવસે ભોજન કરતા હોય, ત્યારે ય ત્યાગના નિયમની અપેક્ષા રહે ત્યાં સુધી રાત્રિ ભોજન ત્યાગનું પુણ્ય બંધાયા કરે. ભૂતકાળના સુકૃતો ઓઘથી યાદ કરો, તો ઓઘ જેવું પુણ્ય બંધાય અને વિશેષથી યાદ કરો, તો વિશેષથી પુણ્ય બંધાય. આ વાત પાપ માટે ય સમજવી. પાપનો વિચાર, પાપ કરવાનો નિર્ણય, પાપની પ્રવૃત્તિ અને પછી એની અનુમોદના દરેક વખતે એ-એ પાપ સંબંધી પાપકર્મ બંધાયા કરે.

**પ્રશ્ન : ૩૩.** સામાયિક લીધા પછી સો ડગલા ઉપર જવાય ? વ્યાખ્યાન હોલ ૧૦૦ ડગલા ઉપર હોય, તો ત્યાં જઇને પછી



ઇર્યાવહિયા કરવાની ? ગમણાગમણે પણ કરવા પડે ?

**ઉત્તર :** સામાયિક લીધા પછી વ્યાખ્યાન અને બીજા તેવા મહત્ત્વના કારણસર સો ડગલા કે તેથી વધુ દૂર જવામાં હરકત નથી. પહેલાના કાળમાં ગરીબ શ્રાવક ઘરે સામાયિક લઇ ઉપાશ્રયમાં આવે એવી વિધિ બતાવી છે. પણ એનો અર્થ એ નથી કે સામાયિક લીધા પછી તેવા મહત્ત્વના કારણ વગર મકાનમાં ફર-ફર કરે તો પણ ચાલે, કારણ ન હોય, તો સામાયિકમાં એક સ્થાને સ્થિર બેસી સ્વાધ્યાયાદિ કરવા જોઇએ. સામાયિકમાં સો ડગલા ઉપર ગયા હોઇએ તો ઇર્યાવહિયા અને ગમણાગમણે કરવા જોઇએ, એક જ મકાનમાં હોઇએ તો ઇર્યાવહિયા કરવાની રહેતી નથી.

**પ્રશ્ન : ૩૪.** મહાવિદેહક્ષેત્રમાં દરેક તિર્થંકરનું આયુષ્ય ચોર્યાશી લાખ પૂર્વનું જ હોય ? અને ચારિત્રકાળ એક લાખ પૂર્વનો જ હોય ?

**ઉત્તર :** મહાવિદેહક્ષેત્રમાં તિર્થંકરનું આયુષ્ય ચોર્યાશી લાખ પૂર્વનું જ હોય, એવો નિયમ નથી. ઓછું-વત્તુ સંભવી શકે છે. **કર્મપ્રકૃતિ ચૂર્ણિમાં** તિર્થંકરદેવનો ચારિત્રકાળ દેશોન પૂર્વક્રોડ વર્ષ બતાવ્યો છે. (ઉત્કૃષ્ટથી)

**પ્રશ્ન : ૩૫.** પ્રતિક્રમણમાં સકારણ ઉભા ઉભા કાઉસગ્ગ ન કરે, તો સાપેક્ષભાવે વજાસનઆદિ અન્ય મુદ્રાઓમાં કાઉસગ્ગ કરી શકાય કે પલાંઠી મારી બેઠા બેઠા જ કાઉસગ્ગ કરવો ?

**ઉત્તર :** પ્રતિક્રમણમાં સકારણ ઉભા ઉભા કાઉસગ્ગ ન થાય, તો બેઠા બેઠા કાઉસગ્ગ કરવો, પણ અન્ય મુદ્રાઓમાં કાઉસગ્ગ કરવો નહીં, કેમકે પ્રતિક્રમણ માટેની તેવી સામાચારી છે, અને સામાચારી બળવાન છે. બીજા કાઉસગ્ગો અન્ય મુદ્રામાં કરી શકાય. જો કે પછી



books\satyakant\proof.pm6,mch2,12

ત્યાં કાઉસગ્ગ મુદ્રા રહેતી નથી.

**પ્રશ્ન : ૩૬.** મરીચિએ ઉત્સૂત્ર પ્રરુપણા કરી, તો તે નિન્હવ કેમ કહેવાયો નહીં ?

**ઉત્તર :** જૈન સાધુના વેશમાં રહીને ઉત્સૂત્ર પ્રરૂપણા કરે તો નિહ્નવ કહેવાય. જૈન સાધુના વેશનો ત્યાગ કર્યા પછી તેવી પ્રરુપણાના સ્થળે નિન્હવ કહેવાનો વ્યવહાર થતો નથી. મરીચિએ કરેલી ઉત્સૂત્ર પ્રરુપણા સાધુવેશ ઉતાર્યા પછી થઇ હતી. તેથી તે નિન્હવ ન કહેવાય, ઉત્સૂત્રભાષી તો કહી શકાય.

**પ્રશ્ન : ૩૭.** કેવળી ભગવંતો તેરમા ગુણસ્થાને હંમેશા ક્યા ધ્યાનમાં હોય છે ?

**ઉત્તર :** તેરમા ગુણસ્થાનનો સમય ધ્યાનાતીત સમય છે. તેથી એ ગુણસ્થાને રહેલા કેવળીઓ કોઇ પણ ધ્યાનમાં હોતા નથી. ફક્ત તેરમાના અંતે યોગનિરોધ વખતે શુક્લધ્યાનનો ત્રીજો પાયો અને ચૌદમા ગુણસ્થાને ચોથો પાયો હોય છે.

**પ્રશ્ન : ૩૮.** હોટલમાં ખાઇ લઇ ચોવિહાર કરવામાં વધુ દોષ કે ઘરે આવી ઘરે રાત્રિભોજન કરવામાં વધુ દોષ ?

**ઉત્તર :** આમાં સમય-સંયોગ-વ્યક્તિની ભૂમિકા વગેરે અપેક્ષીને સમજવું. છતાં સામાન્ય વ્યવહારથી હોટલનું ભોજન વધુ અયોગ્ય ગણાય.

**પ્રશ્ન : ૩૯.** જીવો પ્રથમ સમ્યક્ત્વ પામે, તે નિસર્ગ સમ્યક્ત્વ હોય કે અધિગમ ?

**ઉત્તર :** બાહ્ય તેવા ઉપદેશાદિ નિમિત્ત વિના દર્શન મોહનીયના



ક્ષયોપશમ થવા રુપ નિસર્ગ સમ્યક્ત્વ પામવાવાળા જીવો ઘણા ઓછા છે. ગુરુના ઉપદેશઆદિ અધિગમથી સમ્યક્ત્વ પામવાવાળા જીવો ઘણા વધારે છે.

**પ્રશ્ન : ૪૦.** ચરવળા વગર સામાયિક કે પ્રતિક્રમણ કરીએ, તો અવિધિ દોષ લાગે ?

**ઉત્તર :** હા, લાગે. કેમકે ચરવળો ઉપકરણ છે. ઓઘાયુક્ત સાધુ જેવો શ્રાવક એ વાતને સાર્થક કરે છે, અને સામાયિક લેતા-પારતા કે સામાયિકમાં ઉઠતા-બેસતા વગેરે ક્રિયામાં પ્રમાર્જન વગેરે માટે ચરવળો જરુરી છે.

**પ્રશ્ન : ૪૧.** નાળિયેરનું પાણી નાળિયેરમાંથી કાઢ્યા પછી તરત કલ્પે કે બે ઘડી પછી ?

**ઉત્તર :** નાળિયેર સચિત્ત હોવાથી અને તેમાં બીજ હોવાથી પાણી કાઢ્યા પછી બે ઘડી પછી કલ્પે.

**પ્રશ્ન : ૪૨.** મુમુક્ષુએ વર્ષીદાનમાં ઉછાળેલા ચોખા-બદામ-પૈસા વગેરેને શ્રાવક પોતાના ઉપયોગમાં વાપરી શકે ખરો ?

**ઉત્તર :** વર્ષીદાનમાં મળેલી વસ્તુ વર્ષીદાનવગેરેની યાદ માટે રાખી મુકે એ જુદી વાત, બાકી પોતાના ઉપયોગમાં વાપરે તેમાં કોઇ હરકત નથી.

**પ્રશ્ન : ૪૩.** જેના પર ભગવાનની દ્રષ્ટિ પડે, તે વસ્તુ વપરાય નહીં પણ ખીસ્સામાં કોઇ વસ્તુ રહી હોય અને ભૂલમાં દેરાસરમાં ગયા, તો ભગવાનની દ્રષ્ટિ ખીસ્સામાં પડેલી વસ્તુ પર તો પડવાની નથી. પછી તે વસ્તુ વાપરવામાં શો વાંધો છે ?



books\satyakant\proof.pm6,mch2,13

**ઉત્તર :** પહેલી વાત તો એ કે દેરાસરમાં ભગવાનની દ્રષ્ટિ પડવાથી વસ્તુ વાપરવા યોગ્ય રહેતી નથી. એવી માન્યતા રાખવી નહીં. ભગવાનની દ્રષ્ટિ અમૃતમય છે, એ પડવા માત્રથી વસ્તુમાં કોઇ દોષ ઉત્પન્ન થતો નથી. વરઘોડામાં રથમાં બિરાજમાન પ્રભુની દ્રષ્ટિ બધે પડે છે, તો શું એ બધી વસ્તુ ન ખપે ? તેથી દ્રષ્ટિ પડે, તે વસ્તુ વપરાય નહીં એમ નહીં, પણ અવિનયાદિ ન થાય, એ માટે દેરાસરમાં ભૂલમાં પણ લઇ ગયેલી વસ્તુ વાપરવી નહીં, અત્યંત અપવાદપદે વાત અલગ છે, બાકી ખીસ્સામાં હોય કે પાકીટમાં, દેરાસરમાં લઇ ગયેલી વસ્તુ વાપરવી નહી, ત્યાં દ્રષ્ટિ પડવાની જરૂરત નથી.

**પ્રશ્ન : ૪૪.** પણ આ નિયમ બહુ કડક લાગે છે આપણી વસ્તુ દવા વગેરેરુપ હોય, ને ભૂલમાં લઇ જઇએ, તેટલામાત્રથી વપરાય નહીં ?

**ઉત્તર :** આ કડક નિયમ નહીં રાખવામાં આવે તો ધીમે ધીમે ઘાલમેલ શરુ થશે. નાના છોકરાઓ જેમ સાધુઓ સમક્ષ ખાતા થઇ ગયા છે. તેમ દેરાસરમાં પણ ખાવાનું ચાલુ થઇ જશે. પછી મોટી અનવસ્થા સર્જાશે, એ નિવારણ માટે કડક નિયમ વગર ચાલે નહીં. ઇતરોમાં મંદિરમાં અને મંદિરનું ખાવામાં દોષ-બાધ રહ્યો નથી. એના કારણે જે ઘાલમેલ ચાલે છે, એ આપણે ત્યાં હજી નથી આવી એનું કારણ જ આ કડકાઇ છે.

**પ્રશ્ન : ૪૫.** તપસ્યા વગેરેની પ્રભાવનામાં ધાર્મિક ઉપકરણો જ આપી શકાય કે સંસારોપયોગી સામગ્રી પણ આપી શકાય ?

**ઉત્તર :** આ પ્રભાવના પણ એક પ્રકારે સાધર્મિક ભક્તિ છે. જેમ પ્રભાવનામાં અપાતા રુપિયા એ પ્રભાવના લેનાર પોતાની ઇચ્છાથી સંસારના કાર્યઆદિમાં વાપરે છે, છતાં રુપિયા આપવામાં દોષ લાગે



એમ ગણાતું નથી. એમ એને વ્યવહારોપયોગી-જીવનોપયોગી પણ આપવામાં વાંધો દેખાતો નથી. અલબત્ત એમાં શું આપવું અને શું ન આપવું ? એનું ઔચિત્ય જળવાવું જોઇએ. ધાર્મિક ઉપકરણ આપવામાં પણ લાભ છે.

**પ્રશ્ન : ૪૬.** કેવલજ્ઞાનીઓ તિર્થંકરની વંદના-સ્તવના વગેરે કરે કે નહીં ?

**ઉત્તર :** કેવલજ્ઞાનીઓ તિર્થંકર ભગવાનને પ્રદક્ષિણા આપે, વંદન કે સ્તવનની શક્યતા દેખાતી નથી. શાસ્ત્રોમાં જોવામાં આવ્યું નથી.

**પ્રશ્ન : ૪૭.** કેવલીઓ 'ભગવાન શું દેશના આપવાના છે' તે કેવલજ્ઞાનથી જાણે જ છે અને દેશના પણ પોતાના કાનથી મતિશ્રુતના ઉપયોગથી સાંભળવાના નથી. તો પ્રભુની દેશનામાં કેમ બેસે ?

**ઉત્તર :** કેવલીઓ પોતાના તેવા કલ્પથી દેશનામાં બેસતા હોય છે. તીર્થંકર, તીર્થ-શ્રુતના ઉપકારથી પોતે કેવલજ્ઞાની થયા છે. તેથી બેસે, અને એમ કરી બીજાને પણ શ્રુતની મહત્તા, શ્રુતનું આલંબન લેવા જેવું છે, ઇત્યાદિ પ્રેરણા મળે, એ માટે પણ બેસે. 'કેવલજ્ઞાનીઓ પણ પ્રભુની દેશનામાં બેસે છે, તો આપણે તો ખાસ સાંભળવા બેસવું જોઇએ' ઇત્યાદિ બીજાને આલંબન પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન : ૪૮.** બધા જીવો સાથે મૈત્રી રાખવાની છે. મૈત્રીમાં ગુણી-દુ:ખી- દોષિત વગેરે જીવોને આશ્રયી તરતમભાવ હોય ખરો ?

**ઉત્તર :** દ્વેષ-વેરના અભાવરુપે મૈત્રી દરેક જીવ પ્રત્યે સરખી છે. અવિનીત પ્રત્યેનો મૈત્રીભાવ ઉપેક્ષાથી યુક્ત છે. દુ:ખી પ્રત્યે કરુણાની પ્રવૃત્તિયુક્ત મૈત્રીભાવ જોઇએ. દોષિત પ્રત્યે કરુણાભાવ યુક્ત મૈત્રીભાવ જોઇએ. એમાં પણ જે દોષમુક્ત થઇ શકે એવો હોય,



books\satyakant\proof.pm6,mch2,14

એના પ્રત્યે ઉચિત વાત્સલ્યાદિ પ્રવૃત્તિ યુક્ત મૈત્રીભાવ હોય. ગુણી પ્રત્યે પ્રમોદભાવયુક્ત મૈત્રીભાવ જોઇએ. આમ તરતમભાવ સંભવે છે.

**પ્રશ્ન : ૪૯.** દેવો જે સમવસરણની રચના કરે તે વૈક્રિય પુદ્‌ગલોથી રચે કે ઔદારિક પુદ્‌ગલોથી ?

**ઉત્તર :** દેવો બહુધા વૈક્રિય પુદ્‌ગલોથી સમવસરણ રચના કરતા હોય છે. તેઓમાં ઔદારિક પુદ્‌ગલોથી પણ સમવસરણ રચવાનું સામર્થ્ય પણ છે જે પ્રાયઃ **ગૌતમીય કાવ્યમાં** ઔદારિક પુદ્‌લોથી સમવસરણ રચ્યાની વાત આવે છે.

**પ્રશ્ન : ૫૦.** આપણે પ્રતિક્રમણ કરીએ, ત્યારે જો ઉભા થઇએ, તો સ્થાપનાજી નાભિ કરતાં પણ નીચા થઇ જાય તો આ ચાલે ?

**ઉત્તર :** 'સ્થાપનાજી નાભિથી નીચે રહેવા જોઇએ નહીં આ વાત બેઠેલાની અપેક્ષાએ છે. ઉભા થયેલાની અપેક્ષાએ નથી. તેથી ઉભા થયેલાને એમાં દોષ લાગતો નથી. ઉભાવાળાને માટે નાભિ ઉપર રાખીએ તો બેઠેલાના આંખ કે માથા ઉપર જાય જે સામાન્યથી યોગ્ય નથી.

**પ્રશ્ન : ૫૧.** બધા તંદુલિયા મત્સ્ય મરીને સાતમી નરકે જાય ?

**ઉત્તર :** તંદુલિયો મત્સ્ય સાતમી નરકે જાય આ વાત મત્સ્યના સામર્થ્યને અપેક્ષીને છે. પણ તેથી બધા તંદુલિયા મત્સ્ય સાતમી નરકે જ જાય તેવો નિયમ સમજવાનો નથી.

**પ્રશ્ન : ૫૨.** સમવસરણમાં દેશના ન આપતા હોય, વિહારાદિ કરતાં હોય, તેવા કેવળજ્ઞાન પામેલા વિચરતા તીર્થંકરો દ્રવ્યજિન કહેવાય કે ભાવજિન કહેવાય ?



**ઉત્તર :** વિચરતા કેવળજ્ઞાની તીર્થંકરોને જિનનામકર્મનો વિપાકોદય ચાલુ છે. તેથી દેશના ન આપતા હોય ત્યારે પણ તેઓ ભાવજિન ગણાય. 'સમવસરણમાં તીર્થ સ્થાપના કરતાં-દેશના આપતા તીર્થંકર ભાવજિન કહેવાય' આ વાત નયવિશેષને અપેક્ષીને છે.

**પ્રશ્ન : ૫૩.** આસો સુદ દસમથી નાણ મંડાય છે, પણ આ દિવસો તો અસજ્ઝાયના છે. તો નાણ માંડવામાં દોષ ન લાગે ?

**ઉત્તર :** વડી દીક્ષા, પદવી, ઉપધાન વગેરે કાર્યોને અપેક્ષીને આસો સુદ દસમથી નાણ માંડવાની શરુઆત થાય છે, અહીં તથા પ્રકારની સામાચારી જ બળવાન છે. એમાં અસજ્ઝાય જોડે વાંધો આવતો નથી.

**પ્રશ્ન : ૫૪.** વક્તા કો'ક પ્રરુપણા 'શાસ્ત્ર વિરુદ્ધ નથી' એમ માનીને કરે, પણ તે ખરેખર શાસ્ત્ર વિરુદ્ધ હોય, તો તેને ઉત્સૂત્ર પ્રરુપણાનો દોષ લાગે ?

**ઉત્તર :** જો એ પ્રરુપણા વાસ્તવમાં શાસ્ત્રવિરુદ્ધ હોય, તો શાસ્ત્રસંબંધી પોતાના નિર્ણયમાં ચોકસાઇની ખામી આવી ગણાય. અને આવી ચોકસાઇ ન હોવા છતાં પ્રરુપણા કરે, તો એટલા અંશે અપ્રમાણિક ગણાય. કદાચ પોતાની ચોકસાઇ છતાં અનાભોગાદિથી શાસ્ત્રથી વિપરીત પ્રરુપણા કરે, પછી ખ્યાલ આવે, તો જાહેરમાં એ સ્ખલના સુધારી લે ને મિચ્છામિ દુક્કડમ્ માંગી લે, તો દોષ નથી. જાણવા છતાં ન સુધારે, તો ઉત્સૂત્ર પ્રરુપણાનો દોષ લાગે.

**પ્રશ્ન : ૫૫.** પાણીનો કાળ પૂરો થવા આવે, એ પહેલા ચૂનો નાંખવાનો ભૂલથી રહી ગયો. કાળ પૂરો થઇ ગયા બાદ યાદ આવે, તો શ્રાવક પાસે ચૂનો નંખાવી બે ઘડી પછી એ પાણી વાપરી શકાય ખરું ?

**ઉત્તર :** જો પાણીમાં ચૂનો નાખવાનો રહી જાય અને પાણીનો કાળ



books\satyakant\proof.pm6,mch2,15

પૂરો થઇ ગયો હોય, તો તે પાણી સચિત્ત ગણાય. તેથી એમાં શ્રાવક પાસે પણ ચૂનો નંખાવાય નહીં ને એ પછી બે ઘડી પછી વાપરી શકાય નહીં, પણ એ સચિત્ત થયેલા પાણીને પરઠવી દેવું જોઇએ. કાળ વીતી ગયા પછી શ્રાવકે ચૂનો નાંખ્યો હોય, તો બે ઘડી પછી પણ તે વાપરવાનો વ્યવહાર કરવો નહીં.

**પ્રશ્ન : ૫૬.** ભગવાન સાથે જઘન્યથી કરોડ દેવો કેવળજ્ઞાન પછી હોય, આમાં માત્ર દેવો જ હોય કે દેવીઓ પણ હોય ? જે એક કરોડ દેવો રહે, તે એના એ જ રહે કે બદલાતા પણ હોય ?

**ઉત્તર :** પ્રભુ સાથે કેવળજ્ઞાન પછી એક કરોડ દેવો જઘન્યથી હોય એમાં દેવીઓ પણ ગણી લેવાની. પણ દેવોની મુખ્યતા હોવાથી 'જઘન્યથી કરોડ દેવો હોય' એમ બોલાય છે. એ એક કરોડ દેવો એના એ જ રહે, તેવો નિયમ નથી. એમાં કેટલાક એના એ જ રહે. બીજા કેટલાક આવતા જાય, કેટલાક જતા જાય. જે રહે-આવે એ બધા પણ ફરજ પર નિયુક્ત થયા છે માટે નહીં, પણ ભક્તિથી જ આવતા-રહેતા હોય છે.

**પ્રશ્ન : ૫૭.** એક પૂર્વી શ્રુતકેવલી કહેવાય કે ચૌદ પૂર્વી જ શ્રુતકેવલી કહેવાય ?

**ઉત્તર :** ચૌદપૂર્વી શ્રુતકેવલી કહેવાય. એક પૂર્વી શ્રુતકેવલી ન કહેવાય.

**પ્રશ્ન : ૫૮.** ગુરુમહારાજ સામે ગહુંલી કરે એમાં સિદ્ધશિલા દોરવી જરુરી ?

**ઉત્તર :** ગુરુમહારાજ સામે કાઢેલી ગહુંલીમાં પણ સિદ્ધશિલા કરવી જોઇએ કેમકે (૧) ત્યાં પણ અંતિમ ફળ મોક્ષ જોઇએ છે. (૨) આ ગુરુભક્તિ ક્રિયા મોક્ષરુપ ફળ માટે સમર્થ છે. (૩) આ ગહુંલી



જિનાજ્ઞાને અનુરુપ છે. અને ગુરુ પણ જિનાજ્ઞામાં રહેલા છે. (૪) ગુરુભગવંતોની ભક્તિ અને ગુરુ ભગવંતનો અનુગ્રહ મોક્ષમાં હેતુ છે. (૫) વીશસ્થાનકની આરાધના મોક્ષ માટે છે, એમાં ગુરુતત્ત્વને પણ સ્થાન છે. માટે ગુરુભગવંત સામેની ગહુંલીમાં પણ સિદ્ધશિલા દોરવી જોઇએ.

**પ્રશ્ન : ૫૯.** કો'ક નવકાર-પંચિંદિયથી સ્થાપનાજી સ્થાપી સામાયિક વગેરે કરે છે, ત્યાં બીજો આવે, તો હવે એ બીજાએ ફરીથી સ્થાપવા પડે કે પહેલાએ સ્થાપેલા છે તે ચાલે ?

**ઉત્તર :** નવકાર-પંચિંદિયથી જ્યાં સ્થાપનાજી સ્થપાય છે, ત્યાં દરેક ક્રિયા કરનારે પોત-પોતાના માટે અલગ સ્થાપવાના હોય છે. એકના સ્થાપેલા બીજાને ચાલે નહીં. એ જ સ્થાપાનાજીને બીજાએ ફરીથી સ્થાપવા, જુદા સ્થાપનાજીની જરૂર નથી.

**પ્રશ્ન : ૬૦.** સમ્યગ્દર્શન જીવના ક્યા ગુણનો પર્યાય છે ?

**ઉત્તર :** પર્યાય, કોઇ ગુણનો નથી હોતો પણ દ્રવ્યનો હોય છે જેમ મુનીમ પાસે જે પૈસા હોય તે મુનીમના નહીં પણ શેઠના હોય તે રીતે સમ્યગ્દર્શન એ જીવનો જે સમ્યગ્ રુચિ કે તત્ત્વ શ્રદ્ધાત્મક સ્વભાવ છે. તે પર્યાયરુપ છે. સમ્યગ્દર્શનને ગુણાત્મક પર્યાય કહેવામાં પણ વાંધો નથી.

**પ્રશ્ન : ૬૧. *જત્થ જલં તત્થ વણં*** નિયમના આધારે જ્યારે પાણી પીવાનું થાય, ત્યારે બે આહાર થાય ને ? તેથી સાંજે તિવિહારના બદલે દુવિહારનું પચ્ચક્ખાણ લેવું જોઇએ ને ?

**ઉત્તર : *'જત્થ જલં તત્થ વણં'*** ના નિયમથી ગાળેલા સચિત્ત જળમાં પણ વનસ્પતિ છે. જળમાં વનસ્પતિ હોવા છતાં આપણા ચક્ષુ વગેરેનાં



books\satyakant\proof.pm6,mch2,16

વ્યવહારની અપેક્ષાએ સૂક્ષ્મ હોવાથી આપણા માટે અવ્યવહાર્ય છે. અને જે અવ્યવહાર્ય હોય, તેની અપેક્ષાએ પચ્ચક્ખાણ થતા નથી. તેથી પાણી સાથે એ વનસ્પતિ પણ મોંમા જતી હોવા છતાં એનો આહારમાં સમાવેશ થતો નથી. તેથી ગાળેલું પાણી પીનાર બે આહાર કરતો નથી. તેથી માત્ર પાણીની છુટ રાખનારને તિવિહારનું પચ્ચક્ખાણ લેવું કલ્પે છે, નહિતર તો ઉકાળેલા પાણીવાળા સિવાય બીજા કોઇને તિવિહારનું પચ્ચક્ખાણ કરવું કલ્પશે નહીં. અને કંદમૂળના ત્યાગીને પણ સચિત્ત પાણી પીવા માત્રથી અનંતકાય ભક્ષણનો દોષ લાગશે. વળી, જે સચિત્તની ધારણા કરે છે, અર્થાત્ પાણી સિવાય સચિત્તનો ત્યાગ, એવો નિયમ કરે છે, એને પણ સચિત્ત વનસ્પતિના ભક્ષણનો દોષ લાગી જશે.

**પ્રશ્ન : ૬૨.** કર્મોનાં બંધ આત્મા કે બધા પ્રદેશોની સાથે સમાનરુપથી હોય છે અથવા અમુક આત્મપ્રદેશોની સાથે હોય છે ? (જેવી રીતે કલાવતીએ પૂર્વ ભવમાં પોપટની પાંખ તોડી તો આગલા ભવમાં હાથ કપાઇ ગયા. બંધના સમયે કર્મોનો બંધ-બધા આત્મ પ્રદેશોમાં થયો અથવા આત્માનાં કોઇ ભાગમાં ?)

**ઉત્તર :** દરેક કર્મ (જેને જે બંધાય તે) આત્માના આઠ મધ્યપ્રદેશ જે રુચકપ્રદેશ કહેવાય છે જે સદા ખુલ્લા છે તે સિવાયના આત્માનાં બધા પ્રદેશોમાં તે બધા કર્મ બંધાય છે. એ રીતે ક્ષયોપશમ અને ઉદય પણ બધા આત્મપ્રદેશ ઉપર થાય છે.

આત્મપ્રદેશોમાં યોગની માત્રામાં તરતમતા હોવાથી આત્મપ્રદેશોમાં દલીકનાં પ્રમાણોનું ગ્રહણ સમયે સામાન્ય ફેર પડે છે. બહુ વિશેષ ફેર પડતો નથી. ઉદય અને ક્ષયોપશમ બધા આત્મ પ્રદેશે સરખા



જેવો હોવા છતાં ઉદયનું કાર્ય-ક્ષયોપશમનું કાર્ય અમુક નીયત જગ્યાએ પણ થાય છે. જેમ પાંચે ઇન્દ્રિયનો ક્ષયોપશમ બધે છે પણ ઉપકરણ-સાધન જ્યાં હોય ત્યાંથી જ્ઞાન થાય છે.

બીજું હાથ માટે જુદા આત્મપ્રદેશો નથી હોતા. ઉકળતા પાણીની જેમ આત્મપ્રદેશો ફર્યા કરે છે માટે બધા આત્મપ્રદેશોમાં ઉદય-ક્ષયોપશમ-ક્ષય-બંધ વગેરે સાથે હોય છે. કાર્ય તે તે અંગમાં ઉદયનું કે ક્ષયોપશમનું દેખાય તે ઉપકરણ-સાધનના કારણે.

**પ્રશ્ન : ૬૩.** કેવળ દર્શન જીવનો ગુણ છે કે પર્યાય ? શા માટે ?

**ઉત્તર :** કેવળજ્ઞાન-કેવળદર્શન બન્ને જીવના ઉપયોગાત્મક ગુણ છે, જે દ્રવ્ય સ્વરૂપ ન હોય તે કાં તો ગુણ હોય કાં પર્યાય હોય. તથા વસ્તુમાત્ર દ્રવ્યપર્યાય ઉભયરૂપ જ હોય છે. તેથી ગુણો પણ એક પ્રકારના પર્યાય જ છે. કારણ કે તે પરિવર્તન શીલ હોય છે. પરિવર્તન શીલ હોવા છતાં પણ જે પર્યાયો સજાતીય પરંપરા પ્રવાહરૂપે દ્રવ્યની ઉત્પત્તિથી માંડીને તેના વિનાશ સુધી અથવા તો જેટલો કાળ દ્રવ્ય રહે એટલો કાળ તેની સાથે ને સાથે જ રહેતા હોય તે પર્યાયો ગુણ કહેવાય છે. શાસ્ત્રકારોએ દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય એમ બે જ નય કહ્યા છે. ગુણાર્થિક નય જુદો કહ્યો નથી. તેથી ગુણો પર્યાયથી જુદા નથી.

**પ્રશ્ન : ૬૪.** ગુણ અને પર્યાયની સ્પષ્ટતા ? ફેર શું ?

**ઉત્તર :** દ્રવ્યની વિવિધ અવસ્થાને પર્યાય કહેવાય. પર્યાય શબ્દ દ્રવ્યની કોઇપણ જાતની અવસ્થાને સૂચવવા માટે વાપરી શકાય છે. ગુણો પણ દ્રવ્યની કોઇને કોઇ અવસ્થારુપ હોવાથી પર્યાયરુપ જ છે. પરંતુ જે પર્યાયો પોતાના દ્રવ્યમાં સૂક્ષ્મદ્રષ્ટિએ પ્રવાહરુપે અને સ્થૂલ દ્રષ્ટિએ



books\satyakant\proof.pm6,mch2,17

તેને તે રુપે દ્રવ્યની લગોલગ જ રહેતા હોય અર્થાત્ દ્રવ્ય શાશ્વત હોય તો શાશ્વતકાળ સુધી તેની સાથે ને સાથે રહે અને દ્રવ્ય નાશવંત હોય તો તેનો નાશ ન થાય ત્યાં સુધી સાથે ને સાથે રહે તેવા પર્યાયને ગુણ કહેવાય.

જેમ મનુષ્ય યોનીમાં જન્મેલા બધાય માનવ તો કહેવાય જ પણ જે મહાવ્રતધારી હોય તેવા વિશિષ્ટ માનવોને શ્રમણ કે સાધુ કહેવાય. (પણ તેય માનવ તો ખરા જ) એ જ રીતે દ્રવ્યના સહભાવી હોય તે ગુણ કહેવાય. (પણ તે પર્યાય તો ખરા જ)

જ્ઞાન-દર્શન એ જીવના ગુણાત્મક પર્યાય છે. સદાય સાથે ને સાથે રહે છે.

મનુષ્ય, દેવ વગેરે જીવના સામાન્ય પર્યાય કહેવાય. કારણ કે જીવ-દ્રવ્યની સાથે ને સાથે સદા રહેતા નથી.

**પ્રશ્ન : ૬૫.** પાણીમાં પરસેવાનું ટીપું પડે, એઠું પાણી પડે, મેલા કપડાનો છેડો પડે અથવા ગંદા હાથ નાખે તો શું એ પાણીમાં અડતાલીસ મીનીટ પછી સંમૂર્ચ્છિમની ઉત્પત્તિ થાય ખરી ? એટલે કે એ પાણી અડતાલીશ મીનીટ પછી ચાલે કે નહીં ? તો નદી, તળાવ વગેરેમાં લોકો ન્હાય છે, કપડા ધુએ છે, અશુચિ પણ કરે છે, તો એ કેવી રીતે ચાલે ? શાસ્ત્રમાં પ્રાયઃ કોઇ ગ્રંથમાં આ રીતે સંમૂર્ચ્છિમની ઉત્પત્તિની વાત જોવા મળતી નથી.

**ઉત્તર : પણ્ણવણાસૂત્રમાં** અને બીજા ગ્રંથોમાં ચૌદ સ્થાનોમાં સંમૂર્ચ્છિમની ઉત્પત્તિ બતાવી છે. તેમાં ગામની ખાળ કે જેમાં ઘણું પાણી હોવા છતાં સંમૂર્ચ્છિમની ઉત્પત્તિ બતાવી છે. તેથી ગંદા હાથ વગેરે પાણીમાં પડે તો પણ સમૂર્ચ્છિમ ન થાય, એમ ન મનાય. ઘણા



પાણીમાં પસીનાના એકાદ-બે ટીપાં ભળવા આદિરુપ અલ્પ ભળે, તો પણ જો સંમૂર્ચ્છિમનો વ્યવહાર ન કરીએ તો વધારે-ઓછાનું નિયંત્રણ કોણ કરશે ? કેટલું ઓછું ગણાય ? કેટલું વધારે ગણાય ? એનો માપદંડ શો ? પછી એમાં મર્યાદા ન રહે. તેથી વ્યવહાર શુદ્ધિ માટે અલ્પપ્રમાણમાં પણ મેલ વગેરે ભળે તો અને ખ્યાલ આવે, તો નિયંત્રણ કરવું જ પડે, કેમકે સંમૂર્ચ્છિમ ઉત્પન્ન થાય, તો પણ દેખાવાના નથી. તેથી આ વાત આજ્ઞાગ્રાહ્ય સમજવાની છે. અને વ્યવહાર જેટલો સૂક્ષ્મ રાખીએ તેટલો સારો છે. નદી-તળાવોમાં આ સંમૂર્ચ્છિમનો વ્યવહાર કરાતો નથી, તેમાં અશક્ય પરિહાર, તેવા પ્રકારના શિષ્ટ વ્યવહારની પ્રધાનતા વગેરે કારણ માનવા પડે.

**પ્રશ્ન : ૬૬.** બરફની જેમ સચિત્ત કાચા પાણીમાં પણ અસંખ્ય જીવો છે, તો પાણી નહીં ને બરફ સ્વતંત્ર રીતે અભક્ષ્ય કેમ ગણાય ? શું હેતુ છે ? બરફમાં પાણી કરતાં જીવ વધારે છે ? ક્યા ગ્રંથમાં આ વાત આવે છે ?

**ઉત્તર : શ્રી યોગશાસ્ત્રમાં** હિમ, કરા વગેરેને અભક્ષ્ય ગણ્યા છે. તેથી બરફ અભક્ષ્ય છે. પાણી વિના જીવવું શક્ય નથી, તેથી પાણીમાં અશક્ય પરિહાર છે. બરફ માટે એવું કહી શકાતું નથી. વળી બરફ ઘન હોવાથી એમાં દ્રવ પાણી કરતાં વધુ જીવો સંભવે છે. વળી દ્રવ પાણીને જેટલા પ્રમાણમાં ઉપઘાત લાગે છે, તેટલા ઘન બરફને લાગતા નથી. તેથી પણ જીવો વધુ ગણી શકાય. બરફ આરોગ્ય માટે પણ હાનિકારક છે. વળી બરફમાં અંદર પાણી થીજી જવાથી સ્થિર થઇ ગયું છે. તેથી એમાં તદ્ વર્ણની નિગોદ પણ ઉત્પન્ન થઇ શકે. તળાવાદિના સ્થિર પાણીમાં નિગોદ થતી દેખાય છે. (જૈન શ્રેયસ્કર



books\satyakant\proof.pm6,mch2,18

મંડળ, મહેસાણાએ અભક્ષ્ય-અનંતકાય વિચાર પુસ્તક બહાર પાડી છે, તે જોઇ લેવી.)

**પ્રશ્ન : ૬૭.** નવકારશી વગેરેના પચ્ચક્ખાણ કર્યા હોય, તો પછી આંતરિક ભાવો વધવાથી ઉપરના પોરસી વગેરે પચ્ચક્ખાણ લેવા હોય, તો લઇ શકાય કે નહીં ?

**ઉત્તર :** નવકારશી વગેરે પચ્ચક્ખાણ લીધા પછી પચ્ચક્ખાણ પાર્યું ન હોય અને આગળના પચ્ચક્ખાણ માટે સમય પહોંચતો હોય, તો આગળનું પચ્ચક્ખાણ લઇ શકાય. પણ પરાઇ ગયું હોય કે આગળના પચ્ચક્ખાણનો સમય વીતી ગયો હોય, તો તે પચ્ચક્ખાણ લેવાય નહીં. નવું લેવાનું પચ્ચક્ખાણ પૂર્ણ ન થાય ત્યાં સુધી લેવાય. **લઘુ પ્રવચનસારોદ્ધાર**માં અમુક પચ્ચક્ખાણ પાર્યા પછી પાણી ન વાપર્યું હોય તો લેવાય તેમ બતાવેલ છે.

**પ્રશ્ન : ૬૮.** રાતના બીજા પ્રહરમાં બનાવેલી લાપસી કોઠીમાં રાખી દઇ, બીજે દિવસે એ ગરમ ગરમ પીરસે, તો વાસી ગણાય ? કોઠીમાં એવી વ્યવસ્થા હોય છે કે જેથી બીજા દિવસે તે ગરમ ગરમ જ રહે, આમ ગરમ ગરમ હોય તો વાસી ગણાય ?

**ઉત્તર :** મેવાડ વગેરેમાં સ્વાદ હેતુ આ રીતે કરે છે, પણ તે ઉચિત નથી. ગરમ ગરમ રહે, તો પણ બીજા દિવસે વાસીનો જ વ્યવહાર કરવો ઉચિત છે. તેથી કલ્પે નહીં.

**પ્રશ્ન : ૬૯.** પ્રતિષ્ઠાદિમાં નવકારશીના ચઢાવાની રકમમાંથી નવકારશીનો પૂરો ખર્ચ કાઢી શકાય ? બચેલી રકમમાંથી આઠ દિવસના બદલે ચૌદ દિવસનો મહોત્સવ કર્યો હોય, તો પછીના દિવસોની નવકારશીનો ખર્ચ કાઢી શકાય ? તેની વધેલી રકમ બીજા



વર્ષની વર્ષગાંઠના દિવસે સ્વામીવાત્સલ્યમાં વાપરી શકાય ? ઉપધાનની નીવી વગેરેમાં એ વાપરી શકાય ? ચોમાસાના રસોડાના ખર્ચામાં વાપરી શકાય ? અથવા સંઘના બીજા કોઇ કાર્યક્રમમાં સંઘજમણ-પારણા વગેરેમાં વાપરી શકાય ?

**ઉત્તર :** નવકારશીના ચઢાવાની રકમ આ બધા પ્રસંગોમાં વાપરવામાં હરકત દેખાતી નથી. બીજી રીતે કે અન્ય આશયથી ઉત્પન્ન થયેલી સાધરણની રકમનો ઉપયોગ આ રીતે જમણવાર-પ્રભાવનાદિમાં નહીં કરવો એ ઉચિત છે. ખાસ વિશેષ સંયોગ હોય, તો નિશ્રાદાતા ગીતાર્થ ગુરુને પૂછીને વાપરવું.

**પ્રશ્ન : ૭૦.** સાધ્વીજીઓ ક્યા ક્યા આગમો ભણી શકે ? પયન્નાદિ ભણી શકે ?

**ઉત્તર :** સાધ્વીજીઓ જે આગમના જોગ કરી શકે, તે આગમ ભણી શકે. હાલ આવશ્યક નિર્યુક્તિ, દસવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ આ છ આગમ ભણી શકે. બાકીના આગમોમાં જેમ શ્રાવકો છેદ સૂત્રો સિવાયના સૂત્રો સાંભળવાના અધિકારી છે, તેમ સાધ્વીઓ પણ સાંભળવાના અધિકારી છે ગુરુતત્ત્વ વિનિશ્ચય જેવા આગમોમાંથી ઉદ્ધૃત થયેલા પ્રકરણો પણ ભણી શકે. હાલ જે પયન્નાઓ શ્રાવકો ત્રણ આંબેલ કરીને ભણી શકે છે તે સાધ્વીજીઓ પણ ભણી શકે. આગમ સિવાય માટે આચાર્ય ભગવંત જે પ્રવર્તિની આદિ સાધ્વી વિશેષને છુટ આપે તે ભણે તે વાત જુદી છે. આવશ્યક નિર્યુક્તિ સાથે સંકળાયેલ હોવાથી વિશેષાવશ્યક ભાષ્યને પણ સાધ્વીજી ભગવંતો ભણી શકે.

**પ્રશ્ન : ૭૧.** દેરાસરમાં ભગવાન પાછળ અને વ્યાખ્યાનની પાટે

ગુરુમહારાજની પાછળ શોભા હેતુ ચંદરવા-પિછવાઇઓ લગાડાય છે, તેમાં તીર્થંકર-મહાપુરુષો વગેરેના ચિત્રો હોય છે, તો એમાં પૂંઠ પડવાનો દોષ લાગે કે નહીં ?

**ઉત્તર :** ભગવાન પાછળના પિછવાઇઓમાં તો કોઇ પૂંઠ વગેરેનો દોષ નથી. વ્યાખ્યાનની પાટ પાછળ લગાડાતા પૂંઠિયા ઊંચા લગાવવામાં આવે કે જેથી વ્યાખ્યાતાના માથા ઉપરના ભાગમાં સહેજ પાછળ રહે, તો એમ આશીર્વાદરુપ લાગે છે. એમ ન થતું હોય, અને પૂંઠ પડવામાં આશાતનાનો ભાવ રહેતો હોય તો પૂંઠ ન પડે એવા પૂંઠિયા (પિછવાઇઓ) લગાડવા.

**પ્રશ્ન : ૭૨.** શ્રાવકવર્ગમાં પ્રતિષ્ઠાદિની મોંઘામાની ભારે ખર્ચાવાળી પત્રિકાઓ પ્રત્યે અણગમો પેદા થયેલો જોવા મળે છે. તથા એમાં ભગવાન-ગુરુ વગેરેના ફોટાઓ હોય, તેથી એ બધાની અને જ્ઞાનની આશાતનાઓ પણ થાય છે. (કેમકે જે સંઘમાં જાય, એ સંઘમાં પછી ગમે ત્યાં ફેંકી દેવા વગેરેની પ્રવૃત્તિ થાય છે.) લોકોમાં પણ નિંદાદિ થાય છે કે આ પૈસાની બરબાદી છે. તો આ અંગે શું ઉચિત કરવું ઘટે ?

**ઉત્તર :** શ્રી સંઘનું ગૌરવ સચવાય એ રીતે સાદી પત્રિકા ઇચ્છવા યોગ્ય છે, બાકી પત્રિકાદિ વિષયમાં સાધુઓએ રસ લેવો ન જોઇએ. ઉદાસીનભાવ રાખવો જોઇએ, સંઘ શ્રાવક વર્ગનો એમાં અધિકાર છે. જ્ઞાનની આશાતનાની વાત અપેક્ષાએ સાચી છે. ગતાનુગતિક બનેલી આ પ્રવૃત્તિ છે. છતાં પણ દેવ-ગુરુઓના ફોટાઓ બંધ થાય તે બાબત અત્યંત જરુરી છે.

**પ્રશ્ન : ૭૩.** ૬૩ શલાકાપુરુષો ભવ્ય જ હોય અને અવશ્ય મોક્ષે



જનારા હોય એ બરાબર પણ ચક્રવર્તીપણું, વાસુદેવપણું કે પ્રતિવાસુદેવપણું ગ્રંથિભેદ થયા પછી જ પ્રાપ્ત થાય કે એ પહેલા પણ થાય ?

**ઉત્તર :** ચક્રવર્તીપણું વગેરે સમકીત પ્રાપ્ત થયા પછી જ પ્રાપ્ત થાય એમ શ્રી **ભગવતી સૂત્રની ટીકામાં** જણાવ્યું છે. નિયાણું કરીને ચક્રવર્તી આદિ પદ મેળવનારા પણ પૂર્વે સમકીત પામેલા હોય, એવો નિયમ છે. તેથી ગ્રંથિભેદ પહેલા એ પ્રાપ્ત થતા નથી.

**પ્રશ્ન : ૭૪.** પ્રતિષ્ઠા-ઉપધાનમાળા વગેરેની બોલીના પ્રસંગે રાતના ૧૨-૧ વાગ્યા સુધી સંગીતની રમઝટ સાથે બોલીઓ બોલાતી હોય છે એ વખતે દેવદ્રવ્યની વૃદ્ધિના આશયથી આચાર્યાદિ-જેમની નિશ્રા હોય, એ ત્યાં બેસીને પ્રેરણા વગેરે આપી શકે ખરા ? બોલી વચ્ચે અટકી હોય, તો વિશેષ પ્રેરણા કરી શકે ?

**ઉત્તર :** આચાર્યાદિની નિશ્રામાં બોલી બોલાવાતી હોય, તો બને ત્યાં સુધી દિવસે જ બોલી બોલાવવાનો આગ્રહ રાખવો. રાતના ચઢાવા બોલવાનો વ્યવહાર ઇચ્છવા યોગ્ય નથી. છતાં જો બહેનો ન હોય (લગભગ એવા પ્રસંગોમાં બહેનોની હાજરી નથી હોતી. ખાસ કરીને ઉપાશ્રયમાં બોલાવવાની હોય ત્યારે) તો કામળી ઓઢી ઉજઇ ન પડે એ રીતે વડીલ પૂજ્યો બેસે, પણ સંગીત પાર્ટીની જરુરત નથી હોતી. શ્રાવકોને રાતે જ ફાવે એવું હોય, તો આપણે ઉદાસીનભાવમાં રહેવું પણ વિરોધમાં ન પડવું. આમાં પ્રશ્ન આપણી પ્રતિષ્ઠાનો નહીં બનાવવો પણ શાસન પ્રભાવના-લોકોના ભાવોલ્લાસ-દેવદ્રવ્યની વૃદ્ધિનો વિષય હોવાથી અપવાદપદે એ સમજવું. **'આયરિયા પચ્ચવાયં જાણંતિ'** આચાર્ય લાભાલાભ જાણે છે એ સૂત્ર નજર સામે રાખવું.



books\satyakant\proof.pm6,mch2,20

બાકી શક્ય યતના-આશયશુદ્ધિ મહત્ત્વના છે. આપણા પૂજ્યપાદ ગુરુદેવશ્રી રાતે ઉછામણી માટે ક્યારેય દેરાસરમાં નથી ગયા. ઉપાશ્રયમાં ઉપર-નીચે હોલમાં હોય, તો ક્યારેક જતા. (શ્રાવકોનો આગ્રહ હોય તો જ) લગભગ એવા પ્રસંગોમાં બહેનોની ઉપસ્થિતિ ન હતી.

**પ્રશ્ન : ૭૫.** યશ નામકર્મ કે આદેય નામકર્મના ઉદયનું ફલ ક્યાં સુધી મળે ? વ્યક્તિ જીવતી હોય ત્યાં સુધી જ કે એ પછી પણ મળે ? ચોવીશ તીર્થંકરોમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું નામ લેવાય છે તો શું તે વખતનું આદેય યશનામકર્મ હજી કામ કરે છે ? શ્રી સ્થૂલભદ્રજી, શ્રી હરિભદ્રસૂરિજી વગેરે વિશિષ્ટ પ્રભાવકોના નામ માંગલિકરૂપે હજી લેવાય છે, તેમાં તેઓનું તત્કાલીન નામકર્મ કારણ છે ? તીર્થંકર વગેરેના તો નામકર્મ બધા ખપી ગયા છે. અને અન્ય મહાપુરુષો હાલ અન્ય ગતિમાં છે. તો હમણાં પૂર્વનું નામકર્મ શી રીતે કાર્ય કરે ? ભૂતકાલીન નામકર્મ હમણાં કાર્ય ન કરે, તો એમની કીર્તિ વર્તમાનમાં ગવાવામાં કોનું ક્યું કર્મ કારણભૂત ?

**ઉત્તર :** કર્મોના ઉદયો પણ વિવિધ પ્રકારે હોય છે, વિપાકમાં આવેલા કર્મોના વિવિધ સ્વભાવો હોય છે. તેથી કેટલાક કર્મો તત્કાલ પૂરતા ફળ બતાવે, તો કેટલાક કર્મો ઉદયમાં આવ્યા બાદ તેના ફળનો પ્રભાવ દીર્ઘકાલ સુધી ચાલે છે. યશ, આદેય વગેરે કર્મો અંગે પણ એમ સમજવું. વળી જેમ બંધમાં અનુબંધ છે, તેમ ઉદયમાં પણ અનુબંધ છે. તેથી તે-તે કર્મના ઉદયો એવી સ્થિતિ-સંયોગ-વસ્તુ વ્યક્તિને ઉભી કરે કે જેથી તેઓ દ્વારા પેલાના એ યશ-આદેય વગેરે ચાલુ રહે તેથી તે-તે વ્યક્તિ મોક્ષમાં જવાથી તે-તે આદેયાદિ કર્મ



સત્તામાં ન રહેવા છતાં તે કર્મજનિત માધ્યમ કાર્ય કરે છે. દક્ષિણાવર્ત શંખ વગેરે પણ એ કાર્ય કરે છે. આમ હોવાથી જ તે આદેયાદિ માટે હમણાં પણ તે-તે કર્મનો ઉદય છે એમ માનવું અનિવાર્ય નથી.

જેમ પ્રબળ પુણ્ય કે પ્રબળ પાપ બીજાના પણ પુણ્ય કે પાપને પ્રગટ કરે અને વધારે અથવા પાપ કે પુણ્યના ઉદયને અટકાવે છે, તેમ એ પ્રબળ પુણ્યથી પોતાના માટે પણ સાનુબંધવાળા કાર્ય થાય. જેમ પ્રબળ મુહૂર્તથી પ્રતિષ્ઠાદિ કાર્યો ચિરકાળસુધી પ્રભાવક બની રહે છે, તેમ અહીં પણ સમજવું. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પણ પ્રબળ પુણ્યાદિથી સાનુબંધ થાય અને દીર્ઘકાળ સુધી તેની સારી કે નરસી અસરો વર્તાય. તીર્થંકરાદિના વર્તમાન યશઆદિ માટે જેમ ચક્રભ્રમણ ઉત્પન્ન કર્યા પછી દાંડો નીકળી જાય કે તૂટી જાય કે બળી જાય, તો પણ ચક્ર ભમતું રહી શકે છે, એ દ્રષ્ટાંત સમજવું.

**પ્રશ્ન : ૭૬.** કામળી કાળે અથવા વરસાદ વરસતો હોય ત્યારે અપકાયાદિ જીવોની રક્ષા માટે કામળી ઓઢવાની હોય છે એ જીવોના શરીર તો સુકોમળ હોય છે. દેશી પાલીની કામળી એકદમ ગરમ-બરછટ હોવાથી કીડી વગેરેને પણ કિલામણા થાય છે, તો અપકાયાદિ જીવોને તો સુતરામ કિલામણા થાય. છતાં સંયમદ્રષ્ટિએ એ કામળી ઉત્કૃષ્ટ ગણાય છે. એમ કેમ ? દેશી પાલીની કામળીના કરેલા આસનમાં કીડી વગેરે જીવોને ફસામણી અને કિલામણા થતી સ્પષ્ટ દેખાય છે.

**ઉત્તર :** અપકાય વગેરે જીવો શરીર પર સીધા પડે, તો અપકાયાદિના નાશની સંભાવના વધારે છે. કામળીથી કથંચિત જીવદયા શક્ય છે. ઉનની કામળી વાપરવી સારી કેમકે ઉન ગરમ હોવા છતાં પરિણામે



books\satyakant\proof.pm6,mch2,21

શીત છે દેશી પાલીના આસન વાપરવામાં કીડી વગેરે ફસાઇ જતાં હોય છે માટે એવા આસન બનતા સુધી નહીં વાપરવા જોઇએ. પરંતુ તેનો કામળી કાળમાં કામળી તરીકે ઓઢવામાં કોઇ બાધ નથી.

**પ્રશ્ન : ૭૭.** અસજ્ઝાય પ્રકરણમાં ધુમ્મસ ગર્ભમાસમાં થાય એમ લખ્યું છે અને શ્રમણક્રિયા સૂત્રમાં ગર્ભમાસનો અર્થ કારતકથી મહા બતાવ્યો છે. તો મહા મહીના પછી ધુમ્મસ ન કહેવાય ?

**ઉત્તર :** સામાન્યથી ધુમ્મસ પોષ-મહામાં હોય છે. તેથી તે કાળ બતાવ્યો છે. સામાન્યથી વાદળા બંધાવાનો કાળ પણ તે ગણાય છે. બાકી તો જ્યારે પણ ધુમ્મસ હોય, ત્યારે તે સચિત્ત અપકાયરુપ છે. તે વખતે મકાનના બારી બારણાં વગેરેની જયણા (બંધ) કરી કામળી ઓઢી બેસવું. બોલવું કે હાલવું વગેરે પણ નહીં કરવું. તેની અસજ્ઝાય પણ ગણાય છે.

**પ્રશ્ન : ૭૮.** મુહપત્તિમાં બે આંગળ જેટલી પટ્ટી રાખવાનું પ્રયોજન શું હશે ?

**ઉત્તર :** મુહપત્તિ પકડવામાં જાડી હોય, તો ફાવે, સહેજ કડક રહે, મોઢાપર આઠ પડ થાય, માટે પટ્ટી જેટલું વાળવાનું પ્રયોજન હોય, એમ લાગે છે. વળી રસ્તામાં પડી જાય, તો ગૃહસ્થના રુમાલ કરતા વિશિષ્ટ રુપે હોવાથી ઓળખ-ચિહ્ન પણ બની શકે. કોઇને મળી હોય, તો પહોંચાડી પણ શકે.

**પ્રશ્ન : ૭૯.** આદ્રા નક્ષત્રથી કેરી બંધ થાય. તો ક્યું નક્ષત્ર બેસે ત્યારે કેરી ખુલ્લી થાય ?

**ઉત્તર :** હાલ કારતક સુદ પૂનમ સુધી બંધનો વ્યવહાર ગણાય છે.



**પ્રશ્ન : ૮૦.** ચોમાસામાં ન કલ્પતો મેવો પૂજા-પૂજનમાં મુકાતો દેખાય છે. તો આ ચાલે ? બદલામાં બીજું કશું મુકી શકાય નહીં ?

**ઉત્તર :** પૂજા-પૂજનમાં જે મુકાય છે, તે હાલ સંઘમાં ચાલતી સામાચારી ગણાય. જો મુખ્ય મુખ્ય આચાર્યો ભેગા થઇ વિચારી એ ફેરવે, તો વાત જુદી. એ સિવાય વિરોધ ન કરાય. સ્વકલ્પનાથી બીજો વિકલ્પ ચાલુ નહીં કરવો.

**પ્રશ્ન : ૮૧.** રસ્તામાં એક બાજુ પાણી આવતું હોય, બીજી બાજુ વનસ્પતિ, તો ક્યા રસ્તેથી જવું ?

**ઉત્તર :** બેમાંથી એક પર પગ મુકીને ચાલ્યા વિના ચાલે જ નહિં, એવું હોય, તો જો વનસ્પતિ થોડીક જ હોય ને પાણી વધુ હોય, તો વનસ્પતિના રસ્તે જવું, બાકી વનસ્પતિ વધુ હોય, તો એમાં ત્રસ જીવની પણ સંભાવના છે, તેથી ઓછા પાણીવાળા રસ્તે જવું.

**પ્રશ્ન : ૮૨.** દેરાસરના કેસર વગેરેથી ભગવાનની પૂજા કરે, એને શું પ્રાયશ્ચિત આવે ?

**ઉત્તર :** શક્તિ-સંયોગાદિ હોવા છતાં દેરાસરના કેસરાદિથી પૂજા કરે, એને પુણ્યબંધ તો થાય, પણ દ્રવ્ય ન વાપર્યું હોવાથી વિશિષ્ટ પુણ્યબંધ કે અનુબંધ પ્રાય: ન થાય. ગુણોના વિશિષ્ટ ક્ષયોપશમ માટે કારણભૂત જે ભાવોલ્લાસ જોઇએ, તે પણ કદાચ ઓછા જાગે. તેથી કમાણીની મોસમમાં આવડત હોવા છતાં. વેપાર ન કરતાં નોકરી કરે તેને શું નુકશાન થાય ? એના જેવો આ પ્રશ્ન છે.

**પ્રશ્ન : ૮૩.** શાંતિસ્નાત્ર ભણાવ્યા પછી તેની વેદિકા છ મહીના રાખવી પડે તેનું કારણ શું ?



books\satyakant\proof.pm6,mch2,22

**ઉત્તર :** શાંતિસ્નાત્રમાં પધરાવેલા પ્રભુના એ સ્થાન પર કોઇનો પગ ન પડે એ મુખ્ય હેતુ છે. આ રીતે છ માસ સુધી એ સ્થાનની પવિત્રતા જાળવી લેવાથી છ મહીના સુધી શ્રી શાંતિસ્નાત્રના શુભ લાભોની અસર પહોંચી શકે તેથી વેદિકા રહેવા દેવામાં આવે છે.

**પ્રશ્ન : ૮૪.** અનશન સ્વીકાર્યા પછી દૈનિક આવશ્યક ક્રિયાઓ કરવાની હોય ?

**ઉત્તર :** પાદપોપગમન નામનું જે અનશન પૂર્વના વિશિષ્ટ સંઘયણીઓ લેતા હતા એમાં પ્રાયઃ દૈનિક આવશ્યક ક્રિયાઓ કરવાની હોતી નથી. ઇંગીની અનશનમાં બીજા પાસે કરાવવાનું ન હોવાથી પોતાની શક્તિ પહોંચે તો કરે એવો સંભવ લાગે છે, પણ આ બાબતમાં કોઇ સ્પષ્ટ અક્ષર મળતા નથી. ભક્તપરિજ્ઞા અનશનવાળાને દૈનિક ક્રિયા કરવાની હોય છે.

**પ્રશ્ન : ૮૫.** ઢોકળા વગેરેમાં આથો આવવાથી તેમાં જીવોત્પત્તિ સંભવી શકે ?

**ઉત્તર :** આથો આવે એટલા માત્રથી જીવોત્પત્તિની વાત શાસ્ત્રમાં જણાતી નથી. રાતના પલાડે, તો રાતના કારણે વાસીનો વ્યવહાર થવાથી તે અભક્ષ્ય બને.

**પ્રશ્ન : ૮૬.** દેવલોકમાં વૃક્ષો વનસ્પતિકાય છે. તો તે શાશ્વત છે કે પડી પણ જાય ? કલ્પવૃક્ષો શાશ્વત છે ?

**ઉત્તર :** વનસ્પતિકાય વૃક્ષો શાશ્વત નથી. ત્યાં માળીનું કામ કરનારા દેવો છે. તેઓ એ વૃક્ષોની સંભાળ લે છે, અને પડી ગયેલા વૃક્ષોનો નિકાલ પણ કરે છે. કોઇ વનસ્પતિ શાશ્વત નથી, કલ્પવૃક્ષ પણ નહીં. જંબુવૃક્ષ વગેરે જે તે દ્વીપમાં રહેલા પૃથ્વીકાયથી બનેલા વૃક્ષો



છે. તે જ્યાં હોય ત્યાં શાશ્વત હોય છે.

**પ્રશ્ન : ૮૭.** પાંચમા-છટ્ઠા આરામાં વૈતાઢ્ય પર્વત પર વિદ્યાધર મનુષ્યો હોય ખરા ?

**ઉત્તર :** પાંચમાં આરામાં પર્વત પર વિદ્યાધર મનુષ્યો સંભવે છે. પરંતુ વિદ્યાઓ ઘણા ઓછા પાસે-ઘણી ઓછી હોય એમ સંભવે છે. બાકી ઘણા આપણા જેવા વિદ્યાહીન મનુષ્યો પણ હોય એમ સંભવે છે. છટ્ઠા આરામાં વૈતાઢ્ય ઉપર વિદ્યાધર માનવ હોય તેવા અક્ષર સ્પષ્ટપણે વાંચવા મળેલ નથી.

**પ્રશ્ન : ૮૮.** કિસલય એટલે શું ? (જે જીવવિચારમાં આવે છે)

**ઉત્તર :** કિસલય એટલે અંકુરા, અતિ નાના કોમળ પાંદડા, મગના ફણગા વગેરે.

**પ્રશ્ન : ૮૯.** દેરાસરમાં પ્રતિમાઓ મુખ્યતયા પદ્માસનવાળી કેમ હોય છે ? કો'ક કો'ક કાયોત્સર્ગ મુદ્રાવાળી હોય છે, તે તો બરાબર છે, કેમકે પ્રભુ સાધનાકાળે મોટે ભાગે કાયોત્સર્ગ મુદ્રામાં કે ગોદોહિકા આસને હોય છે. સમવસરણમાં પણ પદ્માસને બેસતા નથી. તો પ્રતિમા પદ્માસનાકારે બહુધા હોય છે. એમ કેમ ?

**ઉત્તર :** ભગવાનની પ્રતિમા સિદ્ધ અવસ્થાની હોય છે. અને સિધ્ધ થતી વખતે ભગવાનની બે જ મુદ્રા હોય છે (૧) કાઉસ્સગ્ગ મુદ્રા અને (૨) પદ્માસન મુદ્રા. તેથી આ બે મુદ્રામાં પરમાત્માની પ્રતિમા હોય છે.

**પ્રશ્ન : ૯૦.** પ્રતિમામાં શ્રીવત્સ શા માટે ?

**ઉત્તર :** ત્રેંસઠ શલાકા પુરુષોને છાતીમાં ખાડો ન હોય, પણ તે



books\satyakant\proof.pm6,mch2,23

સ્થાને ઉપસેલો ભાગ હોય કે જે એક લક્ષણરુપ છે. તેથી શ્રીવત્સ તેવા પ્રતિકરુપે કરાય છે.

**પ્રશ્ન : ૯૧.** ભરતને ઇંદ્રે રડતા શીખવ્યાની જે વાત છે, તે તેમની સુખસાહ્યબીનો અતિશય બતાવવા છે કે ખરેખર વાસ્તવિક છે ? સામાન્યથી રોવું માણસ માટે સાહજિક હોય છે, તેથી આ પ્રશ્ન ઉઠે છે.

**ઉત્તર :** એ કાળે ભરતે રડવાનું જોયું નથી એવું નથી, કારણ કે મરુદેવા માતાએ 'ઋષભ-ઋષભ કરી રોઇ રોઇને દ્રષ્ટિ ગુમાવી હતી. (આંખ પર પડલ આવી ગયા હતા) પણ ભરત પોતે આ પ્રસંગ પહેલા ક્યારેય રડ્યા ન હતા અને મરુદેવા માતાના શોકથી ડુમો ભરાઇ ગયો હતો, તેથી ઇંદ્રે (કૃત્રિમ) રડીને બતાવ્યું. જેથી ભરત રડ્યા. આપણને શોકથી ડૂમો ભરાયો હોય, ત્યારે બીજાને રડતા જોઇ જલ્દી રડવું આવી જતું દેખાય જ છે. ઋષભદેવ ભગવાનના નિર્વાણ ગમન વખતે દેવતાઓ ક્રંદન કરે છે તે જોઇને ભરત મહારાજા પણ રડ્યા. ત્યારથી શોકની ગાંઠ દૂર કરવા માટે રડવાની પ્રવૃત્તિ શરુ થઇ. એવી વાત **શત્રુંજય માહાત્મ્યમાં** છઠ્ઠા સૂર્ગમાં આવે છે. **ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર** પ્રથમ પર્વ છઠ્ઠા સત્રમાં એવો ઉલ્લેખ મળે છે કે 'રડવાથી શોકનો આઘાત હળવો થાય છે' એવું ભરત ચક્રીને જણાવવા માટે મોટી પોક મૂકીને ઇન્દ્ર મહારાજ આદિ જિનનિર્વાણ સમયે રડ્યા. તે જોઇને દેવતાઓ રડ્યા તથા તે જોઇને ભરત ચક્રી રડ્યા. આ પ્રસંગ આ રીતે ગાઢ શોકનો પ્રસંગ ભરત ચક્રીના પૂર્વ જીવનમાં આવેલ ન હતો.

**પ્રશ્ન : ૯૨.** આપણે તમામ પુદ્ગલોને કાર્મણ વર્ગણારુપે



અનંતકાળમાં એકાદવાર પણ ગ્રહણ કર્યા હશે કે નહીં ?

**ઉત્તર :** માત્ર કાર્મણ વર્ગણારુપે શું કામ, ત્રીજી આહારક વર્ગણા સિવાયની ઔદારિક આદિ સાતેય વર્ગણાથી અનંત પુદ્ગલ પરાવર્ત પસાર થયા છે. એટલે એ સાતેય વર્ગણાની પ્રત્યેક વર્ગણારુપે જીવે અનંતીવાર તમામ પુદ્ગલો ગ્રહણ કર્યા છે.

**પ્રશ્ન : ૯૩.** ગણિ, આચાર્ય, ઉપાધ્યાય, ગણાવચ્છેદક આદિ પદની જેમ પંન્યાસ પદવી પણ શાસ્ત્રોક્ત છે કે નહીં ? એ પદવીથી ક્યો અધિકાર મળે ?

**ઉત્તર :** 'પંન્યાસ' પદથી સર્વશ્રુતની અનુયોગ અનુજ્ઞા પ્રાપ્ત થાય છે. તેથી પંન્યાસ શાસ્ત્રીય ભાષામાં અનુયોગાચાર્ય તરીકે ઓળખાય છે.

**પ્રશ્ન : ૯૪.** દીક્ષા વખતે નૂતન સાધુનું ગૃહસ્થ નામ બદલવાની પ્રથા ક્યારથી પડી ? પૂર્વના કાળમાં શ્રી ગૌતમસ્વામી, શય્યંભવસૂરિ વગેરે નામો બદલાયા દેખાતા નથી ?

**ઉત્તર :** નામ બદલવાની ગીતાર્થ આચરણા આગળના કાળથી ચાલે છે. પૂર્વ અવસ્થાની સ્મૃતિ દીક્ષા લેનારને ન થાય, એમના સગા વગેરે બીજાઓને પણ ન થાય એ માટે આ આચરણા છે. વર્તમાનકાલીન અલ્પસત્ત્વવાળા જીવોના કાળમાં આ જરુરી પણ છે. **પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજે ષોડશકમાં** જુનું નામ બદલી નવું ગુણસંપન્ન નામ પાડવાથી શ્લાઘા-કીર્તિ વગેરે વધે છે તેમ જણાવેલ છે.

**પ્રશ્ન : ૯૫. શ્રાદ્ધવિધિમાં** લોટ દળ્યા પછીનો કાળ બતાવ્યો છે તે શું છે ?



books\satyakant\proof.pm6,mch2,24

**ઉત્તર : શ્રાદ્ધવિધિમાં** લોટ દળ્યા પછી કેટલા કાળ પછી અચિત્ત થાય-ખપે એ કાળ બતાવ્યો છે. કેટલા વખત પછી એ ન કલ્પે એ કાળ બતાવ્યો નથી. **લઘુપ્રવચન સારોદ્ધાર**માં પણ એ પ્રમાણે બતાવ્યું છે. ખોરો થાય-સ્વાદ બદલાય પછી ન કલ્પે, પણ હાલના વ્યવહારમાં સુખડી વગેરેના કાળ જેટલો કાળ કલ્પે એમ વ્યવહાર ચાલે છે.

**પ્રશ્ન : ૯૬.** કઇ ચીજો માટે વાસીનો વ્યવહાર થાય ?

**ઉત્તર :** પાણીવાળી ચીજ રાત રહે, તો વાસી ગણાય છે. રાતના મધરાત પહેલાની ચીજ વાસી ગણાય. રાતના ચોથા પ્રહરે બનાવેલી ચીજ વાસી ગણાતી નથી. પણ એટલા વહેલા ચીજ બનાવવી ઉચિત ન ગણાય. શ્રાવકને રાતના આરંભનો, જીવદયાની હાનિનો વગેરે દોષ લાગે છે. ચોથા પ્રહરમાં સૂર્યોદયની નજીકના સમયે રસોઇ વગેરે ચાલુ કરવાનું ક્યાંક અશક્ય, મોડા ચાલુ કરવાથી પહોંચી ન વળાય વગેરે કારણસર થતું હોય છે. તે નાછૂટકે ચલાવી લેવાય છે એટલે એનો દાખલો લઇ ત્રીજા પ્રહરથી ચાલુ થતું હોય, તે યોગ્ય નથી. તેથી શક્ય હોય ત્યાં સુધી બંધ રાખવું જોઇએ.

**પ્રશ્ન : ૯૭.** જો દેરાસરમાં ગુરુનો ફોટો ન રખાય, તો ગુરુમૂર્તિ કેમ રખાય છે ?

**ઉત્તર :** ગુરુફોટાની પ્રતિષ્ઠા થતી હોતી નથી. દેરાસરમાં તે રાખવામાં લોકો એ પ્રતિષ્ઠા વગરના ફોટાની પૂજા કરવા માંડે વળી માત્ર ફોટા મુકવાના હોય, તો બધા પોતપોતાના ગુરુના ફોટા મુકવા માંડે એમાં સંઘર્ષ-અનવસ્થા વગેરે થાય. ફોટા પાછળથી જ્યાં ત્યાં રખડે છે, ધૂળ ખાય છે. સંઘે સંમત કરેલી ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા કરી દેરાસરમાં વિધિપૂર્વક સ્થાપવામાં આવે છે. અનેક પ્રાચીન દેરાસરોમાં પ્રાચીન



પ્રભાવક સુવિહિત ગુરુ ભગવંતોની મૂર્તિ પધરાવેલી આજે પણ દ્રષ્ટિગોચર થાય છે. ત્યારે ઠેર ઠેર અલગ સ્વતન્ત્ર ગુરુ મંદિર બનાવરાવાનો આગ્રહ પણ જરુરી જણાતો નથી. તેમજ ગુરુ મંદિર બનાવીને તેમાં ભગવાનની પ્રતિષ્ઠા કરવી એ પણ વિવાદાસ્પદ છે. તેથી એની પૂજામાં દોષ રહેતો નથી. સંઘર્ષ વગેરે પણ થતાં નથી. કોઇ વ્યક્તિએ પોતાના દ્રવ્યથી દેરાસર બનાવ્યું હોય, અને પોતાના ગુરુનો ફોટો રાખે, તો એ વાત જુદી છે. જો કે આજે દરેકે દરેક સાધુની મૂર્તિઓ પધરાવવાનો આગ્રહ વધી રહ્યો છે તે યોગ્ય જણાતો નથી.

**પ્રશ્ન : ૯૮.** ઘરમંદિરમાં અમુક તીર્થંકરોની પ્રતિમા રાખવાનો નિષેધ શા માટે છે ? તથા ધાતુની જ પ્રતિમા કેમ રાખવાની ? ચલપ્રતિષ્ઠા જ કેમ ?

**ઉત્તર :** શાસ્ત્રોમાં જે લખ્યું છે તેના માટે 'કેવી રીતે' એવો પ્રશ્ન કરવો યોગ્ય ગણાય પણ 'આમ કેમ' એવો પ્રશ્ન અયોગ્ય ગણાય. તમારો પ્રશ્ન પણ અયોગ્ય છે કારણ કે લાભાલાભ જોઇને શાસ્ત્રકારોએ કરેલા વિધાનોમાં 'આમ કેમ' એવા પ્રશ્નને અવકાશ નથી. એવી કલ્પના થઇ શકે કે અમુક ભગવાનની પ્રતિમા વિશેષ વૈરાગ્ય માટે આલંબનભૂત બનતી હોય છે. તેથી જ્યારે ઘરના અર્થકામના વ્યવહારમાં અવરોધ ઊભો થાય છે. ત્યારે અને પરિવારની વૃદ્ધિ ન થાય ત્યારે લોકો ઘરમાં રહેલા તે ભગવાનને દોષ આપે, તેથી વગર નિષેધે પણ નિષેધ થઇ જાય છે. ઘર ક્યારેક બંધ રાખવાનું થાય કે ક્યારેક વેચવું પડે, ત્યારે પ્રશ્ન ઊભા થાય, તેથી ઘરમંદિરમાં સ્થિર પ્રતિષ્ઠા કરાય નહીં. તેવું જાણવામાં આવે છે. તેથી ચલ પ્રતિષ્ઠા



books\satyakant\proof.pm6,mch2,25

છે. હવે આ ચલપ્રતિષ્ઠિત ભગવાન આમ તેમ ફેરવવા, ઉતારવા-મુકવા વગેરે વખતે પડી જાય ને ખંડિત થાય, તો મોટી આશાતના થાય, તેથી ધાતુની અને તે પણ અગિયાર ઇંચ કે તેથી નાની પ્રતિમા રાખવાની વાત સમજવી. વળી આમ ઘરમાં નાના ભગવાન અને ચલ પ્રતિષ્ઠિત ભગવાન રાખવાથી સંઘમંદિરની આમન્યા-મુખ્યતા પણ સચવાય છે.

**પ્રશ્ન : ૯૯.** એક લોગસ્સના કાઉસગ્ગ વખતે ન આવડે, તો ચાર નવકાર ગણાવાય છે. તો લોગસ્સનો કાઉસગ્ગ તો ૨૫, ૨૭ કે ૨૮ શ્વાસોચ્છવાસ પ્રમાણ મુજબ ચંદેસુ...સુધી સાગરવર...સુધી કે પૂરો ગણાય છે. પણ નવકારના આઠ શ્વાસોચ્છવાસના પ્રમાણ મુજબ ચાર નવકારના તો બત્રીશ શ્વાસોચ્છવાસ થઇ જાય આમ શ્વાસોચ્છવાસનું પ્રમાણ વધી જાય છે, તો આ કેવી રીતે ચાલે ?

**ઉત્તર :** કાઉસગ્ગમાં નવકાર અધુરો ગણવો નહીં એવી સામાચારી હોવાથી, ચારે નવકાર પૂરા ગણવાના છે. તે વખતે શ્વાસોચ્છવાસ પ્રમાણ વધી જાય એ સામાચારીના બળ પર ગૌણ મંતવ્ય ગણવું. છતાં આ પ્રશ્ન હોવાથી જ પ્રથમ નંબરે લોગસ્સ ગણવાનું જ રાખવું.

**પ્રશ્ન : ૧૦૦.** જે ઇન્કમટેક્ષ-સેલ્સટેક્ષ ભરતો ન હોય, તેનું ધન અનીતિનું ગણાય. હવે ટેક્ષ ભરવા જાય, તો પરવડે એમ નથી. તો આજના કાળે નીતિના ધનથી દેરાસર બનાવવું કેવી રીતે શક્ય બને ?

**ઉત્તર :** જે રીતે વ્યાજબી ટેક્ષ ભરી શકાય, એ રીતે જ ધંધો કરવો જોઇએ. ટેક્ષ ન ભરવો હોય તો કમાણી ઓછી કરી દેવી જોઇએ અને કમાણી ઓછી કરવી હોય તો ખર્ચાઓ ઘટાડી દેવા જોઇએ તેમજ અનેક સાધર્મિકોને ધંધામાં ભાગીદાર બનાવી દેવા જોઇએ.



ટેક્ષચોરી કરવી વ્યાજબી નથી. એ સિવાય પણ વેપારાદિમાં કે બીજે ક્યાંય એક પણ પૈસાની એક યા બીજી રીતે અનીતિ ન કરવી જોઇએ. આ રીતે કમાયેલું ધન પ્રાય: પવિત્ર હોવાથી અને બીજે બધે કાળજી રાખી હોવાથી બહુધા નીતિયુક્ત છે. જો સંપૂર્ણ નીતિ શક્ય ન હોય, તો શક્યતા મુજબ નીતિ જાળવીને કમાયેલું ધન, મોજ-શોખમાં નહીં ખરચતા ધર્મકાર્યો માટે જ ખરચવાનું રાખવું જોઇએ. જો કે ત્યાં સ્વદ્રવ્યથી મંદિર બંધાવ્યું હોવાનો ઠેકો ન જ રાખી શકાય.

**પ્રશ્ન : ૧૦૧.** ચાલુક્રિયામાં ભગવાન પડે, તો બધાએ અવશ્ય ઇર્યાવહિયા કરવી પડે ?

**ઉત્તર :** જેના હાથે ભગવાન પડ્યા હોય, એણે અવશ્ય ઇર્યાવહિયા કરવી. બીજા બધા કરે તે સારું છે પણ અનિવાર્ય નથી.

**પ્રશ્ન : ૧૦૨.** ગામમાં દેરાસર અને સ્થાનક બંને હોય. દેરાસરના કાર્યક્રમોમાં સ્થાનકવાસીઓ ભાગ લેતા હોય, તો તેઓના પ્રસંગમાં આપણા શ્રાવકોએ ભાગ લેવો ? આપણાથી તેમને હળી મળીને રહેવાનું કહેવાય ?

**ઉત્તર :** મૂર્તિપૂજક જૈનોએ વ્યાવહારિક રીતે અન્ય જૈનો તેમજ જૈનતરો બધાની સાથે સંપ કરીને હળી મળીને લૌકિક-સામાજિક વ્યવહારો ચલાવવાના હોય છે. ધાર્મિક કૃત્યો બધા પોતપોતાના સ્થાનોમાં ભલે અલગ અલગ કરે. આપણા સ્થાનમાં બીજાઓ સ્વયંભૂરીતે ભક્તિ કરવા આવતા હોય તો ઉપબૃંહણા કરવી પરંતુ એટલા માત્રથી આપણે તેમના ધાર્મિક પ્રસંગોમાં જવું ન્યાયથી અનુચિત છે. આપણે તેમના ધાર્મિક પ્રસંગોમાં જઇએ તો જ તેઓ આપણા ધાર્મિક પ્રસંગોમાં આવે એવી સ્થિતિ હોય ત્યારે આપણે આપણા ધાર્મિક પ્રસંગોમાં



books\satyakant\proof.pm6,mch2,26

તેઓ આવે તેવી અપેક્ષા રાખવી જ નહિ. પ્રભુ પૂજા વગેરે વિષયમાં તેઓ બાળ જીવોને ભરમાવે એવી શક્યતા હોવાથી બને ત્યાં સુધી એમના ધાર્મિક પ્રસંગોથી આપણે દૂર રહેવું. ન છુટકે કેટલુંક નભાવી લેવું. બાકી તો એમના પરિચયમાં સમ્યકત્વનો અતિચાર લાગવાની સંભાવના છે. ક્યારેક વ્યવહાર સાચવવા જવાનું થાય, તો પણ વાસ્તવિકતા બતાવવી જોઇએ. લૌકિક પ્રસંગોમાં સંપ જાળવવાથી ધાર્મિક પ્રસંગોમાં જુદા પડી શકાય. છતાં છેવટનો નિર્ણય ત્યાં હાજર ગીતાર્થ ગુરુભગવંતોને પૂછીને કરવો.

**પ્રશ્ન : ૧૦૩.** ત્રેવીસમાં તીર્થંકરના સાધુઓ જ્યારે ૨૪મા તીર્થંકરના તીર્થમાં ભળે છે, ત્યારે તેમને છેદોપસ્થાપનીય ચારિત્ર અપાય છે ? અને તે વખતે એમના પૂર્વ ચારિત્ર પર્યાયનો છેદ થાય છે ?

**ઉત્તર :** તે કાલે તીર્થંકરાદિની હાજરી હોવાથી તે કાલે આગમવ્યવહાર હોય છે. તેથી છેદોપસ્થાપનીય ચારિત્ર અપાવા છતાં તેઓના પૂર્વપર્યાયનો છેદ થતો નથી. એટલે કે તેઓ નાના થતા નથી.

**પ્રશ્ન : ૧૦૪.** શ્રી અજિતનાથથી શ્રી પાર્શ્વનાથ ભગવાનના શાસન સુધીના સાધુઓ સામાયિક ચારિત્ર લે, ત્યારે જ તેઓ ચાર મહાવ્રતના આલાવા ઉચ્ચરતા હશે કે તે વખતે માત્ર કરેમિભંતે જ ઉચ્ચરતા હશે ?

**ઉત્તર :** તેઓને દીક્ષા વખતે જ ચાર મહાવ્રતના આલાવા ઉચ્ચરાવાતા હશે એમ વિચારતા લાગે છે.

**પ્રશ્ન : ૧૦૫.** સમવસરણમાં દેવચ્છંદામાં આરામાદિ માટે પધારેલા ભગવાન કઇ દિશામાં બેસે ? ગણધર ભગવંતોની દેશના પૂર્ણ થયે જ્યારે દેવો સમવસરણ સંહરી લે, ત્યારે ભગવાન વસતિમાં પધારે ?

**ઉત્તર :** પ્રભુ દેવચ્છંદામાં પ્રાય: પૂર્વાભિમુખ બેસે અથવા સુવે-આડા



પડે. સાંજે દેશના હોય, તો સમવસરણ સંક્ષેપાય નહિં તો એમ પણ રહે તેવો સંભવ છે. પ્રભુ વસતિમાં પધારે પછી જ દેવો સમવસરણને સંક્ષેપે. અર્થાત્ દેવો પ્રભુને ઉઠાડે નહીં.

**પ્રશ્ન : ૧૦૬.** ભગવાન મહાવીર સ્વામીના છદ્મસ્થકાળના તપ-પારણા ગણાવ્યા છે તે ગણતા બાર વર્ષ છ મહીના અને ચૌદ દિવસ થાય છે. તો એક દિવસ શી રીતે ઉમેરવો ?

**ઉત્તર :** ભગવાને છઠ્ઠતપના બીજા દિવસે દીક્ષા લીધી હતી, તેથી દીક્ષા પહેલાનો પણ એક દિવસ ગણવાનો છે. દરેક પ્રભુ તે તે તપના છેલ્લા દિવસે દીક્ષા લે છે.

**પ્રશ્ન : ૧૦૭.** ક્યા કાઉસગ્ગો ચંદેસુ સુધીના, ક્યા કાઉસગ્ગો સાગરવર સુધીના અને ક્યા કાઉસગ્ગો પૂરા લોગસ્સના કરવાના ?

**ઉત્તર :** નિયત કાઉસગ્ગો ચંદેસુ નિમ્મલયરા સુધી, જ્ઞાનાદિ આરાધના અને યોગના કાઉસગ્ગો સાગરવર સુધી અને દુ:ખક્ષયનો કાઉસગ્ગ પૂરો કરવો અથવા જ્યાં જેવી સમાચારી. જે ગચ્છ કે સમુદાયમાં જે રીતે સમાચારી હોય તે રીતે ત્યાં કરવાનું હોય છે.

**પ્રશ્ન : ૧૦૮.** ભગવાનના પ્રથમ પારણામાં વહોરાવનાર કે બધા પારણામાં વહોરાવનાર તે ભવે કે ત્રીજે ભવે મોક્ષે જાય ?

**ઉત્તર :** ભગવાનને દીક્ષા પછીના પ્રથમ પારણામાં વહોરાવનાર એ જ ભવે કે ત્રીજે ભવે મોક્ષે જાય. બાકીના પ્રાય: આસન્નભવી હોય (પણ ભવોની સંખ્યાનો કોઇ નિશ્ચિત નિર્દેશ ન હોય) એવો શ્રી **આવશ્યક નિર્યુક્તિનો** પાઠ છે.

**પ્રશ્ન : ૧૦૯.** શ્રુતસામાયિકનો અર્થ શું ?



books\satyakant\proof.pm6,mch2,27

**ઉત્તર :** શ્રુતદ્વારા વિચારણા કે શાસ્ત્રદ્વારા સમતાની-રાગદ્વેષ અલ્પતાની પ્રાપ્તિ. આ શ્રુતસામાયિકનો અર્થ છે, આ શ્રુતસામાયિક અમુક અંશે યથાપ્રવૃત્ત કરણમાં અભવ્ય કે દુર્ભવ્યને પણ હોય.

**પ્રશ્ન : ૧૧૦.** કેવળીઓ ભગવાનને વંદન કરે ? વિનયરુપે શું કરે ?

**ઉત્તર :** કેવળીઓ ભગવાનને વંદન ન કરે, પણ ત્રણ પ્રદક્ષિણા આપે એવો તેમનો કલ્પ છે-તેને વિનય કહો તો વાંધો નથી.

**પ્રશ્ન : ૧૧૧.** લક્ષ્મણજી-ખંધકઋષિ વગેરેના આયુષ્ય સોપક્રમ કે નિરુપક્રમ ? કેમકે વાત તો એવી આવે છે ને ૬૩ શલાકા પુરુષો અને ચરમ શરીરીના આયુષ્ય નિરુપક્રમ હોય ?

**ઉત્તર :** ૬૩ શલાકા પુરુષો અને ચરમશરીરી જીવોના આયુષ્ય અનપવર્તનીય હોય છે. એટલે કે ઘટાડી શકાય નહીં, એવા હોય છે. પણ ઉપક્રમયુક્ત હોઇ શકે છે તેથી નિરુપક્રમ નહીં, પણ સોપક્રમ ગણાય. **તત્ત્વાર્થ સૂત્રના** બીજા અધ્યાયના છેલ્લા સૂત્રોમાં આ વાત આવે છે. એનું તાત્પર્ય એવું લાગે છે કે આ બધાના આયુષ્ય ઘટાડી શકાય નહીં. જ્યારે પૂરું થવાનું હોય, ત્યારે જ પૂરું થાય, પણ પૂરું થતી વખતે સહજ પૂરું થવાના બદલે કોક ને કોક ઉપક્રમ લાગીને પૂરું થાય.

**પ્રશ્ન : ૧૧૨.** તેવા વિકટ પ્રસંગે નિર્દોષ મળતા ગોચરી સંબંધી દોષ વિના અભક્ષ્યનું સેવન કરવું કે દોષિત ઓછા દ્રવ્યોથી ચલાવી લેવું ?

**ઉત્તર :** વાસી વગેરે ત્રસસંસક્ત અથવા ત્રસસંસક્ત અભક્ષ્ય વસ્તુથી બનેલી ગોચરીની અપેક્ષાએ (નિર્દોષ લાગતા દ્રવ્ય વાપરવા કરતાં) દોષિત અસંસક્ત ઓછા દ્રવ્યથી ચલાવી લેવું. પ્રથમ નંબરે તો નિર્દોષ અને અસંસક્ત ૧-૨ દ્રવ્ય જ મળતા હોય, તો એટલાથી જ ચલાવી



લેવું. અભક્ષ્ય વાપરવામાં જીવદયાના પરિણામ અને વ્યવહાર બંનેને હાનિ પહોંચે છે.

**પ્રશ્ન : ૧૧૩.** ચાતુર્માસમાં લીલાશાક સુકોતરી કરી=સૂકવીને વપરાય ?

**ઉત્તર :** ચોમાસા દરમ્યાન લીલા શાક સૂકવણી કરીને વાપરવા જેવા નથી કેમકે એમાં ઘણા ત્રસ જીવોની ઉત્પત્તિની શક્યતાઓ રહે છે.

**પ્રશ્ન : ૧૧૪.** ચોમાસામાં આખા ચણા વપરાય ?

**ઉત્તર :** ચોમાસામાં આખું કઠોળ ધર્મચુસ્ત શ્રાવકો લગભગ વાપરતા નથી. ચણા પણ નહીં. ક્યાંક મગ વપરાય પણ છે. જે આખું કઠોળ વાપરતા હોય તેઓએ વિશેષ જયણાનું ધ્યાન રાખવું.

**પ્રશ્ન : ૧૧૫.** પ્રતિક્રમણમાં અન્યગચ્છના સાધુ વગેરેએ બનાવેલા સ્તવનાદિ બોલાય ? સ્વગચ્છના પણ વિદ્યમાન મહાત્માએ બનાવેલ સ્તવનાદિ બોલી શકાય ?

**ઉત્તર :** અન્યગચ્છના સાધુ વગેરેએ બનાવેલા સ્તવનાદિ બોલાતા નથી કેમકે એમાં એક ગચ્છના બોલીએ અને બીજા ગચ્છના ન બોલીએ એ સંઘર્ષનું નિમિત્ત બને. સ્વગચ્છના પણ વિદ્યમાન મહાત્માના સ્તવનાદિ પ્રાયઃ બોલાતા નથી. આ માટે **હીરપ્રશ્નમાં** જોવું. (સ્વગચ્છમાં અન્યગચ્છના જે સ્તવન-સજ્ઝાય કે થોયો બોલવાનું પરંપરા પ્રાપ્ત હોય તેને અટકાવવા નહિં.)

**પ્રશ્ન : ૧૧૬.** આદેશ એટલે શું ? તે કેટલા છે ?

**ઉત્તર :** પ્રભુએ દેશનામાં પ્રરુપેલા હોય અને દ્વાદશાંગીમાં સંગ્રહાયેલા ન હોય પરંતુ પાછળના પ્રામાણિક શાસ્ત્રોમાં તેના ઉલ્લેખો ઉપલબ્ધ થયા હોય તે આદેશ કહેવાય છે. આ વાતો વિધાનરુપે હોય અથવા



books\satyakant\proof.pm6,mch2,28

કથારુપે હોય. પ્રભુ મહાવીર સ્વામીના શાસનમાં આવા ૫૦૦ આદેશો હતા એમ જણાવ્યું છે.

**પ્રશ્ન : ૧૧૭.** ચઉવિહાર અઠ્ઠમ કરનારે બીજા દિવસે ક્યું પચ્ચક્ખાણ લેવાનું હોય ?

**ઉત્તર :** ચઉવિહાર અઠ્ઠમ કરનારે અને એ મુજબ પહેલા દિવસે પચ્ચક્ખાણ લેનારને બીજે કે ત્રીજે દિવસે પચ્ચખાણ લેવાનું હોતું નથી. પણ યાદ કરવાનું હોય છે કે મારે ચઉવિહાર અઠ્ઠમનું પચ્ચક્ખાણ છે.

**પ્રશ્ન : ૧૧૮.** જ્યારે એકલી મુઠ્ઠસી લેવાની હોય છે, ત્યારે એમાં 'ચઉવિહંપિ આહારં' આ પાઠ કેમ બોલાતો નથી ?

**ઉત્તર :** આમાં સામાચારી જ કારણભૂત સમજવી.

**પ્રશ્ન : ૧૧૯.** સાધુને છુટી નવકારશી હોય, તો તિવિહાર પચ્ચક્ખાણ કેટલા વાગ્યા સુધી લઇ શકે ?

**ઉત્તર :** માયાવી ન હોય, તો તિવિહાર-સૂર્યાસ્તને અડધો–પોણો કલાક પહેલા પણ લઇ શકે, પણ રિવાજ બપોરના પડિલેહણ સુધીનો છે.

**પ્રશ્ન : ૧૨૦.** શુદ્ધ આયંબિલ અંગેનો પાઠ ક્યા શાસ્ત્રમાં છે ?

**ઉત્તર :** શુદ્ધ આયંબિલનો પાઠ **લઘુ પ્રવચન સારોદ્ધારમાં** છે તથા પ્રાયઃ **શ્રાદ્ધજીતકલ્પમાં** છે.

**પ્રશ્ન : ૧૨૧.** તિવિહાર પચ્ચક્ખાણવાળો ચાલતી બસ વગેરેમાં પાણી વાપરી શકે ?

**ઉત્તર :** ચાલુ તિવિહાર પચ્ચક્ખાણવાળો વાપરે એમાં હરકત નથી,



પણ એકાસણા-બેસણા વગેરે તપમાં તિવિહારના પચ્ચક્ખાણવાળો ચાલતી બસ વગેરમાં પાણી વાપરે નહીં. હાલ વ્યવહાર પણ વાપરવાનો નથી.

**પ્રશ્ન : ૧૨૨.** ઉપધાન-સંઘ વગેરેમાં જે લીલો હલવો બનાવાય છે, તે બીજા દિવસે પણ ખપે કે નહીં ?

**ઉત્તર :** મુરબ્બામાં જેમ ત્રણ તારી પાકી ચાસણી અલગ બનાવે છે, એમ જુદી પાકી ચાસણી બનાવી પછી ચૂલાપર મેળવેલું હોય, તો ખપે.

**પ્રશ્ન : ૧૨૩.** કેરી સિવાયનો માત્ર કાચી કેરીનો રસ કેટલા દિવસ ચાલે ?

**ઉત્તર :** લીંબુના રસની જેમ ત્રણ દિવસ ચાલે એમ લાગે છે.

**પ્રશ્ન : ૧૨૪.** જિનપ્રતિમા અંગેની આવેલી રકમ જીર્ણોદ્ધારમાં અપાય ?

**ઉત્તર :** જિનપૂજા માટે આવેલી રકમ જિનપૂજામાં વપરાય. આજે તો જીર્ણોદ્ધારમાં પણ વપરાય છે. પણ જિન પ્રતિમા ભરાવવા અંગેની રકમ હોય, તો સામાન્યથી જીર્ણોદ્ધારમાં ન અપાય. વિશેષ કારણે અપાતી દેખાય છે. કેમકે દેવદ્રવ્યથી દેરાસરોના જીર્ણોદ્ધાર થાય છે.

જિન પ્રતિમા ભરાવવા કે પ્રતિષ્ઠા કરવી કે તેની પૂજા કરવાના ચઢાવા કે નકરા વગેરેની જે આવક થઇ હોય તે શ્રી જિન પ્રતિમા સંબંધી પૂજાથી માંડીને તેના સંરક્ષણ, કેસર-સુખડ વગેરે તમામ ભક્તિકૃત્યોમાં વાપરવી જોઇએ. દુરુપયોગ કરવો ન જોઇએ. છતાં આજે જિનપ્રતિમાનાં દ્રવ્યનું પ્રાયઃ અલગ ખાતું રાખવામાં આવતું નથી અને દેવદ્રવ્ય એવું ખાતું રાખવામાં આવે છે. એ દેવદ્રવ્યમાંથી અનેક ઠેકાણે દેરાસરોનાં નિર્માણ કે જીર્ણોદ્ધાર પણ સર્વમાન્ય રીતે થાય છે



books\satyakant\proof.pm6,mch2,29

કારણ કે દેરાસર જ ન હોય તો જિન મૂર્તિની પ્રતિષ્ઠા વગેરે પૂજા વગેરે ક્યાંથી થાય ? દેરાસર પણ મુખ્યપણે શ્રી જિનપ્રતિમાની પ્રતિષ્ઠાથી માંડીને પૂજા વગેરે જિન ભક્તિકૃત્યો માટે બંધાવાય છે. આ રીતે શ્રી જિનપ્રતિમા સંબંધી આવક દેરાસર જીર્ણોદ્ધારમાં પણ વપરાય છે.

**પ્રશ્ન : ૧૨૫.** અધિષ્ઠાયિકા દેવીના જુના થયેલા વસ્ત્રોના વાવટા કે દેરાસરનો વાસક્ષેપ ભરવાના બટવા થઇ શકે ?

**ઉત્તર :** એટલા રુપિયા તેના ભંડારમાં નાંખી જૈન ધર્મના વાવટા બનાવી શકાય તો વધારે સારું. એમને એમ પણ એવા વાવટા બનાવી શકાય. પરંતુ બટવા બનાવવા ઉચિત નથી, કેમકે ઉતરેલ વસ્ત્રમાંથી બનાવેલા બટવામાં દેરાસર માટેનો કે પૂજન માટેનો વાસક્ષેપ ભરવો ઉચિત નથી.

**પ્રશ્ન : ૧૨૬.** સાત ક્ષેત્રમાંથી સાધુ-સાધ્વી સંબંધી જે રુપિયા હોય, તેમાંથી જૈન પંડિતને પગાર આપી શકાય ખરો ?

**ઉત્તર :** જૈન પંડિતને એ પૈસામાંથી પગાર આપવો નહીં, પરંતુ વ્યક્તિગત લાભ લેવો અથવા સાધારણમાંથી આપવો. જૈનેતર પંડિતને ગુરુ (સાધુ-સાધ્વી) દ્રવ્યમાંથી પગાર આપી શકાય.

**પ્રશ્ન : ૧૨૭. લોકપ્રકાશમાં** એવી વાત આવે છે કે શ્રી શત્રુંજય તીર્થાધિરાજની ઉપરનું જે ઋષભકુટ છે, તે પાંચમા આરાના અંતે તીર્થ વિચ્છેદ બાદ પણ છેક શ્રી પદ્મનાભ નામના આવતી ચોવીશીના પ્રથમ તીર્થંકર થશે, ત્યાં સુધી પૂજાશે તો આ ઋષભકુટ ક્યું ?

**ઉત્તર :** ભરત મહારાજાએ ભરાવેલી અને હાલ ગુફામાં પધરાવેલી રત્નોની પ્રતિમાઓ જ્યાં છે, એ સ્થાન ઋષભકુટ હોય એમ જણાય



છે.

**પ્રશ્ન : ૧૨૮.** નારકના જીવોને ઉત્પત્તિસ્થાનરૂપ કુંભીઓ કેટલી હોય છે ? એક-એક કુંભીમાં એક સાથે કેટલા નારક જીવો ઉત્પન્ન થાય ?

**ઉત્તર :** દરેક કુંભીમાં એક સાથે એક નરક જીવજ ઉત્પન્ન થાય છે. અસંખ્ય યોજનવાળા નરકાવાસોમાં અસંખ્ય કુંભીઓ હોય. સંખ્યાત યોજનવાળા નરકાવાસોમાં સંખ્યાતી કુંભીઓ હોય. આ જ રીતે દેવલોકમાં દેવશય્યા અંગે સમજવું.

**પ્રશ્ન : ૧૨૯.** સાધુના પારણાની બોલી ક્યા ખાતામાં જાય ?

**ઉત્તર :** સામાન્ય રીતે આવી બોલી બધે બોલાવાતી નથી. બોલી બોલાવાય તો પણ સાધુઓ દોષિત વહોરી શકતા નથી. જે વધુ મોટું સુકૃત કરવાનું નક્કી કરે તેના ઘરે જઇને સાધુ માંગલિક સંભળાવે, નિર્દોષ વહોરે, ત્યારે જે ક્ષેત્રમાં સુકૃત કરવાનું નક્કી કર્યું હોય તે ક્ષેત્રની તે બોલી કહી શકાય.

**પ્રશ્ન : ૧૩૦.** માણિભદ્રની બોલી વગેરેની આવકમાંથી શ્રાવક યોગ્ય ધર્મશાળા કરી શકાય ?

**ઉત્તર :** એ ઉપજ વગેરેમાંથી ઉપાશ્રય કરી શકાય કે જ્યાં શ્રાવકો ધર્મકરણી કરી શકે. સામાજિક કાર્યો માટે થતી ધર્મશાળા બનાવવા વાપરવી ન જોઇએ.

**પ્રશ્ન : ૧૩૧.** ઉજમણાના ઉપકરણો શ્રાવકો પોતાના ઘરમાં રાખી શકે ?

**ઉત્તર :** ઘરમાં રાખવા વ્યાજબી નથી. સંઘને કે તીર્થમાં આપવા જોઇએ.

**પ્રશ્ન : ૧૩૨.** દેવદ્રવ્યમાંથી શ્રાવકોના મકાન બંધાવાય ?



books\satyakant\proof.pm6,mch2,30

**ઉત્તર :** દેવદ્રવ્યમાંથી શ્રાવકોના મકાન બંધાવી શકાય નહીં. જેમ દેવદ્રવ્યની રકમ કર્માદાનમાં લગાવી વ્યાજ ઉભું કરી શકાય નહીં, તેમ મકાનો પણ ન બંધાવી શકાય. અશાસ્ત્રીય રીતે દેવદ્રવ્યની વૃદ્ધિ ન કરાવાય.

**પ્રશ્ન : ૧૩૩.** દેવદ્રવ્ય શ્રાવકને વ્યાજે આપી શકાય ?

**ઉત્તર :** શ્રાવકે દેવદ્રવ્યની રકમ વ્યાજે લેવી તે વ્યાજબી નથી. કદાચ લીધી હોય તો બજાર કરતાં અધિક વ્યાજ ભરવું જોઇએ અને મુદત પાકતા તરત પાછી વાળી દેવી જોઇએ. દેવદ્રવ્ય રાખનાર શ્રાવકના પરિણામ અશુદ્ધ થાય છે, અને તેથી તે દોષનો ભાગી બને છે. જૈનેતરોને ત્યાં પણ મોટી રકમ એક ઠેકાણે ન મુકતા થોડી થોડી રકમ અલગ અલગ ઠેકાણે મુકવી અને ઉથલ પાથલના સમયમાં દેવદ્રવ્યની રકમ વ્યાજે મુક્તી વખતે સોનું વગેરે ગીરવે મુકાવી રાખીને આપવી. જેથી ડૂબી ન જાય.

**પ્રશ્ન : ૧૩૪.** ભગવાનના વરઘોડાની (ગાડી વગેરેની) ઉછામણીની રકમ ક્યા ખાતે જાય ?

**ઉત્તર :** : ભગવાનના વરઘોડાની ઉછામણીમાં રથ અંગેના ચઢાવા દેવદ્રવ્યમાં લઇ જવાય છે. ઘોડા વગેરેની ઉછામણી વરઘોડાના ખર્ચમાં લઇ શકાય બાકીની દેવદ્રવ્યમાં લઇ જવી પણ ઉપાશ્રય વિ. સાધારણ ખાતે લઇ જવી નહીં.

**પ્રશ્ન : ૧૩૫.** માણિભદ્રજીનો વર્ણ કાળો કે સફેદ ? મંત્રોમાં બે વાત જોવા મળે છે (૧) કૃષ્ણરુપાય (૨) ચન્દ્રોજ્જવળ કાન્તિકાન્તાય. (એકમાં કાળુરુપ લખ્યું છે બીજામાં ચંદ્ર જેવી ઉજ્જવળ કાંતિ જણાવી છે.)



**ઉત્તર :** માણિભદ્રનો શ્વેત વર્ણ હોવો સંભવે છે, પણ જેમ શ્રી ઋષભદેવ પ્રભુની શ્યામ પ્રતિમા પણ ભરાવાય છે, તેમ માણિભદ્રની પણ શ્યામ પ્રતિમા બનાવવામાં હરકત નથી.

**પ્રશ્ન : ૧૩૬.** ગુરુમંદિરની દેરીના બારસાખ ઉપર ભગવાનની મંગલમૂર્તિ કોતરાવી શકાય ?

**ઉત્તર :** ઘરના બારસાખમાં ભગવાનની મંગલમૂર્તિની સ્થાપના થઇ શકે છે, તો ગુરુમંદિરના બારસાખ ઉપર તો સુતરામ્ સ્થાપી શકાય. પરંતુ ગુરુમૂર્તિના મસ્તકે સ્થપાય તો વધારે સારું. આ રીતે પદ્માવતી વગેરે દેવદેવીઓની દેરી અંગે પણ સમજવું. પણ રકમ દેવદ્રવ્યમાંથી વાપરવી નહીં.

**પ્રશ્ન : ૧૩૭.** ગુરુમૂર્તિની નીચે (ગુરુમંદિરમાં) પ્રાસાદ દેવીને પધરાવવાની જરુરત ખરી ?

**ઉત્તર :** ગુરુમૂર્તિના પબાસણમાં પ્રાસાદદેવીની જરુરત નથી.

**પ્રશ્ન : ૧૩૮.** મૂર્તિઓને લેપ-ઓપ કરાવ્યા પછી જ્યાં સુધી અઢાર અભિષેક ન થાય, ત્યાં સુધી પ્રક્ષાલ-પૂજા થાય કે નહીં ? થતી હોય તો બંધ કરાવવી ?

**ઉત્તર :** વહેલાસર અઢાર અભિષેક કરાવી લેવા જોઇએ. પણ અઢાર અભિષેક ન થાય ત્યાં સુધી પૂજા બંધ ન કરાવવી. લેપ બગડે નહીં, એ માટે નવ અંગે ન થઇ શકે તો છેવટે જમણા અંગૂઠે પૂજા કરવી.

**પ્રશ્ન : ૧૩૯.** તીર્થાદિના પટો કે ભગવાનના ફોટા ઉપર ૧૮ અભિષેક ન થાય ત્યાં સુધી વાસક્ષેપ પૂજા થઇ શકે ?

**ઉત્તર :** અઢાર અભિષેક ન થયા હોય, તેવા તીર્થપટો વગેરે પર



books\satyakant\proof.pm6,mch2,31

વાસક્ષેપ પૂજા કરવી એ મુખ્ય માર્ગ નથી. તેવા સંજોગોમાં એ પટ-ફોટા વગેરેને નવકારથી સ્થાપી પૂજા-ચૈત્યવંદન કરી, ચૈત્યવંદન પછી ઉત્થાપી લેવા.

**પ્રશ્ન : ૧૪૦.** વહોરાવાતા કલ્પસૂત્ર વગેરે જ્ઞાનની પોથીઓની અષ્ટપ્રકારી પૂજા થાય ?

**ઉત્તર :** થઇ શકે. કરવી જોઇએ.

**પ્રશ્ન : ૧૪૧.** ફૂમતાવગરની નવકારવાળી ગણી શકાય ?

**ઉત્તર :** નવકારવાળીને ફુમતું હોવું જરુરી છે. પરંતુ ન હોય, તો ન જ ગણાય એવો એકાંત નિયમ નહીં કરવો.

**પ્રશ્ન : ૧૪૨.** કોઇપણ ફ્રૂટને સમાર્યા પછી ૪૮ મિનિટ પહેલા ખપે ?

**ઉત્તર :** કેળા સિવાયનું ફ્રૂટ સમાર્યા પછી ૪૮ મિનિટ પહેલા ન ખપે.

**પ્રશ્ન : ૧૪૩.** માત્રુ પરઠવતાં 'અણુજાણહ' પ્યાલો નીચે મૂકીને બોલવું ? મનમાં બોલવું કે ઉચ્ચારપૂર્વક બોલવું ?

**ઉત્તર :** પ્યાલો નીચે મૂકીને ઉચ્ચારપૂર્વક બોલવું. બીજાની રજા લેવાની હોય તે મનમાં ન લેવાય, રોજની એક જ જગ્યા હોય તો મનમાં પણ ચાલે.

**પ્રશ્ન : ૧૪૪.** મણિભદ્ર-પદ્માવતી વિગેરે આગળ અક્ષતનો સાથિયો કરાય ? ત્રિશૂલનો આકાર કરાય ?

**ઉત્તર :** સાથિયો કે ત્રિશૂલનો આકાર વિગેરે કાંઇ પણ કરવાની જરુર નથી. તિલક કરાય. સાધર્મિકની જેમ ભક્તિ કરાય.

**પ્રશ્ન : ૧૪૫.** ભગવાનની પ્રથમ દેશના નિષ્ફળ જવામાં ભગવાનનો કોઇ વિશેષ કર્મોદય ? કે ભવિતવ્યતા ?



**ઉત્તર :** ભવિતવ્યતાનું કારણ જણાય છે.

**પ્રશ્ન : ૧૪૬.** ભગવાનની પ્રથમ દેશનામાં કોઇને વિરતિના પરિણામ ન થયા તો વિરતિ શબ્દથી સર્વવિરતિ લેવાય છે. તો શું દેશવિરતિના પરિણામ પણ કોઇને થયા નહિ હોય ?

**ઉત્તર :** પ્રથમ દેશનામાં સમ્યકત્વ-દેશવિરતિ કે સર્વવિરતિ એકેય નવું નથી પામ્યા.

**પ્રશ્ન : ૧૪૭.** શ્રેણિક-કૃષ્ણ આદિ નિયમથી ૪થા ગુણસ્થાનકનાં માલિક હતાં એટલે ૫માં ગુણસ્થાનકવાળા શ્રાવકો તો તેઓ ન કહેવાય. તો ચતુર્વિધ સંઘમાં તેમનો સમાવેશ થાય કે નહિ ?

**ઉત્તર :** ચતુર્વિધ સંઘમાં શ્રાવક-શ્રાવિકા તરીકે ૪-૫ બંને ગુણસ્થાનકવાળા આવે તેથી શ્રેણિક-કૃષ્ણાદિનો સંઘમાં સમાવેશ થાય.

**પ્રશ્ન : ૧૪૮.** જેને ખબર જ હોય કે મહાવિદેહમાં જવા માટે મિથ્યાત્વે જવું પડે એવી વ્યક્તિની મહાવિદેહમાં જવાની ભાવના કેવી કહેવાય ? આવી ભાવના ભાવી શકાય ?

**ઉત્તર :** સિધ્ધાંતમતે સમકિત લઇને પણ મહાવિદેહમાં જવાય છે. તેથી અને બીજું અનિદાન સ્વરુપ પ્રભુભક્તિ-ધર્મની ઉત્તમ આરાધનાની ભાવના મુખ્ય છે. તેથી તેવી ચતુર્થભાષાત્મક=વ્યવહાર ભાષા **આરુગ્ગ બોહિલાભં** વિગેરેની જેમ ભાવના કરવામાં હરકત જણાતી નથી.

**પ્રશ્ન : ૧૪૯.** સામાન્યથી કાચા પાણીનો સંઘટ્ટો વગેરે થાય, તો ઇરિયાવહિયા કરાય છે, પણ ગોચરી લાવતા વગેરે વખતે વરસાદથી ભીના થયા પછી પાણી અમુક સમય સુધી શરીર પરથી સૂકાતું નથી. તો ત્યારે ગોચરી આલોવવી-ઇરિયાવહિયા કરવી વગેરે ક્યારે કરવા ?



books\satyakant\proof.pm6,mch2,32

**ઉત્તર :** હાલના કાળમાં ગોચરી આલોવવા વગેરે કાર્ય તુરંત કરી લેવા જોઇએ. અને પાણી પુરું સૂકાઇ ગયા પછી ફરીથી ઇરિયાવહિયા કરી લેવી એમ યોગ્ય લાગે છે.

**પ્રશ્ન : ૧૫૦.** દવા વગેરેના પાવડર વગેરે વસ્તુઓ ભેજવાળી થઇ જાય, તો વાપરી શકાય ?

**ઉત્તર :** ભેજથી લથપથ થઇ હોય, ઘણો ભેજ હોય તો ન વાપરવી. બાકી વાપરવામાં હરકત દેખાતી નથી. નિગોદ થયેલી ન હોય તે ધ્યાન રાખવું.

**પ્રશ્ન : ૧૫૧.** ભગવાનના કલ્યાણક વખતે વૈમાનિક દેવલોક વગેરેમાં જેમ સુઘોષાદિ ઘંટનાદથી કલ્યાણકના સમાચાર પહોંચાડાય છે, તેમ જ્યોતિષના અસંખ્ય વિમાનોમાં આ સમાચાર પહોંચાડવા શી વ્યવસ્થા છે ?

**ઉત્તર :** જ્યોતિષ્કની વ્યવસ્થાનો ખ્યાલ નથી. અઢીદ્વીપના વિમાનોમાં એમ સંભવે છે કે દરેક સૂર્ય, ચંદ્ર રુપ ઇંદ્રોના આસન કંપાયમાન થાય અને તેઓ પોતાના મૂળ વિમાનમાં ઘંટનાદ કરે ત્યારે તેમની માલિકીના બધા વિમાનોમાં ઘંટનાદ થાય.

**પ્રશ્ન : ૧૫૨.** સમકીતિને કામ ભોગમાં કર્મનો બંધ કેવો ? કેટલો ? નિર્જરા થાય ? આ ક્રિયા સામાન્ય રાગથી થાય કે વિશેષ રાગથી થાય ?

**ઉત્તર :** આ ક્રિયા સામાન્ય રાગથી-વિશેષ રાગથી એમ બન્ને રીતે સંભવે છે. એમાં જાગ્રત જીવ જો સામાન્ય રાગથી કામભોગમાં પ્રવર્તે, તો પશ્ચાત્તાપ થવાથી મંદ કર્મબંધ થાય. તીવ્ર જાગૃતિવાળો જીવ સામાન્ય રાગથી કામભોગમાં પ્રવર્તે તો તીવ્ર પશ્ચાતાપાદિ હોવાથી



અલ્પતમ કર્મબંધ કરે. મધ્યમ વિવેકી મધ્યમ રાગથી કામભોગમાં પ્રવર્તે તો મધ્યમ કર્મબંધ થાય. વિશેષ રાગથી કામભોગમાં પ્રવર્તે અને પછી પશ્ચાતાપાદિ ન થાય તો વિશેષ કર્મબંધ થાય. આમ અનેક ભૂમિકાઓને આશ્રયી તર-તમભાવ જાણવો. આ ક્રિયાથી સમકિત મલિન થાય, જતું રહે એવી સંભાવનાઓ પણ છે. તેથી સર્વત્ર એક સરખો કાયદો ન પ્રવર્તે. ટૂંકમાં જ્યાં સાવધાની-જાગૃતિ વધે ત્યાં કર્મબંધ ઘટે, સાવધાની-જાગૃતિ મંદ થાય, ત્યાં કર્મબંધ વધે, પણ રાગ વગર આ ક્રિયાઓ સંભવતી નથી.

**પ્રશ્ન : ૧૫૩.** સૌથી વધુ જિનબિંબો ક્યાં ? જ્યોતિષ્કમાં કે વ્યંતરમાં ?

**ઉત્તર :** જ્યોતિષ્કમાં સૌથી વધુ જિનબિંબો સંભવે છે. કેમકે, વ્યંતર કરતાં જ્યોતિષ્કમાં દેવો અને એના વિમાનો સંખ્યાતગુણ વધુ છે. તેથી બંનેના જિનબિંબો અસંખ્ય હોવા છતાં જ્યોતિષ્કમાં વ્યંતર કરતા સંખ્યાતગુણ વધુ બિંબો સંભવે છે.

**પ્રશ્ન : ૧૫૪.** માટીવાળી જમીનમાં પરઠવેલું માત્રું તરત અંદર ઉતરી જતું હોય, પણ એવી જમીન ઓછી હોય, અને મહાત્માઓ ઘણા હોય, તેથી વારંવાર પરઠવવાના કારણે માટી ભીની ને ભીની રહેતી હોય, તો ભલે પરઠવેલું તરત જમીનમાં ઉતરી જતું હોય, તો પણ સંમૂર્ચ્છિમ થવાની શક્યતા ખરીને ?

**ઉત્તર :** જ્યાં ચૂસાઇ જવા છતાં માટી ભીની રહે, ત્યાં સંમૂર્ચ્છિમ થવાની શક્યતા છે, છતાં ઓછી છે. પણ જે રેતીમાં પરઠવીએ અને એમાં જરાય ચૂસાય નહીં, લચપચ રહે ત્યાં સમૂર્ચ્છિમ થવાની શક્યતા વધુ રહે છે. માટીમાં ચૂસાઇ જાય-નીચે ઉતરે ત્યાં પૃથ્વીકાયની વિરાધના છે. છતાં દોષ ઓછો લાગે એમ સંભવે છે. કેમકે ભીની



books\satyakant\proof.pm6,mch2,33

માટી પણ સંમૂર્ચ્છિમ માટે પ્રતિબંધક બને છે.

**પ્રશ્ન : ૧૫૫.** ચોમાસામાં એકદમ ચારેબાજુ નિગોદ છવાઇ જાય છે. તો આટલા બધા જીવો ક્યાંથી આવે છે ? શું સૂક્ષ્મ નિગોદાદિ જીવો આ ઋતુમાં બાદર થઇ જાય છે ?

**ઉત્તર :** ચૌદ રાજલોકમાં બાદર જીવો પણ અમાપ રહેલા છે. તેથી ઋતુને અનુરુપ થઇ બીજેથી એ જીવો અહીં આવે એમાં સૂક્ષ્મમાંથી પણ આવે પણ તેથી સૂક્ષ્મમાંથી જ આવે એવો નિયમ ન કરવો. સૂક્ષ્મ-બાદર નિગોદ સિવાયના જીવો પણ બાદર નિગોદમાં આવી શકે છે.

**પ્રશ્ન : ૧૫૬.** છાશમાંથી જુદા પડતાની સાથે માખણમાં નિગોદના જીવો ઉત્પન્ન થઇ જાય છે તો જે તરપણીમાં છાશ લાવ્યા હોય, કે જેમાં ભેગી તર-ચીકાશ પણ હોય, તો છાશ વાપર્યા પછી તરપણીને જે તર-ચીકાશ ચોંટેલી રહે, તો એની જયણા શી રીતે કરવી ?

**ઉત્તર :** છાશ વાપરી લીધા પછી તરપણીમાં જે ચોંટેલું રહે છે, તે છાશની તર-ચીકાશ કહેવાય-માખણ નહીં. છાશ વલોવવાથી જે પિંડરુપે નીકળે છે, તે માખણ છે. સામાન્ય વલોણાથી કે સહજથી જે રહ્યું હોય, તે તર તરીકે વ્યવહારમાં ગણાય છે. માખણમાં ઉત્પન્ન થનારા તરીકે બે વાત આવે છે (૧) ત્રસ જીવો (૨) નિગોદ.

**પ્રશ્ન : ૧૫૭.** દીક્ષા વખતે નૂતન દીક્ષિતને જે ઉપધિ આપવામાં આવે છે તે આપણે વહોરેલી-તૈયાર કરીને આપીએ છીએ. પણ દીક્ષા વખતે એ ઉપધિ વહોરાવવાની ઉછામણી થાય છે, તો આપણી વહોરેલી ચીજની આ રીતે ઉછામણી બોલાવી ફરીથી આપી શકાય ?

**ઉત્તર :** નૂતન દીક્ષિત પોતે બધી સામગ્રી લાવે તે વખતે એને વસ્તુની પરીક્ષા કરતાં ન આવડતી હોવાથી ડાઘ વગેરે દોષવાળી કે બરાબર



ન રંગાયેલા પાત્રા વગેરે લઇને આવે તેવી સંભાવના હોય છે. તેથી આપણે તપાસીને તૈયાર કરી આપીએ છીએ. તેથી આ એના માટે છે એટલે એની છે એમ સમજી કારણિક પદે ઉછામણી બોલાય છે. પણ જેમ સાધુઓ શ્રાવકો માટે પણ નવકારવાળી આદિ લઇને રાખે છે એમ નૂતન દીક્ષિત માટે પણ આજે સાધુઓ અગાઉથી પાત્રા આદિ લઇને રંગીને કે અન્ય સંસ્કાર કરીને રાખે છે. તેની ઉછામણી બોલાય છે તેમાં ઉપરોક્ત દોષ રહેતો નથી. નહીં વહોરેલા પણ તૈયાર કરાવેલા પાત્રાદિ એ માટે ઉપયોગમાં લેવા અને બાકીની જેમાં વિશેષ દોષ વગેરેની સંભાવના નથી એવી સામગ્રી એની પાસે મંગાવી લેવી. તેથી ઉછામણીની પ્રવૃત્તિમાં ઉપરોક્ત દોષ લાગે નહીં.

**પ્રશ્ન : ૧૫૮.** ઇરિયાવહી ચાલુ રાખવા દંડાસણથી પુંજતા પુંજતા બીજી જગ્યાએ જઇએ તો ચાલે ? એમાં વાયુકાયની વિરાધનાનો દોષ લાગે ?

**ઉત્તર :** દંડાસણથી પુંજતા-પુંજતા જવામાં વાયુકાયની વિરાધના ન થાય. કેમકે વ્યવહાર નયથી જ્યાં જોરથી ઝાપટ વગેરે લાગે એ રીતે કામ કરવામાં વાયુકાયની વિરાધનાનો દોષ માન્ય છે. વ્યવહાર નયથી જયણાથી ઉઠતા, બેસતાં, ચાલતાં, પુંજવામાં વાયુકાયની વિરાધનાનો દોષ નથી, નહિંતર તો સંડાસા પુંજવાના પણ બંધ કરવા પડે. બીજી પણ ઘણી પ્રવૃત્તિઓ બંધ કરવી પડે.

**પ્રશ્ન : ૧૫૯.** પડિલેહણમાં વચ્ચે કશું બોલીએ તો ઇરિયાવહિયા જાય કે ન જાય ?

**ઉત્તર :** એ વખતે અતિ આવશ્યક મહત્ત્વના કારણસર બોલવું પડે, તો ઇરિયાવહિયા ન જાય, બાકી જાય.



books\satyakant\proof.pm6,mch2,34

**પ્રશ્ન : ૧૬૦.** પાઠ આપતા-લેતા વચ્ચે પાણી વાપરવાથી ઇરિયાવહિયા જાય ?

**ઉત્તર :** પાઠ આપનાર વચ્ચે પાણી વાપરે, તો ઇરિયાવહિયા જતી નથી. લેનારની પણ જતી નથી. પણ એમાં અવિનયનો સંભવ હોવાથી બને ત્યાં સુધી પાઠ લેતી વખતે પાણી વાપરવું નહીં.

**પ્રશ્ન : ૧૬૧.** રાઇ પ્રતિક્રમણમાં સજ્ઝાય સુધી કરી લીધા પછી બીજો સ્વાધ્યાય કર્યા બાદ ફરીથી તરત પ્રતિક્રમણ આગળ કરવાનું હોય, તો નવી ઇરિયાવહિયા કરવી પડે, કે ન કરે તો ચાલે ?

**ઉત્તર :** ફરીથી ઇરિયાવહિયા કરીને આગળ પ્રતિક્રમણ કરવું.

**પ્રશ્ન : ૧૬૨.** દેરાસરમાં પૂજા વગેરે વખતે ચામડાના ઢોલ રાખવાની શી જરુરત છે ? શું એના વિના ન ચાલે ?

**ઉત્તર :** કસ્તુરી, ચામર, મોતી, હાથીદાંતની જેમ એ અસ્પૃશ્ય કે ત્યાજ્ય ગણાતું નથી. ભક્તિનું ઉપકરણ છે. સમવસરણમાં દેવદુંદુભિ હોય છે તેમ.

**પ્રશ્ન : ૧૬૩.** દૂધમાં મેળવણ નાંખી સવારે રાખ્યું હોય, તો તે જ દિવસે બપોરે કે સાંજે દહીં તરીકે ખપે ?

**ઉત્તર :** જો બરાબર જામીને દહીં તૈયાર થઇ ગયું હોય, તો ખપે.

**પ્રશ્ન : ૧૬૪.** પ્લાસ્ટીકની કોથળી વગેરેમાં ખાસ શિયાળામાં જે તડ તડ સાથે અગ્નિ થતો દેખાય છે, તે તેઉકાય છે ?

**ઉત્તર :** હા, તે તેઉકાયની સંભાવના છે. ગરમ કામળીમાં પણ એ રીતે તેઉકાયની ઉત્પત્તિ સંભવે છે.

**પ્રશ્ન : ૧૬૫.** ઉકાળેલા પાણીમાં ચૂનો સૂર્યાસ્ત વખતે જ નાંખવો કે



કાળ પહોંચતો હોય, તો પછી પણ નાંખી શકાય ?

**ઉત્તર :** સૂર્યાસ્ત કે સૂર્યાસ્ત પહેલાં જ નાંખી દેવાની પ્રવૃત્તિ રાખવી. વિહારાદિ વિશેષ કારણે કાળ પહોંચે ત્યાં સુધીમાં નાંખી દેવો.

**પ્રશ્ન : ૧૬૬.** સમારેલા ફ્રૂટ છોતરાવાળા હોય, તો સચિત્ત કે અચિત્ત ?

**ઉત્તર :** સમારેલા છોતરાવાળા ફ્રુટમાં અચિત્તતાની સંભાવના છે. છતાં ન લેવું...

**પ્રશ્ન : ૧૬૭.** દેવ-ગુરુ પાસે જતા રાજાને જેમ મુગટ વગેરેના ત્યાગનું વિધાન છે, તેમ આજે સાફા-પાઘડી-ટોપી વગેરે માટે પણ એ વિધાન સમજવાનું ?

**ઉત્તર :** દેવ-ગુરુ પાસે જતા સાફા વગેરેના ત્યાગનું વિધાન નથી. દેવવંદન-ગુરુવંદન વખતે પણ ત્યાગ કરવાનું વિધાન નથી. મુગટ ત્યાગ કહ્યો છે ખરો પણ ઇન્દ્રો વગેરે પ્રભુ પાસે આવે ત્યારે તેનો ત્યાગ કરતા નથી અને સિધ્ધચક્રપૂજનોમાં આજે પણ મુગટો ખાસ પહેરાય છે.

**પ્રશ્ન : ૧૬૮.** ચૌદ સ્વપ્નના ચઢાવા ક્યા ખાતામાં જાય ?

**ઉત્તર :** ચૌદ સ્વપ્નના ચઢાવાની રકમ કલ્પિત દેવદ્રવ્યમાં લઇ જવી. એ રકમ જરુર પડે તો દેરાસર, પૂજા સામગ્રી વગેરેમાં લઇ શકાય પણ ઉપાશ્રય-ધર્મશાળા વગેરે માટે વાપરવી નહીં.

**પ્રશ્ન : ૧૬૯.** રાતે દેરાસર માંગલિક કર્યા પછી સંઘ દર્શન માટે આવે તો દેરાસર ફરીથી ખોલી શકાય ?

**ઉત્તર :** આમ તો માંગલિક થયા પછી દેરાસર ખોલવાનો રીવાજ નથી. સંઘને રાત રોકાઇ જવા ને બીજા દિવસે ભક્તિનો લાભ આપવા



books\satyakant\proof.pm6,mch2,35

વિનંતી કરવી. પણ સંઘ રોકાઇ શકે એમ ન જ હોય, તો ખોલી આપવું. ફરીથી ઉછામણી બોલી આરતી-મંગલ દીવો કરી લેવા. પણ ઉછામણી બોલવી જ એવો આગ્રહ નહીં રાખવો.

**પ્રશ્ન : ૧૭૦.** શિંગોડા ખપે કે નહીં ?

**ઉત્તર :** શિંગોડા અનંતકાય કે અભક્ષ્ય નથી લાગતા. પ્રત્યેક વનસ્પતિકાય છે. તદ્દન નિષેધ નથી. પરંતુ બહુધા વપરાતા નથી.

**પ્રશ્ન : ૧૭૧.** અનંતકાય બીજ એટલે શું ?

**ઉત્તર :** આ અનંતજીવરુપ છે. 'અનંતબીજ' એટલે ઉપરથી અચિત્ત હોય, અંદરથી બીજ યોનિ જીવંત હોય મગની જેમ અંદર બીજ હોય.

**પ્રશ્ન : ૧૭૨.** શય્યાતર કોણ કહેવાય ?

**ઉત્તર :** જ્યાં રાતે સૂતા હોઇએ અને જ્યાં સવારનું રાઇ પ્રતિક્રમણ કર્યું હોય એ સ્થાન-મકાનનો માલિક અથવા એને ભાડુ આપનારો શય્યાતર ગણાય. બીજે દિવસે તેના ઘરના આહારાદિ ન ખપે. સંઘનું મકાન હોય, તો સંઘની એક વ્યક્તિનું ઘર શય્યાતર તરીકે ગણવું. સાધુઓ એક કરતાં વધુ મકાનોમાં રહ્યા હોય, તો આચાર્ય-વડીલ જે મકાનમાં રહ્યા હોય, તેના માલિક વગેરેને શય્યાતર ગણવા.

**પ્રશ્ન : ૧૭૩.** શ્રાવક ધર્મ ક્યો ? માર્ગાનુસારીપણું એટલે શું ?

**ઉત્તર :** નિત્ય અનુષ્ઠાન ધર્મ અને પર્વ અનુષ્ઠાન ધર્મ. અથવા બારવ્રત એ શ્રાવક ધર્મ છે. ઉચિત વ્યવહાર, ધર્મને અનુકૂળ જીવન વ્યવહાર આ બધું માર્ગાનુસારીપણું છે.

**પ્રશ્ન : ૧૭૪.** નિત્ય કર્તવ્ય અને પર્વકર્તવ્યમાં મુખ્યતા કોની ?

**ઉત્તર :** નિત્ય કર્તવ્ય કરનાર આગળ વધે છે અને તે જ કર્તવ્યો



પર્વદિવસે વિશેષરૂપે કરે ત્યારે એ પર્વ કર્તવ્ય બને છે. કોઇ નિત્ય કર્તવ્ય ન કરનાર પણ પર્વ દિવસે ધર્મ-કર્તવ્ય કરી આત્માને નિત્યકર્તવ્ય યોગ્ય બનાવી શકે.

**પ્રશ્ન : ૧૭૫.** આજ્ઞાભંગ દોષ કોને કહેવો ?

**ઉત્તર :** તે-તે ભૂમિકામાં પ્રવેશ્યા પછી તે-તે ભૂમિકાને યોગ્ય જઘન્ય મર્યાદાનું પણ પાલન ન કરે તેને આજ્ઞાભંગ દોષ લાગે. પ્રભુની આજ્ઞા ઉપાદેય તરીકે સ્વીકાર્યા પછી પણ ન આચરી શકે તો એટલા માત્રથી આજ્ઞાભંગ દોષ લાગે એમ નહીં માનવું. પણ વ્રતાદિ પાલન કરવાનો સ્વીકાર કર્યા પછી ન આચરે, તો આજ્ઞાભંગ દોષ લાગે.

**પ્રશ્ન : ૧૭૬.** આજના કહેવાતા અનુષ્ઠાનોમાં યંત્રવિજ્ઞાનની સહાય લેવાય તે ઉચિત છે ?

**ઉત્તર :** કાળે કાળે મર્યાદામાં રહીને શ્રીસંઘ પુસ્તકમુદ્રણ વગેરેમાં યંત્ર વિજ્ઞાનની સહાય લેતો આવ્યો છે. ભણેલો માણસ પોતાની આવડતનો ઉપયોગ ધર્મમાં કરે તો શાસનને સમર્પિત બુદ્ધિવાળા માટે ધર્મનું કારણ બને છે. તેથી સાધુએ પણ બુદ્ધિ-શક્તિનો ક્ષયોપશમ પહોંચતો હોય તો બધી ભાષા-કળામાં પ્રવીણ બનવું જોઇએ. વળી 'કહેવાતું અનુષ્ઠાન' આમ શબ્દ પ્રયોગ કરી અનુષ્ઠાન પ્રત્યે હૃદયમાં અરુચિ વ્યક્ત કરાય છે તે યોગ્ય નથી. એમ તો અણસમજણવાળો નાનો છોકરો જે ધર્મ કરશે, તે પણ કહેવાતું અનુષ્ઠાન બની જશે.

**પ્રશ્ન : ૧૭૭.** નવકારશી વગેરે પાયાના અનુષ્ઠાન ન કરનાર ધર્મને લાયક ગણાય ? એ જીવો એ સિવાયના બીજા ધર્મો કરે તે ચાલે ?

**ઉત્તર :** નવકારશી વગેરે ન કરનાર પણ ધર્મલાયક હોઇ શકે છે. જેમકે કુમારપાળ રાજાનો પૂર્વભવ, શ્રેણિક મહારાજ વગેરે. તેથી



books\satyakant\proof.pm6,mch2,36

નવકારશી આદિ ન કરનાર બીજા વિશેષ ધર્મ માટે લાયક નથી એમ ન કહેવું. પણ નવકારશી આદિ પાયાના ધર્મ કરનાર એ માટે વિશેષ લાયક બને છે, બનવા સંભવ છે એમ કહેવું.

**પ્રશ્ન : ૧૭૮.** ધર્મચક્ર, મોક્ષદંડક વગેરે તપ ચાલતો હોય ને એમાં ચૌદસે બેસણું આવતું હોય, તો છઠ્ઠ કરવો કે બેસણું કરી શકાય ?

**ઉત્તર :** સિદ્ધિતપ જેવો ઉગ્ર તપ હોય, તો ઉપવાસના બદલે આંબેલ, તે ન થાય તો એકાસણું, તે ન થાય તો બેસણું કરવું. પણ ધર્મચક્ર જેવા તપોમાં ઉપવાસ-છઠ્ઠનો જ આગ્રહ રાખવો, શક્ય ન હોય તો ચૌદસનું આંબેલ કરાવવું.

**પ્રશ્ન : ૧૭૯.** ધર્મચક્ર વગેરે તપ કે જેમાં ૮૩ વગેરે દિવસો હોય છે. એમાં ચૌદસ-રોહિણી વગેરેના કારણે બેસણાં છોડી ઉપવાસો કરી લેવાથી જેટલા ઉપવાસ કરવાના છે, તે વહેલા પૂરા થઇ જવાથી તપ ૮૧ દિવસ વગેરે ઓછા દિવસોમાં પૂરો થઇ જતો હોય, તો શું કરવું. પૂરો કરી લેવો કે બચેલા દિવસોમાં બેસણા કરી લઇ પૂરો કરવો ?

**ઉત્તર :** છઠ્ઠ કે અઠ્ઠાઇ વગેરે કરી લેવાથી તપ વહેલો પૂરો થઇ જાય, એમ ન કરવું. તપના દિવસો પૂરા થવા જોઇએ, અને તે પણ એકાંતર ઉપવાસ વગેરે જે વિધિ હોય તે રુપે પૂરા કરવા. પણ છેવટે બે કે વધુ બેસણાં સળંગ કરવા વગેરે ન કરવું. વિશેષ કારણે એવી છુટ આપી શકાય.

**પ્રશ્ન : ૧૮૦.** સામાયિક લેતી વખતે છેલ્લે જે ૩ નવકાર ગણવાના છે, તે બેઠા બેઠા ગણવા કે ઉભા ઉભા ?

**ઉત્તર :** ૩ નવકાર ઉભા ઉભા ગણાય છે. ઉભડક પગે પણ ગણી શકાય. બેઠા બેઠા સ્વાધ્યાય કરાતો હોય છે તેથી બેઠા બેઠા ગણવામાં



પણ હરકત નથી.

**પ્રશ્ન : ૧૮૧.** શ્રી તીર્થંકર પરમાત્માની ઓળખ ક્યારે થાય ? એમને ઓળખવાની વાસ્તવિક ઇચ્છા ક્યારે થાય ?

**ઉત્તર : યોગદ્રષ્ટિ સમુચ્ચયની** પ્રથમ ગાથામાં એમ જણાવ્યું છે કે આંતર ગુણ સ્વરુપની અપેક્ષાએ પરમાત્મા મિથ્યાત્વીઓને ગમ્ય નથી. એટલે કે મિથ્યાત્વીઓ પ્રભુના આંતરગુણ સ્વરુપને ઓળખી શકતા નથી. સમકીતીઓ જ આ સ્વરુપ જાણી શકે છે. પ્રભુના આ સ્વરુપની જાણકારીની ઇચ્છા-જિજ્ઞાસા પણ ચરમ યથાપ્રવૃત્તકરણવાળા અપુનર્બંધકને થાય છે, કેમકે **આંશિક પણ ભવ વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યાર પછી જ શ્રી તીર્થંકર દેવોના સ્વરુપને જાણવાની ઇચ્છા થાય છે.** આમ જ્યાં અતિ અલ્પ પણ-આંશિક પણ ગુણોનો ઉઘાડ થયો છે, ત્યાં અપુનર્બંધકને જ તીર્થંકરના આંતર ગુણસ્વરુપને જાણવાની ઇચ્છા થાય છે, તેથી પૂર્વની ભૂમિકામાં રહેલાને નહીં.

**પ્રશ્ન : ૧૮૨.** સાધુઓ પર બહુમાન કોને હોય ? સાધુ સેવા-બહુમાનનું ફળ શું ?

**ઉત્તર : યોગદ્રષ્ટિ સમુચ્ચયની** ગાથા ૪૨-૪૩-૪૪ના આધારે વિચારતા તો એમ જણાય છે કે જેઓને યોગ-આચાર કથા પર બહુમાન હોય, અર્થાત્ યોગના આચારોની વાતમાં સબહુમાન રસ હોય, એવા જીવોને જ આચાર સંપન્ન યોગીઓ પર, સાધુ ભગવંતો પર વાસ્તવિક બહુમાન થાય છે. આમ **આચાર પર બહુમાન વિના સાધુ ઉપર બહુમાન આવતું નથી.**

આવા સાધુઓની યથાશક્તિ સેવા-ભક્તિ-નિર્દોષ ગોચરીદાન વગેરેથી એ યોગીઓના યોગની વૃદ્ધિ થાય છે, અને સેવા-ભક્તિ



books\satyakant\proof.pm6,mch2,37

કરનારને એ સાધુ ભગવંતોના સંયમની વૃદ્ધિ થાય એવો પરિણામ હોવાથી એ ભક્તિ કરનારના યોગની પણ વૃદ્ધિ થાય છે. એના અનેક ક્ષુદ્ર ઉપદ્રવો પણ નાશ પામે છે. વ્યાધિ નાશ પામે છે. શિષ્ટસંમતતા પ્રાપ્ત થાય છે અર્થાત્ શિષ્ટપુરુષોને માન્ય બને છે. આમ સાધુ ઉપર બહુમાન અત્યંત સુંદર ફળવાળું છે.

**પ્રશ્ન : ૧૮૩.** ચરમયથાપ્રવૃત્તકરણ ક્યાં હોય ?

**ઉત્તર : યોગદ્રષ્ટિ સમુચ્ચયની** ગા. ૩૮-૩૯-૪૦માં આ અંગે વિશેષથી બતાવ્યું છે. યોગની પ્રથમ દ્રષ્ટિનું સ્વરુપ આ યથાપ્રવૃત્તકરણમાં પ્રગટ થાય છે. આ કરણ વખતે કર્મમળની અલ્પતા હોય છે, અને ગ્રંથિભેદ નજીકમાં હોય છે. યોગના જાણકારો આ ચરમ યથા-પ્રવૃત્તકરણને અપૂર્વકરણ પણ કહે છે. એમાં કારણ એ છે કે આ પછી અપૂર્વકરણ અત્યંત નજીકમાં છે, તેથી આ યથાપ્રવૃત્તકરણ ચરમ હોવા છતાં અપૂર્વકરણ તરફ લઇ જવામાં પ્રથમ હોવાથી એ અપૂર્વકરણ ગણાય છે. પ્રથમ ગુણસ્થાનક ગુણાત્મકરુપે અહીં વાસ્તવિક હોય છે. આ વખતે મિત્રા દ્રષ્ટિ હોય છે અને અપુનર્બંધકના તીવ્રભાવે પાપ ન કરે વગેરે રુપ ત્રણ ગુણો પણ અહીં પ્રગટ થાય છે. અને ભાવધર્મ-ભાવગુણોની યોગ્યતા પણ અહીં પ્રગટે છે.

**પ્રશ્ન : ૧૮૪.** જે જીવો પ્રત્યેકપણું પામ્યા હોય, અને અભવ્ય ન હોય, એ અવશ્ય મોક્ષે જાય ? કે અનાદિથી વ્યવહાર રાશિમાં હોવા છતાં મોક્ષે ન જાય ?

**ઉત્તર :** જે ભવ્ય જીવો એકવાર પણ પ્રત્યેકપણું પામ્યા હોય (હાલ પાછા ભલે નિગોદમાં ગયા હોય) તે અવશ્ય મોક્ષે જવા સંભવિત છે. **વિશેષાવશ્યક ભાષ્ય મલધારી ટીકામાં** વ્યવહાર રાશિવાળા બધા



જીવ બેઇંદ્રિયાદિપણું પામ્યા છેનો ઉલ્લેખ છે.

**પ્રશ્ન : ૧૮૫.** પ્રત્યેકપણું એકવાર પણ પામેલા જીવો દરેક સમયે કેટલા હોય ? સિદ્ધોથી વધુ હોય કે ઓછા ?

**ઉત્તર :** એકવાર પણ પ્રત્યેકપણું પામેલા (હાલ નિગોદમાં ગયા હોય, એ પણ) વર્તમાન કાલે સંસારી જીવો દરેક સમયે કોઇપણ કાળે સિદ્ધ જીવોના અનંતમાં ભાગે મળે. અભવ્યો કરતાં તેઓ અનંતગુણ હોય છે.

**પ્રશ્ન : ૧૮૬.** એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયો છે તે વાત સૂક્ષ્મ નિગોદને અપેક્ષીને સમજવાની કે સૂક્ષ્મ-બાદર બંનેને અપેક્ષીને ?

**ઉત્તર :** બાદર નિગોદ કરતાં સૂક્ષ્મનિગોદ અસંખ્યાતગુણી છે. તેથી **બાદર નિગોદમાં પણ એવા અનંત જીવો છે કે જે અનાદિકાળથી આજ સુધી પ્રત્યેકપણું પામ્યા નથી. આમ બાદર નિગોદની અપેક્ષાએ પણ કહી શકાય કે એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયો છે.** બાદર નિગોદ લોકવ્યવહારમાં આવતી હોવાથી વ્યવહારનિગોદ ગણાય પણ એમાં રહેલા પૂર્વે ક્યારેય પ્રત્યેકપણું નહિ પામેલા જીવોની અપેક્ષાએ એ જીવો નિગોદ બહાર ન નીકળેલ નિગોદવાળા ગણાય.

**પ્રશ્ન : ૧૮૭.** બધા અભવ્ય જીવો અનાદિ નિગોદમાંથી નીકળી ગયા છે કે નહીં ?

**ઉત્તર :** અનાદિ નિગોદમાં પણ અભવ્ય જીવો રહેલા છે.

**પ્રશ્ન : ૧૮૮.** જે મોક્ષે જતા જીવના મોક્ષે જવા પર અભવ્ય જીવ નિગોદમાંથી બહાર નીકળે, તે સિદ્ધના જીવની મહેનત નકામી ગઇ ગણાય ખરી ?

**ઉત્તર :** મોક્ષે જનારો જીવ બીજા જીવને નિગોદમાંથી કાઢવાની મહેનત



books\satyakant\proof.pm6,mch2,38

કરતો નથી. જે જીવ નિગોદમાંથી નીકળે છે, તે તેની ભવિતવ્યતાથી નીકળે છે. અભવ્ય જીવ નિગોદમાંથી નીકળે તેમાં તેની ભવિતવ્યતા કામ કરે છે. એમાં મોક્ષે જનાર જીવની મહેનત નિષ્ફળ ગઇ એમ ન કહેવાય.

**પ્રશ્ન : ૧૮૯.** એક સામાયિક પર બીજું સામાયિક લેતી વખતે 'સજ્ઝાયમાં છું' એમ બોલવું કે સજ્ઝાય કરું ? એમ બોલવાનું ?

**ઉત્તર :** બીજું સામાયિક લેતી વખતે પણ 'સજ્ઝાય કરું' એવો આદેશ લેવો ઉચિત છે, કેમકે 'સજ્ઝાયમાં છું' આ આદેશ માંગવારુપ નથી પણ માત્ર નિર્દેશરુપ છે, જ્યારે ખરેખર તો ગુરુભગવંત પાસે આદેશ માંગવાના છે. પહેલા સામાયિક વખતે જે આદેશ માંગેલો, એ એ સામાયિક પૂરતો જ હતો, તેથી જેમ બીજા સામાયિક માટે સામાયિક દંડક વગેરેના આદેશ ફરીથી માંગવાના છે, એમ સામાયિકમાં સજ્ઝાય માટેના આદેશ પણ ફરીથી જ માંગવાના છે.

**પ્રશ્ન : ૧૯૦.** રાતે આરતી-મંગળ દીવો કરી લીધા પછી ઘર દેરાસરનો દરવાજો બંધ કરી દીધો હોય પછી અડધી રાતે ઉંઘ ન આવતી હોય વગેરે કારણથી ભગવાન પાસે જાપ કરવા માટે દરવાજો ખોલી ઘર દેરાસરના ભગવાનની સામે જાપ કરી શકાય ? પછી ફરીથી વધાવતી વખતે ફરીથી આરતી-મંગળ દીવો કરવા પડે ?

**ઉત્તર :** ઘર દહેરાસરમાં જાપ માટે ભગવાન પાસે બેસવા ફરીથી એનો દરવાજો ખોલી શકાય. પછી ફરીથી વધાવતા આરતી-મંગળ દીવાની જરુરત નથી.

**પ્રશ્ન : ૧૯૧.** કેટલાક શ્રાવકો સામાયિક લેતા પહેલા સ્થાપનાજી સ્થાપતી વખતે પહેલા ખમાસમણું દઇ શ્રી સુધર્માસ્વામીની સ્થાપના



સ્થાપું ? એવો આદેશ માંગી પછી નવકાર-પંચિદીયથી સ્થાપના સ્થાપે છે. આ બરાબર છે ? આવો આદેશ માંગ્યા વગર સ્થાપના સ્થાપી શકાય ?

**ઉત્તર :** સ્થાપનામાં દેવ-ગુરુ ઉભયની સ્થાપના કરવાની હોય છે. શ્રી સુધર્માસ્વામીની સ્થાપનાનો આદેશ માંગવામાં દેવની સ્થાપના થતી નથી. ખરેખર તો આવો આદેશ માંગવાની જરુર જ નથી. સીધી સ્થાપના નવકાર-પંચિદીયથી કરવાની છે. છતાં બોલવું જ હોય, તો શ્રી પંચપરમેષ્ઠીની સ્થાપના કરું ? એમ બોલી શકાય. પણ ખરેખર તો આ પણ બોલવાની જરુરત નથી.

**પ્રશ્ન : ૧૯૨.** સાંજના પ્રતિક્રમણ પછી સામાયિક પારતા ઇરિયાવહિયા વગેરે કરી લીધા પછી ચઉક્કસાય બોલતા પહેલા ખમાસમણું દેવું જોઇએ કે નહીં ?

**ઉત્તર :** કેટલાક ઠેકાણે ખમાસમણું દેવાનો રિવાજ ચાલે છે. જે સારો જણાય છે.

**પ્રશ્ન : ૧૯૩.** સવારે મોડેથી પૂજા કર્યા પછી રાઇ પ્રતિક્રમણ કરાય કે નહીં ? રાઇ પ્રતિક્રમણ ક્યાં સુધી કરી શકાય ?

**ઉત્તર :** મુખ્યમાર્ગે સવારે પ્રતિક્રમણ કર્યા પછી જ પૂજા કરવી જોઇએ. પહેલા પૂજા પછી પ્રતિક્રમણ વ્યાજબી નથી. ક્રમ ઉલ્લંઘન થાય છે. ખાસ વિશેષ તેવા સંજોગમાં પૂજા કર્યા પછી પ્રતિક્રમણ ન જ થાય એવો આગ્રહ નહીં રાખવો. પરિસ્થિતિવશ રાઇ પ્રતિક્રમણ મોડું કરવાનું થાય, તો બપોરના બાર વાગ્યા સુધી પુરું થાય તે રીતે કરી શકાય.

**પ્રશ્ન : ૧૯૪.** ભરત મહારાજાને ૬૦ હજાર વર્ષ છ ખંડ જીતવામાં



books\satyakant\proof.pm6,mch2,39

લાગ્યા. સુંદરીએ ૬૦ હજાર વર્ષ આંબેલ કર્યા. આ બંને સમયગાળો એક સરખો જ હતો ?

**ઉત્તર :** સુંદરીએ એ જ ગાળામાં ૬૦ હજાર વર્ષ આંબેલ કર્યા. કદાચ થોડો સમય વધુ થયો હોય, તે સંભવે, પણ ઓછો નહીં.

**પ્રશ્ન : ૧૯૫.** તપની અનુમોદનાર્થે સ્ટીલના વાસણોની લ્હાણી વગેરે થાય છે. તો ભવિષ્યમાં એ વાસણોથી થતા આરંભ-સમારંભનો દોષ લાગે કે નહીં ? આવી વસ્તુઓની પ્રભાવના થાય ?

**ઉત્તર :** સ્ટીલના વાસણોની પ્રભાવના કરતાં તો ધર્મના ઉપકરણોની જ પ્રભાવના કરવી એ જ સારી એવું એકાંત માની લેવું નહી. આ વાસણોની પ્રભાવના પણ સમ્યક્ત્વની વિશુદ્ધિ-સાધર્મિક ભક્તિરુપે થાય, તો ગુણકારક છે. માટે અટકાવવું નહીં. એમાં ભવિષ્યના આરંભનો દોષ પ્રભાવના કરનારને લાગતો નથી. સામાન્યથી ધાર્મિક કે જરુરીયાત-વાળી જીવન ઉપયોગી ચીજથી પ્રભાવના કરવી.

**પ્રશ્ન : ૧૯૬.** શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન ક્યારે થયું ? રસ્તામાં ચાલતા ચાલતા કે કોઇ જગ્યાએ સ્થિર બેઠા હતા ત્યારે ?

**ઉત્તર :** દેવશર્માને પ્રતિબોધ કરી પાછા ફરતી વખતે પ્રભુનું નિર્વાણ સાંભળી વિષાદથી ભરાયેલા ને પછી અન્યત્વાદિ ભાવનામાં ચઢેલા ગૌતમસ્વામીને રસ્તામાં કેવળજ્ઞાન થયું. પણ મતાંતરે વાત એવી પણ આવે છે કે ગૌતમસ્વામીને કેવળજ્ઞાન રસ્તામાં નહીં, પણ કો'ક ઠેકાણે રાતવાસો કર્યો હશે ત્યાં થયું. સામાન્યથી રાતના અને વહેલા પરોઢીએ વિહાર ન હોય માટે કોઇ જગ્યાએ રાત રહ્યા હોય ત્યાં પણ થયું હોય.

**પ્રશ્ન : ૧૯૭.** મૂલનાયક સિવાયના બીજા ભગવાનોની આરતી કેમ



ન ઉતારી શકાય ?

**ઉત્તર :** મૂલનાયક ભગવાનની આરતી ઉતાર્યા પછી એ આરતી બધા ભગવાન પાસે લઇ જઇ સંક્ષેપથી એમની પણ આરતી ઉતારાય છે. સ્નાત્રના ત્રિગડામાં રહેલા ભગવાનની સ્નાત્ર પછી આરતી ઉતરે છે. એવી રીતે બીજા ભગવાનોની પણ આરતી ઉતારી શકાય પણ સ્નાત્ર સિવાય પહેલા મૂળનાયક ભગવાનની આરતી ઉતાર્યા પછી જ બીજા ભગવાનોની આરતી ઉતારવી. એમ કરવામાં વાંધો નથી. પોતે અષ્ટપ્રકારી પૂજા જે ભગવાન પર કરતો હોય, એ ભગવાનની પોતે આરતી ઉતારે તો દોષનો સંભવ નથી લાગતો. ઉતારી શકે છે.

**પ્રશ્ન : ૧૯૮.** પ્રભુના યક્ષ-યક્ષિણી દેરાસરમાં હોય છે, એમના ભંડાર વગેરેમાંથી થતી આવક ક્યા ખાતામાં જાય ?

**ઉત્તર :** આ આવક દેરાસર સાધારણમાં લઇ જવી યોગ્ય છે કેમકે યક્ષ દહેરાસરમાં છે. માણિભદ્ર-પદ્માવતી વગેરે દેવ-દેવીઓ દેરાસરની બહાર હોય છે તેથી તેઓના ભંડારની આવક સાધારણમાં જાય, પણ તે આવકથી લગ્નની વાડી-પ્રભાવના-જમણ વગેરે કાર્યો કરવા યોગ્ય નથી.

**પ્રશ્ન : ૧૯૯.** પાર્શ્વનાથ ભગવાનની પૂજા કરીએ ત્યારે ફણાની પૂજા ત્યારે જ કરવી ? પછી કરવી ? કે કરવી જ નહીં ? પૂજાની આંગળીથી કરાય ?

**ઉત્તર :** પાર્શ્વનાથ ભગવાનની પૂજા વખતે જ ઉપર રહેલી ફણાની પૂજા કરવી. કેમકે એ ફણા ભગવાનના અંગરુપ ગણાય છે. શાસ્ત્રમાં આ અંગે અક્ષરો મળે છે પૂજાની આંગળીથી ફણાની પૂજા કરવી.



books\satyakant\proof.pm6,mch2,40

**પ્રશ્ન : ૨૦૦.** કલ્પસૂત્રમાં બહુશ્રુત મહર્ષિ કહે છે કે ગર્ભવતી સ્ત્રી વારંવાર આંખ આંજે તો બાળક અંધ થાય, તેલ ચોળે તો બાળક કોઢિયું થાય ઇત્યાદિ તથા સ્નાન વારંવાર કરે તો બાળક દુરાચારી થાય ઇત્યાદિ તો આ બધી વાત સાચી છે ?

**ઉત્તર :** કલ્પસૂત્રમાં આવતી આ બધી વાતો લૌકિક શાસ્ત્રોમાંય આવે છે ને સાચી છે. પણ પ્રાયિકભાવે સમજવી.

**પ્રશ્ન : ૨૦૧.** બહેનોથી નમોડર્હતસૂત્ર કેમ બોલી શકાતું નથી ?

**ઉત્તર :** આમાં પૂર્વકાલથી ચાલી આવતી તેની સામાચારી મુખ્ય કારણ છે. આ સૂત્ર સંસ્કૃતમાં છે અને પૂર્વમાંથી ઉદ્ધરિત છે માટે બહેનો ન બોલી શકે એવા કેટલાક પ્રચલિત હેતુઓ બતાવાય છે.

**પ્રશ્ન : ૨૦૨.** ચાર ખમાસમણા પછી દેવસી પડિ. ઠાઉં ? એવો આદેશ માંગતા પહેલા ખમાસમણું દેવાતું કેમ નથી ?

**ઉત્તર :** આમાં સામાચારીભેદ સમજવો. આપણે ત્યાં ખમાસમણું દેવાની સામાચારી નથી. હોવું જરુરી જણાય છે.

**પ્રશ્ન : ૨૦૩.** પ્રતિક્રમણમાં ત્રીજા આવશ્યકના બીજા વાંદણા વખતે અવગ્રહમાં પ્રવેશ્યા બાદ બહાર ક્યારે નીકળવાનું ? વાંદણા પૂરા થાય ત્યારે કે વંદિત્તુસૂત્ર પૂરું થાય ત્યારે ? અબ્ભુટ્ઠિઓના વાંદણા કર્યા પછી અબ્ભુટ્ઠિઓ અવગ્રહમાં આવીને બોલવાનો કે અવગ્રહની બહાર ?

**ઉત્તર :** ત્રીજા આવશ્યકના બીજા વાંદણા દીધા બાદ તરત બહાર નથી આવવાનું પણ વંદિત્તુસૂત્રમાં **તસ્સ ધમ્મસ્સ કેવલિ...** અબ્ભુટ્ઠિઓમિ બોલતી વખતે અવગ્રહની બહાર આવવાનું છે. કેટલાક સવ્વસ્સ વિ પછી નીકળવાનું પણ કહે છે. એ પછીના પ્રથમ વાંદણા



વખતે નિસીહી બોલી અવગ્રહમાં પ્રવેશ છે. એ દરેક પહેલા વાંદણાની જેમ સમજવું. બીજા વાંદણા પછી બહાર નીકળ્યા વિના અબ્ભુટ્ઠિઓ ખામી પછી તરત અવગ્રહની બહાર નીકળવાનું છે પછી પ્રથમ વાંદણા દેવાના.

**પ્રશ્ન : ૨૦૪. સવ્વં ખમાવઇત્તા ખમામિ સવ્વસ્સ અહયંપિ...**અહીં ક્યા શબ્દનો અર્થ હું ક્ષમા માંગુ છું એવો છે ને ક્યા શબ્દનો અર્થ ક્ષમા આપુ છું એવો છે ?

**ઉત્તર :** પહેલા ક્ષમા માંગવાની હોય છે તેથી સવ્વં માં પ્રથમ બધાને ખમાવી-બધાની ક્ષમા માંગી પછી તેઓ પણ ક્ષમા માંગે છે એમ કલ્પી લઇ ક્ષમા આપવાની છે. તેથી હું બધાને ખમાવી હું બધાને ક્ષમા આપું છું આવો અર્થ કરવાનો છે.

**પ્રશ્ન : ૨૦૫.** સાધુ જે દિવસે વિહાર કરીને આવે એ દિવસે શા માટે ભવનદેવતા-ક્ષેત્રદેવતાની સ્તુતિ બોલાય છે ? શ્રાવક બીજે ગામ જાય, તો શ્રાવકે પણ આ રીતે માંગલિક પ્રતિક્રમણ કરવાનું ?

**ઉત્તર :** ભવનદેવતા અને ક્ષેત્રદેવતા સાધુ ભગવંતને તે-તે સાનુકૂળ, સાધનામાં સહાયક બને એ હેતુથી આવી સામાચારી છે. શ્રાવકો માટે આવી સામાચારી વર્તમાનમાં પ્રવર્તતી નથી.

**પ્રશ્ન : ૨૦૬. જીસે ખિત્તે** વગેરે સ્તુતિઓ બહેનો કેમ બોલી શકતા નથી ? પૂર્વગત ગણાય છે માટે ?

**ઉત્તર :** આમાં મુખ્ય કારણ તેવી સામાચારી સમજવી.

**પ્રશ્ન : ૨૦૭. જીસે ખિત્તે** સ્તુતિ બોલ્યા પછી કેમ આખો નવકાર બોલાય છે ? તે ક્યા આવશ્યકમાં ગણાય ?



books\satyakant\proof.pm6,mch2,41

**ઉત્તર :** મંગલરુપે લોગસ્સના બદલે બોલાય છે ને તે પાંચમાં આવશ્યકમાં ગણાય એ પછીના મુહપત્તિના પડિલેહણથી છઠ્ઠું આવશ્યક શરુ થાય.

**પ્રશ્ન : ૨૦૮.** સજ્ઝાયની આગળ-પાછળ નવકાર શા માટે ? સજ્ઝાય કઇ મુદ્રામાં હોય ?

**ઉત્તર :** સજ્ઝાયની આગળ નવકાર નંદિરુપ મંગળ છે. સજ્ઝાય સ્વાધ્યાયરુપ છે. ને દરેક વખતે સ્વાધ્યાયનો આરંભ એક કે ત્રણ નવકાર ગણવાપૂર્વક કરવો જોઇએ. સજ્ઝાય પછી બોલાતો નવકાર સામાચારીરુપ છે. તેથી કેટલાક સ્થળે બોલાય છે. ને કેટલાક સ્થળે બોલાતો નથી. જ્યાં સજ્ઝાયના બે આદેશ મંગાય છે ત્યાં પાછળ નવકાર બોલાય છે ને જ્યાં એક આદેશ મંગાય છે ત્યાં પાછળ નવકાર ગણાતો નથી. સજ્ઝાય વખતે પુરુષોએ વાંદણાની મુદ્રામાં બેસવું જોઇએ અને સ્ત્રીઓએ પ્રતિક્રમણ સિવાયની સજ્ઝાય ઊભા ઊભા કરવાની છે. પ્રતિક્રમણમાં સજ્ઝાય બેઠા બેઠા બોલવા-સાંભળવાનું થાય છે.

**પ્રશ્ન : ૨૦૯.** ચઉક્કસાય વખતે સાધુઓ ખમાસમણું દઇ આદેશ માંગવાપૂર્વક ચઉક્કસાયનું ચૈત્યવંદન કરે છે. તો શ્રાવકોએ પણ આદેશ માંગવાનો ? સાધુઓ ક્યો આદેશ માંગે છે ? શા માટે ?

**ઉત્તર : સાધુઓ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બહુપડિપૂન્ના પોરિસી રાઇ સંથારએ ઠામિ** નો આદેશ માંગે છે તે સંથારા પર સૂવાનું જણાવવા માટે અને મંગળપૂર્વક સૂવાનું થાય એટલા માટે એ આદેશ માંગે છે. શ્રાવકો આદેશ નથી માંગતા એમાં સામાચારી કારણ લાગે છે.



**પ્રશ્ન : ૨૧૦.** સાત ચૈત્યવંદનમાં સવારના પ્રતિક્રમણમાં, વાપરવા માટેના અને વાપર્યા પછીના ચૈત્યવંદનમાં જગચિંતામણિ સૂત્ર જ અને સાંજના પ્રતિક્રમણ પછીના ચૈત્યવંદનમાં ચઉક્કસાય જ કેમ બોલાય છે ?

**ઉત્તર :** જગચિંતામણિ બે વાર (વાપર્યા પૂર્વ-પછીનું બંને ગણો તો ત્રણ વાર) અને ચઉક્કસાય રાતે વગેરે બાબતો પ્રાચીન ચૈત્યવંદનો હોવાથી અને સામાચારીરુપે નક્કી થયા હોવાથી બોલાય છે. એ જ રીતે સવારે **વિશાલ લોચન,** સાંજે **નમોસ્તુ,** દેરાસરમાં **સકલ કુશલ વલ્લી,** સ્તવનપૂર્વે નમોર્હત્ બોલાય વગેરે બાબતો મુખ્યરુપે સામાચારીરુપ જ સમજવી. આ સામાચારીઓમાં તર્ક હેતુઓની ગવેષણા કરવી જરુરી નથી.

**પ્રશ્ન : ૨૧૧.** વંદિત્તાસૂત્રમાં સહસાત્કારાદિથી બોલાયેલા મૃષાવાદને અતિચારમાં ગણ્યા છે, તો બીજા વ્રતનો ભંગ ક્યારે સમજવાનો ? વળી પાંચમાં વ્રતમાં પ્રમાણનું ઉલ્લંઘન કરે તો તે વ્રતભંગ કેમ ન ગણાય ? અતિચારરુપ શા માટે ?

**ઉત્તર :** દરેક વ્રતના અતિક્રમ-વ્યતિક્રમ-અતિચાર અને અનાચાર આ ચાર દોષ છે. એમાં પ્રથમ ત્રણ આંશિક ભંગરુપ છે. છેલ્લે વિશેષ સ્પષ્ટ-સર્વભંગરુપે છે. તેથી બાર વ્રતોનાં જે અતિચાર બતાવ્યા છે તે જાણી જોઇને કરે, નિ:શુકતાથી કરે, વારંવાર કરે તો ભંગરુપ સમજવા. બીજા વ્રત અંગે પણ આ રીતે સમજવું. પરિગ્રહ પરિમાણનું ઉલ્લંઘન કરતી વખતે મનમાં પોતાના પુત્ર વગેરેની માલિકી કલ્પે છે તેથી સ્પષ્ટ વ્રતભંગનો આશય ન હોવાથી અનાચાર નથી ગણાતો. આ બધી બાબતોનો વિશેષ વિચાર **પંચાશક**ની ટીકામાં જોવા મળે છે.



books\satyakant\proof.pm6,mch2,42

**પ્રશ્ન : ૨૧૨.** વંદિત્તુ સૂત્ર ગોદોહિકા આસને શા માટે ? વાંદણા દેતી વખતે બે પગની વચ્ચે બે હાથ રાખવાની મુદ્રા શા માટે ? સવારના વિશાલ લોચન...પછી ચાર થોય છે ને સાંજે નમોસ્તુ...પછી સ્તવન છે આવો ફરક શા માટે ? તેરસનું પ્રતિક્રમણ શા માટે માંગલિક હોય છે ?

**ઉત્તર :** વંદિત્તા સૂત્ર માટે ગોદોહિકા આસન અને વાંદણાની પ્રચલિત મુદ્રા સામાચારીરુપે સમજવું. સવાર સાંજના વિશાલ લોચન કે નમોસ્તુ આનંદ વ્યક્ત કરવા માટે છે. સવારે ઉઠ્યા બાદ પહેલું પ્રતિક્રમણ છે જ્યારે સાંજે દિવસની બધી પ્રવૃત્તિ પછી પ્રતિક્રમણ છે તેથી બંને પ્રતિક્રમણ માટે જુદા વિધાન સમજી શકાય છે. તેરસના અને વિહાર વગેરેમાં માંગલિક પ્રતિક્રમણ શાંતિ માટે છે. પણ બધામાં મુખ્યતયા સામાચારીને કારણ સમજવું. છતાં હાલ વંદિત્તુ ગોદોહિકા આસન વગર બીજી મુદ્રાએ કરાય છે.

**પ્રશ્ન : ૨૧૩.** વાપર્યા પછીનું ચૈત્યવંદન તરત જ કરવાનું કે પછી કરીએ તો ચાલે ? આ ચૈત્યવંદન ન થાય ત્યાં સુધી પાણી પણ ન પીવાય ?

**ઉત્તર :** વર્તમાનમાં વાપર્યા પછીનું ચૈત્યવંદન તરત કરી લેવાનો રિવાજ છે. અને પાણી પણ એ પછી જ વપરાય. જુની વિધિમાં સંવરનું પચ્ચક્ખાણ છે. તેથી બપોરે કે સાંજે પચ્ચક્ખાણ લીધા બાદ આ ચૈત્યવંદન કરવાનું હતું. પણ આ વ્યવહાર આજે ન કરવો.

**પ્રશ્ન : ૨૧૪.** દેવસી પ્રતિક્રમણમાં મોડા પડ્યા હોઇએ ને સંઘ સાથે ઠાવવું હોય, તો શરુઆતની ચાર થોય ત્યારે ન કરીએ તો ક્યારે કરી શકાય ?



**ઉત્તર :** બને ત્યાં સુધી પ્રતિક્રમણ શરુ થતાં પહેલા જ પ્રતિક્રમણ માંડલીમાં પહોંચી જવું જોઇએ. વિશેષ કારણવશ મોડું થવાથી શરુઆતમાં ચાર થોય ન થઇ હોય, તો નમોસ્તુ બાદ નમુત્થુણં બોલી ચાર થોય કરી પછી નમુત્થુણં કરી સ્તવન બોલવું. બીજો વિકલ્પ શાંતિ પછી લોગસ્સ બાદ અરિહંત ચેઇયાણં કરી ચાર થોય કરી નમુત્થુણં બોલી અવિધિ આશાતનાનું મિચ્છામિ દુક્કડમ્ કરવું. પણ મુખ્યતયા પહેલા વિકલ્પ મુજબ જ કરવું.

**પ્રશ્ન : ૨૧૫.** દેરાસરમાં મુકાયેલા ફળો પૂજારી કોઇ દુકાનમાં વેંચી નાંખે, પછી આપણે એ દુકાનમાંથી ફળ લઇને ખાઇએ તો દોષ લાગે ?

**ઉત્તર :** અજાણતા પૂરુ મૂલ્ય ચૂકવીને લીધા હોય, તો ક્ષંતવ્ય ગણાય. જાણીને લેવાય નહીં અને ખવાય નહીં. ભાવવિશુદ્ધિ માટે 'આ દેરાસરમાં ચઢાવેલું ફળ ખાઉ છું' એવા વિચારથી પરિણામ ન બગડે એ માટે જો ખબર હોય કે પૂજારી આ દુકાનમાં ફળ વેંચે છે, તો તે દુકાનથી તે ફળ લેવા નહીં.

**પ્રશ્ન : ૨૧૬.** ૬૪ ઇંદ્રો ઇંદ્રપણામાં અપ્રતિપાતી સમ્યક્ત્વવાળા હોય એટલે કે કદી મિથ્યાત્વ પામે જ નહીં ? કે એમને પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ આપણી જેમ આકર્ષવાળું હોય ?

**ઉત્તર :** બધા ઇંદ્રો ક્ષાયિક સમ્યકત્વવાળા જ હોય એવો નિયમ નથી. કેટલાક ઇંદ્રો ઇંદ્ર તરીકે ઉત્પન્ન થતી વખતે દ્રવ્ય સમકિતી હોય છે. પણ ૬૪ ઇંદ્રો મોટે ભાગે ભાવ સમ્યકત્વી હોય છે. એમાં જો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય, તો જતું રહેવાનો સંભવ પણ હોય છે. એટલે કે તેઓને પણ એ રીતે આકર્ષ સંભવે છે, પણ સંભાવનાથી



books\satyakant\proof.pm6,mch2,43

ગયેલું સમ્યક્ત્વ અલ્પકાળમાં પાછું આવે છે. તેઓ દીર્ઘકાળ સમ્યક્ત્વ વગર રહેતા નથી.

**પ્રશ્ન : ૨૧૭.** ઉકાળેલા પાણીની જેમ કરિયાતાનો કાળ ૩-૪-૫ પ્રહરનો સમજવાનો કે ચૂનાના પાણીની જેમ ૩ દિવસનો સમજવાનો ? મારવાડ વગેરેમાં આંબેલ ખાતામાં ઉકાળેલા કરિયાતાનો કાળ ૩ દિવસનો ગણવાનો વ્યવહાર છે, આ બરાબર છે ?

**ઉત્તર :** ચુનાના પાણીની જેમ કરિયાતાના પાણીનો ૩ દિવસનો રિવાજ ચાલે છે. આ રિવાજ ફેરવવા માટે ઘણા સાથે વિચાર વિમર્શ કરવો પડે. જ્યાં સુધી એ રીતે નિર્ણય ન થાય, ત્યાં સુધી અભક્ષ્ય કહીને એ રિવાજને ફેરવવો નહીં. પણ રોજ તાજું કરો તો સારું એમ પ્રેરણા આપી શકાય.

**પ્રશ્ન : ૨૧૮.** શ્રાવક સાધ્વીજી મહારાજ પાસે પચ્ચક્ખાણ લઇ શકે ?

**ઉત્તર :** પચ્ચક્ખાણ વંદનપૂર્વક લેવાનું છે. શ્રાવક સાધ્વીને વંદન કરી શકે નહીં. તેથી સામાન્યથી લેવું ઉચિત નથી. પણ પોતાને ન આવડતું હોય એવી અવસ્થામાં લેવું પડે, તો નભાવી લેવું.

**પ્રશ્ન : ૨૧૯.** સાધ્વીજી વ્યાખ્યાન કરતા હોય, તો શ્રાવકો સાંભળવા જઇ શકે ?

**ઉત્તર :** વિશિષ્ટ કારણ વગર ન જવું સારુ છે. જવું પડે, તો સાધ્વીજીની સામે બહેનો બેસે. પુરુષોએ ન બેસવું. આમ તો શ્રાવકો બાજુમાં બેસે એ પણ લોકનિંદિત છે. માટે ન જવું સારું છે. ૨-૪ શ્રાવકો હોય, તો બાજુમાં બેસી સાંભળે, પણ ઘણા ભાઇઓ હોય, તો બાજુમાં બેસવું ય ઉચિત નથી.

**પ્રશ્ન : ૨૨૦.** દેરાસરમાં શ્રાવક નમુત્થુણં વગેરે સૂત્ર બોલે તો સાધુને



કલ્પે ?

**ઉત્તર :** સાધુ એ-એ સૂત્રો મનમાં ધારી લે, તો શ્રાવક એ સૂત્ર બોલી શકે. એમાં વાંધો નથી.

**પ્રશ્ન : ૨૨૧.** સાધુ તિર્યંચને અનુકંપાદાન કરી શકે ?

**ઉત્તર :** સાધુ જીવદયા પાળે છે એ અનુકંપા જ છે. વસ્તુ આપવારુપ અનુકંપા ગૃહસ્થ વગેરેને પણ કરી ન શકે. હા, ગૃહસ્થને તિર્યંચાદિ પર અનુકંપા કરવાનો ઉપદેશ આપી શકે.

**પ્રશ્ન : ૨૨૨.** સામુદાયિક નવકારમંત્રની અખંડ આરાધનામાં જોડાયેલો પ્રતિક્રમણ વગેરે ન કરે તો ચાલે ?

**ઉત્તર :** આરાધનાના દરેક અનુષ્ઠાનમાં બે ટાઇમ પ્રતિક્રમણ, પડિલેહણ, ૩ દેવવંદન વગેરે કરવાના હોય છે. તેથી અખંડ નવકાર અનુષ્ઠાનમાં પણ એ કરવા જ જોઇએ. છતાં એ નહીં કરનારને નવકારની આરાધનામાંથી અટકાવવો નહીં, પણ સાથે આ પણ કરવું જોઇએ એવી પ્રેરણા આપવી.

**પ્રશ્ન : ૨૨૩. ઓઘનિર્યુક્તિમાં** સાધુને બાર મહીને પાણીમાં કાપનું વિધાન છે. આચાર્ય ગ્લાન વગેરે માટે અપવાદથી મેલા થાય ત્યારે કાપનું વિધાન છે. તો સોડા વગેરેનો ઉપયોગ પહેલા થતો ન'તો ? રાજા વગેરેના કપડાં કેવી રીતે ઉજળા-ચમકતા થતા હશે ? **પ્રવચન સારોદ્ધાર** ભાગ ૨ માં **તદૂર્ધ્વમપિ...તદા ક્ષારો પ્રક્ષેપ્તવ્યો યેન ભૂયઃ સચિત્તં ન ભવતીતિ...**આવા પાઠથી સૂચિત થાય છે કે પાણીને સચિત્ત થતું રોકવા ક્ષારનો ઉપયોગ થતો હતો. તો આચાર્યાદિ માટેના કપડા કે સાધુના કપડા માટે ક્ષાર-સાબુના ઉપયોગનું કોઇ વિધાન છે ?

**ઉત્તર :** અચિત્ત પાણીની સાથે ઉપલક્ષણથી ક્ષારનું ગ્રહણ થઇ શકે



books\satyakant\proof.pm6,mch2,44

છે. તેમ છતાં અક્ષરોરુપે સાબુ-સોડા વગેરેનો ઉપયોગ બારમાસે નીકળતા કાપમાં સાધુ કરે એવા પાઠની જાણ નથી. પૂર્વે ગૃહસ્થો અરિઠાના પાણીના ફીણથી કપડા ધોતા હતા. એ વખતે સોડા વગેરેના ઉપયોગનો સંભવ પૂરો છે. આચાર્યાદિના કપડાં ઉજ્વળ કરવા અથવા ગરમ કપડા ધોવા પૂર્વે અરિઠા વપરાતા હતા. તેનાથી મેલ નીકળે અને ચળકાટ આવે. જો કે આ અંગેના અક્ષરો ધ્યાનમાં નથી. પાણી સચિત્ત ન થાય એ માટેનો **પ્રવચન સારોદ્ધારનો** પાઠ બરાબર છે, તેવું પ્રસ્તુતમાં આચાર્યાદિના કપડાનાં કાપ અંગે પણ સમજી શકાય. ઉલ્લેખ ન મળે તો એકાંત નિષેધ કરવો નહીં. પણ કારણ વિશેષને ધ્યાનમાં લેવો. હા, સામાન્ય વ્યવહાર ન થાય, તે કાળજી લેવી. અગીતાર્થોને પણ એ ઉપયોગમાં અકર્તવ્ય બુદ્ધિ થાય, જાગૃતિ રહે એ માટે તેવો વ્યવહાર થવો જરુરી છે.

**પ્રશ્ન : ૨૨૪.** ફીકો માવો કઇ વિગઇમાં ગણાય ? સાકર યુક્ત મીઠો માવો કઇ વિગઇમાં ગણાય ? માવો બનાવતી વખતે તેમાંથી ઘી છુટે છે એમાં એ તપાય છે તો કડાવિગઇ ગણાય કે બીજું ઘી નાખીને માવાને શેકે તો જ કડાવિગઇ ગણાય ?

**ઉત્તર :** ફીકો માવો દુધ વિગઇનું નિવિયાતું ગણાય. સાકર યુક્ત મીઠો માવો દુધવિગઇનું નિવિયાતું ગણાય અને સાકર ભળેલ હોવાથી ગોળ વિગઇ ગણાય. માવામાંથી ઘી છુટે એટલામાત્રથી એને કડાવિગઇ ગણવાનો વ્યવહાર નથી. ઘીમાં શેકે તો કહેવાય. સાકર નાંખેલો માવો સફેદ હોય, તો બીજા દિવસે કલ્પે નહીં. પાકી ચાસણીમાં નાખેલો કે ઘીમાં શેકેલ કે પાકો લાલચોળ થાય તો બીજા દિવસે કલ્પે. તળતા-પોતકૃત કરતાં જે ઘી નાખે એ રીતે એમાં કરેલો



માવો કડાવિગઇ ગણાય. કેમકે એ ઠેકાણે નાંખેલા ઘી થી કડાનો વ્યવહાર થાય છે.

**પ્રશ્ન : ૨૨૫.** ગુરુભગવંતના સામૈયામાં હાથી-ઘોડા વગેરે હોય, તો તેના ચડાવાની રકમ ક્યા ખાતામાં લઇ જવાય ? (ભગવાનનો રથ વરઘોડામાં નથી)

**ઉત્તર :** ગુરુના સામૈયામાં હાથી વગેરેના ચડાવામાંથી સામૈયાનો ખર્ચ કાઢી શકાય. બચેલી રકમ વૈયાવચ્ચ-જ્ઞાન વગેરે ખાતામાં પણ લઇ જવાનો લગભગ બધે રિવાજ છે.

**પ્રશ્ન : ૨૨૬.** સોલર કુકરના ઉપયોગથી થતી રસોઇને બાહ્યશસ્ત્ર તરીકે સ્વીકારી સચિત્ત ત્યાગવાળા વાપરી શકે ? ખાસ કરીને બાફેલ લોટ, ખીચડી અને ભાત. સોલરકુકરમાં ખીચડી, ભાત, બાફેલ લોટ, બાજરી લોટ જ્યારે રાંધવા માટે પાણી સહિત મૂકવામાં આવે છે તે ત્રણ કલાક દરમ્યાન તૈયાર થઇ જાય છે. ખીચડી, ભાત અને લોટમાં બીલકુલ પાણી રહેતું નથી તો આ રીતે બનેલ ભાત, ખીચડી, બાજરીનો લોટ વિગેરે જેમાં પાણીનો અંશ રહેલ ન હોય તેવી ચીજ સચિત્ત ત્યાગ વાળાને કલ્પી શકે ? સોલરકુકરને બાહ્યશસ્ત્ર ગણી શકાય કે આ રીતે તૈયાર થયેલ વસ્તુને બાહ્યશસ્ત્ર ચુલા, ગેસ ઉપર ફરી મુકવી પડે. આ રીતે તૈયાર થયેલ ચીજમાં પાણી બચેલ ન હોવાથી ગેસ, ચુલા ઉપર મુકીએ તો ચીજ વાસણ જોડે ચોટી જાય તો બાહ્યશસ્ત્ર તરીકે ગેસ ઉપર મૂકવી. માટે ઉકળતા પાણીના વાસણમાં આ રસોઇનાં વાસણ મૂકવા પડે. સોલરકુકરનો ઉપયોગ તેઉકાયની શક્ય વિરાધના ઓછી કરવાના હેતુથી કરીએ છીએ. પણ સચિત્ત ચીજ રહેતી હોય તો આપ સમાધાન ફરમાવશો ?



books\satyakant\proof.pm6,mch2,45

**ઉત્તર :** સોલરકુકરમાં થતી રસોઇ અચિત્ત છે, સચિત્ત નથી. કારણ કે તે સીઝી જાય છે, રંધાઇ જાય છે. આ પણ (સોલર પણ) એક જાતનો અગ્નિ જ છે. તેથી બાફેલ લોટ, ખીચડી, ભાત વગેરે સંપૂર્ણ અચિત્ત થાય છે.

પાણી સહિત મૂકવામાં આવે તો પણ અનાજ રંધાવાથી અચિત્ત થાય છે. પાણી ન મૂકાય તો પણ અચિત્ત થાય છે. પાણીથી રંધાતુ હોવાથી ભાત, ખીચડીમાં પાણી અવશ્યર હે, પાણી બળે નહિ માટે બીજા દિવસે વાસી થાય. ટૂંકમાં સોલરકુકરમાં થતી રસોઇ એ એક અગ્નિના પ્રકારથી થતી રસોઇ છે. અને તે અચિત્ત થાય છે. ફક્ત સોલર દ્વારા ઉકાળેલા પાણીને વાપરવા અંગેમાં ઘણા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. વ્યવસ્થિત ગળવાની વ્યવસ્થા ન હોય, નળમાંથી સીધું જતું હોય, વળી એ પાણીની ઉષ્ણતા ઓછી-વત્તી કરી શકાતી હોય છે. તેથી પૂરો ઉકાળો ન આવે, ગરમી અમુક ડીગ્રીથી ઓછી રહે...વગેરે કારણે એ વ્યવહાર કરવા માટે વિચાર માંગે છે. છતાં અચિત્ત ન જ થતું હોય તેવું પણ નથી. માટે આ અંગે વિશેષ કાળજી અને જ્ઞાનીઓની રજા જરુરી જણાય છે.

**પ્રશ્ન : ૨૨૭.** क्षायिक सम्यग्दर्शन आने के बाद क्या एक समय के लीये भी जा सकता है ?

**ઉત્તર :** ક્યારે પણ નહીં.

**પ્રશ્ન : ૨૨૮.** श्रेणिक महाराजाने नरकायुष्य का बंध करा था तथा क्षायिक सम्यग्दर्शन था तो नरक जाते समय थोडे समय के लिये क्या मिथ्यात्वमें गये थे ?

**ઉત્તર :** ના, સમ્યકત્વની સાથે જ નરકે ગયા.



**પ્રશ્ન : ૨૨૯.** सम्यग्दर्शन के बाद अनुभूति के काल में क्या आश्रव होता है ?

**ઉત્તર :** મિથ્યાત્વ સિવાયના આશ્રવ હોય છે. મિથ્યાત્વના સાથ વગરના આશ્રવ અપ્રધાન અને નિર્બળ હોય છે.

**પ્રશ્ન : ૨૩૦.** મૂક કેવલી એટલે શું ?

**ઉત્તર : સ્યાદ્વાદ મંજરીમાં** આ અંગે વાત આવે છે. જન્મથી મૂક હોય છે. કેવળજ્ઞાન પછી પણ ઉપદેશ ન આપી શકે. 'મુણ્ડ' એટલે તેવા પ્રકારના બાહ્યાતિશયથી શૂન્ય જે કેવલજ્ઞાની તે 'મુણ્ડ' કેવલી. જે ફક્ત પોતાના જ આત્મકલ્યાણના લક્ષવાળા હોય, બીજા જીવોના ઉદ્ધાર પ્રત્યે ઉદાસીન હોય તેવા જીવો જ્યારે સ્વપુરુષાર્થથી કેવલી બને ત્યારે પણ અતિશય શૂન્ય હોવાથી તેમના દ્વારા બીજા જીવોના કલ્યાણને વેગ મળતો નથી. (**યોગબિંદુ** શ્લોક ૨૯૦)

**પ્રશ્ન : ૨૩૧.** મુહપત્તિ આમ-આવી ચોક્કસ રીતે શા માટે ? ઉપરનો મોડ આ રીતે જ શા માટે ?

**ઉત્તર :** મોટી લાંબી શાસ્ત્રપ્રતો વ્યાખ્યાનમાં વાંચતી વખતે થૂંક ન ઊડે તે માટે એક કાનથી બીજા કાન સુધી પહોંચે તે માટે તેમજ અન્ય પ્રસંગે પણ બોલતી વખતે મુખ બરાબર ઢંકાય તે માટે ચોક્કસ સાઇઝ છે. ચાર ગડી વાળેલા રુમાલ કરતા જુદી પડે અને તેનાથી સાધુ ઓળખાય માટે પ્રતિકરુપે આ રીતે જ વળાય છે. નાભી ઉપરનો શરીરનો ભાગ પૂંજવા માટેનું માપસર સાધન ઠીક રહે. ત્રણ ફોલ્ડ જ્ઞાન-દર્શન-ચારિત્રનું પ્રતિક છે. રસ્તામાં ચાલતા ક્યાંય પડી જાય અને કોઇનાં હાથમાં આવે તો એ પણ સમજી જાય કે આ જૈન સાધુની મુહપત્તિ છે. આવા અનેક કારણો વિચારી શકાય.



books\satyakant\proof.pm6,mch2,46

**પ્રશ્ન : ૨૩૨.** સાધુ જીવનમાં અતિચાર લાગવા સમયે સાધુનું ગુણસ્થાનક ક્યું થઇ જાય ? પાંચમુ કે છઠ્ઠે રહે ?

**ઉત્તર :** નાના અતિચાર લાગી જવાથી છઠ્ઠું ગુણઠાણું બદલાતું નથી. છઠ્ઠું હોય તો છઠ્ઠું રહી શકે છે.

**પ્રશ્ન : ૨૩૩.** રાત્રિ ભોજન કરનાર પ્રતિક્રમણ ન કરી શકે ? પ્રતિક્રમણમાં તિવિહારથી નીચેનું પચ્ચક્ખાણ થાય કે નહીં ?

**ઉત્તર :** સાંજે પ્રતિક્રમણ કરતા હોય તેમણે રાત્રિભોજન છોડવું જોઇએ. ન છૂટતું હોય તો ધીરે ધીરે છોડવાનો પ્રયત્ન ચાલુ કરવો જોઇએ. રાત્રિભોજન કર્યા પછી પ્રતિક્રમણ કરે તો તે સંપૂર્ણપણે શુદ્ધ થતું નથી. પણ ના કરે એના કરતાં તો સારુ છે. પણ એનો પ્રતિક્રમણ તરીકે વ્યવાહર ન કરતાં બધી ક્રિયા કરવા છતાં સામાયિક તરીકે વ્યવહાર કરવો. તિવિહારનું પચ્ચક્ખાણ ઓછામાં ઓછું જોઇએ. અપવાદે ક્યારેક કોઇ વ્યક્તિ માટે દુવિહાર થઇ શકે, બધાને માટે નહીં.

**પ્રશ્ન : ૨૩૪.** વ્રત-તપ વિનાનો માણસ ઉકાળેલું પાણી પીતો હોય તો રાત્રે ઉકાળેલું પાણી પી શકે કે નહિ ? સૂર્યાસ્ત પછી પાણી સચિત્ત થઇ જાય ?

**ઉત્તર :** સૂર્યાસ્ત સમયે પાણી ઉકાળ્યું હોય તો ચોમાસા, શિયાળા, ઉનાળામાં ક્રમશઃ ૩-૪ કે પાંચ પહોર સુધી પાણી અચિત્ત રહી શકે છે. ધાર્મિક દ્રષ્ટિએ જે લોકો બહુ દોષથી બચવા માટે ઉકાળેલું પાણી પીતા હોય તો તેઓએ રાત્રે રાત્રિભોજનના ત્યાગરુપે ઉકાળેલું પાણી પણ પીવું જોઇએ નહીં. રાત્રે કાચા પાણીને બદલે ઉકાળેલું પાણી પીએ તો અપકાયની વિરાધનાથી બચવા છતાં પછી તિવિહાર કરતાં



ચોવિહારના પચ્ચક્ખાણનું મહત્ત્વ ઘટી જવાનો ભય ઉભો થાય છે. માટે એ વ્યવહાર ન કરવો સારો છે.

**પ્રશ્ન : ૨૩૫.** વક્તવ્યમાં અમો (શ્રાવક) વિષય અનુરુપ આગમ પાઠનો ઉલ્લેખ કરી શકીએ કે નહિ ? એમ કરવામાં બાધ ખરો ?

**ઉત્તર :** સીધે સીધો આગમ પાઠનો ઉલ્લેખ નહીં કરતાં એમ કહેવું કે અમુક (આગમેતર) ગ્રન્થમાં અથવા તો અમુક આચાર્ય/સાધુ પાસે આ પ્રમાણે આગમનો પાઠ વાંચ્યો સાંભળ્યો છે કે...આ રીતે કહેવાથી એમ ન સમજે કે આપણે સીધે સીધા આગમો વાંચી લીધા છે અથવા વાંચી શકાય છે. ગણધર ભગવંતો પણ સૂત્રમાં અમે ભગવાન પાસે આ રીતે સાંભળ્યું છે એમ જણાવે છે. **''સુઅં મે આઉસં''** વગેરે અથવા અમુક **લોકપ્રકાશ** વગેરે ગ્રંથોમાં આ આગમનો પાઠ આ રીતે આવે છે. એ રીતે શ્રાવક અધ્યયન યોગ્ય ગ્રંથનો ઉલ્લેખ આપી શકાય.

**પ્રશ્ન : ૨૩૬.** સિધ્ધ અવસ્થામાં જીવ સક્રિય શી રીતે ?

**ઉત્તર :** ક્રિયા બે જાતની છે. એક સ્પંદનરુપ જેનાથી આત્મપ્રદેશની હિલચાલ થાય. આત્મદ્રવ્યમાં ગતિશીલતા આવે એવી ક્રિયા સિધ્ધના જીવોમાં ન હોય. બીજી ભાવક્રિયા દા.ત. અસ્તિક્રિયા, સ્થિતિક્રિયા, સ્વરુપ રમણાત્મકક્રિયા, જ્ઞાનક્રિયા, દર્શનક્રિયા, શાશ્વતસુખોપભોગ-ક્રિયા. આવી બધી ક્રિયાઓ (કે જેનો સામાન્ય લોકોમાં ક્રિયારુપે વ્યવહાર થતો નથી) દ્વારા સિધ્ધના જીવો સક્રિય હોય છે.

**પ્રશ્ન : ૨૩૭.** દેવગતિનું સર્વોત્કૃષ્ટ આયુષ્ય બાંધવાવાળાનાં ભવ વધારેમાં વધારે કેટલાં થઇ શકે ?

**ઉત્તર :** દેવગતિમાં સર્વાર્થસિધ્ધ વિમાનવાળા અનુત્તર દેવલોકનું ૩૩ સાગરોપમનું આયુષ્ય એ સર્વોત્કૃષ્ટ આયુષ્ય છે અને તે માનવોમાં



books\satyakant\proof.pm6,mch2,47

પણ શ્રમણ સાધુ જ બાંધી શકે અને ત્યારબાદ દેવલોકનો ભવ કરીને મનુષ્યભવમાં આવી મોક્ષે જાય એટલે ૧ દેવનો ૧ મનુષ્યનો એમ બે ભવો થાય. આ વાત સર્વાર્થસિધ્ધ વિમાનના દેવોની છે. પરંતુ તેની ચારેબાજુ જે ચાર અનુત્તરના વિમાનો છે તેમાં પણ ઉત્કૃષ્ટ આયુ ૩૩ સાગરોપમ છે. તે વિજય વગેરે ૪ વિમાનવાળા દેવો બીજા પણ દેવનાં ભવ કરી શકે છે માટે ૪ વિમાનવાળાને સંખ્યાતા ભવ બતાવ્યા છે. આ વાત **તત્ત્વાર્થસૂત્ર** અને **પન્નવણા** વગેરેમાં છે. અનુત્તરમાં પણ બીજીવાર જઇ શકે.

**પ્રશ્ન : ૨૩૮.** નિકાચિત અને નિધત્તમાં અંતર-ફરક શું ?

**ઉત્તર :** નિધત્ત થયેલા કર્મોમાં ઉદ્વર્ત્તના-અપવર્ત્તના (=સ્થિતિ કે રસની વૃદ્ધિ હાનિ) થઇ શકે પણ નિકાચિત થયેલા કર્મોમાં એ પણ ન થાય. સોયોને ભેગી કરીએ તે **સ્પૃષ્ટ** કહેવાય. દોરાથી બધી ભારીની જેમ બાંધીએ તે **બધ્ધ** કહેવાય. ભેગી કરીને બરાબર ટીપી નાખીએ તે **નિધત્ત** કહેવાય. તપાવીને એકમેક થાય તે **નિકાચિત** કહેવાય.

**પ્રશ્ન : ૨૩૯.** મુનિ ત્યાગ-વૈરાગ્યના પરિણામથી સંયમ આરાધના કરે છે. ભોગ રુચિને પરિભ્રમણનું કારણ જાણીને ભોગરુચિથી નિવૃત્ત થવા માટે ભોગ પ્રવૃત્તિનો ત્યાગ કરે છે. છતાંય એને વિશેષભોગ વ્યવસ્થાપૂર્ણ દેવગતિ શા માટે મળે છે ?

**ઉત્તર :** કુદરતના નિયમોની સામે 'શા માટે' આવો પ્રયોજન સૂચક પ્રશ્ન ન હોઇ શકે. સર્વત્ર **'ત્યાગે એની આગે', 'ન માગ્યું દોડતું આવે'** એવો ન્યાય પ્રવર્તે છે. 'શ્રમણ'એ પ્રકૃત્તિનું સર્વશ્રેષ્ઠ સંતાન છે. અને તેથી એ પ્રકૃતિ માતા પોતાના સર્વશ્રેષ્ઠ સંતાનને પોતાના વિશ્વ ઉદ્યાનમાં ઊંચામાં ઊંચા સ્થળે હરવા-ફરવા, મોજ-મજા કરાવવા



લઇ જાય તેમાં કાંઇ જ અનુચિત નથી. એટલું ધ્યાનમાં રહે કે ઉચ્ચ-ઉચ્ચતર દેવલોકમાં જાય છે. પણ ઉચ્ચ ઉચ્ચતર દેવલોકમાં વાસના કે ભોગાકાંક્ષા મંદ-મંદતર અને મંદતમ બની જાય છે. યાવત્ અનુત્તર દેવલોકના દેવો લગભગ વીતરાગ જેવી ઉચ્ચ દશામાં કાળ પસાર કરે છે. છેવટે મનુષ્યભવમાં આવીને વાસના નિર્મૂળ કરી નાખે છે.

**પ્રશ્ન : ૨૪૦.** સમ્યક્ત્વ સહિત મુનિની નિયમા કઇ ગતિ ? એ ગતિમાં પણ ક્યું સ્થાન ?

**ઉત્તર :** મુનિ તો ઠીક પણ સમ્યક્ત્વ સહિત શ્રાવક કે તિર્યંચ પણ અવશ્ય વૈમાનિક દેવલોકમાં જ જાય. (જો સમ્યક્ત્વ પામતા પૂર્વે નરક આદિના આયુષ્યનો બંધ ન થયો હોય તો) વળી વિશુદ્ધ સમ્યક્ત્વ ધારી હોય તો ઇન્દ્ર કે સામાનિક અથવા મહર્દ્ધિક દેવો જેવા ઉચ્ચ સ્થાન પામે છે.

**પ્રશ્ન : ૨૪૧.** ક્ષાયિક સમકિતનો એક ભવની અપેક્ષાએ અધિકકાળ કેટલો હોઇ શકે ?

**ઉત્તર :** દેવલોકના ભવની અપેક્ષાએ ૩૩ સાગરોપમ. યુગલિકના ભવની અપેક્ષાએ ૩ પલ્યોપમ. મનુષ્યભવમાં જો ક્ષાયિક સમકીત પામે તો ૯ વર્ષથી પૂર્વે પામે નહીં માટે ૯ વર્ષ ન્યુન પૂર્વ કોટી વર્ષ (૧ પૂર્વ=૭૦૫૬૦ અબજ વર્ષ). તિર્યંચના ભવમાં ૩ પલ્યોપમ. નારકના ભવમાં સાધિક ૩ સાગરોપમ. **મતાંતરે** દેશોન એક સાગરોપમ (પ્રથમ નરકસુધી જ જાય તેમને).

**પ્રશ્ન : ૨૪૨.** ક્ષાયિક સમકિતીના અધિકમાં અધિક કેટલા ભવ હોય ?

**ઉત્તર :** સામાન્યથી એક કે ત્રણ ભવ, યુગલિકની અપેક્ષાએ ૪ ભવ **મતાંતરે** કોઇને પાંચ ભવ પણ થાય એનાથી વધારે ન થાય.



books\satyakant\proof.pm6,mch2,48

**પ્રશ્ન : ૨૪૩.** સર્વોત્કૃષ્ટ પૌદ્ગલિક વૈભવ જીવને કઇ ગતિમાં-કેટલા કાળ સુધી મળે છે ? એ જીવનો એ વૈભવ પ્રત્યે કેવો ભાવ રહે છે ?

**ઉત્તર :** મનુષ્યગતિમાં કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્માને જે ઉત્કૃષ્ટ પૌદ્ગલિક વૈભવ હોય છે તેવો બીજા કોઇને હોતો નથી. તે પછી ઉતરતો અનુત્તર દેવતાઓને ૩૩ સાગરોપમ સુધી હોય છે. આ બધા જીવો પૌદ્ગલિક વૈભવમાં ઉદાસીન ભાવવાળા જ હોય છે.

**પ્રશ્ન : ૨૪૪.** જીવનની સર્વથા શુદ્ધ અવસ્થામાં દાન, લાભ, ભોગ, ઉપભોગની વ્યવસ્થા કેવી રીતે ?

**ઉત્તર :** દાનાદિ બે પ્રકારે છે. શક્તિરુપે અને વ્યક્તિરુપે. દાન કરવું હોય તો કોઇ જ અંતરાય નડે જ નહીં. કોઇ અટકાવી શકે નહીં એ પ્રકારે શક્તિરુપે દાનાદિ પાંચેય સર્વથા શુધ્ધ અવસ્થામાં બધા શુધ્ધાત્માઓને=કેવળજ્ઞાની ભગવંતો અને સિધ્ધ પરમાત્માઓને હોય જ છે. જ્યારે વ્યક્તરુપે દાનાદિ યથાસંભવ હોય છે. દા.ત. અભયદાન દીક્ષાદાન વગેરે. તથા પોતાના આત્મસ્વરુપનો સતત લાભ, સતત તેનો ભોગ, ઉપભોગ સિધ્ધાત્માઓ કરતા જ હોય છે.

**પ્રશ્ન : ૨૪૫.** જેમ તલસાંકળીમાં ચાસણી સર્વત્ર હોય છે, તેમ આખા વૃક્ષનો એક જીવ ડાળ, પાંદડા, ફળ-બીજ વગેરે બધામાં વ્યાપેલો હોય કે માત્ર થડ આદિરુપ પોતાના સ્વતંત્ર અંગમાં જ હોય ?

**ઉત્તર :** વૃક્ષનો મૂળજીવ સર્વત્ર વૃક્ષમાં તલસાંકળીની સાકરની જેમ વ્યાપ્ત હોય છે અને મૂળ વગેરે દશે અવયવોમાં જુદા જુદા જીવો હોય છે. આ જીવો સાથે બહારથી ઉપરથી વૃક્ષના જીવનો સંબંધ છે. પણ પ્રત્યેક શરીરિ એક શરીરમાં બે જીવો રહેતા નથી. **લોકપ્રકાશમાં**



આ રીતે બતાવેલ છે.

**પ્રશ્ન : ૨૪૬.** બીજનો જીવ સ્વતંત્રરુપે બીજ બનાવે કે એમાં ફળના જીવની પણ સહાયતા હોય ? આપણા શરીરમાં થતાં કૃમિ પોતાનું શરીર સ્વતંત્ર બનાવે છે, એમાં આપણી સહાયતા નથી.

**ઉત્તર :** ફળનો જીવ બીજમાં નથી, પણ બીજની ઉત્પત્તિમાં સહાયક છે. જેમકે ગર્ભમાં રહેલો જીવ ગર્ભ બંધારણમાં માતાની સહાયતાની અપેક્ષા રાખે છે. કૃમિની ઉત્પત્તિમાંય આપણી અપેક્ષા-સહાયતા તો હોય જ છે. તેથી એમ લાગે છે કે બીજ માટે ફળ, ફલ માટે ડાળી, ડાળી માટે મોટી ડાળી અને એ માટે વૃક્ષ સહાયકભાવ રાખે છે.

**પ્રશ્ન : ૨૪૭.** 'જૈનદર્શનનો કર્મવાદ' પુસ્તકમાં લખ્યું છે કે 'દાનઆદિ ધર્મકાર્યમાં મોટાઇની મહત્ત્વાકાંક્ષા હોય અથવા અન્ય કોઇ પ્રકારની ભૌતિક સ્વાર્થની આશંસા વર્તતી હોય, તો તેવા ધર્મકાર્ય યા સદ્પ્રવૃત્તિથી થતો પુણ્યબંધ આશંસા દોષવાળો હોવાથી તેમાં પાપાનુબંધી પુણ્યના સંસ્કારો રોપાય છે. એવા પાપાનુબંધી પુણ્યના ઉદય વખતે જીવ અધ્યાત્મજ્ઞાન પ્રત્યે ઉપેક્ષા સેવી ભૌતિક સુખસામગ્રીની પ્રાપ્તિમાં જ વિદ્વત્તા માને છે. પરલોક પુણ્ય-પાપ-આત્મા-મોક્ષ આદિના લક્ષમાં મૂર્ખતા સમજી ફક્ત આભવના જીવનમાં ભોગવિલાસ ભોગવવામાં જ સુખ માને છે. ઇત્યાદિ...

આ વિષે પ્રશ્ન એ છે કે વર્તમાનમાં ઉપાશ્રય આદિમાં ફોટો કે નામ આવે તો પૈસા આપે, તેમ પ્રતિષ્ઠા વગેરે વખતે પોતાની આબરુ જમાવવા મોટી બોલીઓ બોલે એમ ન કરતાં જો ઘરે ઘરે રકમ નોંધાવા જાય, તો રકમ ઓછી આવે, જ્યારે આવા જાહેર પ્રસંગમાં ઘણી રકમ આવે. વળી નામનાની પ્રાયઃ બધાને ઇચ્છા હોય છે તો શું આ



books\satyakant\proof.pm6,mch2,49

રીતે રકમ આપે તે પાપાનુબંધી પુણ્યનું કારણ છે ? જો હા તો શા માટે ? શ્રાવકને-ગૃહસ્થને તો અપ્રત્યાખ્યાની કે પ્રત્યાખ્યાની કષાયના ઉદયથી માન કષાયના ઉદયે નામ-ફોટા વગેરેની ઇચ્છા તો થાય જ ને. તો શું આનાથી પાપાનુબંધી પુણ્યનો જ બંધ થશે ? જો પાપાનુબંધી પુણ્યનો બંધ ન થાય એમ કહેશો, તો તે માટે કારણ શું ?

**ઉત્તર :** ઉપરોક્ત બાબતમાં પાપાનુબંધી પુણ્ય જ બંધાય એમ એકાન્તે કહેવું વ્યાજબી નથી. એક નયથી પ્રરુપણા કરીએ એ વાત જુદી, પણ મુખ્યરુપે આવું કહેવું ઉચિત નથી. કેમકે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનો વગેરે આશયની સાવ બાદબાકી કરી નાખવાની આ વાત છે. ઘણી વખત ચઢાવા વગેરે વખતે દેવદ્રવ્યની વૃદ્ધિના આશયની સાથે બીજા આશયો હોય છે. આમ શુભ આશય અંતર્ગત હોવાથી ઉપરોક્ત વાત એકાંતે પકડવી નહીં. વળી બાલજીવો એ રીતે ધર્મમાં જોડાય એ વ્યવહાર ધર્મ છે. વ્યવહાર પાપમાં બધા જોડાય છે. તેમાંથી અટકાવવા વ્યવહાર ધર્મ પણ આપવો જોઇએ. પછી દ્રષ્ટિ ખુલે ને આ વ્યવહાર ધર્મથી એવું પુણ્ય મળશે કે પરમાત્માની પ્રાપ્તિ પણ થાય. તેથી જેઓને મોક્ષ પ્રત્યે દ્વેષભાવ નથી અથવા મોક્ષ પ્રત્યે કંઇક પણ રાગ-આકર્ષણ ઉભું થયું છે તેઓનો આશંસાયુક્ત પણ ધર્મ તદ્‌હેતુ અનુષ્ઠાન ગણાય છે. હા, આશંસા અતિતીવ્ર બને તો ક્યારેક તે અલ્પકાલીન ધર્મભ્રષ્ટ કરનાર બને. અને બાધકરુપ થાય. પણ જો આશંસા તીવ્ર ન હોય તો તે ધર્મસાધક બને છે. તેનો નિષેધ કરવો તે પાપકારક છે, માર્ગબાધક છે.

આ તીવ્ર ન હોય, એવી આશંસાવાળા જીવોને પાપાનુબંધી પુણ્ય બંધાય તેવું ન કહેતા પુણ્ય સામાન્ય-નિરનુબંધ બંધાય તેવું માનવું-કહેવું ઉચિત છે. વળી ક્યારેક આશંસાથી શરુઆત કર્યા પછી ક્રિયાકાળે



કે તે પછી ભાવોલ્લાસ વધવાની સંભાવના પણ છે.

તેથી આશંસાવાળાને વિશેષ પુણ્ય કે પુણ્યાનુબંધી પુણ્ય ન બંધાય ત્યાં સુધી ઠીક છે. પણ પાપાનુબંધી પુણ્ય કહી દેવું ઉચિત લાગતું નથી. પુણ્યાનુબંધી પુણ્યના કારણ તરીકે મુખ્યતયા અમૃત અનુષ્ઠાન છે અને બીજરુપે તદ્‌હેતુ અનુષ્ઠાન છે માટે ધર્મના અનુષ્ઠાનનું પોષણ કરવું. આશય સ્વચ્છ બનાવવાનો પ્રયત્ન કરવો પણ પાપ કે પાપાનુબંધી તરીકે નિંદીને નહીં પણ આશંસાને નિંદીને-તેથી ધર્મને અલ્પફળદાયી બતાવી જેનાથી વિશેષ ફળ પ્રાપ્ત થાય છે એવા શુદ્ધ આશયનું જ્ઞાન આપવું.

**પ્રશ્ન : ૨૪૮.** ચોથા-પાંચમા ગુણસ્થાનકે પાપાનુબંધી પુણ્યનો બંધ થાય કે નહીં ?

**ઉત્તર :** પાપાનુબંધી પુણ્યનો બંધ મુખ્યવૃત્તિએ અપુનર્બંધકદશાથી પહેલા હોય. કથંચિત તે પછી પણ મિથ્યાત્વ ગુણસ્થાનકે સંભવે. **ચોથા કે તેથી ઉપરના ગુણસ્થાનકોએ તો પાપાનુબંધી પુણ્ય કે પાપાનુબંધી પાપ સંભવતા નથી. આ ગુણસ્થાનકોએ પાપનો અનુબંધ હોતો નથી.**

**પ્રશ્ન : ૨૪૯.** તીર્થંકરના ભાંગામાં પ્રધાન શાતા ઉદય અને સૂક્ષ્મ અશાતા ઉદય બતાવ્યો છે તે કેવી રીતે ઘટે ? શું એકસાથે શાતા-અશાતા ઉભયનો ઉદય હોઇ શકે ? તીર્થંકરને શાતા-અશાતા પરાવર્તમાન હોય ?

**ઉત્તર :** એક સાથે બંનેનો ઉદય ન હોય. આમ તો શાતા જ હોય, પણ ક્યારેક અશાતા હોય. ત્યારે પણ તે અશાતા તીવ્ર ન હોય, અલ્પ હોય.



books\satyakant\proof.pm6,mch2,50

**પ્રશ્ન : ૨૫૦.** દેવને શાતા-અશાતાનો ઉદય પરાવર્તમાન હોય કે નહીં ?

**ઉત્તર :** દેવને સતત શાતાનો ઉદય વધુમાં વધુ છ મહીના હોય પછી અશાતાનો ઉદય આવે. તેથી બંને પરાવર્તમાન ખરા, પણ તે પ્રતિ અંતર્મુહુર્તે હોય, એમ ન સમજવું. નારકમાં કોક જીવને ભવના અંત સુધી અશાતા-અરતિ-શોકનો ઉદય હોય છે.

**પ્રશ્ન : ૨૫૧. ધર્મબિંદુ** ગ્રંથમાં મૈત્રી વગેરે ચાર ભાવનામય ધર્મ કહ્યો છે તો વિષ્ણુકુમાર મુનિએ નમુચિને માર્યો તથા શ્રી કાલિકાચાર્યે ગર્દભીલ્લના પ્રસંગમાં જે વ્યવહાર કર્યો એ વખતે અને એવા બીજા ઘણા પ્રસંગોમાં ચાર ભાવના કેવી રીતે ઘટી શકે ?

**ઉત્તર :** વિષ્ણુકુમારને માતા પુત્રને અવસરે લાફો મારે એવા પ્રકારની કરુણાભાવના હતી. તેથી જ નમુચિને પહેલા સમજાવ્યો. તેથી જૈનશાસન પ્રત્યેની પ્રમોદભાવના જગાડી અશક્ય પરિહારરુપે દંડ કર્યો તેથી ચારે ભાવના વણાયેલી ધર્મપ્રવૃત્તિ હતી. ભાવધર્મીને પાપી પર પણ તિરસ્કાર ભાવના ન હોય. કાલિકાચાર્યે પણ પહેલા કરુણાભાવનાથી ગર્દભીલ્લને સમજાવ્યા, ન સમજ્યા માટે શક્તિશાળી શ્રી સંઘના આચારની પ્રમોદ ભાવનાથી કડક પગલા લીધા. પરમ ઉપકારી સંઘની છતી શક્તિએ સુરક્ષામાં પ્રમોદભાવના છે, અને છતી શક્તિએ અરક્ષામાં શ્રી શાસન પ્રત્યે ઉપેક્ષાભાવ છે જે વર્જ્ય છે, કેમકે એ ગાઢમિથ્યાત્વરુપ કે ગાઢમિથ્યાત્વના હેતુરુપ છે.

**પ્રશ્ન : ૨૫૨.** મૈત્રી વગેરે ચાર ભાવના પ્રશસ્ત મોહનીય કર્મજન્ય હોય કે અન્ય કોઇ કારણથી ઉત્પન્ન થાય ?

**ઉત્તર :** આ ચારેય ભાવના પ્રધાનતયા મોહનીય કર્મના ક્ષયોપશમથી



ઉદ્ભવે છે. એમાં આંશિક રીતે મોહનીયનો ઉદય ભળેલો હોય છે. તેથી જેમાં પ્રધાનરુપે મોહનીય કર્મનો ક્ષયોપશમ હોય તે પ્રશસ્ત ભાવના કહેવાય અને જેમાં મોહનીયનો ક્ષયોપશમ મંદ હોય કે ન હોય તેમાં મોહનીયના ઉદયની જ મુખ્યતા હોવાથી તે અપ્રશસ્તભાવ કે અપ્રશસ્ત ભાવના કહેવાય. એમાં વિચારવાનો આકાર દેખીતો સારો લાગે, તો પણ તે અપ્રશસ્ત છે.

**પ્રશ્ન : ૨૫૩.** લેશ્યા આઠ કર્મના નિષ્યંદરૂપ છે. તો તેરમા ગુણસ્થાને તો ચાર જ કર્મ હોય છે. તો ત્યાં શુકલ લેશ્યા ચાર કર્મના નિષ્યંદરુપ અને બારમે મોહનીય કર્મ નથી, તો સાત કર્મના નિષ્યંદરુપ લેવાની? આમ તો અનવસ્થિતિ ન ગણાય ? મોહનીયના પ્રશસ્ત-અપ્રશસ્ત ભાવ સાથે શુભાશુભ લેશ્યાને કોઇ સંબંધ ખરો ? જન્ય-જનક, કાર્ય-કારણભાવ ગણાય ?

**ઉત્તર :** તેરમાં ગુણસ્થાનક સુધી રહેતી લેશ્યાને યોગના નિષ્યંદરુપ ગણવી. કર્મના નિષ્યંદનો મત બીજો મત છે. આ મતે તેરમાં ગુણસ્થાનક સુધી જેને જેટલા મૂળ-ઉત્તર કર્મો ઉદયમાં હોય, તેઓના નિષ્યંદરુપે લેશ્યા ગણવાથી અનવસ્થિતિનો પ્રશ્ન નહીં રહે.

મોહનીયના પ્રશસ્તભાવ-અપ્રશસ્ત ભાવને મોહનીય કર્મના ક્ષયોપશમ-ઉદય સાથે સંબંધ છે. **મોહનીય કર્મનો ક્ષયોપશમ પ્રધાનતયા પ્રશસ્તભાવમાં કારણ છે. ક્યારેક મોહનીયના ઉદય વખતે પણ યતનાપૂર્વક હોય, તો તે પ્રધાનતયા મોહનીયના ક્ષયોપશમથી યુક્ત હોવાથી પ્રશસ્તભાવ માટે કારણ બને છે.** આવેશ-અયતના, મોહનીયનો તીવ્ર ઉદય વગેરે પ્રશસ્તભાવની મંદતામાં અને અપ્રશસ્તભાવ માટે કારણ બને છે. ક્ષયોપશમની અપેક્ષા ન લેતા



books\satyakant\proof.pm6,mch2,51

આગંતુક શુભ વિચારણા, જયણા, વિવેક વગેરે શુભ લેશ્યારુપ બને છે. અને તેથી વિપરીત અશુભ વિચારણા વગેરે અશુભ લેશ્યારુપ બને છે.

સામાન્યથી પ્રશસ્તભાવ વખતે અશુભ લેશ્યા ન હોય, અથવા હીયમાન હોય, શુભ લેશ્યાઓ પ્રાયઃ હોય. અપ્રશસ્તભાવ વખતે મુખ્યરુપે અશુભ લેશ્યા જ હોય. શુભ લેશ્યાઓ હોય તો હીયમાન હોય.

**પ્રશ્ન : ૨૫૪.** શ્રાવકોને ઉત્કૃષ્ટથી અવધિજ્ઞાન કેટલા ક્ષેત્રનું હોઇ શકે ?

**ઉત્તર :** અનુત્તર દેવોના અવધિજ્ઞાન જેટલું હોવાનું સંભવે છે. ચોથા ગુણસ્થાનકે રહેલા અનુત્તર દેવ કાળ કરીને મનુષ્ય થાય, તો ત્યાંથી આવેલા તીર્થંકરો અને બીજા પણ કો'ક જીવ એ અવધિજ્ઞાન સાથે લઇને આવે તેથી આટલું સંભવે. આમ શ્રાવકને દેશોન લોકાવધિજ્ઞાન હોઇ શકે છે.

**પ્રશ્ન : ૨૫૫.** ગ્રંથોમાં એવી વાત આવે છે કે તંદુરસ્ત માણસને એક મુહૂર્ત=૪૮ મીનીટમાં ૩૭૭૩ શ્વાસોચ્છવાસ હોય. આ હિસાબે મીનીટના લગભગ સાડા અઠોત્તેર શ્વાસોચ્છવાસ થાય. પણ આપણે અનુમાન કરીએ તો એક મીનીટના લગભગ ૧૫-૧૭ જેટલા જ શ્વાસોચ્છવાસ થતા દેખાય છે. તો શું સમજવું ?

**ઉત્તર :** વૈદિક શાસ્ત્ર વગેરેમાં અપાન-ઉદાન-પ્રાણ વગેરે પાંચ પ્રકારના વાયુ બતાવ્યા છે. તેમાં પ્રાણ એટલે હૃદયનો વાયુ. આને ચાલુ વ્યવહારમાં નાડીના-હૃદયના ધબકારા તરીકે ઓળખવામાં આવે છે. આ ધબકાર મીનીટમાં ૭૫ થી ૮૦ થઇ શકે છે. એના જેવું સમજવું હૃદયની હવા લેવા મુકવાની પ્રક્રિયા સમજવાની.



**પ્રશ્ન : ૨૫૬.** બે વસ્તુ અથડાતાં થતો અવાજ કઇ ભાષામાં સ્થાન પામે ?

**ઉત્તર :** આવો અવાજ ધ્વનિ કહેવાય અને તેમાં સત્યાદિ ભાષા તરીકેનો વ્યવહાર થતો નથી.

**પ્રશ્ન : ૨૫૭.** સાધુ આદિ કરતાં જ્ઞાનખાતું ઊંચુ ગણાય છે. તો પછી સાધુ-સાધ્વીના ભણતર માટે જ્ઞાનખાતાની રકમ કેવી રીતે ચાલે ?

**ઉત્તર :** જેમ દેવદ્રવ્ય દેરાસર નિર્માણ, મહાપૂજા વગેરે માધ્યમથી ચતુર્વિધ સંઘના દર્શનાદિ ગુણવૃદ્ધિ માટે ઉપયોગી બને છે. તે રીતે જ્ઞાનદ્રવ્ય પણ પુસ્તકાદિ દ્વારા (ચતુર્વિધ સંઘના) જ્ઞાનાદિગુણની વૃદ્ધિ માટે ઉપયોગી બની શકે છે. તેથી પુસ્તકમાં જ્ઞાનખાતુ કામ લાગે છે. પણ એ પુસ્તક દ્રવ્યશ્રુતરુપ છે. જ્યારે ભણતા સાધુને જે શ્રુત પ્રાપ્ત થાય છે, તે ભાવશ્રુત છે. નિરવદ્ય છે. આમ જે જ્ઞાનખાતાનું દ્રવ્ય દ્રવ્યશ્રુત માટે ઉપયોગી બની શકે, તે ભાવશ્રુતની ઉત્પત્તિ માટે તો સુતરામ ઉપયોગી બની શકે. તેથી સાધુ-સાધ્વીને ભણાવનાર જૈનેતર પંડિતને જ્ઞાનદ્રવ્યમાંથી રકમ આપી શકાય છે. પુસ્તકો જે લખાવવા યોગ્ય હોય, અને જરુરી ઓછી કોપી જ કરાવવાની હોય, તો લખાવવા માટે પણ જ્ઞાનદ્રવ્યને વિશેષથી વાપરી શકાય. દ્રવ્યશ્રુત જેમ વંદ્ય છે તેમ ભાવશ્રુત જ્ઞાની પણ વંદ્ય છે. આશાતના પણ બન્નેની ટાળવાની હોય છે.

**પ્રશ્ન : ૨૫૮.** જૈન વ્યક્તિ દેરાસરનું કોક કામ કરે, તો દેવદ્રવ્ય આપવાની ના પાડીએ છીએ. તો પૂજારીને કે વોચમેન વગેરેને પણ દેવદ્રવ્યમાંથી પગાર કેમ આપી શકાય ? તે દેવ તરીકે માનતો નથી



books\satyakant\proof.pm6,mch2,52

એમ કહેશો તો ઘણા જૈનો પણ નાસ્તિક છે. ઉલ્ટું કેટલાક પૂજારીઓ તો દેવ તરીકે માને પણ છે. તો પૂજારી વગેરેને દેવદ્રવ્યનો દોષ ન લાગે ?

**ઉત્તર :** જે પ્રભુભક્તિવાળા જૈનો છે તેઓને દેવદ્રવ્ય લેવાથી નિ:શૂકતા આવે અને પછી ભક્તિભાવ ન રહેવાથી ભક્તિનું ફળ શૂન્ય થઇ જાય. તેથી જૈનોએ દેવદ્રવ્ય લેવું ન જોઇએ. પૂજારી મહેનતાણારુપે લે છે. કામ કરીને વાજબી રકમ લે છે. તેથી દોષરુપ નથી. બાકી આમ જો દેવદ્રવ્ય અંગે વિચારો, તો દેરાસર માટે સામગ્રી વેચનાર પણ દોષિત ગણાશે. પછી તો દેવદ્રવ્યનો ક્યાંય વપરાશ જ નહીં રહે. એનું ઉપાર્જન કે વપરાશ ન ઘટે એ માટે જૈન સિવાય એનાથી યોગ્ય મહેનતાણું વગેરે આપી પૂજારી વગેરે પાસે કામ કરાવાય, યોગ્ય રકમ અપાય. પણ છુટથી મન ફાવે તેમ ન અપાય. સંઘ સમર્થ હોય તો પૂજારીને કલ્પિત દેવદ્રવ્યમાંથી પગાર ન આપે એ સારુ છે. પણ આપે તો ય દેવદ્રવ્ય ભક્ષણનો દોષ નથી લાગતો. પૂજારી દેવદ્રવ્યમાંથી ન લે અથવા ભક્તિવશ ઓછું લે તે તેનો વ્યક્ત ભક્તિરુપ ભાવ હોવાથી એના માટે લાભકારક છે. શ્રી સંઘ ટીપ વગેરેથી સાધારણનો પગાર આપે તો તે વિશેષ સારુ કહેવાય અને એ કર્તવ્ય છે.

**પ્રશ્ન : ૨૫૯.** ચકલી વગેરે પંખી દહેરાસરમાંથી ચોખા વગેરે ચણી જાય, તો તેને દેવદ્રવ્ય ભક્ષણનો દોષ લાગે ?

**ઉત્તર :** ચકલી વગેરેને અજ્ઞાનદશા એ જ મોટો દોષ છે. પણ તે અજ્ઞાન પશુ-પંખી છે. તેથી શાસ્ત્રમાં વર્ણવેલા દોષો એમને ન લાગે. માણસની અપેક્ષાએ એ જણાવેલ છે.

**પ્રશ્ન : ૨૬૦.** વેદાન્તીઓ વગેરે વેદને અપૌરુષેય=કોઇ પુરુષે ન



રચેલા માને છે આ વાતનું આપણે ખંડન કરીએ છીએ અને અપ્રમાણભૂત કહીએ છીએ. તો નવકારમંત્ર અક્ષરથી પણ શાશ્વત છે એમ સંભળાય છે. તો જો એ રીતે એ શાશ્વત હોય, તો અપૌરુષેયનો દોષ નહીં આવે ?

**ઉત્તર :** નવકારમંત્ર શબ્દથી શાશ્વત હોવા છતાં આપણને દોષ એટલા માટે નથી આવતો કે ગણધર ભગવંતો દ્વાદશાંગી રચતી વખતે આ નવકારને એમાં વણી લે છે. આમ તે-તે તીર્થની અપેક્ષાએ નવકાર પણ શરુઆતવાળો ગણાય. બાકી દ્રવ્યાસ્તિકનય મતે દ્વાદશાંગી પણ શાશ્વત છે. પર્યાયાસ્તિક નયે અશાશ્વત છે. તેથી અપૌરુષેયની આપત્તિ નથી. કેમકે આપણે એને પ્રગટ કરનાર તરીકે તીર્થંકર-ગણધર ભગવંતોને સ્વીકારીએ છીએ. જ્યારે તેઓ વેદને પ્રગટ કરનાર તરીકે પણ કોઇને સ્વીકારતા નથી.

**પ્રશ્ન : ૨૬૧.** પાર્શ્વનાથ ભગવાન યુક્ત પદ્માવતીની મૂર્તિ હોય, ત્યાંના ભંડારનું દ્રવ્ય સાધારણમાં જાય કે દેવદ્રવ્યમાં ? લોકો તો મોટેભાગે પદ્માવતી માનીને જ તેમની ભક્તિથી દ્રવ્ય મુકતા હોય છે ?

**ઉત્તર :** જેમ પુસ્તક પર કે પુસ્તકની અંદર ભગવાનનો ફોટો છાપેલો હોય છે છતાં પુસ્તક પૂજાનું દ્રવ્ય દેવદ્રવ્ય ગણાતું નથી. જેમ સંવત્સરીના દિવસે ભગવાનના ફોટાવાળા બારસાસૂત્રના દર્શન કરાવાય છે, છતાં તે ફોટાઓ બતાવવાનો ચઢાવો દેવદ્રવ્યખાતે નહીં, પણ જ્ઞાનદ્રવ્યખાતે જાય છે. તે રીતે માથે પ્રભુ મૂર્તિવાળી અધિષ્ઠાયક દેવ દેવીને અર્પણ કરવાની બુદ્ધિથી અર્પણ કરેલું દ્રવ્ય દેવદ્રવ્ય બની જતું નથી. તેથી જમાડવા-પ્રભાવના વગેરેને છોડી સંઘના સાતેય ક્ષેત્રમાં ઉપયોગી બની શકે છે.



books\satyakant\proof.pm6,mch2,53

**પ્રશ્ન : ૨૬૨.** એવો પ્રસંગ આવે છે કે વીરપ્રભુની દેશના સાંભળી રાજમહેલે પાછા જતાં શ્રેણિકે એક વિદ્યાધરને ઉપર ઉડે-નીચે પડે...આવું કરતો જોયો. તેથી પ્રભુ પાસે પાછા ફરી આનું કારણ પૂછ્યું. પ્રભુએ કહ્યું-વિદ્યાનો એક અક્ષર ભૂલી ગયો છે તેથી આમ થાય છે. આ સાંભળી અભયકુમાર એ વિદ્યાધર પાસે ગયા. એમની પાસેથી વિદ્યા સાંભળી પદાનુસારી લબ્ધિથી તે અક્ષર વિદ્યાધરને બતાવ્યો. આ અક્ષર મળવાથી વિદ્યાધર વિદ્યાથી ઉડી વૈતાઢ્ય પર્વત પર પોતાના સ્થાને પહોંચ્યો. તો અહીં પરમાત્માનું વચન પરંપરાએ આમાં નિમિત્ત બન્યું ગણાય ?

**ઉત્તર :** દસ પૂર્વધર અને તેથી ઉપરના પૂર્વધરો, અવધિજ્ઞાની, મન:-પર્યવજ્ઞાની અને કેવળજ્ઞાનીઓ આગમ વ્યવહારી ગણાયા છે. શ્રુતવ્યવહારી નથી. એમના વિષયમાં આવી તો ઘણી વાત અનેક કથાઓમાં આવે છે. ત્યાં તેઓએ પોતાની વિશિષ્ટ જ્ઞાન શક્તિથી વિશિષ્ટ લાભ જોયા હોય વગેરે સંભવે છે. તેથી તેઓના વિષયમાં આપણે વિકલ્પ કરી શકતા નથી, તો સાથે એમના એવા પ્રસંગ આપણા માટે માર્ગરુપ પણ બનતા નથી. તેથી એવા પ્રસંગોને આગળ કરી મુખ્ય માર્ગનો અપલાપ ન કરાય.

**પ્રશ્ન : ૨૬૩.** શાસ્ત્રોમાં પ્રતિષ્ઠા થયા બાદ આઠ દિવસનો મહોત્સવ કરવાનો પાઠ છે. પણ વર્તમાનમાં તો પહેલા મહોત્સવ થતો દેખાય છે. તે બરાબર ગણાય ?

**ઉત્તર :** વર્તમાનમાં લોકો મહોત્સવ શરુ થયા બાદ આવતા જાય છે ને પ્રતિષ્ઠા પછી રોકાતા નથી. તેથી લોકોની અનુકૂળતા માટે પહેલા મહોત્સવ થાય છે. પ્રતિષ્ઠા પછી મહોત્સવ કરે એ ઉત્તમ જ છે, પણ



તેથી પહેલા જ થાય છે તેનો નિષેધ ન કરાય.

**પ્રશ્ન : ૨૬૪.** નિદ્રાનો ઉદય શરીર પર્યાપ્તિથી પૂર્ણ થયા પછી ગણવાનો કે વિગ્રહગતિમાં પણ તેનો ઉદય હોય ? કેટલાક જીવવિપાકી ગણીને વિગ્રહગતિમાં પણ ગણે છે ?

**ઉત્તર :** નિદ્રા જીવવિપાકી છે. પણ તેટલા માત્રથી એનો વિગ્રહગતિમાં ઉદય માનવો યોગ્ય નથી. થિણદ્ધિત્રિક પણ જીવવિપાકી છે. છતાં આપણે પણ શરીર પર્યાપ્તિ પૂર્વે એનો ઉદય માનતા નથી. **ષટ્ખણ્ડાગમ** વગેરેમાં નિદ્રાના ઉદય-ઉદિરણા શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ન હોય એમ બતાવ્યું છે. **પંચસંગ્રહ ટીકાના** આધારે કેટલાક શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલા પણ નિદ્રાદ્વિકનો ઉદય માને છે. પણ વિગ્રહગતિમાં તો ઉદય સંભવતો નથી.

**પ્રશ્ન : ૨૬૫.** સાતમી નરકમાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વનો કાળ બે અન્તર્મુહુર્ત ન્યૂન ૩૩ સાગરોપમ બતાવ્યો છે એમાં ઉત્પત્તિનું પ્રથમ અંતર્મુહૂર્ત અને મૃત્યુ વખતનું અંતર્મુહૂર્ત આ બે છોડી દીધા છે. સાતમી નરકમાં આવનારો જીવ મિથ્યાત્વ લઇને જ આવે તેથી પ્રથમ અંતર્મુહૂર્ત છોડ્યું છે. એ પછી સમકીત પામી શકે પણ જો છેવટ સુધી સમ્યકત્વ હોય, તો પરભવનું આયુષ્ય ક્યારે બાંધશે ? દેવ અને નરક માટે તો આયુષ્યના મહીના છ બાકી હોય, ત્યારે પરભવનું આયુષ્ય બંધાય એવો નિયમ છે ને ?

**ઉત્તર :** દેવ અને નરકના જીવો છ મહીના આયુષ્ય બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે એ એક મત છે. બીજા મતે છ મહીના બાકી રહે ત્યાં સુધી તો ન જ બાંધે. છેલ્લા છ મહીનાની શરુઆતમાં ન બાંધે તો તેનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે, એ વખતે ન બાંધે, તો



books\satyakant\proof.pm6,mch2,54

એનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે, એ વખતે ન બાંધે તો એનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે એમ કરતાં કરતાં છેવટે અબાધા કાળ સહિત છેલ્લા અંતર્મુહૂર્તમાં પરભવનું આયુષ્ય બાંધે. આ વાત **સ્થાનાંગની ટીકામાં** બતાવી છે. **કર્મપ્રકૃતિ** વગેરેમાં પણ છે.

**પ્રશ્ન : ૨૬૬.** ભગવાને શાલિભદ્રની પૂર્વભવની માતાને અપેક્ષીને શાલિભદ્રને કહ્યું કે આજે તમારી માતાના હાથે ગોચરી વહોરશો. તો અહીં ભગવાને 'માતા' ક્યા નિક્ષેપાથી કહી ?

**ઉત્તર :** શરીર હોય કે ન હોય, આત્માએ પૂર્વે અનુભવેલો પર્યાય દ્રવ્ય કહેવાય, ભવિષ્યમાં અનુભવવાનો પર્યાય પણ દ્રવ્ય કહેવાય. વર્તમાનમાં અનુભવાતો પર્યાય 'ભાવ' કહેવાય. ભગવાને પૂર્વભવની માતાને અપેક્ષીને કહ્યું ત્યાં તેની દ્રવ્યમાતા સમજવી.

**પ્રશ્ન : ૨૬૭.** પંચાંગના આધારે જાણવા મળતી ઉદયાત્ ચૌદશ આદિ તિથિઓ છોડી દઇએ અને બીજી તીથીને ચૌદશ તરિકે સ્થાપી આરાધીએ તો એમાં મિથ્યાત્વ વગેરે દોષ લાગે ? અન્ય કેટલાક માત્ર ક્ષય જ માને છે, વૃદ્ધિ નથી માનતા એવું જે કહેવાય છે, તો તે બરાબર છે ?

**ઉત્તર :** જૈન પંચાંગ વિચ્છેદ ગયું છે. તેથી લૌકિક પંચાંગને અનુસરવું પડે છે. તેથી તિથી અંગે લોકોત્તર સત્ય તો મળતું જ નથી. **સૂર્યપ્રજ્ઞપ્તિ** વગેરે ગ્રંથમાં તિથિઓની વૃદ્ધિ નથી બતાવી. માત્ર ત્યારે-ત્યારે ક્ષય જ બતાવ્યો છે. લૌકિકિ તિથિ મુજબ પણ ભારતમાં બધે ઠેકાણે ઉદય તિથિ એક જ હોય એવો નિયમ નથી. અન્ય ક્ષેત્રમાં ઉદય તિથિ અન્ય પણ સંભવે છે. છતાં સર્વત્ર એક આરાધના થાય, એ માટે એક વ્યવસ્થા કરાય છે. તેથી **ઉદય તિથિ નહીં, પણ વ્યવસ્થા મુખ્ય છે એ**



**વાત ધ્યાનમાં રાખવી. આ વ્યવસ્થા પણ શ્રી સંઘની શાંતિ-ઐક્યતા વગેરે બીજી અનેક બાબતોના રક્ષણ પોષણ માટે છે.** આ ભાવ હોય, તો તે સ્વ-પરના મિથ્યાત્વનો નાશક બને. પ્રભુના શાસનને સુરક્ષિત કરે છે. જો આ ન કરીએ તો સંઘના અનેક નુકશાનમાં નિમિત્ત બનવાથી એ મિથ્યાત્વનું પોષક બને.

**પ્રશ્ન : ૨૬૮.** ક્રિયા સામુહિક શા માટે કરવાની ?

**ઉત્તર :** ક્રિયા સમુદાયમાં થાય, તો (૧) મોટા ભાગના જીવો શાંતિથી ક્રિયા કરે. (૨) આ જોઇ બીજાને પણ જોડાવાનું મન થાય. (૩) ન આવડતું હોય તે પણ ક્રિયા કરી શકે. (૪) એકલો હોય તો આળસ ચડે-ન કરે. સમુહમાં હોય, તો પ્રેરણા થાય ને બીજા પૂછે પણ ખરા કાલે કેમ ન દેખાયા ! (૫) ઢીલા-પોચાને આલંબન-ટેકો મળે. (૬) જોડાયેલાઓ પરસ્પરને દાન-શીલ આદિ ભાવોમાં પ્રેરક બને. (૭) સાધર્મિક પ્રત્યે પ્રેમ-વાત્સલ્યભાવ વધે. (૮) વ્યાખ્યાન અને ક્રિયામાં બધા ભેગા થાય તેથી સમ્યક્ત્વની શુદ્ધિ, વૃદ્ધિ થાય. (૯) બાળ-નબળા જીવો સામુહિક ક્રિયામાં સરળતાથી ક્રિયા-તપ વગેરે થવાથી ઉત્સાહિત થાય છે ને ધર્મ અંગે આત્મવિશ્વાસ વધે છે. (૧૦) વળી સમુદાયમાં કરેલા કાર્યોનું ફળ અનેકગણું થઇ સમુદાયમાં ફળદાયક બને છે. **સમુદાયકડા કમ્મા સમુદાયે ફલન્તિ** (સમુદાયમાં કરેલા કાર્યોનું ફળ સમુદાયમાં ફળે છે-એવું **પંચસૂત્રનું** વચન છે. આમ સામુદાયિક ક્રિયાના ઘણા લાભો છે.

**પ્રશ્ન : ૨૬૯.** એક રુમમાં અભિષેક કરેલી ભગવાનની મૂર્તિ આદિ ઉંચે બારણાવાળા કબાટમાં રાખેલી હોય અને ત્યાં ઘડપણાદિના કારણે ઘરડા વગેરેના પેશાબ-સંડાસ વગેરે થાય અને અંતરાયવાળા

આવન-જાવન કરતા હોય, તો ચાલે ? ઘરમાં એમ.સી. પળાતું ન હોય, તો શું કરવું ?

**ઉત્તર :** લાકડાનું બારણું હોય તો બંધ કરવું. કાચનું બારણું હોય તો અંદરથી પડદો કરવો. એ રીતે કબાટ બંધ રાખવું, જરુર પડ્યે જ ખોલવું. પેશાબ વગેરેની સારી સફાઇ કરી વાસ ન આવે તે માટે કાળજી લેવી અને સુગંધી ધૂપ વગેરે કરવું. એમ.સી. વાળા બને ત્યાં સુધી એ રુમમાં આવવાનું ટાળે. આવવું જ પડે, તો કબાટ ઉપર મુજબ બંધ રાખવું ને કબાટનો સંઘટ્ટો ન કરે તેનો ખ્યાલ રાખવો. ઘરમાં એમ.સી. પાળવાનું ફરજિયાત બનાવવાથી ઘણા દોષોથી બચી જવાશે. છતાં ન જ પાળતા હોય તો બીજાના ઘરે શુદ્ધ પાણીથી સ્નાન કરવું. પૂજાના કપડા અડાઅડ ન થાય તે રીતે રાખવા અને પહેરવા. એમ.સી. વાળાનો સાક્ષાત કે પરંપરાએ સ્પર્શ ન કરવો. સામાયિક-પ્રતિક્રમણ માટે પણ અલગ કપડા-ઓરડાનો ઉપયોગ કરવો ને થોડા પાણીથી શુદ્ધિ કરી લેવી. ગરમ ઉનના કપડા અપવિત્રતાના ફેલાવામાં અવરોધક છે. તેથી નાના બાળકને ઉનના કપડા પહેરાવવાથી અડાઅડનો પ્રશ્ન અટકી શકે.

**પ્રશ્ન : ૨૭૦.** નવસ્મરણનો પાઠ કરવાથી શું લાભ થાય ?

**ઉત્તર :** નવસ્મરણનો પાઠ કરવાથી મન પ્રસન્ન થાય, ક્ષુદ્રઉપદ્રવો દૂર થાય, વાતાવરણ અનુકૂળ થાય, ધર્મની આરાધના વધતી ચાલે, વ્યવહારિક આપત્તિઓ ટળે, સમાધિ-સમતા મળે. વળી નવસ્મરણમાં પૂર્વાચાર્યોએ ખૂબીથી સુંદર મંત્રો ગોઠવ્યા છે અને જિનેશ્વર ભગવંતોના ગુણગાન ગાયા છે, મહિમા વર્ણાવ્યો છે તેથી અનેક વિશિષ્ટ અનુભવો પણ થાય અને પ્રભુ ભક્તિનો લાભ મળે.



**પ્રશ્ન : ૨૭૧.** અભવ્ય જીવો બધા પહેલેથી જ વ્યવહાર રાશિમાં હોય કે એક જીવ મોક્ષે જાય, ત્યારે અનાદિ નિગોદમાંથી નીકળતા જીવ તરીકે અભવ્ય જીવ પણ નીકળે ? જો એ રીતે નીકળતા રહે તો વ્યવહાર રાશિમાં અભવ્યની સંખ્યા કાયમ એકસરખી ન રહેતા વધતી જાય અને અનંત કાળે એમ પણ બને ને કે વ્યવહાર રાશિના કુલ જીવોમાં અભવ્યોની સંખ્યા ભવ્ય જીવો કરતાં વધી જાય ?

**ઉત્તર :** બધા અભવ્ય જીવો પણ સિદ્ધના અને વ્યવહાર રાશિના જીવોના અનંતમાં ભાગે છે, અને સમ્યક્ત્વથી પતિત થયેલા જીવોની મળતી સંખ્યાથી પણ અનંતમાં ભાગે છે. તેથી બધા અભવ્ય જીવો પણ વ્યવહાર રાશિમાં આવી જાય, તો પણ વ્યવહાર રાશિના અભવ્ય જીવો ભવ્ય જીવોના અનંતમાં ભાગે જ રહેવાના છે. એક જીવ સિદ્ધ થતાં અનાદિ નિગોદમાંથી નીકળતા જીવોમાં ક્યારેક અભવ્ય જીવ પણ નીકળે. તેથી પહેલેથી બધા અભવ્યોને વ્યવહારરાશિમાં માનવાની જરુરત નથી. અને વ્યવહાર રાશિની સંખ્યામાં એમના કારણે વિશેષ વધારો થતો નથી. વ્યવહાર રાશિના અભવ્ય જીવોની સંખ્યામાં જ સામાન્ય વધારો હોવાથી મહત્ત્વનો નથી.

**પ્રશ્ન : ૨૭૨.** સિદ્ધાત્માઓમાં પર્યાયના પરાવર્તનની સિદ્ધિ કેવી રીતે થશે ? કેવળજ્ઞાનમાં ત્રણે કાળના ભાવો સમયમાં જ દેખાઇ જાય છે. તેથી ભવિષ્યકાળના ભાવ દેખાઇ ગયા છે. હવે વળી વર્તમાનરુપે પણ તે જ દેખાવાના છે તો પર્યાયમાં પરિવર્તન કઇ રીતે મનાય ?

**ઉત્તર :** સિદ્ધ પરમાત્મા એ આત્મદ્રવ્ય છે અને દરેક દ્રવ્યો અનંત પર્યાયથી યુક્ત જ હોય. આત્મદ્રવ્યના જ્ઞાન પર્યાયો સિવાયના પણ



books\satyakant\proof.pm6,mch2,56

ઘણા પર્યાયો છે. તે ઝીણવટથી જાણવા માટે **પન્નવણાસૂત્રનું 'પર્યાય' પદ છે.** તે સૂત્ર અને તેની સંસ્કૃત ટીકા અથવા એના બહાર પડેલા ગુજરાતી ભાષાંતરના આધારે ગુરુગમથી જાણી લેવા. વળી જગત સમયે સમયે પલટાય છે. સર્વજ્ઞ જે સમયે કોઇની આંગળી સીધી તરીકે જુએ-જાણે છે, તેના પૂર્વ સમયે તે જ આંગળી 'સીધી થશે' એ રીતે જુએ છે ને પછીના સમયે 'એમ થયું' એ રીતે જુએ-જાણે. આમ તેઓના જ્ઞાન-દર્શનમાં પણ વિષયની ત્રણ કાળમાં પલટાતી પરિસ્થિતિના અનુસારે તે-તે રુપે ફેરફાર થવા રુપે પરિવર્તન આવે છે. આમ ભેદ પડવાથી પર્યાયની સિદ્ધિ થાય છે.

**પ્રશ્ન : ૨૭૩.** શ્રી ગૌતમસ્વામી શા માટે ગોચરી જતા હતા ? શાસ્ત્રમાં આચાર્ય માટે ગોચરી જવાનો નિષેધ છે, તે તેમને લાગુ ન પડે ? બીજા ગણધરો ગોચરી જતા હતા ?

**ઉત્તર :** દસ પૂર્વધરો કે તેની ઉપરના જ્ઞાનીઓ આગમવિહારી છે. તેઓ શાસ્ત્રજ્ઞાનની ઉપરની ભૂમિકાના જ્ઞાનવાળા હોવાથી વિશેષ લાભ વગેરે જોઇ વર્તતા હોય છે. બીજા ગણધરો પ્રાયઃ ગોચરી જતા ન હતા. શ્રી ગૌતમસ્વામી જતા હતા છતાં એ માટે શાસ્ત્રમાં એમની ભૂમિકામાં છુટ આપેલ છે કેમકે તેઓ આગમવિહારી હતા.

**પ્રશ્ન : ૨૭૪.** શ્રી શય્યંભવસૂરિ મહારાજને જ્યારે મનકનો ભેટો થયો, ત્યારે તેઓ એકલા સ્થંડિલે ગયા હતા કે સાથે શિષ્યો હતા ? શિષ્યો સાથે હોય, તો પ્રશ્નોત્તર સાંભળીને એમના ખ્યાલમાં ન આવી જાય કે મનક આચાર્ય મહારાજનો પુત્ર છે ?

**ઉત્તર :** શ્રી શય્યંભવસૂરિ મહારાજ સાથે સ્થંડિલ ગયેલા સાધુ નવા હોય અથવા એમના પૂર્વકાળના પરિચયના જ્ઞાન વિનાના હોય જેથી



ખ્યાલ ન આવ્યો હોય કે આ એમનો પુત્ર છે. ઉપાશ્રયમાં બીજા સાધુઓ સાથે પણ એ સાધુઓનો એ બાબતમાં વિચાર વિમર્શ ન થયો હોય તેથી બીજા સાધુઓને આ બાબતમાં ખ્યાલ ન આવ્યો હોય, તેમ સંભવે છે.

**પ્રશ્ન : ૨૭૫.** વર્તમાનકાળમાં સાતમું અપ્રમત્ત ગુણસ્થાનક કેટલા સમય સુધી ટકી શકે ? અપ્રમત્ત ગુણસ્થાનકની પ્રાપ્તિ થઇ કે નહીં તેનો ખ્યાલ કેવી રીતે આવે ? અપ્રમત્ત ગુણસ્થાનકની સ્પર્શના દર અંતર્મુહુર્તે થાય, તો જ ભાવ સાધુતા હોય કે તે વિના પણ ભાવસાધુતા હોય ?

**ઉત્તર :** વર્તમાનમાં પણ કો'ક સાધક જીવને સાતમું અપ્રમત્ત ગુણસ્થાનક અંતર્મુહુર્ત રહી શકે. વિશેષ અપ્રમત્ત સાધુને સાતમા ગુણસ્થાનકની પ્રાપ્તિ થઇ એમ વ્યવહાર નયથી કહી શકાય. નિશ્ચયનયથી તો આપણે જાણી શકતા નથી. મુખ્યમતે દર અંતર્મુહુર્તે એકવાર અપ્રમત્ત ગુણસ્થાનક ન સ્પર્શે તો ભાવસાધુતા ન રહે. **ભગવતી સૂત્રમાં** બતાવેલા બીજા મતે છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનકનો કાળ દીર્ઘ પણ હોઇ શકે છે.

**પ્રશ્ન : ૨૭૬.** ગુરુને પૂછ્યા વિના નિત્યકૃત્યમાં આગંતુક ફેરફાર કરી શકાય ? કરે તો અધર્મ ગણાય ?

**ઉત્તર :** ગીતાર્થ ગુરુ નિત્યકૃત્યમાં આગંતુક પણ ફેરફાર કરી શકે. વિશેષ કૃત્યમાં પણ ગીતાર્થ ગુરુ આગંતુક ફેરફાર કરાવી શકે. ગુરુની હાજરીમાં તેવો ફેરફાર એમને પૂછીને કરવો. પરંતુ ગૃહસ્થને હંમેશા ગુરુયોગ રહેતો નથી. તેથી વિશેષ કૃત્યમાં પણ ગુરુને ન પૂછી શકે ને તેવા કારણે ફેરફાર કરે તો તે અધર્મ બને નહીં. હા, સ્વચ્છંદતા



books\satyakant\proof.pm6,mch2,57

ચલાવી લેવાય નહીં.

**પ્રશ્ન : ૨૭૭.** વિધિ વિના તે-તે તપ વગેરે અનુષ્ઠાન કરનારને કરવા દેવાય ? માન્ય રહે ?

**ઉત્તર :** વિધિ ઉપર ભાર મુકો તે સારું જ છે. પણ વિધિ ન હોય, તો પણ પ્રભુ આદર, આજ્ઞા બહુમાન, શાસન પ્રત્યે અહોભાવ વગેરે હોય, તો તે વિધિના પૂર્વભૂમિકારુપ છે. મહાપ્રભાવક છે. તેથી વિધિની ન્યૂનતા હોવા છતાં વિધિ પ્રત્યે પક્ષપાત હોય અને ઉપરોક્ત આદર વગેરે હોય, તો તેવા અનુષ્ઠાન કરતાને અટકાવવા નહીં.

**પ્રશ્ન : ૨૭૮.** આવતી ચોવિશીના પ્રથમ દસ તીર્થંકર પરમાત્મા ક્યાંથી ચ્યવીને આવશે ? કાળ અલ્પ હોવાથી વૈમાનિકમાંથી આવે એ ઘટતું નથી ?

**ઉત્તર :** પ્રથમ તીર્થંકર પહેલી નરકમાંથી, બીજા ભવનપતિમાંથી અને બાકીના વૈમાનિકમાંથી આવશે. પરંતુ તે જીવો અને અત્યારે જે નામ મળે છે તે નામવાળા જીવો જુદા છે. અત્રેના પરિચિત નામવાળા મહાવિદેહમાં તીર્થંકર થશે. અત્રે આવનારા પૂર્વે મહાવિદેહમાં જિનનામ કર્મ બાંધી વૈમાનિકમાં જઇ અહીં તીર્થંકર થશે.

**પ્રશ્ન : ૨૭૯.** જેમ એક જીવ નવગ્રૈવેયકમાં અસંખ્ય પુદ્ગલ પરાવર્ત જાય એમ નરકમાં પણ અસંખ્ય પુદ્ગલપરાવર્ત જાય એમ બને ?

**ઉત્તર :** જેમ નવગ્રૈવેયકમાં અસંખ્ય પુદ્ગલપરાવર્ત જાય એમ નરકમાં પણ સંભવે છે.

**પ્રશ્ન : ૨૮૦.** ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંતગુણ મોટો કહેવાય છે, તેમાં શું પ્રમાણ છે ?

**ઉત્તર :** અહીં આગમ જ પ્રમાણભૂત છે.



**પ્રશ્ન : ૨૮૧.** પચ્ચક્ખાણ પારતી વખતે અંગૂઠો મુટ્ઠીમાં રાખવાનો કે બહાર ?

**ઉત્તર :** વર્તમાનમાં મુટ્ઠીમાં રાખવાનો રિવાજ છે. કેમકે સાથે મુટ્ઠીસી પચ્ચકખાણ પારવાનું હોય છે.

**પ્રશ્ન : ૨૮૨.** શ્રાવકને પાણીના આગાર નથી. ને વર્તમાનકાળમાં સાધુને પણ ઉકાળેલું પાણી જ વાપરવાનું હોય છે. તો પાણસ્સના આગાર શા માટે ?

**ઉત્તર :** જો વિગઇના અંશો પાણીમાં આવે તો તે પાણી અચિત્ત હોવા છતાં એકાસણા વગેરેના કે વિગઇના પચ્ચક્ખાણના ભંગરુપ બનવાની સંભાવના છે તે ભંગરુપ ન બને તે માટે આ આગારો છે. માટે ઉકાળેલા પાણી માટે પણ તે આગારો સંભવે છે. બીજા ધોવણના પાણી વગેરેમાં પણ સંભવે છે માટે શ્રાવક અને સાધુને આજે પાણીના આગાર હોય છે.

(અહીંથી ૧૩ એક મુનિભગવંતે સંયમ જીવનને સ્પર્શીને ખૂબ મહત્ત્વના પૂછયા છે જેના પૂજ્યશ્રીએ આપેલા સુંદર જવાબો પૂજ્યશ્રીની આગમપ્રજ્ઞા અને તત્ત્વ પરિણતિને પ્રગટ કરે છે).

**પ્રશ્ન : ૨૮૩.** સંયમ જીવનને જીવંત રાખવાનો સમ્યગ્ અને સ્થિર ઉપાય શો ? જીવંત અવસ્થા કઇ કહેવાય ?

**ઉત્તર :** સંયમજીવનને જીવંત રાખવા મુખ્ય ૩ ઉપાય છે. (૧) ગુરુને પૂર્ણતયા સમર્પિત થવું અને ગુરુથી કશું છુપાવવું નહીં. (૨) દરેક સાધુ ઉપર પૂર્ણ આદરભાવ રાખવો અને હંમેશા એમને સહાયક બનવું. એમાં દિલચોરી ન કરવી. (૩) આ બે ને ગૌણ કર્યા વિના જીવનમાં અભ્યાસ-સ્વાધ્યાય યોગ છેલ્લા શ્વાસ સુધી મુખ્ય રાખવો.



books\satyakant\proof.pm6,mch2,58

બીજા કાર્યો પ્રાસંગિક કે અવસરોચિત સમજવા.

આમાં પ્રથમ મુદ્દાથી ગુરુ સાથે-ગુરુ પ્રતિ પ્રેમભક્તિભાવ ઉછળતો રહે છે અને ગુરુજી પણ આપણા પર દ્રઢ વાત્સલ્ય રાખે છે. તેથી ક્યારેય ગુરુ સાથે વિખવાદ થતો નથી.

બીજા નંબરના મુદ્દાથી સહવર્તી વગેરે સાધુઓ સાથે પ્રેમ-વાત્સલ્યભાવ ટકેલો રહે છે, વધે છે, જેથી વિખવાદ ઉભા થતા નથી.

ત્રીજા નંબરના મુદ્દાથી સ્વાધ્યાય લીનતાના કારણે એક એવી ચિત્તસ્વસ્થતા ઊભી થાય છે કે જેથી બાહ્ય પ્રતિકૂળ સંયોગોમાં અસમાધિ નથી થતી અને બીજાઓ સાથે ઓછો અને ઉચિત વ્યવહાર રહેવાથી તથા વિશાળતા વિકસવાથી વિખવાદના પ્રસંગો પ્રાય: ઉભા થતા નથી. સામાન્યથી સાધુજીવનમાં બાહ્ય વિક્ષેપો ત્રણ રીતે આવે છે. (૧) ગુરુ સાથે ન બનવાથી (૨) સહવર્તી સાધુઓ સાથે ન જામવાથી પ્રતિકૂળ પરિસ્થિતિઓ કે પ્રતિકૂળ વ્યક્તિઓ સાથે પનારો પડવાથી (૩) અને અભ્યાસ-સ્વાધ્યાયમાં અંતર્મુખ ઓતપ્રોત ન બનવાથી.

પણ જો ઉપરોક્ત ત્રણ મુદ્દાને બરાબર વણી લીધા હોય તો પ્રાય: આ બાહ્ય વિક્ષેપો આવતા નથી. અંદરમાં ચિત્તમાં ખળભળાટ, દુર્વિકલ્પો વગેરે માટે પણ આ બાહ્ય વિક્ષેપો જ મુખ્યતયા કારણ બને છે. તે પણ ઉપરોક્ત ત્રણ મુદ્દાને ધ્યાનમાં લેતાં રહેતા નથી.

છતાં પણ પ્રસંગવશ કે મોહનીયના તેવા ઉદયથી ચિત્ત વિક્ષિપ્ત બને, તો ગુરુભગવંતોની વાત્સલ્યભરી સમજાવટથી અને સાધુભગવંતોની હૂંફથી તથા સ્વાધ્યાયથી ઉભી થયેલી પરિણતિ-વિચારણાથી તે વિક્ષેપ ટકતા નથી. સહનશીલતા પણ વધે છે.



**એટલે સંયમની જીવંત અવસ્થા એટલે 'ગુરુ પ્રત્યે સમર્પણભાવ પૂર્વક તથા સાધુઓ પ્રતિ સહાયકભાવ પૂર્વક જ્ઞાનને પ્રધાનભાવે રાખી ઉલ્લાસપૂર્વક સંયમયોગોમાં-ક્રિયાઓમાં પ્રવર્તવું.'**

ગુરુ સમર્પણભાવ અને સાધુસહાયકભાવ આપણા સમ્યક્ત્વને દ્રઢ કરે છે અને સંસારના સંબંધો પ્રત્યે આકર્ષણ કે મમત્વને ઘટાડે છે. સ્વાધ્યાયયોગથી જીવનમાં વિવેક પ્રગટે છે, વધે છે.

તેથી આ ત્રણના આધારે સંયમજીવન પ્રાણવંત-જીવંત બને છે. માટે સતત આ ત્રણ અંગે સભાનપણે વર્તવાનું છે.

આ ત્રણ જ સંયમજીવનને જીવંત રાખવાના સમ્યગ્ અને સ્થિર ઉપાય છે. આ ત્રણના અભાવમાં તપ-ત્યાગ વગેરે બીજા ઉપાયો આભાસરુપ રહે. વિશ્વાસપાત્ર ન બને. સમ્યક્ત્વ પણ ન ટકે. તેથી સતત ઉપરોક્ત ત્રણ અંગે પ્રયત્નશીલ બનવું જોઇએ.

**પ્રશ્ન : ૨૮૪.** સંયમજીવનનું હાર્દ-મર્મ-રહસ્ય કે ઐદંપર્ય શું હોઇ શકે ?

**ઉત્તર :** સંયમજીવનું હાર્દ શુદ્ધ આજ્ઞાયોગ છે. એ માટે શક્ય ચાતુર્ય-હોંશિયારીવાળી બુદ્ધિ જરુરી છે. આ વાતને સમજવા માટે **ઉપદેશપદ** અને **ઉપદેશરહસ્ય** ગ્રંથ જોવો. ઉપદેશરહસ્યનું ભાષાંતર પણ પ્રકાશિત થયું છે. ખરેખર તો આ બંને ગ્રંથ શુદ્ધ આજ્ઞાયોગ સમજવા અનિવાર્ય છે.

આવા શુદ્ધ આજ્ઞાયોગ યુક્ત સંયમજીવનની અનુભૂતિ દીક્ષાના પ્રથમ દિવસથી અનુભવી શકાય છે. બાળક પણ આ અનુભૂતિ કરી શકે. **ગુરુ કે આચાર્ય, જેમની નિશ્રામાં પોતે હોય તેમના પ્રત્યે વંચનાના ભાવ વિના હાર્દિક સમર્પણભાવ સાથે એમના કહ્યા મુજબ વર્તવાની**



books\satyakant\proof.pm6,mch2,59

**જે વૃત્તિ, જે તૈયારી બસ એજ સંયમજીવનનું રહસ્ય છે.** ઐદંપર્ય છે. શાસ્ત્રાભ્યાસ થઇ ગયા બાદ પણ ગુરુ ભગવંત-નિશ્રાદાતાની હાજરીમાં ઉપરોક્ત વ્યવહાર જ હોવો જોઇએ. એમનો વિરહ પડે પછી શાસ્ત્ર-આજ્ઞાનુસારે દ્રવ્યાદિકના સાપેક્ષભાવને નજરમાં રાખી ઔચિત્યપૂર્વક વર્તવું એ સંયમજીવનનો સાર છે. વિધિપૂર્વકની ઉલ્લાસવાળી ક્રિયાથી યુક્ત થઇ જૈનાગમના સ્મરણ-ચિંતન-પરિશીલનથી જ સંયમજીવનની સાચી અનુભૂતિ-સંવેદના થાય છે. ક્રિયાપૂર્વકના જ્ઞાનથી કે જ્ઞાનપૂર્વકની ક્રિયાથી જ સાચી અનુભૂતિ સંવેદિત થાય. **ફક્ત ક્રિયા કરતા રહેવાથી અને જ્ઞાનથી ઉપેક્ષા કરતા રહેવાથી અથવા જ્ઞાનાભ્યાસમાં ડૂબેલા રહ્યા છતાં ક્રિયા પ્રત્યે બેદરકાર રહેવાથી સાચા સંયમજીવનનો સ્વાદ ક્યારેય આવતો નથી.**

પરમાત્માને ચારિત્રની ભૂમિકારુપ દ્રઢ તીવ્ર વૈરાગ્યનું સંવેદન ગૃહસ્થવાસ-ગૃહસ્થ અવસ્થામાં પણ હોય છે ને અજ્ઞાની અને ગીતાર્થગુરુની નિશ્રા વિનાનાને ક્રિયા સંપન્ન હોય તો પણ સાધુપણામાં પણ એ સંવેદન પ્રગટતું નથી.

આમ ગુર્વાજ્ઞાપાલનપૂર્વક સંયમની કાળજી રાખીને શાસ્ત્ર અભ્યાસમાં પ્રયત્ન કરનારને ચારિત્રનું સંવેદન થાય. અહીં સંયમની કાળજી માટે શક્ય દોષોથી બચવાનો પ્રયત્ન અને યતના-જયણાશીલ હોવું ખૂબ જરુરી છે.

**પ્રશ્ન : ૨૮૫.** હિતાહિત-હેયોપાદેય કે સત્-અસત્‌ના સંસ્કાર વિનાનું ચિત્ત શું ચંચળતા-મલિનતા વધારનારું હોઇ શકે છે ?

**પ્રશ્ન : ૨૮૬.** ગ્રાહ્ય-અગ્રાહ્યનું જ્ઞાન ક્યા સાધનથી કરવાનું છે ? તેનું સમ્યગ્ સ્વરૂપ અને હેતું શું હોઇ શકે ?



**ઉત્તર :** આ બંને પ્રશ્નના ઉત્તર ભેગા અપાય છે.

ઉપાદેય-હિત એ ભાવ સંવર ભાવનિર્જરારુપ છે. અને તેના કારણો દ્રવ્યસંવર-દ્રવ્યનિર્જરારૂપ છે. એ જ રીતે અહિત-હેય ભાવ આશ્રવરુપ છે. અને તેના કારણો દ્રવ્ય આશ્રવરુપ છે.

આ બંને અંગે વ્યવસ્થિત જ્ઞાન, એ પર ઉછળતી શ્રદ્ધા અને તે પ્રકારે જ અનુભવ કરતી લાગણીશીલતા આ ખૂબ જરુરી છે.

જો ચિત્ત અસત્‌ના સંસ્કારવાળું અને સત્‌ના વિષયમાં શુન્ય અથવા સત્‌ના અલ્પસંસ્કારવાળું હોય તો ચિત્તમાં સત્‌ના વિષયમાં ખૂબ ચંચળતા રહેવાની જે વિષયમાં ચિત્તના સંસ્કાર દ્રઢ હોય, તે વિષયમાં સ્થિરતા આવે, સ્વભાવભૂત જેવું થઇ જાય.

તેથી જ્યાં સુધી અસત્‌ના તીવ્ર સંસ્કાર છે, ત્યાં સુધી અસત્‌માં દ્રઢતા હોય. અસત્‌ના સંસ્કાર ઘટતા જાય એટલે ચિત્તમાં તે બાબતની ચંચળતા આવે. પછી અસત્‌ના સંસ્કાર ઘણા હ્રાસ પામી જાય તો અસત્‌ના વિષયમાં ચિત્તમાં શૂન્યતા અથવા અરુચિ આવે.

**સત્‌ના સંસ્કારની આરંભ ભૂમિકામાં ચંચળતા રહે છતાં પ્રયત્ન હોવાથી એ ચંચળતા પણ અસત્‌ની મલીનતાને ઘટાડે છે.** સત્‌માં સ્થિરતા આવ્યા પછી સત્‌ની ચંચળતા પણ જતી રહે છે કારણ ચંચળતા રુપે મલીનતા છે.

એટલે **અસત્‌ની સ્થિરતા દોષરુપ છે કેમકે મલીનતાની વૃદ્ધિ સૂચવે છે અને અસત્‌ની ચંચળતા ગુણરુપ છે કેમકે તે મલીનતાનો હ્રાસ સૂચવે છે. અસત્‌ની અરુચિ-શૂન્યતા એ ગુણ છે.** મલીનતાનો ઘણો હ્રાસ સૂચવે છે. આ રીતે પદાર્થ સમજવો.

શું ગ્રાહ્ય છે અને શું અગ્રાહ્ય છે ? અને તેના સાધનો તથા તે બધાના



books\satyakant\proof.pm6,mch2,60

સમ્યગ્ સ્વરુપ આ બધાના જ્ઞાન માટે ગુરુનું સાંનિધ્ય જરુરી છે કેમકે આ બોધ ગુરુગમથી જ થાય. ગુરુ સ્વયં નિશ્ચય-વ્યવહારના તથા ઉત્સર્ગ-અપવાદના, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ઇત્યાદિના તથા સૂક્ષ્મતમ અવસ્થાભેદના વગેરેના સ્પષ્ટ જ્ઞાની હોવા જરુરી છે. આવા જ્ઞાની ગુરુભગવંતોનો પરિચય થાય એમની પાસે શ્રવણેચ્છા-શુશ્રુષા થાય, પછી એમની પાસેથી શાસ્ત્રનો બોધ અનુભવથી સંસ્કારિત કરાયેલો પ્રાપ્ત થાય. તેથી શિષ્યની બુદ્ધિ પણ શાસ્ત્ર પરિકર્મિત બને. તેથી પછી શિષ્યને પણ ગ્રાહ્યાગ્રાહ્યનો સ્પષ્ટ બોધ થાય.

ગુરુનિશ્રામાં આરંભે ગુરુવચનથી દ્રવ્યથી ગ્રાહ્ય-અગ્રાહ્ય અને એના સાધનો તથા વ્યવહારનયથી આશ્રવ અને સંવરની સમજણ મળે. આ બરાબર સમજાયા પછી અને તે પ્રમાણે શ્રદ્ધાપૂર્વક અમલમાં લાવ્યા પછી નિશ્ચય નયથી ગ્રાહ્ય-અગ્રાહ્ય વગેરેનો વિવેક પ્રાપ્ત થાય.

**વ્યવહારમાન્ય પંચાચારનું યથાશક્તિ વિધિપૂર્વકનું પાલન પહેલા પુણ્યોપાર્જન માટે પછી આગળ વધતા ક્ષયોપશમભાવ માટે અને છેવટે ક્ષાયિકભાવ માટે અસાધારણ કારણ બને છે.** આમ વ્યવહાર ગ્રાહ્ય પંચાચાર વગેરે નિશ્ચય ગ્રાહ્ય ક્ષાયિકભાવ વગેરે માટે ઉપાયભૂત છે.

વ્યવહારથી અસમ્યગ્ આચાર-શિથિલાચાર પાપ માટે, ક્ષયોપશમના નાશ માટે અને ક્ષાયિકભાવની પ્રાપ્તિમાં વિઘ્ન માટે બને છે. સમજી લેવું કે વિપરીત વ્યવહાર=વર્તન અનુકૂળ નિશ્ચય માટે બાધકરુપ છે. અસદાચારથી નિશ્ચય માન્ય ક્ષાયિકભાવ પ્રાપ્ત નહીં થાય. આ રાજમાર્ગ છે.



આમ પંચાચાર એ ગ્રાહ્યના સાધનનું સમ્યગ્ સ્વરુપ છે અને અસમ્યગ્ આચાર-વિપરીત આચાર અગ્રાહ્યના સાધનનું-મિથ્યાત્વના સાધનનું સ્વરુપ છે. તેથી પંચાચાર સંવરરુપ છે ને મિથ્યાચાર એ આશ્રવરુપ છે.

આત્માના સિદ્ધ સ્વરુપની પ્રાપ્તિમાં જે કારણ બને તે બધું ગ્રાહ્ય છે. જે આ માટે બાધક બને, તે બધું અગ્રાહ્ય છે. શાસ્ત્રકારો આ જ વાતને જુદી જુદી રીતે વ્યક્ત કરે છે જેમકે જે સંવર-નિર્જરારુપ બને તે ગ્રાહ્ય અને જે આશ્રવરુપ બને તે બધું અગ્રાહ્ય. બીજી રીતે જે જે રીતે રાગ-દ્વેષ ઘટે તે-તે રીતે વર્તવું એ હિતકર છે. અને તેથી વિપરીત અહિતકર છે.

**પ્રશ્ન : ૨૮૭.** પ્રયત્નસાધ્યને સહજસાધ્ય બનાવવાનું કાર્ય કેવી રીતે થાય ? પ્રયત્નસાધ્ય ગુણસંપત્તિને સહજ અને સ્થિર ક્યા માધ્યમથી કરી શકાય ?

**ઉત્તર :** પાંચ ભૂમિકા છે. (૧) સહજસાધ્ય (૨) સ્મૃતિ સાધ્ય (૩) અલ્પપ્રયત્નસાધ્ય (૪) વિશિષ્ટ પ્રયત્ન સાધ્ય (૫) અસાધ્ય.

જે ક્રિયાઓ-ગુણો-વિચારો ભાવો સહજ સાધ્ય છે. તે ક્રિયાઓને જાણી જોઇને ગપચાવો તો તે પછી સહજસિદ્ધ રહેવાના બદલે સ્મૃતિસાધ્ય બનવા માંડે. સ્મૃતિસાધ્ય ક્રિયાઓને વારંવાર યાદ કરીને આચરો તો તે જતે દહાડે સહજસાધ્ય બને. પણ યાદ આવે ત્યારે પ્રમાદ વગેરેના કારણે ન આચરો, તો કાળક્રમે તે અલ્પપ્રયત્નસાધ્ય બને.

અલ્પકષ્ટ-પ્રયત્નસાધ્ય ક્રિયા શક્યતા મુજબ વારંવાર આચરવામાં આવે, તો સ્મૃતિસાધ્ય બને ને આગળ જતાં સહજસિદ્ધ પણ થાય. પણ જો અવરનવર આચરવાનું ન રાખો, તો પરિણામે વિશેષ



books\satyakant\proof.pm6,mch2,61

કષ્ટસાધ્ય બને ને છેવટે અસાધ્ય પણ બની જાય.

જે પ્રયત્નસાધ્ય છે એને તે-તે અવસરે કરતા રહેવાથી ધીમે ધીમે અલ્પકષ્ટ સાધ્ય-સ્મૃતિ સાધ્ય બની છેવટે સહજસિદ્ધ પણ બની શકે.

જો સહન કરીને પણ વિશેષ કષ્ટ વેઠીને પણ એ કરવામાં ન આવે તો એ પ્રયત્ન સાધ્ય પણ અસાધ્ય બની જાય છે.

પ્રથમ ચારમાં વારંવાર પ્રયત્નશીલ બનવાથી ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ થવાથી અને બાહ્ય પુણ્યશક્તિ વધવાથી અસાધ્ય પણ આ ભવમાં કે ભવાંતરમાં કષ્ટ સાધ્ય-અલ્પકષ્ટ સાધ્ય-સ્મૃતિસાધ્યના ક્રમથી છેવટે સહજસિદ્ધ પણ બની શકે છે. આમ અસાધ્ય પણ જન્માન્તરમાં સહજસિદ્ધ સુધી પહોંચી જાય છે.

આ વાત બાહ્ય ક્રિયા-અનુષ્ઠાનો-જ્ઞાનાચારાદિ બાહ્ય પ્રવૃત્તિ-ગુણોમાં આંતરિક ભાવનાઓ-આંતરિક ગુણો ધ્યાન વગેરેની ભૂમિકાઓ વગેરે બધે જ સમજવાની છે.

વ્યવહારિક-સામાજિક સારા કાર્યોમાં પણ આ ક્રમ સમજી શકાય. દોષ નિવૃત્તિ અંગે પણ સહજનિવૃત્તિ-સ્મૃતિ સાધ્ય નિવૃત્તિ-અલ્પકષ્ટ સાધ્ય નિવૃત્તિ-વિશેષકષ્ટ સાધ્ય નિવૃત્તિ અને અશક્યનિવૃત્તિ આ પાંચ ભૂમિકા ઉપરોક્ત રીતે સમજવાની. આ ક્રમે દોષ નાશ થઇ શકે અને વિપરીત ભૂમિકામાં દોષોની ક્રમિક ભૂમિકા વધુ તીવ્ર થતી જાય. ગુણોની સ્થિરતા-સહજસિદ્ધતા માટે અને દોષોની સહજનિવૃત્તિ અને તેની તે રુપે સ્થિરતા માટે આ ઉપાય છે.

**પ્રશ્ન : ૨૮૮.** શુભ વિચાર એટલે શું ? અશુભ વિચાર એટલે શું ? અશુભને અને શુભને સ્થિર કરવા શું કરવું ? આનો માપક શું ?



**ઉત્તર :** મનમાં ભગવાને જે-જે રુપે વિચારવા કહ્યું છે, તેથી વિપરીત રુપે આવતા બધા વિચારો અશુભ છે. હેયનો ઉપાદેયરુપે અને ઉપાદેયનો હેયરુપે વિચાર અશુભ છે.

અશુભ વિચારો અશુભ કર્મોના ઉદયથી અને અશુભ સંસ્કારોથી ઉદ્ભવે છે. કર્મોના ક્ષયોપશમથી અને શુભ સંસ્કારથી શુભ વિચારો પ્રગટે છે. **અશુભ કર્મોના ઉદયને નિષ્ફળ કરવા માટે પ્રભુ માર્ગની આરાધના દ્રવ્યથી પણ વ્યવસ્થિત કરવી જરુરી છે. આના પ્રભાવે એ ઉદયો વિશેષ ખોટું ફળ બતાવ્યા વિના ખરી પડે છે અને અશુભ સંસ્કારોને શુભ પ્રવૃત્તિના કારણે અશુભ પ્રવૃત્તિનું બળ મળતું નથી. તેથી તે પણ મંદ પડે છે અથવા નિષ્ફળ જાય છે.**

શાસ્ત્ર અધ્યયન, પરાવર્તન અને અનિત્યાદિ ભાવનાઓના ભાવનથી અશુભ કર્મોના ઉદય આવવા માટે અસમર્થ નીવડે છે અને પરિણામે ફળ બતાવ્યા વિના નાશ પામે છે. તેમ જ અશુભ સંસ્કારો ધીમે ધીમે નાશ પામે છે. શ્રુતજ્ઞાનનું પરિશીલન અને ભાવનાઓનું ભાવન જેટલું તીવ્ર થાય તેમ કર્મોની વિશેષ નિર્જરા થાય છે અને અશુભ સંસ્કારોનો વિશેષ કોટિથી નાશ થાય છે.

પ્રભુમાર્ગની આરાધનાની કાળજીયુક્ત પ્રવૃત્તિ કર્મના ક્ષયોપશમનું કારણ બને છે, અને ક્ષયોપશમને તીવ્ર પણ બનાવે છે. સાથે પુણ્યાનુબંધી પુણ્યનું પણ કારણ બને છે. તથા પાપ અને પાપના જુના પણ અનુબંધના નાશનું કારણ બને છે. આનાથી શુભ સંસ્કારો જન્મે છે, ગાઢ બને છે. આથી પાપ કર્મોદયજન્ય અને અશુભ સંસ્કાર જન્ય અશુભ વિચારો કાં તો રહેતા નથી કાં તો અત્યંત નિર્બળ-નિર્માલ્ય બની જાય છે. શુભને પરાધીન બની જાય છે.



books\satyakant\proof.pm6,mch2,62

આમ શુદ્ધઆચાર, યતના, શાસ્ત્રાધ્યયન, ચિંતન અને ભાવનાઓ આ પાંચનો નિરંતર આશ્રય કરવાથી અશુભ વિચારોના નાશ અને શુભ વિચારોની સ્થિરતારુપ સાધ્ય સિદ્ધ કરી શકાય.

ગુણાત્મક શુભ વિચારો વધ્યા છે ને દોષાત્મક અશુભવિચારો ઘટ્યા છે વગેરેનું માપ એના પરથી નીકળે છે કે આપણા કષાયો કેટલા ઘટ્યા ? વિષયો કેટલા મોળા પડ્યા ? પક્કડ રાખવાની વૃત્તિ કેટલી ગૌણ બની ? વસ્તુસ્થિતિ-ગુરુવર્યો અને સહવર્તી સાધુઓ વગેરેની પરિસ્થિતિ વગેરેને પ્રધાનભાવ અપાય છે કે આપણી વિચારસરણીને ? આ બધાથી ઉપરોક્ત બાબતમાં પ્રગતિનું માપ નીકળે છે.

જો બીજા ગીતાર્થ ગુરુ વગેરેથી પ્રજ્ઞાપનીયતા હોય, તે ગુણરુપ છે. બીજાથી પ્રજ્ઞાપનીયતા ન હોય, પોતાની પક્કડ ગીતાર્થગુરુના સમજાવવા છતાં જો છુટતી ન હોય, તો તે ગુણ નથી, ગુણાભાવ-દોષરુપ છે. શુદ્ધ આચાર વગેરે ઉપરોક્ત પાંચની સાચી આરાધના વધે તેમ વિવેક-ઔચિત્ય અને મધ્યસ્થભાવ વધે છે. વિવેક, ઔચિત્ય અને મધ્યસ્થભાવ જ્યાં ઘવાય ત્યાં તે દોષરુપ જાણવું. વિવેકાદિ વધે એ ગુણરુપ જાણવું. ગુણ લાભ માટે થાય ને ગુણાભાવ-દોષ નુકસાન માટે. વિવેક-ઔચિત્ય મધ્યસ્થભાવને જાળવવા પ્રવૃત્તિ-આરાધના જતી કરવી પડે તે બહારથી દોષરુપ લાગે તો પણ વાસ્તવમાં હિતકારી બને છે. શુભભાવોની વૃદ્ધિ વગેરે માટે આ માપદંડ છે.

**પ્રશ્ન : ૨૮૯.** સંયમજીવનનું સારભૂત તત્ત્વ ક્યું ? એના જ્ઞાપક-પ્રાપક તત્ત્વ ક્યા ?

**ઉત્તર :** પહેલા **પંચાશકમાં** (૧) નિત્ય સ્મૃતિ (૨) પ્રાપ્ત કરેલા ગુણ-આચાર પ્રત્યે બહુમાન (૩) પ્રતિપક્ષ જુગુપ્સા (૪) પરિણતિફળની



વિચારણા (૫) પ્રભુભક્તિ (૬) સાધુસેવા અને (૭) ઉપરના (હજી પ્રાપ્ત નહીં થયેલા) ગુણો-આચારો પર શ્રદ્ધા. આ સાત ગુણોને સંયમજીવનના જ્ઞાપક અને પ્રાપક તત્ત્વરુપ કહ્યા છે. આનાથી ગુણ અપ્રતિપાતી બને છે. **ધર્મરત્નપ્રકરણમાં** ભાવસાધુના બતાવેલા ૭ લક્ષણ પણ જ્ઞાપક-પ્રાપક છે. આમ ઉદ્યમશીલતા, સાવદ્ય પરિવર્જન પાપભીરુતા, ગુણાનુરાગ અને ક્રિયારુચિ આ જ્ઞાપક-પ્રાપક તત્ત્વો છે. સંયમજીવનમાં (૧) ગુરુસમર્પિતતા (૨) પ્રજ્ઞાપનીયતા (૩) યતના (૪) આચારમાં અને જ્ઞાનમાં આગળ વધવાની તમન્ના આ સારભૂત તત્ત્વ છે.

**પ્રશ્ન : ૨૯૦.** સંયમજીવનની સફળતા માટેની આધારશીલા કઇ ?

**ઉત્તર :** સૂક્ષ્મ બુદ્ધિથી આજ્ઞા સમજવી અને પાળવી અને ન સમજાય, તો સૂક્ષ્મબુદ્ધિવાળા શાસ્ત્રજ્ઞને સમર્પિત રહેવું આજ ખરી આધારશીલા છે. આના અંતર્ગતરુપે યતના, ગુરુ લાઘવ પર્યાલોચન પૂર્વક પ્રવર્તન, રાગ-દ્વેષનિગ્રહમાં તત્પરતા વગેરે સમજવું. આ આધારશીલા છે.

**પ્રશ્ન : ૨૯૧.** કોઇપણ ગુણને સહજ પ્રાપ્ત કરવા શું કરવું ?

**ઉત્તર :** જે આચાર કે ગુણને સહજ પ્રાપ્ત કરવા હોય, તે માટેની જે-જે પ્રવૃત્તિ હોય, તેમાં આદરપૂર્વક પ્રવર્તવું. **આદરભાવ તે-તે ગુણની પ્રકૃષ્ટતાનું કારણ છે.** ઉગ્ર ભાવના અને ઉગ્ર પ્રવૃત્તિથી તાત્કાલિક ફળ પ્રાપ્ત થાય છે. આદરપૂર્વકની શક્ય પ્રવૃત્તિથી કાલાન્તરે ફળ પ્રાપ્ત થાય છે. આદર વધતો જાય એમ પ્રવૃત્તિ બળવાન થતી જાય અને ફળ વહેલું આવતું જાય તેથી **ગુણોની સહજ પ્રાપ્તિ માટે અખંડ આદરપૂર્વક શક્ય પ્રવૃત્તિ કરવી એ ઉપાય છે.**

**પ્રશ્ન : ૨૯૨.** દ્રષ્ટિને મૂળગામી પારદર્શી બનાવવા શું કરવું ? અહીં



books\satyakant\proof.pm6,mch2,63

નય-નિક્ષેપાની વિચારણા ક્યાં સુધી પદાર્થ સ્પર્શી બનાવવી ?

**ઉત્તર : દ્રષ્ટિને મૂળગામી અને પારદર્શી બનાવવા જ્ઞાન અને ગરજ બે જરુરી છે.** ગરજ હોય, તો રાગ-દ્વેષનો હ્રાસ કરી જ્ઞાનાનુસાર પ્રવર્તન થાય. નય-નિક્ષેપની વિચારણા વસ્તુના સ્પષ્ટ-વ્યક્ત બોધ માટે જરુરી છે. પરંતુ એ પછી શ્રદ્ધા, રુચિ, ગરજ આવે તો આગળ વધી શકાય. સંવેગ-નિર્વેદમય વૈરાગ્યની જેટલી તીવ્રતા આવે, તેટલા અંશે નય-નિક્ષેપાદિથી કરેલું જ્ઞાન સાર્થક નીવડે. સંવેગ-નિર્વેદની મંદતા દ્રષ્ટિને સચોટ પારદર્શક બનાવવામાં બાધક બને છે. એટલે અંશે જ્ઞાનની મંદતા પણ ગણી શકાય. **નયનિક્ષેપાના જ્ઞાન છતાં પણ જો સંવેગ-નિર્વેદ ન આવે, તો પદાર્થ સ્પર્શી જ્ઞાન પણ હૃદયસ્પર્શી ન બને. સંવેગ-નિર્વેદની તીવ્રતામાં જ્ઞાન વગર પણ કેટલાક પદાર્થ હૃદયસ્પર્શી બને છે.**

**પ્રશ્ન : ૨૯૩.** રાગ-દ્વેષનું ઉદ્‌ભવસ્થાન ક્યું ? ચિત્ત ? પદાર્થ ? કે સંસ્કાર ? પ્રત્યેકનું મહત્ત્વ પ્રધાન-ગૌણભાવે કેટલું ? ગુણવત્તા માટે શું સમજવાનું ?

**ઉત્તર :** રાગ-દ્વેષની વ્યક્ત ઉત્પત્તિ ભલે ચિત્તમાં થાય, પણ મન-ચિત્ત ન હોય તો પણ રાગ-દ્વેષ થાય છે. અપર્યાપ્ત-અસંજ્ઞી જીવોને પણ રાગ-દ્વેષ છે. તેથી રાગ-દ્વેષની ઉત્પત્તિ આત્મામાં થાય છે. ઉત્પત્તિ નિમિત્તને ઉત્પત્તિસ્થાન નયવિશેષથી ગણીએ, તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ ચારેયને ગણી શકાય. પણ કેટલીકવાર કર્મના ઉદયથી વગર નિમિત્તે પણ રાગ-દ્વેષ થતા હોય છે. જેને સ્મૃતિ પૂર્વક ભાવમાં લઇ શકાય.

ઉત્પત્તિના કારણ તરીકે વિચારીએ તો પદાર્થો પણ રાગ-દ્વેષની



ઉત્પત્તિના નિમિત્ત કારણ બની શકે છે. રાગ-દ્વેષ વગેરેના પડેલા સંસ્કારો રાગ-દ્વેષના કારણ બને છે.

અનુપયુક્ત પ્રમાદી આત્મામાં રાગ-દ્વેષના કારણો અને રાગ-દ્વેષ પ્રધાનપણે વર્તતા હોય છે. સાવધ-આજ્ઞાપરતન્ત્ર આત્મામાં રાગ-દ્વેષ ગૌણભાવે હોય છે ને એના કારણો પણ જીવ મુખ્યપણે દૂર કરતો હોય છે.

ગુણવત્તારુપે ફલવત્તા મુખ્યતા કે ગૌણતા સંસ્કાર સ્પર્શી, ક્ષયોપશમ સ્પર્શી અને કર્મના ઉદયસ્પર્શી હોય છે.

ચિત્ત તો ફિલ્મને ઝીલવાના પરદા સમાન છે. આત્મવીર્ય-જાગૃતિ-સાવધાની ગૌણ-મુખ્ય રાગ-દ્વેષના હ્રાસના કારણ છે તો અનુપયુક્તપણું-પ્રમાદીપણું ગૌણ-મુખ્ય રાગ-દ્વેષના કારણ છે.

ગુણવત્તાનું સ્થાયી સ્વરુપ પામવા માટે દરેક વિચાર-પ્રવૃત્તિ વખતે આ વિચારાદિ સિદ્ધ સ્વરુપની અપેક્ષાએ વિકૃત હોવા છતાં તેનું સાધક છે કે બાધક છે ? તે વિચારવું જરુરી છે. આ વિચારપૂર્વક બાધક કારણને છોડતા જવાથી અને સાધક કારણને આચરતા જવાથી ગુણવત્તા સ્થાયી રુપે આવે છે. એથી વિપરિત કાર્યની ફલવત્તા સ્થાયિ બને છે.

**પ્રશ્ન : ૨૯૪.** ચિત્ત કે મનની વર્તમાનકાળે પ્રાપ્ત થઇ શકે એવી સર્વશ્રેષ્ઠ અવસ્થા કઇ ? તેને દીર્ઘજીવી કેવી રીતે બનાવી શકાય ?

**ઉત્તર :** જો હાલમાં આપણા સત્ત્વાદિને અનુરુપ ઉપશમભાવ-વિવેક ભાવ ઉછળતો રહે, અશુભભાવો સમજણપૂર્વક ઘટાડતા જઇએ, અને તેઓની અભાવદશા કે અલ્પતાની દશા લાવીએ અને તે માટે વારંવાર શુભભાવનાઓથી દરેક વિચારણાને વાસ્તવિકરુપ આપીએ,



books\satyakant\proof.pm6,mch2,64

તો વર્તમાનકાળે પણ અપૂર્વ સમતા-શાંતિ-પ્રસન્નતા અનુભવી શકીએ. આને દીર્ઘજીવી બનાવવા આના ઉપરોક્ત કારણોનું સતત-વારંવાર-તીવ્ર સેવન જરુરી છે. મૈત્રી વગેરે ભાવનાઓને સતત ઉછળતી રાખવી જોઇએ.

**પ્રશ્ન : ૨૯૫.** સંયમજીવનના સુસાધ્ય યોગોને સેવવા છતાં, પરિણામોને જાળવવા મથતા હોવા છતાં ખુમારી-ગૌરવ-તેજસ્વિતા ઝંખવાતી જાય એમ કેમ બને ? આ અટકાવવા શું કરવું ? શું આમાં લક્ષ્યમાં ખામી કે સાધનામાં ઉણપ કારણ છે ?

**ઉત્તર : સાધના જીવનમાં ખુમારી-ગૌરવ-તેજસ્વિતા માટે વૈરાગ્યની તીવ્રતા, જ્ઞાનની વિશદતા, આજ્ઞાપારતન્ત્ર્ય, ભાવનાઓનું પ્રધાનભાવે ભાવન, ક્રિયાઓમાં વિશિષ્ટ કાળજી-ઉપયોગ આ જરુરી છે.** આમાં ઘટાડો-અભાવ-દીનતા વગેરેમાં કારણ બને છે, આ વૈરાગ્યાદિ હોય, તો દીનતા વગેરે ન આવે. ખુમારી ટકી રહે. આની પ્રાપ્તિ ક્રમિક છે, વ્યુત્ક્રમ કે પશ્ચાનુપૂર્વીમાં-ભાવનાઓમાં ભાવ-ઉત્સાહ ઘટી જાય એમ સંભવી શકે છે.

લક્ષ્યમાં ખામી કે સાધનાની ઉણપ પણ વૈરાગ્યાદિના અભાવના કારણે જ સમજી શકાય.

વસ્તુ સ્થિતિ વિચારતા આ રીતે જણાય છે. (આમ એક મહાત્માના તેર પ્રશ્ન પર પૂજ્યપાદશ્રીએ આપેલું વિશદ માર્ગદર્શન ઘણી બાબતો પર પ્રકાશ પાડે છે.)

**પ્રશ્ન : ૨૯૬.** સ્વયંસંબુદ્ધ સ્ત્રી કે નપુંસક હોઇ શકે ખરા ?

**ઉત્તર :** પરમાત્મા સ્વયંસંબુદ્ધરુપે સ્ત્રીરુપે હોય એ અપવાદપદે સમજવું. એ સિવાય સ્વયંસંબુદ્ધ સ્ત્રી કે નપુંસકરુપે ન હોય. સ્વયંસંબુદ્ધ જીવ



જન્મથી નપુંસક ન હોય. પરમાત્મા સિવાયના બીજા સ્વયંસંબુદ્ધો એ સિવાયના છ ભેદવાળા નપુંસક હોઇ શકે-પરમાત્માને અપવાદપદે પણ ન હોય.

**પ્રશ્ન : ૨૯૭.** ક્રોધની પજવણી-સતવણીમાંથી શી રીતે છૂટાય ? નાના પ્રસંગોમાં થતા ક્રોધને રોકવાનો ઉપાય શું ?

**ઉત્તર :** ક્રોધ આત્માનો ગુણ નથી, વિકૃતિ છે. બહારની વસ્તુ છે. તેને કાબૂમાં રાખવો-તેને દૂર કરવો સહેલો છે જો થોડો પુરુષાર્થ કરવામાં આવે.

થોડા ઉપાયો પણ અહીં રજૂ કરાય છે. આ ઉપાયોમાં જો પ્રયત્ન થશે તો અચૂક લાભ થશે.

૧) પૌદ્ગલિક ચીજોમાં પસંદગી પર ન જવું. આ વસ્તુ જોઇએ જ, તેના વિના ન ચાલે આવી પ્રતિબદ્ધતા ન હોવી જોઇએ. રોટલી ને દાળ છે શાક નથી તો ચાલશે. મારે પેટ ભરવાથી કામ છે, ખીચડી જોડે દાળ છે ચાલશે, શર્ટ જોડે પેન્ટનું મેચીંગ નથી કાંઇ વાંધો નહી આ વિચારો દરેક બાબતમાં રહેવા જોઇએ. આ ગમતું અને આ અણગમતું તેવું ન રાખવું. જ્યારે-જેવું-જે આવે તેનાથી નભાવી લેવું.

૨) બીજા આપણને પ્રતિકૂળ વર્તે, આપણી ઇચ્છા મુજબ ન ચાલે તો પોતાના પુણ્યની-ભાગ્યની કચાશ સમજી તેના પર ગુસ્સો ન કરતા સમતાથી સહન કરવું અને બીજા આપણા નિમિત્તે પ્રતિકૂળ વર્તે તેવું આપણે નિમિત્ત ન આપવું.

**૩) ધારણા મુજબ ન બને કે કંઇક પ્રતિકૂળ બને તો ભવિતવ્યતાના ખાનામાં ખતવી દેવું.** એટલે કે પ્રયત્ન કરવા છતાં જો કાર્ય સીધું ન ઉતરે તો વિચારવું કે આ કાર્યની-વસ્તુની આવી જ ભવિતવ્યતા નિયત



books\satyakant\proof.pm6,mch2,65

થયેલી છે મારો પુરુષાર્થ કામ લાગે તેમ નથી.

૪) સર્વ જીવો કર્મને પરાધીન છે. કર્મ ભૂલાવે છે. તેમાં વ્યક્તિનો શું દોષ ? વ્યક્તિ તો માત્ર નિમિત્ત છે, તેના પર ગુસ્સો કરવાથી શું ? આ વિચારણા સમતા પ્રગટાવશે.

૫) ગુસ્સો નહિ કરવાથી કદાચ નુકશાન દેખાય તો પણ તે બાહ્ય છે, કાલ્પનિક છે, કામચલાઉ છે અને મામૂલી છે, ગુસ્સો કરવાથી થતું નુકસાન બાહ્ય પણ છે અને આત્મિક પણ છે, વાસ્તવિક છે, લાંબા ગાળાનું છે અને પ્રચંડ છે. વણિકબુદ્ધિથી તે બન્નેની તુલના કરીને ક્રોધના મહાનુકશાનોથી બચવાનો સંકલ્પ કરવો.

૬) જીવનમાં ત્યાગ અને વૈરાગ્યની વૃદ્ધિ કરવી. જેમ જેમ ત્યાગનો વ્યવહાર અને ભાવ આવે તેમ અપેક્ષાઓ ઘટે છે, પસંદગીઓ છૂટે છે અને તે અપેક્ષા-નિમિત્ત જતા કષાયો મંદ પડે છે. વૈરાગ્યથી આત્મા પ્રતિકૂળતામાં પણ વિહ્વલ થતો નથી.

**પ્રશ્ન : ૨૯૮.** અપરાધી ઉપર પણ મૈત્રીભાવ શી રીતે ટકે ?

**ઉત્તર :** ૧) આ જગતમાં અપરાધીપણું નિશ્ચય-વ્યવહાર બે પ્રકારે છે. વાસ્તવમાં આપણા કર્મો-દોષો જ આપણા અપરાધી છે. જેનાથી આત્માના ગુણો નાશ પામે છે. સંસારની વિષમ અવસ્થાઓ અનુભવવી પડે છે.

૨) **વ્યવહારથી જે અપરાધી છે તેમાં વ્યક્તિ વાસ્તવિક રીતે કારણ નથી. તેનું અજ્ઞાન-સ્વાર્થ-કષાયનો ઉદય તેમાં ભાગ ભજવે છે. અને આપણા પણ તેવા પ્રકારના કર્મો-ભવિતવ્યતાનો સહયોગ મળે છે.** જો આપણા કર્મો સારા હોય તો સામી વ્યક્તિ નુકશાન કરવા જાય છતાં આપણને લાભ થાય અને જો કર્મો વાંકા તો સામો સારી બુદ્ધિથી



સહાય કરે પણ આપણને નુકશાન થાય.

૩) તેથી આપણા કર્મને જોઇ-સામાને કર્મથી પરાધીન માની **'પરાધીન પર હંમેશા દયા કરવી જોઇએ'** એમ વિચારી તેના પર કરુણા ભાવ અને **''સ્વરુપથી તેનો અને મારો આત્મા તુલ્ય જ છે''** આ વિચારી મૈત્રીભાવ લાવવો...

૪) જો વૈરભાવ લાવીએ તો તે અને તેની સાથે આપણી ભવોભવ સુધી અથડામણ-દુર્ધ્યાન અને દુર્ગતિ થતી જ રહે. જેના કારણે વર્તમાનમાં નુકશાન અતિ અલ્પ હોય છે પરંતુ ધારણ કરેલા વેરભાવથી ઉત્પન્ન થતી નુકશાની અનેક ભવોથી અને રૌરવ નરકના દુ:ખોથી પણ મહામુશ્કેલીએ પૂરી થાય છે.

૫) બીજું અપરાધી ઉપર દયાની લાગણી રાખવાથી ચિત્ત શુભ પરિણામવાળું થાય છે. પુણ્યબંધ અને પાપ-કર્મક્ષય થવાથી આત્મા ગુણોને યોગ્ય બને છે.

૬) કષાયી આત્મા સુખ અને ગુણોને બાળી નાંખે છે. ક્ષમાથી પ્રશમ સુખ ઉત્પન્ન થાય છે પછી ગુણ પ્રાપ્ત થાય છે. **ઉષ્ણતા અને રુક્ષતામાં જેમ ઠંડક થતી નથી, વનસ્પતિ ઉગતી નથી તેમ ક્રોધમાં-અપ્રીતિમાં સુખ-ગુણ ઉત્પન્ન થતા નથી.** કરુણા-સ્નેહ રાખવાથી આત્મા પોતાના ગુણોને વિશેષત: સિદ્ધ કરે છે.

**૭) સાનુકૂળ વ્યક્તિ પરનો સ્નેહ ઔપાધિક છે, અસંબંધીત વ્યક્તિ પરનો સ્નેહ કાલ્પનિક છે, જ્યારે વિરોધી-પરનો સ્નેહ સાત્વિક છે.** આત્મગુણોને પ્રગટ કરવામાં તે શીઘ્ર ફળ આપે છે માટે જ ઉપસર્ગોમાં પણ મહામુનિઓ કૈવલ્ય અવસ્થા સુધી પહોંચ્યા તે ક્ષમાનો પ્રભાવ છે.

**પ્રશ્ન : ૨૯૯.** જીવનમાં ક્ષમાગુણને આત્મસાત્ કરવા શું કરવું



books\satyakant\proof.pm6,mch2,66

જોઇએ ?

**ઉત્તર :** અનંતજ્ઞાની પરમાત્માઓએ ત્રણ પ્રકારની ક્ષમા બતાવી છે ૧) પૂર્વકાળમાં ક્ષમા ૨) વર્તમાનમાં પ્રાપ્ત કષાયનું વિફલીકરણ અને ૩) કષાય થયા પછી ક્ષમા માંગવી, ભૂલ સુધારવી તે.

**૧) પૂર્વકાળમાં ક્ષમા**

કષાયના નિમિત્ત જ ન થાય તે રીતે વર્તવું.

જીવ કષાયની પૂર્વભૂમિકા સુધારી નાખે તો કષાય જ ન થાય. સામી વ્યક્તિ સાથે ઔચિત્યપૂર્ણ વ્યવહાર ન કરીએ, તેની વાત ન માનીએ તો કષાય થાય પરંતુ ઔચિત્યપૂર્વક, સમજાવટપૂર્વક વ્યવહાર થાય તો કષાય જ ન થાય. **આત્મ પ્રશંસા અને પરનિંદા પણ સ્વ-પરને કષાયનું નિમિત્ત બની શકે છે.** માટે તેનાથી અલિપ્ત રહેવું.

**૨) પ્રાપ્ત કષાયનું વિફલીકરણ**

સામો માણસ ગુસ્સામાં હોય ત્યારે મૌન રહેવું અથવા તે કહે તેમ વર્તવું. તે વખતે કરાતી દલીલો, ખુલાસાઓ બધા ‘‘આગમાં પેટ્રોલ નાખવાં’’ જેવા થાય છે. તેથી **મૌન અથવા સ્વીકાર તે જ કષાયવિફલીકરણનો ઉત્તમ માર્ગ છે. ગમે તેટલું જ્ઞાન, ગમે તેટલી શક્તિઓ, ગમે તેટલી આરાધનાઓ હોવા છતાં જીવન જો કષાયથી દૂષિત હોય તો તે દૂધપાકમાં ઝેર ભેળવવા સમાન બની જાય છે.** આત્મગુણોમાં ભળેલો કષાય તે ગુણોને નિઃસાર બનાવી દે છે, અનુપાદેય બનાવી દે છે. માટે હૃદયમાં ગુણોની મહત્તા કેળવીને તે ગુણોનું રક્ષણ કેમ થાય તે વિચારવાથી ક્ષમા સાહજીક બને છે.

કષાયના પ્રસંગ વખતે પૂર્વના મહાપુરુષોને યાદ કરી કર્મની સ્થિતિ



વિચારવી. શઠ માણસ જેટલો હેરાન કરવાના પ્રયત્ન કરે તે સમયે સરળ માણસને સામેથી કુદરતી સહાય મળતી જ આવે છે. શ્રીપાળરાજા અને ધવલશેઠના જીવન ચરિત્રના અનેક પ્રસંગોમાં આ સિદ્ધાંત નેત્રદીપકપણે જોવા મળે છે. તેથી આપણે સરળતા રાખશું તો કુદરત અવશ્યમેવ સહાય કરશે જ, એમ માની સ્વગુણોના રક્ષણમાં તત્પર રહેવું.

**૩) કષાય થઇ ગયા પછી ક્ષમા માંગવી-આપવી.**

ભૂલ થઇ ગયા પછી ભૂલને સુધારવી એ પણ ગુણ છે. એ જ રીતે બીજાની ભૂલે આપણને કષાય થાય તો પણ નુકશાન છે. ગુણસેનની ભૂલે અગ્નિશર્માએ કષાય કર્યો તો અનંત સંસાર વધ્યો. માટે **પોતાની ભૂલ કે બીજાની ભૂલે પણ કષાય કરવા નહીં અને કદાચ થઇ જાય તો તરત ક્ષમા માંગી લેવી તે જ આરાધકપણાનું સાચું લક્ષણ છે.**

**પ્રશ્ન : ૩૦૦.** સામી વ્યક્તિની ભૂલ હોય ત્યારે તો ગુસ્સો કરવો યોગ્ય ગણાયને ?

**ઉત્તર :** ૧) ગુસ્સાનો સ્વભાવ સુધારવો. નહિંતર શાંતિ-સમાધિ અને સદ્‌ગતિ ન મળે. બીજાને શાંતિ-સમાધિ આપવા માટે પણ શાંત સ્વભાવ બનાવવો. બીજાના ગુન્હા કરતા આપણા ગુસ્સાનો ગુન્હો મોટો છે તે વારંવાર યાદ કરવું.

૨) ગુસ્સો આવી જાય તો પણ ખ્યાલ આવતા તરત કાઢી નાખવો. આપણે સીધા છીએ તેવો વિચાર ન કરવો કારણ ગુસ્સો એ જ મોટું ખોટું પગલું છે.

૩) **આપણું કોઇ નથી એ દીનતા છે. આપણે બધાના થવું, બધાને ઠારવા, બધાને સહાયક થવું, બધાને આશ્વાસન આપવું એથી ધર્મ**



books\satyakant\proof.pm6,mch2,67

**અને પુણ્ય આપણું થાય, એથી બધા જ આપણા થાય.** માટે આપણને હેરાન કરનાર ઉપર પણ પ્રેમ-વાત્સલ્ય અને ઉપકાર કરવો અને એ માટે એવી ભાવના, વિચારણા કરવી.

૪) બીજાની સારી સંભાળ રખાય તેમાં પ્રમોદ રાખવો, તો પુન્ય અને ધર્મ થાય. આપણને સંભાળનાર પ્રભુ આજ્ઞા-ત્યાગ-વૈરાગ્ય-આચાર-નિસ્પૃહતા-ભાવના વગેરે ઘણા છે. કોઇના બાહ્ય પ્રેમ-અનુકૂલતા કે સંભાળવાથી કોઇ સુખી થતું નથી, સુધરતું નથી અને ન સંભાળવાથી કોઇ દુ:ખી નથી થતું. જાતના કર્મથી સુખી-દુ:ખી થવાય છે. **તો બીજાની અપેક્ષા રાખવી નહિ. પરંતુ સારા કાર્યમાં બીજાની અપેક્ષાને આપણે પૂર્ણ કરવી.**

**૫) ગુસ્સાથી મૌન રહેવા કરતાં બીજાને પ્રસન્નતા મળે અને આરાધનામાં ઉત્સાહ જાગે તેવું બોલવું વધારે સારું. માટે દુઃખ લાગે તેવું તો ન જ બોલવું પરંતુ મધુર ભાષાએ બોલતા શીખવું જેથી બીજાને લાભ થાય.**

૬) વિશેષ પરિવર્તન દરેક વાતમાં ચીવટ-કાળજી-ધ્યેય પૂર્વક પ્રવર્તવાથી આવે છે. માટે આચારો-ગુણોમાં કાળજી રાખીને પ્રવર્તવું.

બીજા આપણા ઉપર ગુસ્સો કરે, વધારે ગુસ્સો કરે તેમ આપણે વધારે સહનશીલ-ગુણીયલ-વધારે ધર્મવાળા-પુણ્યવાળા થઇએ તો અકળાવાની શી જરુર ?

માટે જેમ સામે વ્યક્તિ ગુસ્સો વધારે કરે એમ આપણું સત્વ વધારે ખીલે, ક્ષમા મુખ્ય બને. ફક્ત એ જે વાત કહે તેમાં આપણી ભૂલ હોય તો સુધારવી, એ જે અપેક્ષા રાખે તે શક્ય હોય તો પુરી કરવી તે આપણી ફરજ છે. બાકી સહન કરવાથી એમનો ગુસ્સો પણ ક્યારેક જશે.



**ધરતી જગ્યા આપે તો સમાઇ જાઉં,** આવા વિચારના બદલે પરિષહ સહન કરતા જવું અને આનંદ પામવો. બીજાની ઉન્નતિમાં આનંદ પામવો અને પોતાની ઔદયિક ભાવની કે ક્ષયોપશમ ભાવની હીણપતમાં સમતા-પ્રસન્નતાથી સહન કરવું તો પરિષહજય થાય અને કાલાન્તરે એ હીન સ્થિતિમાંથી છુટકારો થાય પણ દીન બનવાથી આત્મા વધારે પાપકર્મ બાંધીને દુ:ખી થાય છે. માટે ભૌતિક કે આધ્યાત્મિક કોઇપણ ઊંચી સ્થિતિનો સદુપયોગ કરવો પણ ગર્વ-અભિમાન ન કરવું. તેવી જ રીતે ભૌતિક-આધ્યાત્મિક સ્થિતિની નીચેની ભૂમિકામાં પણ આત્મા શક્ય પ્રયત્ન કરે, મૈત્રી-પ્રમોદ-કરુણાનો આશ્રય કરે પરંતુ હતાશ-દીન ન બને. **હતાશા-દીનતા એ પ્રગતિને રોકવાનો કે નાશ કરવાનો રસ્તો છે. અભિમાન એ પણ ઉન્નતિને-પ્રગતિને અટકાવવાનો-નાશ કરવાનો રસ્તો છે.** માટે આવા વિચાર શોભાસ્પદ નથી. મરવાથી કોઇ પાપથી કે દુ:ખથી મુક્ત થવાતું નથી એ યાદ રાખવું. આદર-અનાદર, રાગ દ્વેષ સાથે જ હોય છે માટે બદલાતા રહે છે. રાગ પણ ન કરવો, દ્વેષ પણ ન કરવો, સમભાવે ઔચિત્ય વ્યવહાર કરવો, પૂજ્યોનો પૂજ્યભાવ રાખવો. રાગ પણ ન થાય તેમ સાવધાની રાખવી. જીવો કર્માધીન છે. સારા-નરસા આચારો વાણી-વિચાર વગેરે ઓછા-વત્તા અંશે કર્મના ઉદયથી અને આત્મ જાગૃતિથી ચડ-ઉતર રુપે આવ્યા કરે છે. માટે બીજા જીવોના સારા આચાર વગેરેની અનુમોદના-પ્રશંસા-ઉપબૃંહણા જેમ કરવી તેવી રીતે નરસા આચાર વગેરેની ઉપેક્ષા-માધ્યસ્થ-ઉદાસીનતા રાખવી આ રીતે આપણે આપણા સ્વરુપમાં રહેવું. આપણે રાગ-દ્વેષ દ્વારા આપણી જાતને ખોટા રસ્તે શા માટે લઇ જવી ? માટે સદા સદ્ભાવનાના આલંબન-ઉપયોગ-



books\satyakant\proof.pm6,mch2,68

વિચારણાથી સ્વસ્થ રહેવું.

**પ્રશ્ન : ૩૦૧.** શ્રી તીર્થંકર પરમાત્મા ભરતક્ષેત્રમાં દક્ષિણભરતના મધ્યખંડમાં હોય છે તો ભરતના બીજા ખંડોમાં તીર્થંકરોનું વિચરણ હોય કે નહીં ? બીજા ખંડોમાં ધર્મ છે કે નહીં ? કેવલી ભગવંતો વિચરી શકે કે નહીં ?

**ઉત્તર :** શ્રી તીર્થંકર પરમાત્મા ૨૫।। દેશમાં વિચરે. ૬ ખંડના ૩૨૦૦૦ દેશો છે. તેમાં મધ્યખંડ દક્ષિણાર્ધમાં ૫-૫।। હજાર દેશો આવે તેમાં પણ ફક્ત ૨૫।। દેશોમાં વિચરે. બાકીના દેશો અનાર્ય હોય. ત્યાં ધર્મ ન હોય. ત્યાં ભગવાનનો જન્મ કે વિચરણ ન હોય-કેવલજ્ઞાની પણ બહુધા ત્યાં ન હોય-અને ત્યાં વિચરણ કે ધર્મ ઉપદેશ પણ ન કરે.

**પ્રશ્ન : ૩૦૨.** શરીરના ખાલી સ્થાનોમાં નિગોદના જીવો હોય કે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ હોય છે ?

**ઉત્તર :** સૂક્ષ્મ નિગોદ શરીરના ખાલી કે ભરેલા ભાગની બધી જગ્યામાં હોય છે. બાદર નિગોદ બેમાંથી એકેમાં પ્રાયઃ હોતા નથી. સૂક્ષ્મનિગોદ અને સૂક્ષ્મ એકેન્દ્રિય ચાર કુલ પાંચે સૂક્ષ્મ સર્વલોકમાં બધે જ હોય છે.

**પ્રશ્ન : ૩૦૩.** પ્રભુની અંતિમ દેશનામાં હાજર રહેલા સાધુઓએ પોતાની આવશ્યક ક્રિયા કેવી રીતે કરી ?

**ઉત્તર :** પ્રભુની અંતિમ દેશનામાં રહેલા સાધુ-સાધ્વીને આવા પ્રસંગે પ્રભુ આગમ વ્યવહારી છે માટે એમની નિશ્રામાં રહેલાને આવા સંયોગોમાં ન કરે તો ક્ષન્તવ્ય ગણાય એવું જણાય છે. અર્થાત્ ન કરે તેવો સંભવ છે.

**પ્રશ્ન : ૩૦૪.** ઋષભદેવ ભગવાન કંઇક અધિક એક વર્ષ સુધી



ચીવરધારી=સચેલક હતા, પછી અચેલક થયા-એવો **જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિમાં** ઉલ્લેખ છે તો પ્રભુ એક વર્ષ બાદ અચેલક શા માટે થયા ?

**ઉત્તર :** વસ્ત્ર પડી જવાથી વસ્ત્ર વગરના થાય એમ સંભવ છે. વસ્ત્રદાનનો ઉલ્લેખ નથી માટે પડી ગયાનો સંભવ છે.

**પ્રશ્ન : ૩૦૫.** વિજય, વૈજયન્ત, જયંત અને અપરાજિત વિમાનમાંથી કોઇ એક વિમાનમાં બે વાર જન્મ લેવાથી ૬૬ સાગરોપમ પૂર્ણ થાય છે એવું **પાંચમા કર્મગ્રન્થમાં** જણાવ્યું છે પણ વિજયાદિકનું ઉત્કૃ. આયુ. તો ૩૨ સાગરો. છે તો બે વારમાં ૬૬ સાગરો. કેવી રીતે ?

**ઉત્તર :** અનુત્તરના ૪ વિમાનોમાં જઘન્ય આયુ. ૩૧ સાગરોપમ છે. મતાંતરે ૩૨ સાગરોપમ છે. ઉત્કૃષ્ટ ચારેમાં ૩૩ સાગરોપમ છે તેથી બે ભવ ત્યાં કરવાથી ૬૬ સાગરોપમમાં કોઇ વાંધો નથી.

**પ્રશ્ન : ૩૦૬.** સૂક્ષ્મ પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાય-વાયુકાયના જીવો ચૌદ રાજલોકમાં વ્યાપ્ત છે. તે એક શરીરમાં એક જીવ છે ને ? તે જીવો વ્યવહાર રાશિમાં કેવી રીતે આવે છે ? એક આત્મા સિધ્ધ થાય ત્યારે આવે કે ભવિતવ્યતાથી આવે ? સિધ્ધ થાય ત્યારે એક જીવ વ્યવહાર રાશિમાં જે આવે છે તે નિગોદમાંથી જ આવે છે કે પૃથ્વીકાય આદિ ચારમાંથી પણ આવે છે ?

**ઉત્તર :** સૂક્ષ્મ પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાય અને વાયુકાય આ ચારને પ્રત્યેક કહેવાય છે અને પ્રત્યેકમાં એક શરીરમાં એક જીવ જ હોય તેથી આ ચાર સૂક્ષ્મોમાં એક શરીરમાં એક જીવ હોય છે.

સૂક્ષ્મ નિગોદ અને આ ચારે સૂક્ષ્મ પણ ચૌદ રાજલોકમાં સંપૂર્ણ-સર્વત્ર ઠાંસી ઠાંસીને ભરેલા છે.

ચાર પ્રત્યેક સૂક્ષ્મો વ્યવહારમાં ગણાય છે. વ્યવહાર રાશિવાળા કહ્યા છે.



books\satyakant\proof.pm6,mch2,69

સૂક્ષ્મ નિગોદના જીવો મોટાભાગે અવ્યવહાર રાશિના છે. તેમાંથી એક જીવ મોક્ષે જાય ત્યારે એક જીવ બહાર આવે એટલે પ્રત્યેક-પણાને પામે એ અવ્યવહાર રાશિની નિગોદમાંથી આવે છે.

(જે મોક્ષમાં જાય ત્યારે તેના બદલે નીકળે છે તે જીવ ત્યારે અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવ્યો કહેવાય)

બાકી જીવો સૂક્ષ્મ પૃથ્વીકાય વગેરે વ્યવહાર રાશિમાં છે અને જન્મ-મરણથી બધે ફર્યા કરે છે.

**પ્રશ્ન : ૩૦૭.** સંગમદેવનો ઉપસર્ગ ભગવાનના કર્મને કારણે થયો કે કર્મોદય ન હોવા છતાં પણ થયો ?

**ઉત્તર :** સંગમદેવના ઉપસર્ગમાં પ્રભુના કર્મ કારણ તો છે જ પરંતુ સંગમદેવની અપાત્રતા વિશેષ કારણ છે. કર્મોદય ન હોય તો કોઇ હેરાન કરી શકે નહીં.

**પ્રશ્ન : ૩૦૮.** ગણિપદવીધરને અને પંન્યાસ પદવીધરને શું વિશેષ અધિકાર પ્રાપ્ત થાય છે ?

**ઉત્તર :** શ્રીવિવાહ પન્નતિ (ભગવતીસૂત્ર)ના યોગની અનુજ્ઞા સાથે ગણિપદવી સંકળાયેલી છે. એટલે કે ઉત્તરાધ્યયન વગેરેના ક્રમથી યોગોદ્‌વહન કરતા કરતા જ્યારે સાધુ ભગવતીસૂત્રના યોગ કરી એ સૂત્રની અનુજ્ઞા મેળવે છે ત્યારે ભેગી ભેગી ગણિપદવી અપાય છે. પછી જ્યારે સર્વશ્રુતઅંગેની અનુજ્ઞા અપાય છે ત્યારે પંન્યાસપદવી અપાય છે. હાલ એ રીતે આ બંને પદવી અપાય છે. આ બંને પદવી માટે શિષ્ય હોવો જરુરી ગણાય છે. આ બંને પદવીધર શ્રી ભગવતીસૂત્રના જોગ કરાવી શકે તથા સાધુ-સાધ્વીની વડીદીક્ષા કરી શકે વગેરે એટલા વિશેષ અધિકારની વાત ધ્યાનમાં છે.



**પ્રશ્ન : ૩૦૯.** કોઇ આચાર્ય વગેરે કાળધર્મ પામે, તો અગ્નિ સંસ્કાર વિના કેટલા કલાક એમનું મૃત શરીર રાખી શકાય ?

**ઉત્તર :** એ મૃતશરીરમાં કીડા વગેરેની કે સંમૂર્ચ્છિમની ઉત્પત્તિરુપ જીવોત્પત્તિની વાત હોય, તો તે અંતર્મુહૂર્ત પછી સંભવે છે. બાકી **આવશ્યક નિર્યુક્તિ પ્રતિક્રમણ આવશ્યકમાં પારિષ્ઠાપનીકા નિર્યુક્તિમાં** બતાવ્યા મુજબ સાધુના કાળ પામ્યા પછી પૂર્વે એ મૃતશરીરને જંગલમાં મુકી દેવાનો=મહા પરિષ્ઠાપના કરવાની વિધિ હતી. એ જ નિર્યુક્તિમાં વિશેષ એવી વાત પણ બતાવી છે કે ત્યાં મુકેલું એ શરીર જેટલા દિવસ અક્ષત રહે તેટલા વર્ષ સુધી એ ક્ષેત્રમાં સુકાળ વગેરે રહે. તેથી વોસિરાવ્યા પછી પણ એ મૃતશરીર ઘણા દિવસ સુધી રહી શકે છે એમ નિર્ણય થાય છે.

તેથી ઉપરની વાત ધ્યાનમાં લઇ બધો વિચાર કરવો. એકાંત દ્રષ્ટિ પકડી વિવાદ નહીં કરવો.

**પ્રશ્ન : ૩૧૦.** મુહપત્તિ પડિલેહણ વગેરેની વિધિ અલગ-અલગ પુસ્તકોમાં ઘણીવાર અલગ-અલગ રીતની જોવા મળે છે. તો શાસ્ત્રમાન્ય વિધિ ક્યાં ગ્રંથમાં જોવા મળે ?

**ઉત્તર :** પૂજ્યપાદ સ્વ.પ્રેમસૂરીશ્વરજી ગુરુભગવંતે અનેક સિદ્ધાન્તોનું જે ગહન અધ્યયન કરીને સ્વગચ્છમાં મુહપત્તિ પડિલેહણની જે વિધિ પ્રસ્થાપિત કરી છે તે યોગવિધિના પુસ્તકમાં છપાયેલ છે અને તે શાસ્ત્રમાન્ય છે. તેમ છતાં જુદા જુદા સુવિહિત સમુદાયની તે-તે પરંપરા આદિના કારણે એવી અનેક બાબતોમાં સામાચારી અનેક પ્રકારની=વિવિધ પ્રકારની હોય તે સંભવે છે. એક સમુદાયમાં તો એક જ શાસ્ત્રમાન્ય વિધિનું પાલન થાય તે ઇચ્છવા યોગ્ય છે જેથી



books\satyakant\proof.pm6,mch2,70

વિવાદ ન થાય.

**પ્રશ્ન : ૩૧૧.** દેરાસરના રંગમંડપમાં ઘુમ્મટપર ધજા હોવી જ જોઇએ કે ન હોય તો પણ ચાલે ? રાખવાની હોય, તો કેવા રંગની જોઇએ ? ગુરુમંદિરના શિખર પર ધજા કેવા રંગની જોઇએ ?

**ઉત્તર :** દેરાસરના રંગમંડપના ઘુમ્મટ પર ધજા હોવી જ જોઇએ એવું કોઇ વિધાન મારી નજરે ચઢ્યું નથી. જ્યાં ઘણા વર્ષોથી પરંપરા જેવી હોય તે પ્રમાણે કરાતું હોય તો પણ હરકત નથી.

ગુરુ મંદિરના શિખર પર ધજા અંગેની પણ કોઇ વાત શાસ્ત્રમાં નજરે ચડી નથી. તેમ છતાં આચાર્ય-ઉપાધ્યાય-સાધુના પીળા, લીલા, કૃષ્ણ રંગ મુજબ રંગવાળી ધજા કરાતી હોય તો કોઇ વાંધો લાગતો નથી. દેરાસરના શિખર પર તો અરિહંત-સિધ્ધ આ બેને લક્ષ્યમાં લઇ લાલ સફેદ લાલ તથા સફેદ લાલ સફેદ એમ ત્રણ રંગવાળી ધજા રખાય છે.

**પ્રશ્ન : ૩૧૨.** ભરતક્ષેત્રમાં રહેલા હાલના મનુષ્ય-તિર્યંચને છએ સંસ્થાનો હોઇ શકે ?

**ઉત્તર :** શાસ્ત્રોમાં બતાવ્યા મુજબ હાલ માત્ર છઠ્ઠું સંસ્થાન હોઇ શકે, આર્યરક્ષિતસૂરિથી મધ્યમ ચાર સંઘયણ-સંસ્થાન વિચ્છેદ ગયા છે.

**પ્રશ્ન : ૩૧૩.** મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન વચ્ચેની સામાન્ય ભેદ રેખા કઇ ?

**ઉત્તર : શબ્દથી ઉત્પન્ન થાય એવો બોધ તે શ્રુતજ્ઞાન** અને **ઇન્દ્રિયથી ઉત્પન્ન થયેલો બોધ તે મતિજ્ઞાન.** એમ સામાન્યથી ભેદરેખા જાણવી. દરેક ધર્મ-પર્યાયના બોધમાં આ બંને પ્રકારના બોધ સંભવે છે.

**પ્રશ્ન : ૩૧૪.** નામકર્મમાં બતાવેલું શ્વાસોચ્છ્વાસ નામકર્મ, છ પર્યાપ્તિઓમાં વર્ણવેલી શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ અને દસ પ્રાણમાં



બતાવેલો શ્વાસોચ્છ્વાસ પ્રાણ આ ત્રણે એક છે કે જુદા ? જુદા હોય, તો ત્રણેયના કાર્ય ક્યા ક્યા ?

**ઉત્તર :** શ્વાસોચ્છ્વાસની જે ક્રિયા છે તે પ્રાણ છે. એમાં કારણભૂત શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલો લઇ શ્વાસોચ્છ્વાસરુપે પરિણમાવી છોડવાની જે પ્રક્રિયા છે શ્વાસોચ્છ્વાસ નામકર્મના ઉદયથી થાય છે. અને એના પણ કારણરુપે શરીરમાં-આત્મામાં ઉત્પન્ન થયેલ શક્તિ અર્થાત્ એ રીતે શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલો લઇ પરિણમાવવાની ક્રિયા થવામાં કારણભૂત જે શક્તિની પ્રાપ્તિ પર્યાપ્ત નામ કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે તેને પર્યાપ્તિ કહેવાય. એટલે કે એ નામકર્મથી જીવ શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જ ઉપરોક્ત પ્રક્રિયા કરી શકે. આ રીતે ત્રણેમાં ભિન્નતા જણાય છે.

**પ્રશ્ન : ૩૧૫.** ભાષા પર્યાપ્તિ, વચનબળરુપ પ્રાણ, વચનયોગ અને જિહ્વેન્દ્રિય પર્યાપ્તિ આ ચારેયના કાર્યોનું વિભાગીકરણ કેવી રીતે સમજવાનું ?

**ઉત્તર :** ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થવાથી બોલવા વગેરેના ઉપકરણ વગેરેની પ્રાપ્તિ થાય છે. પછી ભાષા પર્યાપ્તિ પૂર્ણ થવાથી ભાષા વર્ગણાના પુદ્ગલોને ભાષારુપે ગ્રહણ-પરિણમનાદિ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. આ શક્તિ વચનબળ ગણાય ને જ્યારે એ પ્રવૃત્ત થાય છે ત્યારે વચનયોગ બને છે.

**પ્રશ્ન : ૩૧૬.** શ્રાવકના અતિચારો કોણે, શાના આધારે બનાવ્યા ?

**ઉત્તર : ઉપાસક દશાંગમાં** શ્રાવકના વ્રતો, અતિચારોનું વર્ણન છે. એ જ રીતે **વંદિત્તાસૂત્રમાં** પણ છે. એના આધારે પ્રાય: ચૌદમી સદીના કો'ક મહાપુરુષે વર્તમાનના શ્રાવકાતિચાર બનાવ્યા છે. કર્તાનું નામ



books\satyakant\proof.pm6,mch2,71

ઉપલબ્ધ નથી.

**પ્રશ્ન : ૩૧૭.** નિગોદમાં અક્ષરનો અનંતમો ભાગ ખુલ્લો છે એમ જે કહેવાય છે એમાં અક્ષર એટલે શ્રુતરુપ અક્ષર સમજવાનો ?

**ઉત્તર :** 'અક્ષરનો અનંતમો ભાગ' અહીં અક્ષર એટલે કેવળજ્ઞાન લેવાનું. 'નાશ ન પામે તે અક્ષર' આ વ્યુત્પત્તિથી અક્ષર એટલે કેવળજ્ઞાન એવો અર્થ નીકળે. આમ લેવાથી મતિ-શ્રુત બંનેનો સમાવેશ થશે. બંને અક્ષરરુપ કેવળજ્ઞાનના અનંતમાં ભાગે છે. જો શ્રુતજ્ઞાનરુપ અક્ષર લઇ એનો અનંતમો ભાગ ખુલ્લો એમ કરીએ, તો એ અનંતમો ભાગ પણ શ્રુતરુપ જ ઘટે, એમાં મતિ ઘટી ન શકે. અને તો નિગોદમાં મતિઅજ્ઞાન ઘટી ન શકે.

**પ્રશ્ન : ૩૧૮.** નાના સાધુ વગેરેને સાંજે વસતી જોવાની રહી ગઇ હોય ને રાત્રે માત્રાની શંકા થાય તો બીજા પરઠવે તો એ નાના સાધુ વગેરેને વસ્તી ન જોવાનું પ્રાયશ્ચિત્ત આવે ખરું ?

**ઉત્તર :** સાંજે વસતી આચાર્ય વગેરે બધાએ જોવાની છે. એ ન જુએ, તો બીજા પરઠવે તો પણ ન જોવાનું પ્રાયશ્ચિત્ત આવે.

**પ્રશ્ન : ૩૧૯.** મુંડકેવલી અને મુક કેવલી દેશના ન આપે એવો કાયદો છે ?

**ઉત્તર :** મુંડકેવલી એટલે કે સામાન્ય કેવલી (તીર્થંકર-ગણધર સિવાયના કેવલી) દેશના આપે. પણ એમાંય જે મુક કેવલી છે (જેઓ બાહ્ય રીતે શાસન પામ્યા વિના કેવળજ્ઞાન પામ્યા હોય) તેઓ દેશના ન આપે, પણ પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપે આ વાત **ભગવતી સૂત્રના ''અસોચ્ચા કેવલિ''** અધિકારમાં બતાવી છે.

**પ્રશ્ન : ૩૨૦.** જમીનનો માલિક શય્યાતર ગણાય કે મકાન અથવા



સંઘ હોય તો ટેન્ટ-તંબુનો માલિક સંઘવી શય્યાતર ગણાય ?

**ઉત્તર :** જમીન શય્યા નથી ગણાતી, તંબુ કે મકાન શય્યા ગણાય છે. તેથી એનો માલિક અથવા તેનું ભાડુ ચૂકવનાર હોય તે શય્યાતર ગણાય.

**પ્રશ્ન : ૩૨૧.** ગુરુ છદ્મસ્થ હોય અને શિષ્યો કેવળજ્ઞાની હોય તો ગુરુની વૈયાવચ્ચ, ગોચરી વહોરવી બધુ કરે ?

**ઉત્તર :** ગુરુ છદ્મસ્થ હોય અને શિષ્ય કેવળજ્ઞાની હોય તો ગુરુને ખબર પડે પછી સેવા ન કરાવે અને તેથી કેવળી સેવા ન કરે. ગોચરી વગેરે પણ ન કરાવે. ન જાણે ત્યાં સુધી કરે-કરાવે.

**પ્રશ્ન : ૩૨૨.** જે-જે પ્રભુ મોક્ષે જાય તેની ઇન્દ્ર મ. દાઢ લઇ જાય તો પહેલાની જે દાઢ હોય તેનું વિસર્જન કરે ? જેમ પાર્શ્વ પ્રભુ-મહાવીરસ્વામી વચ્ચે ૨૫૦ વર્ષનું આંતરું છે તો દાઢ, માટે શું ? કેવી રીતે રાખે ? દાઢ લેવાનો શો મહિમા ?

**ઉત્તર :** દાબડામાં ઘણી દાઢા હોય અને દાઢાઓ ન માય ત્યારે જૂની દાઢાનું વિસર્જન કરે અથવા બીજા દેવો પણ લઇ જાય. દાઢાના ન્હવણ જળથી રોગ, ઉપદ્રવ, દ્વેષ વગેરે શાંત થાય.

**પ્રશ્ન : ૩૨૩.** ગૌતમ સ્વામીથી ૧૫૦૦ તાપસોને પારણાં કરાવાય ?

**ઉત્તર :** દીક્ષા આપીને કરાવ્યા છે પછી શું હરકત છે ?

**પ્રશ્ન : ૩૨૪.** તીર્થંકર નામ કર્મનો વિપાક ઉદય ૧૩ મે હોય તો જન્મ વખતે બધાને સુખ, પ્રકાશ, ૬૪ ઇન્દ્રો આવે, જન્મ અભિષેક આદિ ઋદ્ધિ-સિદ્ધિ ક્યા કર્મના ઉદયથી પ્રાપ્ત થાય ?

**ઉત્તર :** બીજા વિશિષ્ટ કર્મોના ઉદયથી અથવા જિન નામના વિશિષ્ટ



books\satyakant\proof.pm6,mch2,72

પ્રદેશોદયથી.

**પ્રશ્ન : ૩૨૫.** ઉત્સૂત્ર પ્રરુપણા કરનારને તીર્થંકર અદત્ત લાગે ?

**ઉત્તર :** ઉત્સૂત્ર પ્રરુપણા કરનારને સામાન્યથી અયોગ્ય કહેવાય. આપવું-લેવું તે ગ્રહણ-ધારણીય દ્રવ્ય (લેવા-આપવારુપે) વિષય છે. ઉપદેશ એ અદત્તાદાનનો વિષય નથી. જે વસ્તુ ભગવાને વાપરવાની ના પાડી હોય તે વસ્તુ લેવા-વાપરવામાં તીર્થંકર અદત્ત લાગે. છતાં નયવિશેષ અને અપેક્ષાએ કોઇ ઘટાવે તે વાત જુદી. સામાન્યથી અદત્ત ન કહેવાય.

**પ્રશ્ન : ૩૨૬.** અઢાર અભિષેક કર્યા વિનાના દેવ-ગુરુના ફોટાને વંદનાદિ થઇ શકે ?

**ઉત્તર :** અઢાર અભિષેક વગરના દેવ-ગુરુના ફોટાની આશાતના-અવજ્ઞા થાય ? ન જ થાય. તે એટલા જ પૂજ્ય છે માટે વંદન-પૂજનમાં જરા પણ પ્રશ્ન નથી છતાં વ્યવહાર નથી માટે જરુર પડે તો નવકારથી કે નવકાર-પંચિંદિય થાપીને વંદન-પૂજન કરવું પછી ઉત્થાપી લેવા. પણ કોઇ ભક્તિભાવથી કરે તો ભાવપ્રધાન છે માટે ટીકા-ટિપ્પણ કરવા જેવું નથી.

**પ્રશ્ન : ૩૨૭.** सा कृतानशना मृत्वाऽच्युतेन्द्रस्य महिष्यभूत् ।
पंच पंचाशत्पल्यायुः प्रच्युताऽभूत्तु रुक्मिणी ।।

**પર્વ-૮, સર્ગ-૬, શ્લો.-૨૫૬**

દેવીની ઉત્પત્તિ તો માત્ર ઇશાન સુધી છે ને ગમન માત્ર સહસ્રાર સુધી છે, જ્યારે આમાં તો અચ્યુતેન્દ્રની પટ્ટરાણી થઇ એમ બતાવ્યું છે તો શું સમજવું ?



**ઉત્તર :** અચ્યુતેન્દ્રને યોગ્ય મહિષી થઇ. દેવીઓ બીજા સુધી ઉત્પન્ન થાય છે તે વાત સાચી, પરંતુ મતાંતર બારમાં દેવલોક સુધી પણ જાય છે તેવું **ત્રિષષ્ઠિ**માં પણ વિધાન છે અને બીજા ગ્રંથોમાં પણ છે તે મતાંતર જાણવો. ચાલુ મત આઠમાં દેવલોક સુધી જાય છે.

**પ્રશ્ન : ૩૨૮.** પશુ / પક્ષીએ બોટેલ પાણીમાં બે ઘડી પછી સંમૂર્છિમ જીવની ઉત્પત્તિ થાય ?

**ઉત્તર :** જે વિષ્ઠા ચૂંથતાં હોય તેવાં કાગડા વગેરેએ બોટેલ પાણીમાં સંભવ રહે, બીજામાં સંભવ નથી. એમની અશુચિમાં સંમૂર્છિમ થતા નથી માટે ગોમૂત્ર વધારે સમય પણ રખાય છે.

**પ્રશ્ન : ૩૨૯.** વર્તમાનમાં પ્રાપ્ત થતા ત્રીસેક પયન્નામાંથી ૪૫ આગમમાં દશ જ પયન્ના લેવાનું કારણ શું ?

**ઉત્તર :** ૮૪ આગમ પૂર્વે હતા હાલ ૪૫ કહેવાય છે તેમાં ૧૦ પયન્નાનું ગ્રહણ પૂર્વાચાર્યની સામાચારી છે.

**પ્રશ્ન : ૩૩૦.** અષ્ટમંગળના આલેખનમાં મત્સ્યાદિ પાછા વીખેરાય તો દોષ ન લાગે ?

**ઉત્તર :** અષ્ટમંગળ આલેખાય અને વીખેરાય એમાં દોષ નથી અથવા ગૌણ છે. પૂજાની મહત્તા છે, ઇન્દ્રો પણ પ્રભુ આગળ કરે છે.

**પ્રશ્ન : ૩૩૧.** જરાસંઘની જરા નેમિનાથ ભગવાન પોતે દૂર કરી શકે તેમ હતા તે છતાં શંખેશ્વર પ્રભુના પ્રક્ષાલને શા માટે મહત્ત્વ આપ્યું ?

**ઉત્તર :** જરાસંઘની જરા નેમિનાથ પ્રભુ દૂર કરી શકતા હતા પણ-મહાપુરુષો પોતાના મહિમા સામર્થ્યનું પ્રદર્શન કરતા નથી. વળી તે



books\satyakant\proof.pm6,mch2,73

ક્ષેત્ર ઉપર પ્રતિમા દ્વારા ઉપકાર વગેરે જાણીને, તથા કોઇકને વિશેષ લાભ વગેરે હોય તે જાણીને પ્રભુમૂર્તિનું સૂચન કર્યું. **મૂર્તિપૂજા કાયમી આલંબન છે. વિચરતા જિન પરિમિત કાલે આલંબન છે તેથી અપેક્ષાએ મૂર્ત્તિનું મહત્વ વધે છે.** જે કાર્ય તીર્થંકર પરમાત્મા કરી શકે તેવું કાર્ય ભગવાનના નામ-મૂર્ત્તિ વગેરેથી પણ સિદ્ધ થાય છે, તે દર્શાવવું પણ જરુરી હતું.

**પ્રશ્ન : ૩૩૨.** જિનનામ કર્મ બાંધેલા જીવો વૈમાનિક દેવલોકમાં વિમાનના અધિપતિ (માલિક) દેવ તરીકે કે સામાનિક દેવ તરીકે જ ઉત્પન્ન થાય કે બીજા મહર્દ્ધિક દેવ તરીકે પણ ?

**ઉત્તર :** જિનનામ કર્મ બાંધેલા જીવો વૈમાનિક દેવલોકમાં માલિક-સામાનિક-મહર્દ્ધિક ત્રણે તરીકે ઉત્પન્ન થાય. ટૂંકમાં નીચા=હલકા દેવ તરીકે ન થાય.

**પ્રશ્ન : ૩૩૩.** વાસુદેવનું શરીર (મડદું) ૬ મહિના પડ્યું રહે તો ગંધાય કે નહિ ?

**ઉત્તર :** વાસુદેવનું શરીર ન કોહવાય તેવો સંભવ છે. ફુલે નહિ. બળદેવ પણ દેવોથી અધિષ્ઠિત છે તેથી તેના પ્રભાવે પણ. વાસુદેવના અધિષ્ઠાયકો પણ અગ્નિસંસ્કાર બાદ કર્તવ્યમુક્ત બને. આ બધી સંભાવના છે.

**પ્રશ્ન : ૩૩૪.** દેવો / નારકો ત્રણ આહારીમાંથી ક્યા આહારી ?

**ઉત્તર :** દેવો / નારકો મનોભક્ષી-લોમ આહારી હોય છે.

**પ્રશ્ન : ૩૩૫. રાયપસેણીવૃત્તિમાં** વાવડીના વર્ણનમાં **'ભ્રમન્તો મત્સ કચ્છપાઃ'** એમ લખ્યું છે, તો દેવલોકમાં શું પંચેન્દ્રિયતિર્યંચ



હોય ?

**ઉત્તર :** રાયપસેણીમાં કહેલા મત્સ્ય વગેરે રત્નોના છે: દેવલોકમાં પંચેન્દ્રિયતિર્યંચો નથી.

**પ્રશ્ન : ૩૩૬.** સ્વપ્નદ્રવ્યની ઉછામણી લગભગ ક્યારથી ચાલુ થઇ હશે ? સંવિગ્નગીતાર્થ કૃત હશે ?

**ઉત્તર :** સ્વપ્નદ્રવ્યની ઉછામણી ગમે તેણે-ગમે ત્યારે શરુ કરી હશે પણ સંવિગ્નગીતાર્થ માન્ય જણાય છે. અને પાછળ પણ સંવિગ્નગીતાર્થે આચરેલી છે. નિરવદ્ય અને વિશેષ લાભકારી છે. ૨૫૦ વર્ષ આસપાસ શરુ થયાનું સંભળાય છે.

**પ્રશ્ન : ૩૩૭.** આત્મા એક ગતિમાંથી બીજી ગતિમાં જાય ત્યારે તેની સ્પૃશત્ ગતિ હોય કે અસ્પૃશત્ ગતિ ? તેજસકાર્મણ શરીર તો તેની સાથે હોય જ છે તેથી અસ્પૃશત્ ગતિ કેવી રીતે ઘટે ? અને જો સ્પૃશત્ ગતિ માનીએ તો અસંખ્ય આકાશ પ્રદેશોને બે-ત્રણ કે ચાર સમયમાં જ આત્મા કેવી રીતે સ્પર્શી શકે ?

**ઉત્તર :** એક ભવમાંથી બીજા ભવમાં જનાર જીવને અસ્પૃશત્ ગતિ નથી. એ ગતિ ફક્ત કર્મમુક્ત જીવને છે. બીજા જીવો એક સમયમાં જતા હોવા છતાં કર્મપ્રદેશોને ગ્રહણ કરતા હોવાથી એને સ્પૃશદ્ ગતિ જેવી ગતિ ગણાય.

દરેક સમયે જો ક્રમશઃ સ્પર્શ થાય તેવું માનવામાં આવે તો દેહધારીની ગતિ જ ન થાય. બધાં ગમન-વ્યવહાર અસંગત થાય. એક અંગુલ આકાશપ્રદેશને ઓળંગતા એના પ્રદેશો અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી જેટલા હોવાથી એટલો કાળ પ્રસાર કરવો પડે માટે અસ્પૃશદ્ ગતિ જેમ નથી એમ પારિભાષિક સ્પૃશદ્ ગતિ=ક્રમશઃ



books\satyakant\proof.pm6,mch2,74

સમયે સમયે એક-એક આકાશ પ્રદેશ સ્પર્શ્યારુપ પણ નથી.

**પ્રશ્ન : ૩૩૮.** નિકાચિત કર્મ પણ તપથી નાશ પામે છે. તે કેવા તપથી ?

**ઉત્તર :** નિકાચિત કર્મ શુકલધ્યાનથી શ્રેણીમાં નાશ પામે છે. ૯ મે ગુણસ્થાનકે સત્તામાંથી પણ નિકાચના કરણથી નાશ પામે છે. **વિશેષ આવશ્યક ટીકામાં** વિકૃષ્ટ તપથી પણ કેટલાક નિકાચિત કર્મ નાશ પામે છે, તેમ બતાવેલ છે.

**પ્રશ્ન : ૩૩૯.** કોઇની તપસ્યા આદિ આરાધનાનો લાભ આપણને અનુમોદના માત્રથી કેમ મળે ?

**ઉત્તર :** આરાધનાનો લાભ એટલે આરાધનાથી હૈયામાં જાગતા શુભ ભાવનો, પુણ્યાનુબંધી પુણ્યનો અને પાપક્ષયનો લાભ. એ લાભ આપણે એ આરાધનાની અનુમોદના કરીએ છીએ એમાં આરાધનાને સારી માનીએ છીએ ને આરાધનાની પ્રતિપક્ષી વિરાધના ખરાબ માનીએ છીએ. એ ય શુભ ભાવ છે. વળી આરાધના તરફ હૈયાનો ઝોક થાય છે એ પણ ભાવ આરાધનાનો પ્રારંભ છે, ઉત્કૃષ્ટ આરાધનાનું બીજ છે. નહિંતર ઝોક વિનાની આરાધના તો દ્રવ્ય-આરાધના જ થાય. તો તે અંશે પણ ભાવઆરાધના એ ઉપરોક્ત શુભભાવ-પુણ્ય-પાપક્ષયનો લાભ આપે એ સહજ છે.

**પ્રશ્ન : ૩૪૦.** પ્રભુ પાર્શ્વની માતા વામાદેવીને ત્યાં પ્રભુનું ચ્યવન થયું તે પૂર્વે માતાને જોવા આવ્યા હતા. તે વાત બરાબર ? વીર વિ. મહારાજ કૃત **પંચકલ્યાણક પૂજા**માં આવે છે. '**ચાર ગતિ ચોપડા ચ્યવનના ચૂકવી** કડીમાં શિવ ગયા તાસ ઘર જનમન જાવે બાલરુપે સુર તિહાં જનની મુખ જોવતાં...'



**ઉત્તર :** પ્રભુ દેવભવમાં માતાને ત્યાં આવ્યા એ વાતમાં હરકત નથી. આવું બીજા દેવો પણ કરે. પોતાને ત્યાં ધર્મ મળે તેવું વાતાવરણ કરે. સુખી-સમૃદ્ધ બને-બનાવે. જીવહિંસાદિ દૂર કરાવે. આવું બીજા દેવો પણ પોતાના ઉત્પત્તિસ્થાને કરે. પ્રભુ મિત્ર દેવોની પ્રેરણાથી પણ આવે. જ્ઞાનથી સહાયની જરુર જણાય તો પણ આવે. માટે આ દોષરુપ નથી. માતાનું મુખ જોવાનું ગૌણ અને ઔપચારિક જણાય છે.

**પ્રશ્ન : ૩૪૧.** શાશ્વતી પ્રતિમાનું પૂજન રોજ હોય ? અષ્ટપ્રકારી પૂજા હોય ? શાશ્વતી પ્રતિમા સચિત્ત હોય ને ? તો વિરાધનાનો દોષ ન લાગે ?

**ઉત્તર :** શાશ્વતી પ્રતિમા સચિત્ત હોય. ઉપરનો ભાગ અચિત્ત હોય. પૂજા જ્યારે જેને કરવી હોય તે કરે. પ્રસંગે કરાય. ત્યાં દિવસ-રાત નથી તેથી રોજપણું નથી. તેથી રોજ પૂજા નથી. અષ્ટપ્રકારી જેવું નહિ પણ અંગપૂજા-અગ્રપૂજા અને ભાવપૂજા ત્રણેય છે.

**પ્રશ્ન : ૩૪૨.** ભગવાન જેવું રુપ બધા દેવો ભેગા મળીને પણ ન કરી શકે. તો અંબડ પરિવ્રાજકે સુલસાને આકર્ષિત કરવા તીર્થંકરનું રુપ કઇ રીતે કર્યું હતું ?

**ઉત્તર :** અંબડે જે રુપ કર્યું તે ત્યાંના માણસો સામે અતિશ્રેષ્ઠ હતું, પરંતુ ભગવાનના મૂળરુપની આગળ તો તે અતિ તુચ્છ હતું. તેથી ભગવાન જેવું રુપ અંબડે બનાવ્યું નહોતું, તે બનાવી શકે નહિ.

**પ્રશ્ન : ૩૪૩.** પાકા મીઠાનો કાળ કેટલો છે ?

**ઉત્તર :** ભઠ્ઠીના પાકા મીઠાનો કાળ ૧૨ વર્ષનો છે. તવીના પાકા મીઠાનો કાળ મિષ્ટાનના કાળથી અડધો સમજવો.



books\satyakant\proof.pm6,mch2,75

**પ્રશ્ન : ૩૪૪.** નવકારશી-પોરસી વગેરેના પચ્ચક્ખાણ લેવાનો કાળ ક્યો ?

**ઉત્તર :** તે માટે ત્રણ વિકલ્પો છે.

(૧) પચ્ચક્ખાણ લેવાનો કાળ સામાન્યથી સૂર્યોદય પહેલાનો છે.

(૨) પૂર્વનું પચ્ચક્ખાણ પૂર્ણ ન થાય તે પહેલા પચ્ચક્ખાણ લઇ શકાય. દા.ત. નવકારશી ન આવે તે પહેલાં પોરસિ પચ્ચક્ખાણ લેવાય.

(૩) જે પચ્ચકખાણ લેવું છે તે પૂર્ણ ન થયું હોય તે પહેલાં લેવાય. ઉપરોક્ત ત્રણ વિકલ્પોમાંથી પ્રથમમાં લાભ વધારે, બીજામાં તેથી ઓછો, ત્રીજામાં તેનાં કરતાં પણ ઓછો, પરંતુ બીજા કે ત્રીજા વિકલ્પ મુજબ પચ્ચક્ખાણ ન લેવાય તેવું ન સમજવું.

**પ્રશ્ન : ૩૪૫.** ચોવીસ તીર્થંકર પ્રભુમાં પુરુષાદાનીય શ્રી પાર્શ્વપ્રભુજીનો પ્રભાવ વિશેષ જણાય છે, તેનું શું કારણ ?

**ઉત્તર :** પાર્શ્વનાથ ભગવાનના શિષ્યોમાં વિરાધિત સમકીતિ અને વિરાધિત સંયમીઓ મોટી સંખ્યામાં ભવનપતિ-વ્યંતરમાં ઉત્પન્ન થયેલા છે. પાર્શ્વપ્રભુના તેઓ ઉપાસક હતા તેથી તેમનો પ્રભાવ વિસ્તારે છે. વળી, જિનનામકર્મના રસબંધના અધ્યવસાયસ્થાનો અસંખ્ય લોકાકાશ જેટલા છે. તેથી પુણ્યમાં પણ વિશેષતા સંભવિત છે.

**પ્રશ્ન : ૩૪૬.** અધિષ્ઠાયક દેવની પૂજા શી રીતે થાય ?

**ઉત્તર :** અધિષ્ઠાયક દેવની પૂજા સાધર્મિકની જેમ તિલકથી, વસ્ત્રથી-આભૂષણથી, પુષ્પમાળાથી થાય. બાકીની પૂજા કરવાથી ભવિષ્યમાં મિથ્યાત્વ પ્રચારની શક્યતા છે માટે તે ન કરવી.



**પ્રશ્ન : ૩૪૭.** આંબામાંથી આંબા અને બાવળમાંથી કાંટા પાકે, તો અહીં સારા બાપનો દીકરો ખરાબ પાકે તેવું કેમ બને છે ?

**ઉત્તર :** એ જ આંબામાંથી ફિક્કા પાંદડા અને એ જ બાવળમાંથી સારો ગુંદર તથા દાંત સાફ કરનાર સારા દાતણ પણ પાકે છે ને ? જે તળાવમાંથી કમળ જન્મે છે એ જ તળાવમાંથી કીડા પણ જન્મે છે ને ? તો સારામાંથી સારું જ થાય એવો નિયમ ક્યાં રહ્યો ?

અને, જે અસમાનતા છે તે કઇ બાબતની છે ? ખરી રીતે જુઓ કે આંબામાંથી આંબા એ તો એક જાતનું સમાન શરીર છે. એમ અહીં પણ બાપના માનવશરીરમાંથી દીકરો માનવ-શરીરરુપે સમાન જન્મેલો જ છે, એટલે આંબાની જેમ મનુષ્ય તરીકે સમાન ઉત્પત્તિ તો થઇ જ છે. હવે જે વિષમતા છે, અસમાનતા છે, તે તો ગુણોની છે અને એ ગુણો શરીરના નહિ પણ આત્માનાં ઘરના છે. ત્યારે પુત્રનો આત્મા અને આત્માના એ ગુણો કાંઇ બાપના આત્મા કે શરીરમાંથી નથી ઉત્પન્ન થતા કે જેથી સમાન જ ઉત્પન્ન થવાની આપત્તિ આવે.

**પ્રશ્ન : ૩૪૮.** પરમાત્માને કેવલજ્ઞાન થઇ ગયું છે અને હજુ મોક્ષ થયો નથી તે અવસ્થામાં કેવલજ્ઞાન દ્વારા પોતાનું અનંત સુખ પ્રત્યક્ષ જુએ છે છતાં તેનું સંવેદન નથી તે કેવી રીતે બને ?

**ઉત્તર :** ધન્વંતરી વૈદ્યને તાવ આવે ત્યારે તે આરોગ્ય શું છે ? તેને જાણે ખરો, પણ અનુભવી શકતો નથી. તેવી રીતે કેવલજ્ઞાની અનંતસુખ શું છે તે જાણે પણ વેદી ન શકે. કારણ કે હજુ શાતા-અશાતાના અનુભવરુપ તાવ છે.

**પ્રશ્ન : ૩૪૯.** દરેક દાળ સચિત્ત કે અચિત્ત ?

**ઉત્તર :** ફોતરાવાળી દાળ અંદર બીજ હોવાથી અચિત્ત, ફોતરા વગરની



books\satyakant\proof.pm6,mch2,76

દાળ અંદર બીજ ન હોવાથી અચિત્ત.

**પ્રશ્ન : ૩૫૦.** નરકમાં રહેલ સમ્યગ્દ્રષ્ટિ આત્મા વિના કારણે બીજા પર ઘા કરે કે નહિં ?

**ઉત્તર :** નરકમાં સમ્યગ્દ્રષ્ટિ આત્મા વિના કારણે બીજા પર ઘા કરે નહિ. પણ કષાયોદયના આવેશમાં હોય, બીજા તરફથી પોતાને ભય હોય અને વિપરિત સમજી પહેલા ઘા કરે તો આવેશમાં ઘા કરી બેસે એમ બને. તેથી બહુલતાથી ઘા ન કરે એમ કહેવાય પણ નિયમ ન બાંધી શકાય.

**પ્રશ્ન : ૩૫૧.** કોઇ આત્માને કેવળજ્ઞાન થાય તેની દેવતાને કેવી રીતે ખબર પડે ?

**ઉત્તર :** વિશિષ્ટ અવધિજ્ઞાની જ્ઞાનાવરણ કર્મના અભાવથી જાણી શકે. મતિ-શ્રુતજ્ઞાનના બળે અષ્ટાંગ નિમિત્તથી જાણી શકે. કેવલીના મુખેથી જાણેલું હોય તેને કારણે પણ જાણી શકે. બહુધા અષ્ટાંગ નિમિત્ત આદિ શ્રુતના બળે સામાન્ય દેવો પણ જાણી શકે.

**પ્રશ્ન : ૩૫૨.** ભગવાનની પૂજા ત્રીજી આંગળીથી જ કેમ ?

**ઉત્તર :** પહેલી આંગળી તર્જની કહેવાય છે. એ કોઇનો તર્જના=તિરસ્કાર કરવામાં વપરાય છે. બીજી આંગળી સૌથી મોટી છે. એનાથી જાતની મોટાઇ-મદનો ભાવ આવે છે. ત્રીજી આંગળી અનામિકા કહેવાય છે. ભગવાન અનામી છે, અનામીની પૂજા સહેજે અનામિકાથી થાય.

**પ્રશ્ન : ૩૫૩.** ભગવાનની પૂજામાં વગર સીવેલા ધોતી-ખેસ જ કેમ જોઇએ ? સીવેલાં વસ્ત્ર ખમીસ-પાયજામો કેમ ન ચાલે ?



**ઉત્તર :** (૧) સીવેલા વસ્ત્રથી આપણને ધામ થાય, પરસેવો થાય, તેથી એની દુર્ગંધ પ્રભુને લાગે. (૨) વળી વસ્ત્ર સીવેલા એટલે ટુકડા કરીને સાંધેલા, પૂર્ણ નહિ. પૂર્ણ ભગવાન થકી આપણે પણ પૂર્ણ થવા માટે એમની પૂર્ણ (અખંડ) વસ્ત્રથી પૂજા કરવી યોગ્ય કહેવાય. ખેસ એ વિનયનું ચિહ્ન છે તેમજ એનાથી જીવરક્ષાર્થે પૂજવા-પ્રમાર્જવાનું થઇ શકે. સીવેલાં વસ્ત્રોમાં આ ક્યાંથી બને ?

**પ્રશ્ન : ૩૫૪.** પુણ્યે આંખ-કાન-જીભ આપ્યાં છે, તો એનાથી પિકચર જોવા, રેડિયોગીત સાંભળવા, કંદમૂળ-ઇંડા વગેરે ખાવાં એમાં શો વાંધો ?

**ઉત્તર :** પુણ્યે આપેલા સાધનનો સદુપયોગ કરે તે ડાહ્યો (સુજ્ઞ) માણસ ગણાય છે, દુરુપયોગ કરે તે મૂર્ખ ગણાય. સ્નાનમાં હાથેથી શરીર સાફ કરાય છે, મોરી નહિ. છરીથી શાક સમારાય છે, આંગળી કે વસ્ત્ર નહી. પિકચર જોવા એ આંખનો દુરુપયોગ છે કેમકે પિકચરમાં પર-સ્ત્રી અને લબાડી બિભત્સ દ્રશ્યો આવે છે એ જોવાથી મન અપવિત્ર બને છે. જન્મોથી મન શુદ્ધ શુદ્ધ કરતા અહીં આવ્યા તો એને હવે અપવિત્ર કરવું એમાં આંખનો દુરુપયોગ કર્યો કહેવાય. એટલે જ કામોન્માદકારી રેડિયોગીત સાંભળવામાં પણ કાનનો દુરુપયોગ છે. કંદમૂળ-ભક્ષણમાં અનંતા જીવની હત્યા છે, એમાં દયાના ભાવ નષ્ટ થાય. વળી વિકારી હોવાથી વિકાર પણ થાય. જેમ પ્રારંભે ગર્ભમાં તેમ ઇંડામાં રસ એ પંચેન્દ્રિય જીવનું પ્રારંભિક શરીર છે. એ ખાવામાં ક્રૂરતા આવે, આવતા જન્મમાં બિલાડા-વાઘ-વરુ વગેરે શિકારી પશુના જીવનનાં બીજ રોપાય. સારાંશ પુણ્યે મળેલા આંખ-કાન-જીભ વગેરેના આવા દુરુપયોગ ન થાય.



books\satyakant\proof.pm6,mch2,77

**પ્રશ્ન : ૩૫૫.** અઠ્ઠમના તપમાં બીજે દિવસે બીજા-ત્રીજા-ચોથા દિવસના ઉપવાસની ગણતરીથી ફરીથી અઠ્ઠમનું પચ્ચકખાણ લઇ શકાય ?

**ઉત્તર :** પૂર્વના પચ્ચક્ખાણનો જેટલો અંશ બાકી હોય તેનાં કરતાં વધુ પચ્ચકખાણ કરવું કલ્પે છે કેમ કે પૂર્વના શેષ પચ્ચકખાણનો પણ તેમાં જ અન્તર્ભાવ થઇ જાય છે. માટે વધુ પચ્ચકખાણ કરવામાં પૂર્વ પચ્ચકખાણનો ભંગ થતો ન હોવાથી એ લેવામાં વાંધો નથી.

**પ્રશ્ન : ૩૫૬.** વીરજન્મ વાંચન દિને નાળીયેર ફોડવાનો રિવાજ બંધ કરાવાય ?

**ઉત્તર :** જે લોકોને નાળીયેર ન ફોડવાની પ્રતિજ્ઞા ન હોય તેઓથી પ્રભુના જન્મવાંચન દિને નાળીયેર ફોડવાનું બંધ ન કરાય. કારણ કે શાંતિ સ્નાત્રમાં જેમ દેવોને બાકળા નંખાય છે તે રીતે પ્રભુના જન્મવાંચનમાં ક્ષુદ્રદેવતાઓ પ્રસન્ન થાય માટે આ રિવાજ છે. તેનાથી તેઓ શ્રીસંઘને ઉપદ્રવ ન કરે, ઉપદ્રવ દૂર કરે, સહાયક થાય. આ આનંદ વ્યક્ત કરવાનો પ્રસંગ છે. તેથી આ બંધ ન કરાય. તે નાળીયેર પાણીવાળું જોઇએ, પાણી વગરનું પણ ન ચાલે.

**પ્રશ્ન : ૩૫૭.** ચોમાસીમાં પક્ખી આવી જાય ? એટલે કે, ચોમાસીનો છઠ્ઠ વાળીએ પછી તે જ વખતે પક્ખીનો ઉપવાસ અલગ વાળી આપવો પડે ?

**ઉત્તર :** ચોમાસીમાં છઠ્ઠ વાળ્યા પછી પક્ખીનો ઉપવાસ અલગ વાળવાનો નથી હોતો.

**પ્રશ્ન : ૩૫૮.** પૌષધ પાર્યા પછી (સાગરચંદો બોલ્યા પછી) સામાયિક પારવાનું આવે, ત્યારે સામાયિક ન પારતા નવું સામાયિક લેવાય ?



**ઉત્તર :** પૌષધ પાર્યા બાદ સામાયિક પાર્યા વગર નવું ન લેવાય. કારણ કે રિવાજ મુજબ પણ ત્રણ સામાયિક થયા બાદ અવશ્ય પારવું પડે જ્યારે અહિં તો ઘણો ટાઇમ થયો છે.

**પ્રશ્ન : ૩૫૯.** ચોમાસામાં ભગવાનનું સમવસરણ મંડાય ?

**ઉત્તર :** ચોમાસામાં કેવળજ્ઞાન કલ્યાણક છે અને કલ્યાણકના દિવસે તીર્થ સ્થપાય, તે અવશ્ય સમવસરણ મંડાઇને જ સ્થપાય. માટે ચોમાસામાં સમવસરણ મંડાય એમાં કશો વાંધો નથી. ૨૨ ભગવાનના પણ મંડાય અને પહેલા/છેલ્લા ભગવાનના પણ મંડાય.

**પ્રશ્ન : ૩૬૦.** લઘુહિમવંતપર્વત આદિની દેવીઓ ક્યા નિકાયની હોય છે ? એ દરેકના માલિક દેવ હોય ? ક્યાં હોય ?

**ઉત્તર :** લઘુહિમવંતપર્વત પર રહેલી શ્રીદેવી, લક્ષ્મીદેવી વગેરે, જેમનું ૧ પલ્યોપમનું આયુષ્ય હોય છે, તે ભવનપતિમાં અસુર નિકાયની છે. આ પ્રાય: અપરિગૃહીતા દેવીઓ છે, ધણી રુપે માલિક ન હોય. નાયક રુપે ઇન્દ્ર માલિક હોય છે.

**પ્રશ્ન : ૩૬૧.** શ્રુતજ્ઞાનના પર્યાય કરતાં મતિજ્ઞાનના પર્યાય અનંતગુણા કઇ રીતે ? કોનામાં તે ઘટી શકે ?

**ઉત્તર :** શ્રુતજ્ઞાનથી ૧૪ પૂર્વી સરખા છે. છતાં મતિજ્ઞાનના આલંબને ષટ્સ્થાન પતિત છે. એક જણ તત્ત્વાર્થ ભણે છે : તેને જે અર્થબોધ સૂક્ષ્મ-/સૂક્ષ્મતર છે, તેવો બીજાને નથી: તેથી તે અલ્પ છે. શ્રુત અભિલાપ્ય વિષયવાળું છે અને મતિ અનભિલાપ્ય વિષયવાળું પણ છે. તેથી અભિલાપ્ય કરતાં અનભિલાપ્ય ભાવો અનંતગુણા છે. તેથી શ્રુત કરતા મતિના પર્યાયો અનંતગુણા છે.



books\satyakant\proof.pm6,mch2,78

**પ્રશ્ન : ૩૬૨.** ગુરુ મહારાજે શિવભૂતિની રત્નકંબલ ફાડી નાખી ન હોત તો આસક્તિના કારણે એકલા શિવભૂતિને જ નુકસાન થાત. તેમણે કાંબલ ફાડી નાંખી તેમાંથી આખા દિગંબર કુમતની ઉત્પત્તિ થઇ અને આજ સુધી પ્રવર્તી રહેલા તે કુમતમાં અનેક જીવો ઉન્માર્ગગામી બન્યા. ગુરુ મહારાજે રત્નકંબલ ફાડી તે અનુચિત કર્યું ન કહેવાય ?

**ઉત્તર :** સંવિજ્ઞ અને ગીતાર્થ મહાપુરુષો ગીતાર્થદ્રષ્ટિથી વિચારનારા હોય છે તેથી બહુ મોટા નુકશાનનો સંભવ હોય ત્યારે તેના નિવારણ માટે જે ઉપાય આચરે તેમાં કદાચ અલ્પ નુકસાન દેખાતું હોય તો પણ મહાનુકશાનથી બચાવી લેવાનો આશય હોય છે. રત્નકંબલને ફાડી તો એક કુમત નીકળ્યો અને ન ફાડી હોત તો કદાચ આજે બધો કુમત જ હોત. શ્વેત વસ્ત્રોને બદલે મૂલ્યવાન અને આકર્ષક વસ્ત્રોવાળા સાધુઓ જ જોવા મળત. આખા શરીરને સડતું અટકાવવા ક્યારેક એક સડેલા અંગને કપાવી નાંખવું પણ પડે. તેમાં અંગ કપાવ્યાનું નુકશાન આખા શરીરને સડતું અટકાવવાના લાભની અપેક્ષાએ ઘણું નાનું છે.

**પ્રશ્ન : ૩૬૩.** ત્રણ સામાયિક થાય એટલે પારવું કેમ પડે ? પૌષધમાં શ્રાવક ઓછામાં ઓછા ચાર પ્રહર સુધી તો રહે છે ?

**ઉત્તર :** ત્રણ સામાયિક થાય એટલે પારવું પડે તેવી સામાચારી છે. કારણ માત્રું કરવું હોય કે પાણી વાપરવું હોય તો સામાયિકમાં કરવાનો પ્રસંગ ન આવે. પૌષધમાં બન્ને થાય છે માટે ન્યાય સરખો નથી. સામાચારી એ પ્રધાન કારણ જાણવું.

**પ્રશ્ન : ૩૬૪.** તીર્થંકર પરમાત્માને પૂર્વના ત્રીજા ભવે જિનનામ



કર્મની નિકાચના કરે ત્યારથી સમ્યગ્દર્શન અપ્રતિપાતી હોય ? તેમનું સમ્યગ્દર્શન ક્ષાયિક જ હોય ?

**ઉત્તર :** તીર્થંકર પરમાત્માનું સમ્યક્ત્વ પૂર્વનાં ત્રીજા ભવે કોઇકને ક્ષાયિક હોય, મોટે ભાગે ક્ષાયોપશમિક હોય. ચરમ ભવમાં પણ ક્ષાયોપશમિક સમકીત હોય છે. જિનનામ કર્મની નિકાચના બાદ સામાન્યથી સમકીત અપ્રતિપાતી એટલે કે મોક્ષ સુધી ન પડે તેવું હોય છે. પણ, જિનનામ કર્મની નિકાચના પૂર્વે જેમણે નરકાયુ બાંધ્યું હોય અને ક્ષાયિક સમકીત ન પામે તેને તે ત્રીજા ભવના ચરમ અંતર્મુહૂર્તે અને નરકભવના પ્રથમ અંતર્મુહૂર્તે મિથ્યાત્વે જવું પડે છે પણ પછી તરત સમકીત પામે છે. આ કાળ સિવાય જિનનામકર્મની નિકાચના બાદ બધા જીવો અવશ્ય સમકીતી જ હોય છે.

**પ્રશ્ન : ૩૬૫.** દેરાસરમાં અષ્ટમંગલની પાટલીની પૂજા થાય કે નહિ ? તેની પૂજા કર્યા પછી ભગવાનની પૂજા થાય ?

**ઉત્તર :** દેરાસરમાં અષ્ટમંગલની પાટલી પ્રભુ સમક્ષ અક્ષતથી આલેખવાની હોય છે. જેને આલેખતા ન આવડે તેને આલેખવા માટે આ સ્થાપના છે. આ પાટલી પૂજા માટે નથી, પણ પ્રભુ સમક્ષ મૂકવા માટે છે. છતાં જે પાટલીની પૂજા કરે છે તેને પાટલીની પૂજા પછી ભગવાનની કે સિદ્ધચક્રની પૂજા તે કેસરથી ન થાય.

**પ્રશ્ન : ૩૬૬.** પરમાત્મા શ્રી સિમંધરસ્વામી પાસે જન્મ જોઇતો હોય તો શું આરાધના કરવી જોઇએ ?

**ઉત્તર :** પરમાત્મા શ્રી સિમંધરસ્વામી પાસે જેમને જન્મ જોઇતો હોય, તેમના હાથે દીક્ષા લઇ આરાધના કરવાની ઇચ્છા હોય તેમણે...

(૧) શ્રી સીમંધરસ્વામીની મૂર્તિ ભરાવવી. તેમની મૂર્તિ સામે ભાવપૂર્વક



books\satyakant\proof.pm6,mch2,79

અષ્ટપ્રકારી પૂજા, ચૈત્યવંદન, આરતિ વગેરે કરવા.

(૨) તેમનાં ફોટાનું આલંબન રાખીને રોજ નીચે મુજબ આરાધના કરવી. (૧) 'શ્રી સીમંધરસ્વામિને નમઃ'ની ૨૦ માળા (૨) ૧૨ ખમાસમણાં (૩) ૧૨ લોગસ્સનો કાયોત્સર્ગ.

(૩) રોજ રાત્રે શાંત વાતાવરણમાં આસન પર બેસીને શ્રી સીમંધર સ્વામીનું ધ્યાન કરવું.

(૪) શ્રી સીમંધર સ્વામિને નમઃ એ પદનું સતત મનમાં રટણ કરવું.

(૫) શક્તિ હોય તો દર વર્ષે શ્રી સીમંધરસ્વામીના સામૂહિક અટ્ઠમ કરાવવા, જાતે કરવો.

(૬) શ્રી સીમંધર સ્વામીના સ્તવનો ગોખવા, વારંવાર બોલવા-ગાવા. અને તે દ્વારા તન્મય રહેવું.

**પ્રશ્ન : ૩૬૭.** પચ્ચક્ખાણ અને પ્રણિધાનમાં શું તફાવત ? મનોમન નિશ્ચય કરી લેવા રુપ પ્રણિધાનથી કેમ ન ચાલે ? પચ્ચક્ખાણ લેવું જરુરી કેમ ?

**ઉત્તર :** પ્રણિધાન કેવળ ભાવરુપ છે. પચ્ચક્ખાણ દ્રવ્ય-ભાવ ઉભયરુપ છે. વ્યવહારમાં દ્રવ્યને ભાવનું કારણ-રક્ષક-પોષક માનેલું છે, તેથી બધાં વ્યવહારધર્મો પાંચની સાક્ષીએ કરવાના હોય છે. અરિહંત-સિદ્ધ-સાધુ-દેવ અને આત્મસાક્ષી. પોતાનો ભાવ-ઉપયોગ હોવો તે આત્મસાક્ષી. જિનમૂર્તિ કે સ્થાપનાજી સમક્ષ વ્રત-પચ્ચક્ખાણ કરવાં તે અરિહંતની સાક્ષી. સિદ્ધોની સાક્ષી આપણે ભાવથી આ રીતે વિચારવાની કે સિદ્ધોનું જ્ઞાન સર્વવ્યાપ્ત હોવાથી આપણી પચ્ચક્ખાણ કરવાની ક્રિયાને પણ તેઓ જુએ છે, જાણે છે. દૂર રહેલાં પણ સમકિતી



દેવોનાં ઉપયોગથી નજીકમાં સંભાવના ધારી સાક્ષાત્ સાક્ષી માનવાની છે. એ રીતે સાધુની સમક્ષમાં વ્રત-પચ્ચક્ખાણ કરવાથી સાધુ-સાક્ષી. અહીં ઉપલક્ષણથી ગુરુઓ, વડીલો અને છેવટે આપણને વ્રતભંગથી અટકાવે તેવી વ્યક્તિઓ-સાધર્મિકોની સાક્ષી અવશ્ય કરવી જોઇએ. દરેક પ્રકારના પચ્ચક્ખાણ અને ધર્મક્રિયા અવશ્ય સાધુ-સાધર્મિકની સાક્ષીએ કરવાં તે વ્યવહારશુદ્ધ ધર્મ છે. તેથી માત્ર પ્રણિધાન ચાલે નહીં. સાક્ષીપૂર્વક કરાયેલું પચ્ચક્ખાણ અખંડિત રીતે પળાય છે. ક્ષયોપશમ વધે છે, બીજાનો ટેકો મળે છે, બીજાઓને કરવાની પ્રેરણા મળે છે, સામાન્ય આપત્તિમાં પણ મક્કમતાથી પળાય છે. પચ્ચક્ખાણ કરવાથી આગારોનો લાભ મળી શકે છે અને તેથી તેવા અનિવાર્ય સંયોગોમાં પચ્ચક્ખાણના ભંગથી બચી શકાય છે. માત્ર પ્રણિધાનમાં આગારો હોતા નથી. પોતાના પરિણામ મંદ થયા હોય તો પણ પચ્ચક્ખાણમાં લોકલાજે મક્કમ થવાય.

**પ્રશ્ન : ૩૬૮.** પંખાનો વાયુ સચિત્ત કે અચિત્ત ?

**ઉત્તર :** પંખાનો વાયુ પ્રાયઃ અચિત્ત ઉત્પન્ન થાય. પણ, એ સચિત્ત અને મિશ્ર વાયુકાયનો નાશ કરે છે, માટે તેનો ઉપયોગ ન થાય. વળી, પંખો જોરથી ફરવાથી અભિઘાતને કારણે ઘણા સચિત્ત વાયુનો નાશ થાય છે.

**પ્રશ્ન : ૩૬૯.** જિનકલ્પી અપવાદનું સેવન ન કરે તેવું શાસ્ત્રમાં વિધાન છે. પણ, મહાવીરસ્વામીએ નદી ઉતરવાનો કે ચાલુ ચોમાસામાં વિહાર કરવાનો અપવાદ સેવ્યો હતો, તે કેમ ?

**ઉત્તર :** જિનકલ્પી પોતાના ધૈર્યબળના અભાવને અવલંબીને અપવાદનું સેવન ન કરે. ભગવાને અપવાદ સેવ્યા તે ધૈર્યબળ ખૂટ્યું માટે નહિ,



books\satyakant\proof.pm6,mch2,80

પરંતુ ક્ષેત્ર-કાળ વગેરેને અવલંબીને અપવાદ સેવ્યા. સ્થિરવાસ અપવાદ હોવા છતાં દેશ-કાળને કારણે જિનકલ્પી સ્થિરવાસ પણ રહે. અથવા આગમ વ્યવહારિને શ્રુત વ્યવહારના ઉત્સર્ગ-અપવાદ નથી શ્રુત વ્યવહારીની અપેક્ષાએ કહેવાય બાલ-વૃદ્ધ દિક્ષાની જેમ.

**પ્રશ્ન : ૩૭૦.** મુનિસુવ્રતસ્વામી ઘોડાને પ્રતિબોધવા ગયા તે પરોપકાર ગુણથી કે ઘોડાના પુણ્યોદયથી કે પોતાનું તેવા પ્રકારનું દેશના કર્મ ઉદયમાં આવવાથી ?

**ઉત્તર :** મુનિસુવ્રતસ્વામી ઘોડાને પ્રતિબોધ કરવા ગયા તેમાં ભવિતવ્યતા એ મુખ્ય કારણ, વળી, ઘોડાને પૂર્વના સાનુબંધ ધર્મનો ક્ષયોપશમ અને પુણ્ય પણ કારણ. ગૌણરુપે પ્રભુનું દેશનાકર્મ અને પરોપકાર ગુણ પણ કારણ.

**પ્રશ્ન : ૩૭૧.** જગતના લગભગ બધા જીવોને એ જ સર્વ વિષયોની અવિરતિ છે. તો અવિરતિથી લાગતું પાપ બધામાં વહેંચાઇ ન જાય ?

**ઉત્તર :** પાપ એ દરેક આત્માની પોતાની પરિણતિ છે, પોતાના ભાવ છે. તે આત્મા દીઠ અલગ અલગ છે ને એ જ હિસાબે પાપ બંધાય છે. આત્માઓના ભાવ પણ પરસ્પર તરતમતાવાળા હોય છે. તેથી, વહેંચણી શા હિસાબે થાય ? પાંચ જણે મળી એકનું ખૂન કર્યું હોય તો દરેકને તેની સજા થાય છે, ગુનો વહેંચાતો નથી. દુકાનમાં પાંચ ભાગીદારે એક લાખ રુપિયાની અનીતિ કરી હોય તો એ દરેકને રુપિયા એક લાખની અનીતિનું પાપ લાગે છે, પણ વહેંચાઇને ૨૦-૨૦ હજારનું નહિ. દરેકને પોતાના ભાવને અનુસાર કર્મ બંધાય. અવિરતિનું પાપ વહેંચાઇ ન જાય.

**પ્રશ્ન : ૩૭૨.** સ્વર્ગસ્થ સ્વજનો વતી દર્શન-પૂજન-વંદન કે દાન



પુણ્ય કરીએ, તેમની ક્ષમાપના કરીએ તો એમને લાભ ખરો ? આપણને શો લાભ ?

**ઉત્તર :** સ્વર્ગસ્થ આત્માઓ દેવરુપે હોય અને ઉપયોગ મૂકી આ દર્શનાદિ જુએ તો એમને અનુમોદનાનો લાભ મળી શકે. અથવા, મૃત્યુ પહેલાં એમણે ઇચ્છયું હોય કે-'પાછળવાળા જે સુકૃત્યો કરે તેની મારે અનુમોદના'. તો તેમને લાભ મળે. દર્શનાદિ કરનારને પોતાને મૈત્રી ભાવનાનો લાભ, દુષ્કૃત્યગર્હાનો લાભ, ક્ષમાયાચનાનો લાભ. આ દર્શન વગેરે નિરાશંસ ભાવે કરાય એમાં ચિત્ત શુભ ભાવમાં હોવાથી પુણ્યાનુબંધી પુણ્યનો પણ લાભ.

**પ્રશ્ન : ૩૭૩.** વૈમાનિક દેવો તિર્ચ્છાલોકમાં મુખ્યતયા મૂળ શરીરથી વધુ આવે છે કે ઉત્તરવૈક્રિય શરીરથી ?

**ઉત્તર :** જો કે લોકોક્તિ એવી છે કે દેવો મૂળ શરીરથી પ્રાયઃ આવતા નથી. પણ, **શ્રી પન્નવણાસૂત્રના ત્રીજા પદમાં** ક્ષેત્રનું જે અલ્પબહુત્વ આવે છે તેમાં ઊર્ધ્વલોક અને તિર્ચ્છાલોક એ બન્ને સ્પર્શીને રહેલા વૈમાનિક દેવો કરતાં માત્ર તિર્ચ્છાલોકને સ્પર્શીને રહેલા વૈમાનિક દેવો અસંખ્યાત ગુણ કહ્યા છે. જે વૈમાનિક દેવો ઉત્તરવૈક્રિયથી અહીં આવ્યા હોય અને મૂળ શરીરે ત્યાં હોય તેઓ ઉભયલોકને સ્પર્શીને રહ્યા હોય છે અને જેઓ મૂળ શરીરે જ અહીં આવી ગયા હોય તેઓ માત્ર તિર્ચ્છાલોકને સ્પર્શીને રહ્યા હોય છે. આના પરથી સ્પષ્ટ જણાય છે કે ઉત્તરવૈક્રિય શરીર કરતાં મૂળ શરીરથી તિર્ચ્છાલોકમાં આવેલા અને આવતા વૈમાનિક દેવો અસંખ્યગુણ જ હોય છે. માત્ર મનુષ્યલોકમાં મનુષ્યોના સંપર્ક વિષયમાં મહર્દ્ધિક દેવો મૂળ શરીરે પ્રાયઃ આવતા નથી. તેથી લોકોકિત આ વિશેષ વિષય અંગે હશે



books\satyakant\proof.pm6,mch2,81

એવી સંભાવના જણાય છે.

**પ્રશ્ન : ૩૭૪.** વ્યાખ્યાનના પાટની પાછળ પૂંઠિયામાં શ્રી પાર્શ્વનાથના ઉપસર્ગનું ચિત્ર નવપદનું ચિત્ર વગેરે પવિત્ર ચિત્રો ગૂંથેલા હોય છે. તો પાટપર બેસી વ્યાખ્યાન આપતા સાધુને પૂંઠ લાગવાનો દોષ ન લાગે ?

**ઉત્તર :** ચંદરવો ઉપર બંધાય છે, એમાં આવા ચિત્રો હોતા નથી પાછળ જે બંધાય છે, તે પૂંઠિયુ કહેવાય છે. એ જો ઉપર તરફ હોય તો એમના ચરણમાં બેઠા છે એવો ભાસ થાય. બાકી પૂંઠિયામાં આવા ચિત્રો ન રાખવા જોઇએ. પણ જુદી જુદી ડીઝાઇનો રચવી જોઇએ. શ્રાવકના જીવનચરિત્રની રચના ચાલે. પૂજ્ય ચિત્રો ન હોય એ ઉચિત લાગે છે. બીજી બાજુ વરઘોડામાં ભગવાન પાછળ અને આગળ બધા ચાલે છે. તેની જેમ આજે ચાલતી પરંપરાને ફેરવવી પણ શક્ય લાગતી નથી.

**પ્રશ્ન : ૩૭૫.** દેરાસરમાં ફળ ચઢાવેલું પૂજારી વગેરે લઇ જાય છે, તેથી દેવદ્રવ્યનું ભક્ષણ થાય છે. તેથી ફળ ચઢાવનારે આ દોષથી બચવા ફળની રકમ ભંડારમાં નાંખવી જોઇએ. એવો નિયમ કરવો જરુરી છે ને આથી દેવદ્રવ્યની વૃદ્ધિ પણ થાય છે. તો નિયમ કરી શકાય ?

**ઉત્તર :** દેવદ્રવ્યની વૃદ્ધિ એ જેમ ઉચિત કર્તવ્ય છે એમ દેવદ્રવ્યની વૃદ્ધિ અનુચિત રીતે ન થાય એ જોવું એ પણ કર્તવ્ય છે. આ રીતે ફળની રકમ દેવદ્રવ્યમાં નાખવી એ અનાર્ષ પદ્ધતિ છે. ઉચિત નથી. આમાં દેવદ્રવ્યની વૃદ્ધિ નથી, પણ પરમાત્મ ભક્તિ પર કાપ મુકાય છે. સામાન્ય સ્થિતિવાળાને જો આ નિયમ હોય, તો ઉત્કૃષ્ટ ફળ



વગેરે ચડાવવાનું મન નહીં થાય, કેમકે એની કિંમત ઉંચી હોવાથી ફરીથી એટલી રકમ ભંડારમાં પૂરવાની શક્તિ કે ભાવના ન રહે. વળી આમાં તો ભગવાનને પૈસા સિવાય બીજું કાંઇ ખપતું જ નથી આવી ખોટી અફવા ફેલાશે. કેમકે આજ પ્રશ્ન અક્ષત અંગે, નૈવેદ્ય વગેરે અંગે પણ આવશે.

ફળ પૂજારી લઇ જાય છે માટે દેવદ્રવ્યમાં રકમ મૂકો, તો ભગવાનને કરેલા ધૂપની સુગંધ ત્યાં રહેલા ભક્તોને પણ ગમે છે, માટે દેવદ્રવ્યનું ભક્ષણ થાય છે. તેથી એ બધાએ રકમ ભંડારમાં મુકવાની આવશે. શાંતિસ્નાત્ર વગેરેમાં જે ફળ નૈવેદ્ય ચડાવાય, તેની પણ તેટલી રકમ દેવદ્રવ્યમાં જમા કરવાની વાત આવશે. આમ વિચારતા બધી જ પ્રભુભક્તિ અર્થ કેન્દ્રિત થઇ જશે. પછી ભક્તિની કોઇ વાત જ નહીં રહે. અને થોડી શક્તિવાળા તો પ્રભુભક્તિ કરતાં બંધ થઇ જાય, એમની પ્રભુભક્તિમાં અંતરાયનું પાપ કોને લાગશે ?

તેવી દરેક જણ પોતાની શક્તિ મુજબ રકમ ભલે ભંડારમાં પૂરે, પણ આ રકમ ચડાવેલા ફળના મૂલ્યરુપે ભંડારમાં નાખુ છું, આવી વિચારણા યોગ્ય લાગતી નથી. અને શાસ્ત્રીય પણ લાગતી નથી. એકાન્તવાદી ન બનવું, એકાન્તવાદીઓથી દૂર રહેવું. વિશેષ જિજ્ઞાસુઓએ **શ્રી દેવભદ્રસૂરિજી કૃત કહારયણકોશ** ગ્રંથમાં અર્જુન નામના અતિપરિણત શ્રાવકના પૂર્વ પક્ષની સામે ઉત્તર પક્ષનો જવાબ જોઇ લેવો.

**પ્રશ્ન : ૩૭૬.** દેરાસરના બહારના પરિસરમાં પદ્માવતી દેવી, નાકોડા ભૈરવ, શ્રી માણિભદ્રવીર વગેરેની દેરી બનાવવામાં આવે છે. ત્યાં આરતી વગેરે થાય છે, સુખડી ચડે છે, રાતે દસ વાગ્યા પછી ભાવ-



books\satyakant\proof.pm6,mch2,82

નાઓ થાય છે, ભંડાર મૂકાય છે આ બધું શું ઉચિત છે ?

**ઉત્તર :** દેવ-દેવીઓની આ રીતે વધતી જતી સ્થાપનાઓ ઉચિત નથી. માણિભદ્ર દેવનું સ્થાન ઉપાશ્રયમાં ગણાય. દેરાસરમાં ભંડાર જેમ બધા ભગવાન આગળ રાખવામાં આવતો નથી, તેમ દેવ-દેવીઓ આગળ ભંડાર રાખવો પણ જરુરી નથી. પ્રભુના પરિવારના દેવ-દેવીને એમના સેવક તરીકે સ્થાન આપવામાં એમનું ગૌરવ છે. એમના સેવક તરીકે સ્થાન આપવામાં એમનું ગૌરવ છે. પણ અલગ સ્થાન ઉભા કરવા વાજબી નથી. આ દેવોને પ્રભુભક્તિ થતી જોઇ આનંદ થાય છે. પ્રભુના ભંડાર પુરો એમાં એ સંતુષ્ટ થાય છે. દેવ-દેવી-ઓની આરતી, એમની સામે થતી ભાવનાઓ વિધિયુક્ત નથી, એમાં પ્રભુનો મહિમા ગૌણ કરાઇ રહ્યો છે. 'અરિહંત પાસે કશુ મંગાય જ નહીં અથવા અરિહંત વીતરાગ હોવાથી કશુ આપે નહીં' આવી મિથ્યા એકાન્ત માન્યતાથી ભ્રમિત થયેલા જીવો આ બધા તરફ આકર્ષાતા હોય છે. સાધારણ ખાતાની આવક વધારવા માટે યોગ્ય પગલા-ઉપાયો વિચારી શકાય, લઇ શકાય. પણ માત્ર એટલા માટે પણ આવા સ્થાનકો વધારવા વ્યાજબી લાગતા નથી.

**પ્રશ્ન : ૩૭૭.** જે ગીતાર્થ હોય, તે જૈનશાસનના દરેક વિષયના જ્ઞાતા હોય, કે અમુકના જ ? ગીતાર્થ બધા સંવિગ્ન હોય જ ?

**ઉત્તર :** ગીતાર્થ શબ્દનો મુખ્યતયા પ્રયોગ જૈનશાસન માન્ય ઉત્સર્ગ-અપવાદ, દ્રવ્ય-ક્ષેત્રાદિ તથા છેદસૂત્રોના જ્ઞાતા માટે વપરાય છે. આવા ગીતાર્થ બીજા પણ બધા વિષયના જ્ઞાતા હોય એવો નિયમ નથી. કોઇ કર્મગ્રન્થના, કોઇ ગણિતમાં, કોઇ આગમિક પદાર્થોના, કોઇ વિધિના, કોઇ ગોચરીના વિષયમાં જ્ઞાતા હોય એમ બને. **ગીતાર્થ**



**થવા જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અપેક્ષિત છે જ્યારે સંવિગ્ન માટે મોહનીય કર્મનો ક્ષયોપશમ અપેક્ષિત છે.** કેમકે સંવિગ્નતા એટલે મોક્ષાભિલાષ. બહુધા શાસ્ત્રજ્ઞ ગીતાર્થ સંવિગ્ન હોય છે. પણ એકાન્તે એવો નિયમ નથી. ક્યારેક સંવિગ્ન ન પણ હોય.

**પ્રશ્ન : ૩૭૮.** સમ્યક્ત્વ એટલે સુદેવ-સુગુરુ-સુધર્મની ઓળખ અને શ્રદ્ધા એમ જે કહેવાય છે ત્યાં સુદેવ-સુગુરુ સુધર્મની ઓળખ શું ?

**ઉત્તર :** દેવ-ગુરુ-ધર્મની ઓળખ અનેક રીતે અપાતી હોય છે. આશ્રવ-તત્ત્વને આશ્રવરુપે ઓળખી હેયપણાની લાગણી થવી અને સંવરત-ત્ત્વને સંવરરુપે જાણી એમાં ઉપાદેયપણાની લાગણી થવી એ ધર્મરુપ છે એમ **વીતરાગ સ્તોત્રકાર** કહે છે. આમાં આશ્રવના બે ભેદ (૧) બાહ્ય (૨) અભ્યંતર. સંવર પણ બે પ્રાકરે (૧) બાહ્ય (૨) અભ્યંતર. બાહ્ય કહો, દ્રવ્ય કહો એકાર્થ છે, એજ રીતે અભ્યંતર કહો કે ભાવ કહો એકાર્થ છે.

**અઢાર પાપસ્થાનક સાધનો અને એમાં પ્રવૃત્તિ બાહ્ય આશ્રવ છે અને વિષય-કષાયની લાગણી, એમાં આનંદ, એનો પક્ષપાત અભ્યંતર આશ્રવ છે.** આમાં આદર ઉત્સાહ વગેરે ધર્માચારો, **ધર્મક્રિયા, ધર્મા-નુષ્ઠાન વગેરે બાહ્ય સંવરરુપ છે ભાવ અને વિષય-કષાયના હ્રાસ નિગ્રહ, એની તત્પરતા વગેરે અભ્યંતર સંવર છે.**

અભ્યંતર સંવરજન્ય પરાકાષ્ઠાના આત્મ ગુણોથી યુક્ત મોક્ષ છે. તેમાં ઉપરોક્ત બાહ્ય-અભ્યંતર આશ્રવ-સંવર રહેતા નથી. સદેહી કેવળજ્ઞાનીને શુભ મન-વચન-કાયાના યોગ સિવાયના એક પણ બાહ્ય-અભ્યંતર આશ્રવો હોતા નથી. સર્વસંવરની પૂર્વ ભૂમિકા હોય છે.



books\satyakant\proof.pm6,mch2,83

ઉપરોક્ત સર્વસંગ, સર્વ આશ્રવાદિ રહિત મોક્ષસ્વરુપ એ કાર્યભૂત ભાવધર્મ પણ કહેવાય છે. અભ્યંતર સંવર એ કાર્યભૂત ભાવધર્મના કારણભૂત ભાવધર્મ છે. ને બાહ્ય સંવર એ કારણભૂત ભાવધર્મના પણ કારણરૂપ છે, દ્રવ્યધર્મરુપ પણ કહેવાય. મોક્ષ કાર્યભૂત ભાવ-ધર્મ અવિનાશી છે.

કારણભૂત ભાવધર્મ કાર્યરુપ ભાવધર્મ આવ્યે સહજ વિલય પામે છે અને ભાવઆશ્રવ પણ હીયમાન થાય છે અથવા હ્રાસ પામે છે. દ્રવ્યઆશ્રવ=બાહ્ય આશ્રવ ભાવ આશ્રવને ઉત્પન્ન થવાના, વધવાના કારણ બનવા દ્વારા ભાવસંવર ધર્મનો પ્રતિરોધક બની શકે છે. દ્રવ્ય આશ્રવમાં પ્રવૃત્તિ વધતા દ્રવ્યસંવર પણ ઘટે છે, જેથી પણ ભાવસં-વરને અસર પહોંચે છે.

બાહ્ય પુદ્ગલમાં પ્રવૃત્તિ એ મુખ્યતયા દ્રવ્ય આશ્રવ છે. અને એ તર-ફની વૃત્તિ-પરિણતિ મુખ્યતયા ભાવ આશ્રવ છે. માટે જ પુદ્ગલ પરિણતિ એ મુખ્ય અધર્મ છે. અને આત્મ પરિણતિ ભાવસંવરરુપ હોવાથી મુખ્ય ધર્મરુપ છે.

આ રીતે ધર્મ-અધર્મના, આશ્રવ-સંવરના સ્વરુપને બરાબર ઓળખી એ તરફ ઉચિત ઉપાદેય-દેવની લાગણી થવી એ ધર્મતત્ત્વપરની શ્રદ્ધા છે. અને આ નિમિત્તક અને બીજા નિમિત્તક સર્વદા જ્ઞાની પુરુષોના વચનનો જે વિશ્વાસ તે પણ શ્રદ્ધા અંશમાં જરુરી છે. જ્યાં સુધી સ્વયં બરાબર ન ઓળખી શકે એટલે કે અસ્વસ્થ હોય ત્યાં સુધી એ બરા-બર ઓળખતા પ્રત્યક્ષ જાણનાર જ્ઞાનીના વચન પર અતૂટ વિશ્વાસ રાખવો એ પણ ધર્મતત્ત્વપરની શ્રદ્ધારુપ છે.

દ્રવ્ય આશ્રવથી મુક્ત થયેલા અને દ્રવ્ય સંવરમાં પ્રવૃત્ત થયેલા તથા



ભાવ આશ્રવથી મુક્ત થવા અને ભાવસંવર પામવા તત્પર થયેલા અને દેવાદિ તત્ત્વોની બરાબર ઓળખ આપનારા મહાપુરુષો ગુરુ-તત્ત્વ કહેવાય. એમની પરની શ્રદ્ધા એ ગુરુતત્ત્વપરની શ્રદ્ધારુપ છે.

ઉપરોક્ત મોક્ષ-કેવળજ્ઞાન પામેલા અને બીજાઓને એ માટેના માર્ગનો ઉપદેશ દેનારા દેવતત્ત્વ છે. તેઓ સંપૂર્ણ ધર્મમય છે. તેઓ નાયક, શાસક, દેવતત્ત્વરુપ છે. એમના પરની શ્રદ્ધા દેવતત્ત્વ પરની શ્રદ્ધા-રુપ છે.

**પ્રશ્ન : ૩૭૯.** ઉપરોક્ત દેવ-ગુરુ-ધર્મ તત્ત્વની ઉપાસના કેવી રીતે કરવી ?

**ઉત્તર :** વિદ્યાસાધકની જેમ લાગણી અને કાળજીપૂર્વક અપ્રમતપણે ઉપાસના કરવાની છે. એ માટે બાહ્યભાવે (૧) તેમને અનુસરવાની વૃત્તિ (૨) તેઓ પ્રત્યે પૂજન-વંદન-સત્કારની પ્રવૃત્તિ (૩) તેમને સહા-યક બનવું. (૪) તેઓનું ગૌરવ કરવું. (૫) તેમના જાહેરમાં ગુણા-નુવાદ કરવા. (૬) તેમની નિંદા-અવગણના થતી હોય તો શક્તિ હોય તો અટકાવવી, નહિ તો એવા સ્થાન વગેરેનો ત્યાગ કરવો વગેરે દ્વારા ઉપાસના કરી શકાય. આંતરભાવે એમના પ્રત્યે અહો-ભાવ-બહુમાનભાવ છલકતો રાખવો. એમના નામ શ્રવણાદિથી સંભ્ર-મભાવ થવો. મનમાંય એમના પ્રત્યે અવજ્ઞા-તિરસ્કાર-અનાદર અંશે પણ ઉગવા દેવા નહીં. વગેરે રીતે ઉપાસના કરવી જોઇએ. એમની ઇચ્છા-આજ્ઞાપાલનમાં તત્પરતા-ઉત્સાહ રાખવા પ્રયત્ન કરવો.

**પ્રશ્ન : ૩૮૦.** ભાવથી જૈનશાસન કોણ પામે ?

**ઉત્તર :** જન્મથી જૈનકુળમાં જન્મેલો અને જૈનધર્મ આરાધતો જીવ દ્રવ્યથી જૈનશાસન પામેલો છે. જૈનશાસન પર આદર-ગૌરવ દ્વારા



books\satyakant\proof.pm6,mch2,84

આરાધવાની રુચિવાળા સરળ જીવ ભાવ જૈનશાસન પણ પામી શકે છે. તેથી તેઓ મુખ્યરુપે ભાવથી જૈનશાસન પામવાને યોગ્ય ગણાય.

જૈનેતર દર્શનમાં રહેલો જીવ પણ જો આદર્શ જૈનની જેમ લોકમાન્ય સદાચાર આદિમાં વર્તતો હોય, કદાગ્રહથી મુક્ત હોય, વિષય-કષાયના નિગ્રહની લાગણી ધરાવતો હોય તો શક્ય છે કે આ ભવમાં અથવા ભવાન્તરમાં ભાવથી જૈનશાસન પામે, અને દ્રવ્યથી પણ જૈનશાસન પામી જાય.

**કોઇપણ જાતનો કદાગ્રહ દ્રવ્યથી પણ જૈનશાસનને પામેલાને ભાવ જૈનશાસન પામવા ન દે અથવા પામ્યો હોય, તો તેમાંથી ભ્રષ્ટ કરી નાખે. આમ ભાવ જૈનશાસન પામવા માટે વૈરાગ્ય અને પ્રજ્ઞાપનીયતા બે ગુણ ખાસ જરુરી છે.**

જૈનશાસનના કોઇપણ અંગ પ્રત્યે દ્વેષ-તિરસ્કાર, અવજ્ઞા-અનાદર ભવિષ્યમાં દ્રવ્યથી પણ જૈનશાસન પામવા ન દે.

જૈનેતર શાસનમાં રહેલા અથવા જૈન શાસનમાં દ્રવ્યથી રહેલાને જ્યારે બીજાના સારા આચાર વગેરે પર અને ધર્મના દરેક અંગ પ્રત્યે રુચિ-આદર હોય, તો ભવાંતરમાં જન્મથી જૈન બનવા વગેરે રુપે દ્રવ્યથી જૈનશાસન તો પ્રાયઃ અવશ્ય મળે જ સાથે ભાવથી જૈનશાસન પણ મળવાની શક્યતાઓ ખૂબ વધી જાય.

આ જૈનેતરને કદાચ પોતાના પરમાત્મા વગેરે પર રાગ હોય, તો પણ વિશેષતઃ જૈન વીતરાગ દેવ વગેરે પર બહુમાન હોય, એમને ઉંચા-વાસ્તવિક દેવાદિરુપ લાગતા હોય તો તેઓ ભાવથી જૈનશાસન પામી શકે.



પોતાના પરમાત્માને-ઉપાસ્ય દેવતત્ત્વને વીતરાગ આદિ રુપ માનવા છતાં એમના બાહ્ય સ્વરુપ સ્ત્રીતત્ત્વ કે યુદ્ધતત્ત્વથી સંકળાયેલા હોય એ રુપે ઉપાસના કરે, તો બાહ્ય આલંબન ખોટું હોવાથી એ તરફ ચિત્તમાં પણ આકર્ષણભાવ ઉભો થાય, એ રીતનો લાગણીભાવ જન્મે, તેથી તેઓ ભાવથી જૈનશાસન પામ્યા ન ગણાય. હા, પોતાનામાં વિષય-કષાયના હ્રાસ, મધ્યસ્થતા વગેરે ગુણ હોય, તો ભવિષ્યમાં પામી શકે ખરા.

**પ્રશ્ન : ૩૮૧.** પ્રતિષ્ઠિત ગુરુમૂર્તિની અષ્ટપ્રકારી પૂજા રોજ ફરજિયાત છે ?

**ઉત્તર :** પ્રતિષ્ઠિત ગુરુમૂર્તિની અષ્ટપ્રકારી પૂજા રોજ ફરજિયાત હોઇ શકે નહીં. (અષ્ટપ્રકારી પૂજા કરવી એ પણ વિચારણીય છે કેમકે ગુરુમૂર્તિની અષ્ટપ્રકારી પૂજાનું કોઇ શાસ્ત્રીય વિધાન નથી મળતું) પ્રતિષ્ઠા વગેરે દિવસે કે માસિક તિથિએ યથાસંભવ કરાય તો હરકત જણાતી નથી. પ્રભુ-ગણધરો-સાધુના નિર્વાણ બાદ તેમના શરીરની અનેક પ્રકારે પૂજા થાય છે.

**પ્રશ્ન : ૩૮૨.** દેરાસર ઉઘાડવાનો અને બંધ કરવાનો સમય ક્યો ?

**ઉત્તર :** દેરાસર ઉઘાડવાનો અને બંધ કરવાનો સમય સામાન્ય માર્ગે સૂર્યોદય અને સૂર્યાસ્ત લગભગ ગણાય. આ એક વ્યવસ્થા છે તેથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ વગેરેની વિષમતાથી કારણે સવારે વહેલા અને રાતે લગભગ એક પ્રહર સુધી ખુલ્લા રખાય છે. તેથી સૂર્યોદય-સૂર્યાસ્તનો એકાન્ત નિયમ ન બંધાય. વર્તમાનમાં સકારણ ઘણા બધા સાધુ/સાધ્વીઓ શિયાળા વગેરે દિવસોમાં સૂર્યોદય પહેલા જ ચૈત્યવંદન કરી લે છે તે બધાને અન્તરાય ન થાય તે જોવું રહ્યું. તેથી

ભક્તિની વૃદ્ધિ થાય વગેરે લાભાલાભ જોઇને કરવું. કેવળજ્ઞાની ભગવાન પાસે ચોવીશે કલાક દેવોની અવર-જવર હોય છે. આજે પણ રાતે દેવો દેરાસરમાં ભક્તિ કરે છે. તેઓ નંદીશ્વર દ્વીપમાં આઠદિવસ અખંડ ભક્તિ કરે છે. આજે પણ પુરુષોને અખંડ અનેક દિવસ પ્રભુભક્તિ કે જાપ વગેરે કરવા હોય, તો દેરાસર માંગલિક કરીને અંદર પોતે કાઉસગ્ગ-જાપ આખી રાત કરી શકે છે.

**પ્રશ્ન : ૩૮૩.** રાત્રે વધેલું કૂતરા-ગાયને ખવડાવી શકાય ?

**ઉત્તર :** રાત્રે વધેલું રાખી મુકવામાં કે ફેંકી દેવામાં જીવોત્પત્તિ નિશ્ચિતપ્રાયઃ છે. શ્રાવકો તેથી કૂતરા વગેરેને ખવડાવી દે એમાં વિશેષ હરકત દેખાતી નથી. શ્રાવકોને રાત્રિભોજન સ્વયં ન કરવાના પચ્ચકખાણ હોઇ શકે. પણ કરાવવાના-અનુમોદનાના પચ્ચકખાણ કરાવાતા હોવાનું સાંભળ્યું નથી. રાત પહેલા વસ્તુ પતી જાય તેવું શક્યતયા બને તેનો ખ્યાલ રાખવો. વિવેક જાળવવો તે ધર્મ છે, ઉચિત છે. સાથે ચાલ્યા આવતા જીવદયાના ઉચિત વ્યવહારનો લોપ ન થાય તે પણ સમજી રાખવું.

**પ્રશ્ન : ૩૮૪.** ધૂપપૂજા કેટલે દૂર રહીને કરાય ?

**ઉત્તર :** ધૂપપૂજા અગ્રપૂજા હોવાથી ગભારાથી બહાર રહીને કરવાની છે. ગભારો ન હોય, તો પણ જઘન્યથી ભગવાનથી સાડાત્રણ હાથ દૂર રહીને કરવી જરુરી છે. ભગવાનમાં જીવંતતાની કલ્પના કરવાની છે. તો જીવંત વ્યક્તિના નાક પાસે લઇ જઇ સુગંધી પણ ધુમાડો કરવામાં એને ત્રાસ થાય છે. તો ભગવાનના નાક સુધી ધૂપ લઇ જવો શી રીતે ઉચિત ગણાય ? ગૂંગળામણ ન થાય ને વાતાવરણ સુગંધિત થાય એવો ભાવ સચવાય એટલા દૂરથી ધૂપ કરાય.



બાકી વાતાવરણને સુગંધિત કરવું એ વાત અલગ છે. ધૂપદાણી પ્રભુ સન્મુખ ન રાખતા પ્રભુની ડાબી બાજુ રાખવી જોઇએ.

**પ્રશ્ન : ૩૮૫.** પ્રભુના કલ્યાણકો વખતે નારકીઓને જ સુખ થાય કે નિગોદના જીવોને પણ સુખ થાય ?

**ઉત્તર :** નિગોદના જીવો પણ શાતા અનુભવે એમ સંભવે છે. વ્યક્ત નિરંતર દુઃખવાળા નારકીઓ છે. તેથી નારકીઓને સુખ થાય એમ વિશેષ ઉલ્લેખ કર્યો હોય તેમ જણાય છે.

**પ્રશ્ન : ૩૮૬.** કુમારપાળ મહારાજાની આરતી ઉતારવા માટે કુમારપાળ રાજાનો ચઢાવો બોલ્યા હોય, તો તે શેમાં લઇ જવાય ? દેવદ્રવ્યમાં કે સાધારણમાં ?

**ઉત્તર :** ભગવાનની આરતીનો અને કુમારપાળ રાજા બનવાનો ચઢાવો એક જ હોય, તો તે ચઢાવો દેવદ્રવ્યમાં લઇ જવો જોઇએ. જો કે એ રકમ દેરાસર સંબંધી પૂજા આદિ દરેક કાર્યમાં વાપરી શકાય. જો આરતીનો ચઢાવો અલગ બોલાવવાનો હોય તો કુમારપાળ રાજા બનવાનો ચઢાવો સાધારણ ખાતે લઇ જઇ શકાય. અને તેમાંથી પ્રસંગનો ખર્ચ પણ નીકળી શકે.

**પ્રશ્ન : ૩૮૭.** નગરશેઠ તથા મંત્રી માત્ર શોભા માટે બનાવવાના હોય, તો એમના ચઢાવાની રકમ સાધારણમાં જઇ શકે ?

**ઉત્તર :** નગરશેઠ-મંત્રી વગેરે ચઢાવા સર્વ સાધારણમાં જાય એમાં હરકત દેખાતી નથી. (એ રકમથી જમણ કે પ્રભાવના ન કરવાં) સાધારણની ઉછામણીની આવકની રકમ અનિવાર્ય જરુરી સંઘના કાર્યોમાં કરવી. માટે જમણવાર પ્રભાવના વગેરે ન કરવી ઉચિત છે.

**પ્રશ્ન : ૩૮૮.** મહાપૂજા વખતે દ્વારોદ્ઘાટનનો ચઢાવો દેવદ્રવ્યમાં



books\satyakant\proof.pm6,mch2,86

લેવો કે સાધારણમાં ?

**ઉત્તર :** મહાપૂજાના દ્વારોદ્ઘાટનનો ચઢાવો દેવદ્રવ્ય ખાતે લઇ જવો.

**પ્રશ્ન : ૩૮૯.** ધર્મચક્રતપના વરઘોડામાં કનકશ્રી રાજકુમારી બની વર્ષિદાન આપવાનો ચઢાવો વરઘોડા ખર્ચમાં વાપરી શકાય ?

**ઉત્તર :** કનકશ્રી રાજકુમારી બનનારનો કે સંઘનો એ માટે ભાવ ન પહોંચતો હોય, તો એમાંથી વરઘોડાનો ખર્ચ કરવામાં હરકત દેખાતી નથી. શક્તિ-ભાવના હોય તો ચઢાવો લેનારે એ ખર્ચ કરવો.

**પ્રશ્ન : ૩૯૦.** ચરમાવર્ત્તમાં પ્રવેશ પામેલો જીવ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરે કે નહીં ? અનંતીવાર સ્થિતિ ઉત્કૃષ્ટી બાંધે એમ કહેવાય ?

**ઉત્તર :** ચરમાવર્ત્તમાં પ્રવેશેલો જીવ પણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી શકે. નિષેધ ન કરી શકાય. કર્મગ્રંથ અને આગમ ઉભયમતે આ રીતે અનેકવાર બાંધી શકે એમ માન્ય છે. અનંતીવાર બાંધે એવું વિધાન ન કરાય. આગમમતે સમકિતી થયા પછી ઉત્કૃષ્ટ સ્થિતિ ન બાંધે. કર્મગ્રન્થના મતે સમકિત પામ્યા બાદ પણ બાંધી શકે.

**પ્રશ્ન : ૩૯૧.** (૧) લીંબુનો રસ (૨) કોથમીરની ચટણી (લીંબુ નાંખેલી) (૩) શ્રીખંડ (૪) દહીં છાંટેલા ભાત (૫) આમલીનું પાણી (૬) પાણીમાં લીંબુ અને સાકર નાંખી બનાવેલું શરબત આ બધી વસ્તુ બીજે દિવસે વાસી ગણાય ? ખાખરા બીજે દિવસે ખપે છે, તેમ શેકેલા પાપડ શેકીને પેક ડબ્બામાં હવાઇ ન જાય એ રીતે રાખ્યા હોય, તો બીજે દિવસે ખપે ?

**ઉત્તર :** લીંબુનું સરબત પ્રાયઃ બીજે દિવસે કલ્પતું નથી. શ્રીખંડ પણ વાપરવો ન જોઇએ. દહીં છાંટેલા ભાત બીજે દિ'કલ્પે છે. લીંબુનો રસ, આમલીનું પાણી કે કોથમીરની ચટણી બીજા દિવસે રાખવાનો



લોકરિવાજ નથી. વિશેષ નિર્ણય બહુશ્રુતો કરે તે પ્રમાણ. **લઘુપ્રવચન સારોદ્ધારમાં** પ્રાયઃ શેકેલા પાપડનો ચાર પ્રહરનો કાળ બતાવ્યો છે. તેથી તે બીજે દિવસે કલ્પે નહીં.

**પ્રશ્ન : ૩૯૨.** લોકો ચોમાસામાં પણ મીઠા લીમડાના પાન દાળમાં નાંખતા હોય છે. તો મીઠો લીમડો ભાજીપાલામાં ગણાય કે નહીં ? ફાગણ ચૌદસ સુધી ચાલે કે બારેમાસ ?

**ઉત્તર :** લોકો દાળમાં નાખે એટલા માત્રથી ચાલતું હશે તેમ નહીં માનવું. આજકાલ ચોમાસામાંય કોથમીર દાળમાં નંખાય છે કે જે કલ્પતી નથી. લીમડાને ભાજીપાલામાં ગણવા અંગે બે મત છે. એક મત એને ભાજીપાલામાં ગણી ફાગણ ચોમાસી પછી વાપરતા નથી. બીજા કેટલાક ભાજીપાલામાં નથી ગણતા, ને બારેમાસ કલ્પ્ય ગણે છે. વિશેષ નિર્ણય બહુશ્રુતોને આધીન છે.

**પ્રશ્ન : ૩૯૩.** ચોમાસામાં દિવાળી પર જ નવા આવેલા તલ ખપે ?

**ઉત્તર :** નવા તલ પણ ચોમાસામાં કાર્તિક ચોમાસી પહેલા ન કલ્પે એ ઉચિત વ્યવહાર છે.

**પ્રશ્ન : ૩૯૪.** ચોમાસામાં બદામની જેમ મગફળીની સીંગ પણ તે જ દિવસે કાઢેલી કલ્પે કે બે-ચાર દિવસ પહેલા કાઢેલી પણ કલ્પે ?

**ઉત્તર :** મગફળી માટે બદામની જેમ સમજી શકાય. પણ પ્રાયઃ મગફળી શેકેલી જ વપરાતી હોય છે, તેથી જેમ તળેલી બદામ બીજે દિવસે પણ ચાલે છે તેમ શેકેલી સીંગ-શેકેલા શીંગના દાણા બીજા દિવસે પણ કલ્પી શકે.

**પ્રશ્ન : ૩૯૫.** તાવ આવે ત્યારે માથે ગરમી ન ચડી જાય તે માટે ચાકડાની કે ખેતરની માટી ભીની કરી માથે મુકવામાં આવે છે. તેમાં



books\satyakant\proof.pm6,mch2,87

પાણી નાંખવાથી તે ક્યારે અચિત્ત થાય ?

**ઉત્તર :** ચાકડાની માટી ખુંદેલી હોય છે અને એમાં બીજી વસ્તુ ઉમેરેલી હોય છે. તેથી તે પ્રાયઃ અમુક ટાઇમ બાદ અમુક ટાઇમ અચિત્ત હોવાનો સંભવ છે. **ઓઘનિર્યુક્તિ**નો પૃથ્વીપીંડ અધિકાર જોવાથી આ બાબતમાં સ્પષ્ટતા થશે.

**પ્રશ્ન : ૩૯૬.** મુનિસુવ્રતસ્વામીજી ભગવાન એક રાતમાં ૬૦ યોજન ચાલીને ઘોડાને પ્રતિબોધ કરવા ભરુચ આવ્યા. ભગવાનમાં અચિં-ત્યવીર્ય છે પણ ચાલવાનું માધ્યમ તો શરીર છે. તે ઔદારિક છે. તેની મર્યાદા હોય ને ? તો આ કેવી રીતે શક્ય બને ? એ જ રીતે કૃષ્ણ મહારાજે ૧૮ હજાર સાધુઓને વંદન કર્યા, તે કેટલા કલાકમાં કર્યા ? કેવી રીતે ઘટાવાય ?

**ઉત્તર :** ભગવાન એક રાતમાં ૬૦ યોજન ચાલ્યા, એમાં તેઓનો અતિશય તેવો હોવાથી એ અઘટિત નથી. ઔદારિક વિદ્યાધરોના વિમાન, યાંત્રિક વિમાનો દૂર સુધી જાય છે. પહેલા સંઘયણવાળા પંખીઓ ઘડીભરમાં લાખ યોજન જાય છે. તેથી ઔદારિક શરીર અતિશયના કારણે અને પ્રથમ સંઘયણ હોવાના કારણે ૬૦ યોજન એક રાતમાં જાય એમાં કશું અઘટિત નથી.

કૃષ્ણ મહારાજે ૧૮ હજાર સાધુઓને વંદન કર્યા બાદ કહ્યું કે ૩૫૦ સંગ્રામ કરતાં વધુ શ્રમ પડ્યો. તેથી કર્યા છે એ હકીકત છે. પ્રથમ સંઘયણ અને વાસુદેવ તરીકેના સામર્થ્યથી એ શક્ય છે. આપણને હાલ એવા સંઘયણ બળવાળા દેખાતા નથી, તેથી આવો વિચાર આવે, પણ તેથી જ આ વાત તર્ક કરવા યોગ્ય નથી, શ્રદ્ધેય છે. કોઇ પ્રશ્નોત્તરમાં મુખ્ય મુખ્ય ગ્રુપોના નેતા આચાર્યો વગેરેને કર્યાનું પણ



વાંચવામાં આવેલ છે.

**પ્રશ્ન : ૩૯૭.** શ્રી ઋષભદેવ ભગવાનના કાળમાં અષ્ટાપદ પર્વતપર બધા ચડી શકયા હશે ? જે આઠ પગથિયા બનાવ્યા તે ચઢવું સરળ બને એટલા માટે કર્યા ? ત્યાં બરફ વગેરે હોવાથી ચડાણમાં અડચણ આવતી હતી ? પંદરસો તાપસ અને ગૌતમ-સ્વામી ત્યાં ખાઇ કેવી રીતે ઓળંગી શક્યા ?

**ઉત્તર :** આઠ પગથિયા ચડાણ સરળ કરવા નહીં, પણ તીર્થના વિરોધીઓ ચડી ન શકે તે માટે બનાવાયા હતા. એક-એક પગ-થિયું એક યોજન એટલે કે ૮૦૦૦ ધનુષ્યની ઉંચાઇવાળું હતું. તેથી ૫૦૦ ધનુષ્યવાળા ભરત ચક્રવર્તીથી સોળ ગણું, ૪૫૦ ધનુ-ષ્યવાળા સગર ચક્રવર્તીથી લગભગ અઢાર ગણું ઉંચું હતું. બરફ તે કાળે ત્યાં સંભવતો નથી. પ્રભુ મહાવીરસ્વામીના કાળમાં ત્યાં લબ્ધિથી જવાતું હશે. શ્રી ગૌતમસ્વામી અને પંદરસો તાપસો ખાઇ લબ્ધિથી ઓળંગ્યા હશે. વિદ્યાધરો ત્યાં સુખેથી જઇ શકે. સગર ચક્રવર્તી પછી પ્રાયઃ સામાન્ય માણસો માટે એ પર્વતપર ચઢાણ અને યાત્રા બંધ થઇ હશે. યાત્રા કરવા જનારા માત્ર તીર્થ-પર્વ-તને પ્રદક્ષિણા દઇને પાછા આવતા હશે.

**પ્રશ્ન : ૩૯૮.** શ્રી ભદ્રબાહુસ્વામી પાસે પાંચસો સાધુ વાંચના લેવા ગયેલા. તેમાં શ્રી સ્થૂલભદ્રજી સિવાય બાકીના પાછા ફર્યા એમાં રોજની સાત વાંચના ઓછી પડી એ કારણકે વધારે પડી એ કારણ ? હજારો હાથી પ્રમાણ એ ચૌદ પૂર્વના પાઠ મોંઢે મોંઢે શીખવાડતા કેટલા વર્ષ લાગી જાય ? એકવાર સાંભળીને યાદ રહી જાય ?



books\satyakant\proof.pm6,mch2,88

**ઉત્તર :** એટલી વાંચના વધુ પડવાથી નીકળી ગયાની વાત આવે છે. કોષ્ઠ બુદ્ધિ, બીજ બુદ્ધિ, પદાનુસારી લબ્ધિ વગેરે લબ્ધિવાળા મહાત્માઓ અથવા વિશિષ્ટતમ ક્ષયોપશમવાળા મહાત્માઓ ચૌદ પૂર્વોનો અભ્યાસ કરતા. શ્રી શય્યંભવસૂરિ મહારાજ આઠ વર્ષમાં ભણ્યા એવી વાત આવે છે. ઓગણીશમાં વર્ષે ઉદ્દેશ અને વીસમાં વર્ષે અનુજ્ઞાની વાત પણ આવે છે. **વ્યવહારસૂત્રના ચોથા ઉદ્દેશના વૃદ્ધવાસ પ્રકરણમાં** દ્રષ્ટિવાદ ગ્રહણ કરતા કેટલા વર્ષ અને સ્થિર કરતા કેટલા વર્ષ લાગે તે બતાવ્યું છે.

**પ્રશ્ન : ૩૯૯.** શ્રી આર્યરક્ષિતસૂરિએ અનુયોગ પૃથક્ કર્યા એ પહેલા શું દરેક સૂત્રમાંથી દ્રવ્યાનુયોગ આદિ ચાર-ચાર અર્થ કાઢવામાં આવતા હશે ? બધા સૂત્રમાંથી એ રીતે કરવું શી રીતે સંભવે ?

**ઉત્તર :** આર્યરક્ષિતસૂરિએ અનુયોગ પૃથક્ કર્યા તે પહેલા બારે અંગમાં દરેક સૂત્રોમાં ચાર અનુયોગની વ્યાખ્યા થતી હતી. બધા સૂત્રમાંથી આ રીતે ચાર અનુયોગ પરંપરાથી મળેલા હોય અને બુદ્ધિ તીવ્ર હોય તો કાઢી શકે-વર્ણવી શકે.

**પ્રશ્ન : ૪૦૦.** કેટલાક એવું માને છે કે જન્માભિષેક પ્રસંગે ઇન્દ્રની શંકા ટાળવા પ્રભુ મહાવીર સ્વામીએ ચરણ અંગૂઠાથી મેરુપર્વત કંપાવ્યો અને તેથી આખી પૃથ્વી કંપી એવું કલ્પસૂત્રમાં આવતું વર્ણન અસંભવિત છે કેમકે (૧) મેરુપર્વત શાશ્વત છે, તે કદી કંપે નહીં (૨) વળી પ્રભુ વીરના અભિષેક વખતે જ ઐરાવત ક્ષેત્રના તીર્થંકરનો પણ અભિષેક એ જ મેરુ પર ઉત્તર દિશામાં થઇ રહ્યો હતો. મેરુ કંપે તો એનું પણ આસન કંપે તો એમની આશાતના થાય (૩) ભગવાન ઇંદ્રના ખોળામાં બેઠા હતા. ઇંદ્ર સિંહાસન પર બેઠેલા. તેથી પ્રભુનો



અંગૂઠો મેરુ પર્વતને સ્પર્શી શકે તેમ જ નથી. પ્રભુએ ઇન્દ્રના ખોળામાં અંગૂઠો દબાવ્યો હોય, તો ઇંદ્રને સખત વેદના થવી જોઇએ. અને આ ભગવાને કર્યું છે તેમ તરત જાણી જાય. તેથી મેરુ કંપવાથી આશ્ચર્ય થાય ને કોણે આ કર્યું એ જાણવા અવધિજ્ઞાનનો ઉપયોગ મુકવો પડે તે ઘટે નહીં. (૪) ઉપાધ્યાય વિનયવિજય મહારાજે ભગવાનનું બળ આપણા જેવા મૂઢ જીવોને સમજાવવા માટે આવું કાલ્પનિક વર્ણન કર્યું છે. વાસ્તવિક નથી. કેમકે સુબોધિકાની પહેલાના કોઇ ગ્રંથમાં મેરુપર્વત કંપ્યાની વાત જોવા મળતી નથી. તો એમની આ દલીલો બરાબર છે ?

**ઉત્તર : કલ્પસૂત્રની સુબોધિકા ટીકાની** પૂર્વે પણ **યોગશાસ્ત્રની ટીકામાં અને ગચ્છાચારની ટીકામાં** આ રીતે મેરુપર્વત કંપિત થયાની વાત દર્શાવી છે એમ **લોકપ્રકાશના ૩૨માં સર્ગમાં** શ્રી મહાવીરસ્વામીના વર્ણનમાં લખ્યું છે તે પાઠ-

શ્રી યોગશાસ્ત્રગચ્છાચારવૃત્ત્યાદૌ તુ યદા પ્રભુણા જન્મોત્સવે મેરુ કંપિતસ્તદા શક્રેણતન્નામ કૃતમિત્યસ્તીતિ જ્ઞેયમ્ ! યોગશાસ્ત્ર પ્રકાશ બીજા શ્લોકની ટીકા પાના નં. ૩ ટીકા શ્લોક ૭ થી ૧૪ જોવા.

**સ્થાનાંગ સૂત્રના ત્રીજા સ્થાનમાં** રત્નપ્રભા પૃથ્વી અંશથી ૩ કારણે કંપે અને આખી રત્નપ્રભા પૃથ્વી સંપૂર્ણ રીતે પણ ૩ કારણે કંપે એમ બતાવ્યું છે. આમ શાશ્વત એવી પણ જો રત્નપ્રભા પૃથ્વી કંપી શકતી હોય, તો મેરુ પર્વત કંપે તેમાં કોઇ આશ્ચર્ય નથી. મેરુપર્વતને તો ઇન્દ્ર પણ કંપાવી શકે છે. માટે અસંભવિત માનવું યોગ્ય નથી.

ઐરાવતના પ્રભુનો તે વખતે અભિષેક હોય છે પણ તેમને કશું નુકશાન કે વિઘ્ન નડતું નથી. તેઓ પણ અનંતલબ્ધીવંત છે અને



books\satyakant\proof.pm6,mch2,89

પોતાના વિશિષ્ટ જ્ઞાનથી મેરુ કંપવાના કારણને જાણતા હોય છે. તેથી એ પ્રભુની આશાતના થવાનો દોષ આ પ્રભુને લાગતો નથી. ઇન્દ્ર પોતાના નિમિત્તે અરિહંતોની આશાતના કરે છે તેથી તેમને એ આશાતનાથી અટકાવવાની પ્રભુ પોતાની ફરજ સમજે છે. ખોળામાં બેઠેલા ભગવાન ઇન્દ્રની બે પગની વચ્ચે સિંહાસનના ભાગમાં પણ અડાડી શકે છે. તેથી એમાંય કશું અજુગતું નથી. વળી દુષ્ટ દેવો પણ આવું કરી શકે, ખાસ તો સારા કામમાં ઉપદ્રવ કરવા માટે, તેથી આ કામ કોણે કર્યું તે જાણવા ઇન્દ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મુક્યો અને પ્રભુનું આ કાર્ય જાણી સંશયથી મુક્ત થયા. તેથી 'મેરુ કંપનની વાતમાં યુક્તિ સંગતતા નથી ને માત્ર શક્તિવર્ણન માટે કલ્પના કરી છે' એવું માનવું નહીં. આવી માન્યતા-વિચારણાને અશ્રદ્ધા કહેવાય.

**પ્રશ્ન : ૪૦૧.** જન્માભિષેક વખતે ભગવાનની કાયા તો પ્રાયઃ એક હાથની જ હતી. તો તે વખતે એક યોજનના નાળચાવાળા કળશની શી જરુરત ? આ તો બેહુદુ પણ ન લાગે ?

**ઉત્તર :** પ્રભુના જન્માભિષેક વખતના કળશોના માપ શાશ્વતકલ્પ મુજબ છે, તેથી એમાં 'શી જરુરત' વગેરે પ્રશ્નને અવકાશ નથી. પરંતુ આવડા મોટા માપથી અભિષેક વખતે ઇંદ્રને શંકા થઇ તે પણ ભવિતવ્યતા છે. બાકી પાર્શ્વનાથ ભગવાનના અભિષેક વખતે પણ કળશોનું માપ તો આ જ હતું અને પાર્શ્વપ્રભુનો પણ જન્મ વખતનો દેહ સવા-દોઢ હાથ જેટલો જ હશે. છતાં ત્યારે શંકા થઇ ન હતી. મોટા માપ હોવામાં દેવોની અપેક્ષાએ બેહુદુ નથી, કેમકે તેઓના શરીર ઉત્કૃષ્ટથી સાત હાથ હોય છે. જોકે મૂળ શરીરથી આવતા નથી તે મૂળ શરીર સાત હાથ કે તેથી નાના હોય છે. તે તે કાળના માણસ



જેટલા માપના હોય છે જ્યારે દેવલોકના ભવનો અને શાશ્વત ચૈત્યાલયો 'પ્રમાણ' યોજનના માપથી ઘણા યોજન લાંબા, ઉંચા, પહોળા હોય છે. પણ દેવોને એમની તેવી શક્તિના કારણે એ મોટું લાગતું નથી.

**પ્રશ્ન : ૪૦૨.** સમવસરણમાં ભગવાનના ત્રણ પ્રતિબિંબ ઔદારિક હોય કે વૈક્રિય ? એ ક્યાં સુધી રહે ?

**ઉત્તર :** આ ત્રણ પ્રતિબિંબ સમાન મૂર્તિઓ વૈક્રિય હોય એમ સમજાય છે. પ્રભુ દેશના પૂરી કરી દેવચ્છંદામાં જાય એમ એ પ્રતિમાઓ પણ ઉઠી દેવછંદામાં જાય એવું લોકોને લાગે પછી અદ્રશ્ય થાય એમ લાગે છે.

**પ્રશ્ન : ૪૦૩.** એમ.સી. અંગે આખા મહીનામાં ક્યારેક ચાર દિવસ ચોખ્ખા જાય પછી એક-બે દિવસ અશુદ્ધિ દેખાય. પછી ચોખ્ખાઇ પાછી અશુદ્ધિ આવું પાંચ-છ વાર થઇ જાય તો એમ.સી. અંગે પાળવું કેવી રીતે ? આવા અવસરે શાસ્ત્રાભ્યાસ વગેરે વર્જ્ય કેવી રીતે ગણવું ?

**ઉત્તર :** આમાં બે વસ્તુ છે (૧) એમ.સી. અને (૨) રોગ. દર મહિને ૩ દિવસ આવે એ એમ.સી. સંપૂર્ણ પાળવી. એમાં ક્યારેક ૧-૨ દિવસ વહેલું મોડું થાય. તે આવી ગયા પછી ચાર-છ દિવસે ફરી ડાઘ પડે, થોડો વખત ચાલે ને પાછુ બંધ થાય. આ રોગ કહેવાય. વીસ દિવસ પછી સતત ૩ દિવસ રહે તો એમ.સી. ગણી પાળવું પછી અશુદ્ધિ હોય તો ૧-૨ દિવસ પાળી શકાય.

રોગરુપ હોય એમાં સ્પર્શ વગેરે વર્જ્ય નથી. અશુદ્ધિના કારણે દેરાસર જવું નહીં. લોહી નીકળતું બંધ થયા પછી સાફ કર્યા બાદ સ્વાધ્યાય વગેરે થઇ શકે.



books\satyakant\proof.pm6,mch2,90

આવા રોગવાળા કાળે એમ.સી. ન હોય, તો પણ અશુદ્ધિ અશુચિના કારણે મોટેથી બોલીને સ્વાધ્યાય ન કરવો. પુસ્તકને અડવું નહીં. મનમાં સ્વાધ્યાય-પ્રતિક્રમણ વગેરે થઇ શકે. વ્યવહારને બળવાન જાણી સાચવવું.

**પ્રશ્ન : ૪૦૪.** આજે પરઠવવાની તેવી વ્યવસ્થા ન હોવાથી અથવા ગૃહસ્થોને ફાવતી ન હોવાથી જેમ ખંડિત પ્રતિમા દરિયામાં પધરા-વાય છે એમ પ્રભુના ફોટા વગેરે તથા ધાર્મિક મેગેઝીન વગેરે દરિ-યામાં પધરાવવા વધુ સારા કે રીસાઇકલીંગ પ્રક્રિયામાં મોકલાવી ફરીથી કાગળ બને એવું કરવું વધું સારું ?

**ઉત્તર :** અહીં સારાનો વિકલ્પ નથી પણ ઓછી વિરાધનાનો વિકલ્પ વિચારવાનો છે. કાગળ પાણીમાં પરઠવવામાં ઘણા કાળ સુધી ત્રસ અને પાણીના જીવોની વિરાધના થવાની સંભાવના હોય જ્યારે માવો બનાવી કાગળ ફરીથી બનાવવામાં ઓછી વિરાધના દેખાઇ રહી હોય તો એ વિકલ્પ વિચારાય. જો એ સડે નહીં વગેરે કાળજીથી કામ થાય, તો ઘણી વિરાધના આંકી શકે. આજ-કાલ ઘણા ગૃહસ્થો ઘરમાં સાહિત્યને રાખવા માંગતા નથી ને પસ્તીવાળાને વેંચી નાખે છે એમાં ઘણી વખત હસ્તપ્રત વગેરે પણ પસ્તીમાં વેંચાઇ જાય છે. આની સામે ચીવટવાળો જાણકાર જો એ બધાની ચકાસણી કરે, તો ઘણા શ્રુતનાશથી બચી શકાય.

પણ આ રીસાઇકલીંગનો વિષય ગૃહસ્થોને છે. ઓછી-વત્તી વિરાધ-નાને અપેક્ષીને છે. સાધુઓને પોતાની પાસે રહેલા કાગળો વગેરેની પારિષ્ઠાપનિકા કરવાની છે, રી-સાઇકલીંગમાં જવા દેવાય નહીં. સંઘના આગેવાનોએ અને ગૃહસ્થોએ ખાસ મહત્ત્વવાળુ જરુરી સાહિત્ય



જ ભેગું કરવું-બિનજરુરી તે ઉપાશ્રય કે ઘરમાં ભેગું ન થવા દેવું-આ સૌથી સારો વિકલ્પ છે.

**પ્રશ્ન : ૪૦૫.** જ્ઞાનભંડારમાં જ્ઞાનખાતાની રકમમાંથી પગાર મેળ-વતા ભાઇ પાસે સાધુ પોતાનું કામ કરાવી શકે ખરા ?

**ઉત્તર :** એની પાસે એની નોકરીના સમયે કામ નહીં કરાવવું. બાકીના સમયે એ ભક્તિથી કરે એમાં વાંધો નથી. વેતનથી પણ જરુર પડે કરાવી શકાય.

**પ્રશ્ન : ૪૦૬.** રાત્રે શ્રાવક ત્રિકાળવંદના કરે એનો અર્થ શું છે ?

**ઉત્તર :** આ શબ્દ પ્રયોગનો અર્થ વાંદણા-ખમાસમણ દ્વારા રાતે વંદન કરવાનો હાલ વ્યવહાર ન હોવાથી હાથ જોડીને સવાર-બપોર-સાંજના અથવા આદિ-મધ્ય-અંતે વંદન કરું છું આવો ભાવ વ્યક્ત કરવો.

**પ્રશ્ન : ૪૦૭.** સાધુએ એકાસણામાં વિગઇ વાપરવાની હોય, તો તે નિમિત્તે કાઉસગ્ગ કરવો જરુરી છે ?

**ઉત્તર :** કાઉસગ્ગ કરવો જરુરી નથી, પણ વડીલ નિશ્રાદાતા પાસે તે-તે વિગઇ અંગે માપ માટે અને જેટલા દિવસ લેવી હોય, એટલા દિવસ અંગે રજા લેવી જોઇએ.

**પ્રશ્ન : ૪૦૮.** સર્વાર્થસિદ્ધ વિમાનમાં સંખ્યાતા અને વૈજયંત આદિ બીજા ચાર અનુત્તર વિમાનોમાં અસંખ્ય દેવોની સંખ્યા શી રીતે ઘટે ? કેમકે ત્યાં તો માત્ર વિરતિધર મનુષ્ય જ જઇ શકે છે.

**ઉત્તર :** આમાં કશો વાંધો નથી. વિજયાદિમાં અદ્ધા પલ્યોપમના સમયની સંખ્યા કરતાં અસંખ્યાતમાં ભાગ જેટલા અસંખ્ય દેવો



books\satyakant\proof.pm6,mch2,91

છે. મનુષ્યોની સંખ્યા ભલે સંખ્યાતી છે. પણ એક દેવના ૩૩ સાગરોપમ જેટલા કાળમાં મહાવિદેહમાંથી પ્રવાહથી અસંખ્ય મુનિઓ વિજયાદિમાં જઇ ભેગા થઇ શકે છે. સર્વાર્થ સિધ્ધ વિમાન સંખ્યાત યોજનનું હોવાથી ત્યાં અસંખ્યનો સમાવેશ પણ ન થાય માટે પણ સંખ્યાતા છે.

**પ્રશ્ન : ૪૦૯.** અન્ય ધર્મીને એના ધર્મમાં સ્થિર રહેવાનું કહેવાય ? એમાં મિથ્યાત્વનું પોષણનો દોષ લાગે ? જૈનધર્મની વાત કરવામાં એના મનમાં ખોટી કલ્પના થવા પર સદ્ભાવ નાશ પામે એવું હોય, તો શું કરવું ?

**ઉત્તર :** અન્ય ધર્મીને તેના ધર્મમાં સ્થિર થવાની વાત કરવાના બદલે દયા, દાન, અહિંસા, સત્ય વગેરે વ્રતો, વૈરાગ્ય, કષાયજય, ઇન્દ્રિયદમન વગેરે સર્વધર્મ માન્ય માર્ગાનુસારી મુદ્દાઓ પર ભાર મુકી પ્રેરણા કરી શકાય.

**પ્રશ્ન : ૪૧૦.** માવાની મીઠાઇઓ ૭-૮ દિવસમાં ફુગ વાળી થાય છે તો તેનો ૧૫-૨૦-૩૦ દિવસનો કાળ કેવી રીતે ગણવો ?

**ઉત્તર :** જો માવાની મીઠાઇઓ પાકી ચાસણીમાં માવો પાકો થાય એ રીતે અથવા બરાબર શેકીને લાલ કરવામાં આવે, તો પ્રાયઃ ન બગડે. પરંતુ આજે બજારના માવા કાચા આવે છે, એમાં સીધી ખાંડ ભેળવી દેવાય છે. તેથી તે વાસી હોય છે. કલ્પે નહીં. તેમાં ફુગ કદાચ ૫-૭ દિવસ પછી દેખાય, તો પણ તે માવા બીજા દિવસથી કલ્પતા નથી. ટીનનો માવો તો શ્રાવકોને તે દિવસે પણ કલ્પે નહીં. સારી રીતે બનાવેલ મીઠાઇ વગેરે પણ ગરમા ગરમ ઠાર્યા વગર ડબ્બામાં ભરે, સહેજ ગરમ પણ ભરે તો તેમાંથી વરાળ-ભેજ અને



નિગોદ-ફુગ એક રાતમાં થાય છે માટે બરાબર ઠારીને પછી ભરાય-એ રીતે કડક પુરી સેવ-ચેવડો વગેરે ગરમાશ વાળો ડબ્બામાં ભરો તો ભેજવાળો પોચો પડી જાય સંભવતઃ વાસી થાય.

**પ્રશ્ન : ૪૧૧.** અસ્વાધ્યાય કાળમાં શાસ્ત્રવાંચન આદિનો નિષેધ છે. પરંતુ (૧) આગમના પ્રુફનું સંશોધન કરવું હોય (૨) આગમના શુદ્ધિપત્રકનું સંશોધન કરવું હોય આગમ જોઇ જોઇને-તો ચાલે કે નહીં ?

**ઉત્તર :** અસ્વાધ્યાયકાળમાં આગમોનું વાંચન-વાંચના, પૃચ્છના, પરાવર્તના ન થઇ શકે. અનુપ્રેક્ષા થઇ શકે. સંશોધન-શુદ્ધિપત્રક એ વાંચનનો એક પ્રકાર છે. અનુપ્રેક્ષાનો નહીં તેથી અસ્વાધ્યાયમાં ન થાય એમ જાણવું. અધિકારી સાધુઓએ આગમ સંશોધનનું કાર્ય પણ સ્વાધ્યાયરુપ સમજીને કરવાનું હોય છે. તેથી કાળ સચવાવો જોઇએ.

**પ્રશ્ન : ૪૧૨.** અરિહંત પરમાત્મા કરપાત્રી હોય કે પાત્રાહારી હોય ?

**ઉત્તર :** તીર્થંકર પરમાત્માઓ દીક્ષાબાદ કેવળજ્ઞાન સુધી કરપાત્રી હોય, પાત્રાહારી ન હોય. કેવળજ્ઞાન પછી વ્હોરી લાવનાર બીજા છે માટે પાત્રમાં વાપરવાનો સંભવ છે.

**પ્રશ્ન : ૪૧૩.** પ્રભુએ કરેલું સાંવત્સરિક દાન જૈનો લે કે નહીં ? દીક્ષાર્થીએ આપેલું વર્ષીદાન લેવાય કે નહીં ? લઇએ તો એ શેમાં ઉપયોગમાં લેવાય ?

**ઉત્તર :** પ્રભુના હાથથી ધર્મપ્રભાવના બુદ્ધિથી થતું સાંવત્સરિક દાન જૈનો પણ લઇ શકે છે. આ રકમ પોતે વ્યક્તિગત ઉપયોગમાં પણ લઇ શકે. યાદગીરીરુપે રાખી મુકે તેમાંય વાંધો નથી. વિશેષાર્થીએ **સેન પ્રશ્નમાં** નવી છેલ્લી આવૃત્તિના પૃષ્ઠ ૧૯૭ ઉપર જોવું.



books\satyakant\proof.pm6,mch2,92

**પ્રશ્ન : ૪૧૪.** પ્રભુવીરના ચૌદહજાર શિષ્યોની ઉત્કૃષ્ટ સંપદા બતાવી છે તે કેવી રીતે ? તેથી વધુ સાધુ ન હોય ?

**ઉત્તર :** પ્રભુવીરના ૧૪ હજાર સાધુઓ પ્રભુના હાથે દીક્ષિત થયેલા હતા. અન્ય મતે આટલા સાધુઓ વિશિષ્ટ શક્તિ-પ્રતિભા સંપન્ન હતા.

**પ્રશ્ન : ૪૧૫.** તીર્થંકર પદવીની જેમ ગણધર પદવી પણ નિકાચિત કરવાની હોય, તો ગણધર પદ માટેનું કર્મ કઇ કર્મપ્રકૃતિમાં આવે ? સમવસરણમાં ગણધરો દેશના આપે ત્યારે એમના પણ ૩ પ્રતિબિંબ સમાન ૩ રુપો સ્થપાય ?

**ઉત્તર :** જિનનામ કર્મથી અવાંતર પ્રકૃતિરુપે ગણધર નામ કર્મ હોય એમ જણાય છે. (અન્યમતે આ પ્રકૃષ્ટ સૌભાગ્ય આદિરુપ છે એટલે કે સૌભાગ્ય નામકર્મના પ્રભાવરુપ છે) **શતકચૂર્ણી** ગ્રંથમાં નામની ૪૨ પિંડ પ્રકૃતિઓ બતાવ્યા પછી એ દરેકના અનેક અવાંતર ભેદો હોય એમ કહ્યું છે. એ ભેદોનાં નામોલ્લેખ નથી કર્યા. દેશનામાં ગણધર ભગવંતોના બીજા ૩ રુપ થતા નથી.

**પ્રશ્ન : ૪૧૬.** અણાહારી દવા તથા બામવગેરે સંનિધિ ગણાય ?

**ઉત્તર :** અણાહારી દવા પણ રાખી હોય તો સંનિધિમાં ગણાય પણ આહારી કરતાં તેનો દોષ ઓછો છે. બામ પણ સંનિધિ ગણાય.

**પ્રશ્ન : ૪૧૭.** તેઉકાય-વાઉકાયને મોહનીયકર્મના ક્યા-ક્યા સત્તાસ્થાન હોય ? ૨૪નું સત્તાસ્થાન હોય ?

**ઉત્તર :** તેઉકાય-વાઉકાયને સમકીત મોહનીય-મિશ્ર મોહનીયની સત્તાવાળા ૨૮-૨૭ અને માત્ર મિથ્યાત્વ મોહનીયની સત્તાવાળા ૨૬



પ્રકૃત્તિની સત્તાવાળા સ્થાનો સંભવે. આમ૨૮-૨૭-૨૬ની સત્તાવાળા સ્થાન સંભવે. પણ અનંતાનુબંધીની વિસંયોજનાવાળું ૨૪ પ્રકૃતિ-વાળું સત્તાસ્થાન ઘટે નહીં.

**પ્રશ્ન : ૪૧૮.** તેઉકાય-વાઉકાયને નામ કર્મના ક્યા ક્યા સત્તા-સ્થાન સંભવે ?

**ઉત્તર :** તેઓને નામકર્મના ૯૨-૮૮-૮૬-૮૦-૭૮ આ પાંચ સત્તા-સ્થાન સંભવે.

**પ્રશ્ન : ૪૧૯.** વાઉકાય વૈક્રિય શરીર ક્યારે કરી શકે ? સકળ પર્યા-પ્તિથી પૂર્ણ થયા પછી કે તે પહેલા પણ ?

**ઉત્તર :** વાઉકાય સ્વયોગ્ય સકળ પર્યાપ્તિથી પૂર્ણ થયા પછી ઓછામાં ઓછું અંતર્મુહુર્ત પછી જ વૈક્રિય શરીર બનાવવાનો પ્રારંભ કરી શકે, તે પહેલા નહીં.

**પ્રશ્ન : ૪૨૦.** વાઉકાયમાં વૈક્રિય લબ્ધિ બધા વાઉકાય જીવોને હોતી નથી, તેથી એ ભવ પ્રત્યયિક તો ન જ ગણાય ને ? તેમજ એમને આ લબ્ધિ ગુણ પ્રત્યયિક હોય એમ પણ સંભવતું નથી. તો શું તેઓ આગલા ભવમાંથી આ લબ્ધિ લઇને આવતા હશે ?

**ઉત્તર :** તેઓને આ લબ્ધિ ભવ પ્રત્યયિક કે ગુણપ્રત્યયિક ઘટતી નથી. પરભવમાંથી સાથે લઇને આવે એ પણ ઘટતું નથી. પણ કેટ-લાકને સાહજિક કર્મજનિત એ લબ્ધિ ઉત્પન્ન થઇ જાય અને અના-ભોગ વીર્યથી એ શરીર બને એને ઉપચારથી એ જીવે બનાવ્યું એમ કહેવાય.

**પ્રશ્ન : ૪૨૧.** દેવ-મનુષ્ય વગેરેને ઉત્તર વૈક્રિય શરીર (=લબ્ધિપ્રાપ્ત



books\satyakant\proof.pm6,mch2,93

વૈક્રિય શરીર) બનાવવા માટે વૈક્રિય સમુદ્‌ઘાત કરવો પડે છે. તેમ વાઉકાયને પણ એ સમુદ્‌ઘાત કરવો પડે ? વાઉકાયને વૈક્રિય શરીર બનાવવાનું શું પ્રયોજન ? આ શરીર મૂળ શરીર કરતાં જુદુ હોય ?

**ઉત્તર :** વાઉકાયને પણ વૈક્રિય સમુદ્‌ઘાત કરવાનો હોય પણ તે અનાભોગ વીર્યથી આપોઆપ થઇ જાય છે. વાઉકાયને એ માટે કશું પ્રયોજન હોતું નથી. આ શરીર મૂળ શરીરથી જુદુ વૈક્રિય પુદ્‌ગલોથી બનેલું હોય છે અને અંતર્મુહૂર્તમાં છોડી દે છે.

**પ્રશ્ન : ૪૨૨.** મોટા વંટોળ-વાયરા ફૂંકાય છે તે વાઉકાયના વૈક્રિય શરીર હશે ? વૈક્રિય શરીરનો પણ આકાર મૂળ શરીરની જેમ ધજા જેવો અનિયત હશે ? આ શરીર મૂળ શરીરને સંલગ્ન હોય કે અલગ પણ હોઇ શકે ?

**ઉત્તર :** મોટા વંટોળ હોય તે વૈક્રિય વાઉકાય હોય એવું નથી. શાસ્ત્રોમાં સ્પષ્ટ શબ્દોમાં ઉપરોક્ત માન્યતાનું ખંડન કરેલું જોવા મળે છે. વાયુકાયનું વૈક્રિય શરીર પણ ધજા જેવા અનિયત આકારવાળું જ હોય છે. આ વૈક્રિય શરીર મૂળ શરીરને સંલગ્ન તથા છુટું એમ બંને પ્રકારે હોય બંને શરીરો પરંતુ આત્મપ્રદેશથી સંલગ્ન જ હોય.

**પ્રશ્ન : ૪૨૩.** પરભવ જતા જીવને તૈજસ-કાર્મણ શરીરયુક્ત આત્માની અવગાહનાનો આકાર કેવો હોય ?

**ઉત્તર :** પરભવ જતા જીવનો તૈજસ-કાર્મણ શરીર સહિત આત્માના અવગાહનાનો આકાર દંડ અને કંદુક જેવો હોય. જે ઇલિકા ગતિથી જાય તેનો દંડ જેવો અને જે સાથે સંક્ષેપીને જાય તેનો કંદુક જેવો આકાર હોય.

**પ્રશ્ન : ૪૨૪.** મરણ સમુદ્‌ઘાત વખતે જીવ મૃત્યુ પામ્યા પહેલા જ



પરભવના ઉત્પત્તિ સ્થાને પહોંચે છે. જો એ ઉત્પત્તિસ્થાન વિદિશામાં-વિશ્રેણીમાં હોય તો વિગ્રહગતિની જેમ ૧-૨-૩ વગેરે વક્રો કરે કે નહીં ? તેથી તે સ્થાને પહોંચતા વધુમાં વધુ પાંચેક સમય લાગે કે નહીં ? તો તે વખતે વચલા સમયોમાં અનાહારી હોય ? આનુપૂર્વીનો ઉદય થાય ?

**ઉત્તર :** જીવ મરતા પહેલા મરણ સમુદ્‌ઘાત વખતે વક્રથી જાય ત્યારે ૨-૩-૪-૫ સમય લાગે ખરા. પણ તે વખતે જીવ સાથે પૂર્વનું શરીર સંબંધિત હોવાથી આહાર ચાલુ જ હોય છે. અનાહારીપણું આવતું નથી. વળી દેહ સંબંધ હોવાથી જ આનુપૂર્વીનો પણ ઉદય હોતો નથી. કેમકે દેહ છોડ્યા પછીની પરભવગમન પ્રવૃત્તિ વખતે જ આનુપૂર્વીનો ઉદય માન્યો છે.

**પ્રશ્ન : ૪૨૫.** મરણ સમુદ્‌ઘાતમાં જે પરભવના ઉત્પત્તિ સ્થાન સુધી આત્મપ્રદેશો લંબાવ્યા હોય, તે એ રીતે કેટલા સમય સુધી રહી શકે ? આત્મપ્રદેશો લંબાવેલા જ હોય ને જીવ મરી જાય એમ બને ? કે મૂળ શરીરમાં આત્મપ્રદેશો સંહરી લીધા પછી જ મરે ?

**ઉત્તર :** મરણ સમુદ્‌ઘાતમાં પરભવના ઉત્પત્તિસ્થાન સુધી લંબાવેલા આત્મપ્રદેશો એ અવસ્થામાં અંતર્મુહૂર્ત સુધી રહે. પછી પાછો આવે મૂળ શરીરમાં એ સંહરી લીધા પછી મરે. અથવા ફરીથી બીજીવાર લંબાવીને પણ મૃત્યુ પામે.

**પ્રશ્ન : ૪૨૬.** મરણ સમુદ્‌ઘાતવાળા જીવને જ ઇલિકાગતિ સંભવે કે એ સિવાયના જીવોને પણ સંભવે ?

**ઉત્તર :** મરણ સમુદ્‌ઘાત વિના પણ ઇલિકાગતિ સંભવે છે. સમુદ્‌ઘાત કરે કે નહીં, ઇલિકા-કંદુક બંને ગતિ સંભવી શકે છે કેમકે



books\satyakant\proof.pm6,mch2,94

સમુદ્ઘાતવાળો તેથી નિવૃત્ત થઇને પણ મરે અથવા બીજીવાર સમુદ્ઘાત કરે તે વખતે પણ મરે. સમુદ્ઘાત અવસ્થામાં મરનારને ઇલિકાગતિ હોય.

**પ્રશ્ન : ૪૨૭.** કષાય તથા વેદના સમુદ્ઘાતમાં જીવ જે શરીર પ્રમાણ જાડો-પહોળો દંડ બનાવે છે તે એક જ સમયમાં થઇ જાય કે વધુ સમય લાગે ?

**ઉત્તર :** આ બંને સમુદ્ઘાતમાં દંડ શરીર જેટલો જ પહોળો હોય છે. તે વખતે શરીરમાં રહેલા પોલાણ પૂરાય છે. તે સમુદ્ઘાતનો કાળ અંતર્મુહૂર્તનો બતાવ્યો છે. અંતર્મુહૂર્ત સુધી દંડ રહે છે.

**પ્રશ્ન : ૪૨૮.** એકેન્દ્રિયમાં સાસ્વાદન (બીજું) ગુણસ્થાનક લઇને માત્ર દેવ જ જઇ શકે કે તિર્યંચ-મનુષ્ય પણ જઇ શકે ?

**ઉત્તર :** તિર્યંચ-મનુષ્ય પણ ત્યાં સાસ્વાદન ગુણસ્થાનક લઇને જઇ શકે.

**પ્રશ્ન : ૪૨૯.** ક્ષયોપશમ સમ્યક્ત્વ લઇને કોઇ જીવ તિર્યંચમાં ઉત્પન્ન થઇ શકે ? થાય તો સંખ્યાત વર્ષના આયુષ્યમાં કે અસંખ્યાત વર્ષના આયુષ્યમાં ઉત્પન્ન થાય ?

**ઉત્તર :** કાર્મગ્રંથિક મતે મોહનીય કર્મની અનંતાનુબંધીની વિસંયોજનાવાળો એટલે કે ૨૪ પ્રકૃતિની સત્તાવાળો ક્ષયોપશમ સમકિતી જો દેવ-નારક હોય તો મનુષ્ય થાય. મનુષ્ય અને તિર્યંચ જીવો નિયમા દેવ થાય. અઠ્ઠાવીશની સત્તાવાળા માટે પણ આ પ્રમાણે સમજવાનું. પણ અનંતાનુબંધી-૪ અને મિથ્યાત્વ-મિશ્ર આ બે મોહનીય એમ કુલ છ પ્રકૃતિના ક્ષયવાળો બાવીશની સત્તામાં રહેલો મનુષ્ય ક્ષાયિક સમકિત પામવાની પૂર્વાવસ્થામાં રહ્યો હોય ત્યારે પૂર્વબદ્ધ આયુ-



ષ્યના કારણે મરણ પામ્યે પ્રથમ નરક અથવા મતાન્તરે પ્રથમ ત્રણ નરકમાં, યુગલિક મનુષ્ય તિર્યંચમાં અને વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થઇ શકે. બીજે ઉત્પન્ન થઇ શકે નહીં.

પરંતુ સિદ્ધાંતના મતે ક્ષયોપશમ સમ્યક્ત્વ લઇને ચારેય ગતિમાં અને સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યમાં પણ જઇ શકે.

**પ્રશ્ન : ૪૩૦.** મનુષ્યમાંથી મનુષ્યગતિ કે તિર્યંચગતિમાં જનાર ક્ષયોપશમ સમ્યક્ત્વ મુકીને જ જાય ?

**ઉત્તર :** કાર્મગ્રંથિકમતે મનુષ્ય મરીને મનુષ્ય કે તિર્યંચગતિમાં જતી વખતે ૨૨ ની સત્તા સિવાયનું ક્ષાયોપશમિક સમ્યક્ત્વ લઇને ન જઇ શકે. સિદ્ધાંત મતે લઇને જઇ શકે.

**પ્રશ્ન : ૪૩૧.** તિર્યંચ-મનુષ્યે ઉત્તર વૈક્રિય શરીર બનાવ્યું હોય, ત્યારે નામ કર્મના જે ૨૫-૨૭-૨૮ વગેરે ઉદયસ્થાનો મળે છે તે દરેકનો કાળ કેટલો ?

**ઉત્તર :** વૈક્રિય અવસ્થામાં તિર્યંચ-મનુષ્યને ૨૫ પ્રકૃતિનો ઉદયકાળ તો અંતર્મુહૂર્ત છે જ. દેવ-નરકને પણ ૨૫ નો ઉદયકાળ અંતર્મુહૂર્ત છે. ૨૭-૨૮ પ્રકૃતિનો ઉદયકાળ દેવ-નરકને એક સમયનો હોવા છતાં મનુષ્ય-તિર્યંચને જુદા-જુદા અંતર્મુહૂર્ત સંભવે છે. મનુષ્ય-તિર્યંચ પણ ૨૭-૨૮ ના ઉદયાવસ્થામાં મરે, તો એક સમયનો પણ કાળ મળી શકે છે. મોતની અપેક્ષાએ તો ૨૫ના ઉદયનો કાળ પણ એક સમયનો મળી શકે. આ ઉત્તર વૈક્રિયને અપેક્ષીને વાત સમજવી.

**પ્રશ્ન : ૪૩૨.** ઉત્તર વૈક્રિય શરીર બનાવનાર મિથ્યાત્વી તિર્યંચ-મનુષ્ય નરક પ્રાયોગ્ય કર્મનો બંધ કરે કે નહીં ? નરક પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિના બંધ માટેના ઉદયસ્થાન ૩૦-૩૧ આ બેજ લીધા છે. ૨૫-



books\satyakant\proof.pm6,mch2,95

૨૭ વગેરે લીધા નથી. તેથી આ પ્રશ્ન થાય છે.

**ઉત્તર :** ઉત્તર વૈક્રિય શરીર બનાવનાર મનુષ્ય-તિર્યંચ મિથ્યાત્વી ૨૫-૨૭-૨૮ (નામકર્મની) પ્રકૃતિના ઉદય વખતે નરક પ્રાયોગ્ય બાંધે છે. તેથી ૩૦-૩૧ બે જ જે ઉદયસ્થાન લીધા છે તે મૂળ શરીરની અપેક્ષાએ સમજવાના છે. નહિંતર તો વૈક્રિય પ્રાયોગ્ય ૨૯નું પણ ઉદયસ્થાન બતાવત.

**પ્રશ્ન : ૪૩૩.** વીર્યાણુ એટલે શું ? દરેક આત્મપ્રદેશ પર અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલું વીર્ય બતાવ્યું છે તે કરણ વીર્યની અપેક્ષાએ ? આમ તો પ્રત્યેક આત્મપ્રદેશે અનંત વીર્ય કહ્યું છે તે કેવી રીતે ?

**ઉત્તર :** વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી આત્મામાં ઉત્પન્ન થયેલી શક્તિ વીર્યરુપ છે. આ શક્તિથી તે જ્યારે પુદ્ગલમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે વપરાતી શક્તિની માત્રાની માપણી કરવામાં જે સૂક્ષ્મતમ માત્રા આવે, તે વીર્યાણુ કહેવાય. અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલા વીર્ય વગેરે યોગસ્થાનગત જે વીર્યાંશો છે તે કરણ વીર્યની અપેક્ષાએ છે.

ક્ષાયિક વીર્યવાળાને પ્રત્યેક આત્મપ્રદેશે અનંત લબ્ધિ વીર્ય હોય. પ્રવૃત્તિવીર્ય પૌદ્ગલિક અને પુદ્ગલમાં પ્રવર્તતું વીર્ય કેવળજ્ઞાનીને પણ અસંખ્ય જેટલું જ છે.

**પ્રશ્ન : ૪૩૪.** કષાયની જેમ પુરુષવેદ વગેરેનો પણ ઉદય દરેક અંતર્મુહૂર્તે બદલાય ? અને જો બદલાય, તો પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદના ક્રમથી જ પરિવર્તન પામે ? નપુંસકવેદના ઉદયને નગરના દાહ સમાન બતાવ્યો છે. તો શું એવી તીવ્રતા અનુભવાય ?

**ઉત્તર :** કષાયનો ઉદય પરાવર્તન પામે છે. પણ મોટા ભાગના ગ્રંથોમાં વેદના ઉદયમાં પરાવર્તન માન્યું નથી. **પંચસંગ્રહકાર** મતે



વેદોદય પણ ફર્યા કરે છે. પણ એ વેદોદયના પણ દરેકના જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ આદિ ભેદ પડે. એમાં નપુંસકવેદના ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઉદયવખતે નગરના દાહ જેવી તીવ્રતા અનુભવાય. તેથી દરેક વખતે એવી તીવ્રતા માનવાની જરુર નથી. હકીકતમાં તો દરેક પૌદ્ગલિક ઇચ્છાઓ અને વર્ણાદિ વિષયોમાં તો દરેક પૌદ્ગલિક ઇચ્છાઓ ને વર્ણાદિ વિષયોમાં પ્રવિચારણા (=પ્રવૃત્તિ) વેદોદયના કારણે થાય છે. જેની આ બાબતોમાં ઇચ્છા મંદ હોય, તેને મંદ વેદોદય. જેને તીવ્ર ઇચ્છા થાય તેને તીવ્ર વેદોદય હોય. તેથી માત્ર સંભોગ-વાસનાને જ વેદરુપ ન સમજવું. એ વેદોદયનું પ્રધાન કાર્ય ગણાય. અન્ય ઇચ્છાઓ પણ આ વેદોદયના પ્રભાવે સમજવી. એમાં તીવ્ર ઇચ્છાઓ નપુંસક વેદોદયના પ્રભાવે ગણી શકાય અને તેને નગરદાહની ઉપમા આપી શકાય.

**પ્રશ્ન : ૪૩૫.** શુભ પ્રકૃતિઓની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ તીવ્ર સંકલેશથી બંધાય છે એમ કહેવાય છે. તો અહીં તે તીવ્ર સંકલેશ પ્રશસ્ત કષાય સંબંધી સમજવો કે અપ્રશસ્ત કષાય સંબંધી ? આ પ્રશ્ન પાછળ આશય એ છે કે પ્રશસ્ત કષાય પણ કષાયરુપ હોવાથી સંકલેશરુપ ગણાય. તેથી એમ વિભાગીકરણ થઇ શકે કે શાતા વેદનીય કર્મરુપ શુભપ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રશસ્ત કષાયથી બંધાય અને અશાતા વેદનીયરુપ અશુભ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ અને ઉત્કૃષ્ટ રસ અપ્રશસ્ત કષાયથી બંધાય ? ઉપરના ગુણસ્થાનકોમાં કે જ્યાં પ્રશસ્ત કષાયની પણ અતિ અલ્પતા છે ત્યાં શાતા વેદનીય કર્મનો ઉત્કૃષ્ટ રસ બંધાય ?

**ઉત્તર :** શુભ પ્રકૃતિઓની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય તે અને સ્થિતિબંધની વૃદ્ધિ અપ્રશસ્ત ગણાય છે. અધ્યવસાય શુભ પ્રકૃતિ બંધ માટેના



books\satyakant\proof.pm6,mch2,96

હોવાથી શુભ કહેવાય પણ સ્થિતિ વૃદ્ધિવાળી હોવાથી તે અપેક્ષાએ અશુભ કહેવાય, અને અપ્રશસ્ત કહેવાય. પ્રશસ્ત ન કહેવાય. **જેમાં ક્ષયોપશમભાવ મુખ્ય બને અને કષાયનો ઉદય માત્ર સહાયકરુપ હોય તે પ્રશસ્ત કષાય કહેવાય. જેમાં ક્ષયોપશમભાવ મંદ હોય અથવા ન હોય અને કષાયની તીવ્રતા હોય તે અપ્રશસ્ત કષાય, અપ્રશસ્ત અધ્ય-વસાય, અશુભભાવ કહેવાય. સંક્લિષ્ટ કહેવાય.** પ્રશસ્ત કષાય કષા-યરુપ હોવા છતાં સંકલેશરુપ ન કહેવાય, કારણકે તેમાં ક્ષયોપશમ-ભાવની મુખ્યતા છે. પ્રશસ્ત કષાય વખતે સ્થિતિબંધ ઓછો અને શુભકર્મનો રસ વધુ-તીવ્ર બંધાય. જોકે પ્રશસ્ત કષાય કરતાંય પ્રશાંત અવસ્થા વધુ સારી છે. ઉપરના ગુણસ્થાનકોએ શાતાવેદનીયના ઉંચા રસસ્થાનકો બંધાય છે.

**પ્રશ્ન : ૪૩૬.** આઠમાં ગુણસ્થાનક સુધી હાસ્ય-રતિ, શોક-અરતિ આ બે યુગલમાંથી એક યુગલનો અવશ્ય ઉદય હોય, અને પ્રત્યેક અંતર્મુહૂર્તે પરાવર્તમાન હોય તો સ્વાધ્યાય કરતા હોય ત્યારે આનો (હાસ્ય-રતિ કે અરતિ-શોકનો) અનુભવ થતો દેખાતો નથી. તો ઉદય કેવી રીતે ? નારકીને શાતાનો કે હાસ્ય-રતિનો અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે અનુભવ થવો જોઇએ, તો તે શી રીતે ઘટે ?

**ઉત્તર :** કર્મના વિપાક ઉદય બે પ્રકારે હોય છે. જ્ઞાત અને અજ્ઞાત જેનો આપણે વ્યક્ત અનુભવ નથી કરતા તે અજ્ઞાત ઉદય કહેવાય. તેથી વેદનીય, કષાય, વેદ, હાસ્ય-રતિ વગેરેમાં પણ આ રીતે ઉદય જ્ઞાત-અજ્ઞાત એમ બે રીતે સમજવા. આમ અજ્ઞાત ઉદયો જણાતા ન હોય એમ બને. પણ તેથી તેવો ઉદય નથી એમ માનવું નહીં. બીજું **કર્મ પ્રકૃતિચૂર્ણિકારે** કેટલાક નરકના જીવોને ઉત્પત્તિથી તે ભવના



અંત સુધી અરતિ-શોક-અશાતના ઉદયવાળા કહ્યા છે. તેથી અંતર્મુ-હૂર્તે પરાવર્તમાનની વાત મનુષ્ય-તિર્યંચની અપેક્ષાએ સમજવી. બધાને હોય તેવું નહીં. દેવને હાસ્ય-રતિનો ઉદય વધુ દીર્ઘકાળ સંભવે છે. દેવને શાતાનો ઉદય સળંગ છ મહીના રહે એમ **તત્વાર્થ ભાષ્યમાં** બતાવ્યું છે. તેથી અંતર્મુહૂર્તે પરાવર્તનની વાત એકાંતે ન સમજવી. અને પરાવર્તન થાય ત્યારે અનુભવાય જ એવો નિયમ પણ ન કરવો.

**પ્રશ્ન : ૪૩૭.** અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ આ બંનેના ઉદ-યવાળા મિથ્યાદ્રષ્ટિ જીવને યોગની પ્રથમ દ્રષ્ટિ અને તેને અનુલક્ષીને સહજ ભવ વૈરાગ કેવી રીતે ઘટે ? રાગની આ મંદતા કોના ઘરની ? મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય તો સર્વઘાતી પ્રકૃતિ છે.

**ઉત્તર :** અપુનર્બંધક વગેરે દશાને પામેલા જીવને કર્મગ્રંથના પારિ-ભાષિક અર્થની દ્રષ્ટિએ મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાયનો ઉદય હોવા છતાં આ બંનેની મંદતા બતાવી છે. અને બંનેનો સર્વ-ઘાતી ઉદય હોવા છતાં એના વધુ તીવ્રતાવાળા રસસ્થાનકોની અપે-ક્ષાએ કેટલાક ગ્રંથોમાં મિથાત્વનો ક્ષયોપશમ પણ બતાવ્યો છે. એટલે કે સર્વઘાતી ઉદય હોવા છતાં, એની તીવ્રતા મંદ પડવાથી ભવવૈ-રાગ વગેરે સંભવે છે. યોગની પ્રથમ દ્રષ્ટિથી વાસ્તવીક પ્રથમ ગુણ-સ્થાન બતાવ્યું છે.

**પ્રશ્ન : ૪૩૮.** યુગલિકોને છેલ્લી વયમાં જ યુગલ રુપે પુત્ર-પુત્રી થાય તેમનો જે પાલનકાળ બતાવ્યો છે, તે પૂર્ણ થયે માતા-પિતા કાળ કરી જાય ? યુવાનીમાં કેમ યુગલને જન્મ ન આપે ?

**ઉત્તર :** માતા-પિતા યુગલને જન્મ આપ્યા પછી છ મહીને મૃત્યુ પામે. જ્યારે સંતાનપાલનકાળ પહેલા આરામાં ૪૯ દિવસ, બીજા



books\satyakant\proof.pm6,mch2,97

આરામાં ૬૪ દિવસ અને ત્રીજા આરામાં ૭૯ દિવસ બતાવ્યો છે. તેથી ત્રીજા આરામાં પણ એ કાળ પૂર્ણ થયા પછી સો દિવસ પછી મૃત્યુ છે. ક્ષેત્રાનુભાવ કે કાલાનુભાવથી જ યુવાવયે પુત્રજન્મ ન થાય. પ્રભુ ૠષભદેવના જન્મ પછી પણ શ્રીનાભિરાયા-મરુદેવીમાતા દીર્ઘ-કાળ જીવંત રહ્યા એ ત્રીજા આરાના અંતની પૂર્વભૂમિકામાં થઇ રહેલા ફેરફારોના એક ભાગરુપ સમજવું.

**પ્રશ્ન : ૪૩૯.** કુતરા વગેરે તિર્યંચની લાળ વગેરેમાં બે ઘડી પછી સંમૂચ્છિર્મ જીવોની ઉત્પત્તિ થાય ?

**ઉત્તર :** ફક્ત મનુષ્યના મળ-મૂત્ર વગેરેમાંજ અંતર્મુહૂર્ત પછી સંમૂ-ચ્છિર્મ પંચેન્દ્રિય મનુષ્યની ઉત્પત્તિ થાય છે. પશુના મળ-મૂત્રમાં એ રીતે સંમૂચ્છિર્મ પંચેન્દ્રિયની ઉત્પત્તિ સંભવતી નથી. બીજા ત્રસ જીવોની યથાસંભવ ઉત્પત્તિ સંભવી શકે.

**પ્રશ્ન : ૪૪૦.** સુદ બીજના ચંદ્ર દર્શન પાછળ શું પ્રયોજન છે ?

**ઉત્તર :** સુદ બીજનો ચંદ્ર નાનો છે, પૂનમનો ચાંદ પૂર્ણ છે. બીજના દર્શન દ્વારા પોતાનામાં પણ લઘુતાનું ભાવન કરવું જોઇએ. વળી, બીજથી ચંદ્રની કળાઓની વૃદ્ધિ થાય છે. તેથી એનું દર્શન માંગલિક રુપ ગણાય છે. એમપણ મનાય છે કે તે દિવસે એ ચંદ્રમાં રહેલા શાશ્વતા જિનાલયના ભગવાન આપણી સન્મુખ થાય છે. બીજનો ચંદ્ર ક્ષણવાર દેખાયા પછી તરત આથમી જાય છે અને મહાવિદેહ તરફ પ્રગટ થાય છે, તેથી એ બીજના ચંદ્રને જોઇ શ્રી સીમંધર સ્વામીને પશ્ચિમના વિહરમાન જિનને આપણી ભાવના પહોંચાડવાની કલ્પના પણ ભક્ત કવિઓ કરે છે.

**પ્રશ્ન : ૪૪૧.** સ્વાધ્યાય ઇર્યાવહિયાપૂર્વક કરાય છે. તો ઇર્યાવહિયા



કર્યા પછી સ્વાધ્યાય કરતી વખતે ખટકાવાળી બોલપેન બંધ કરીએ કે ઉઘાડીએ તો ફરીથી ઇર્યાવહિયા કરવી પડે ?

**ઉત્તર :** જરુરત નથી. પણ રમતથી ખોલ-બંધ કરે તો ફરીથી ઇર્યાવ-હિયા કરવી. આવી બોલપેન ન વાપરવી વધારે સારુ છે. સ્પ્રીંગ છે અને ઉપરના કાણામાંથી લાલકીડી અંદર જઇને સ્પ્રીંગ પર ફરી શકે છે એ રીતે વિરાધનાની પણ શક્યતા છે. માટે ઇર્યાવહિયાની જરુર પડે.

**પ્રશ્ન : ૪૪૨.** પૂજામાં સોપારી અચિત્ત મુકાય છે કે સચિત્ત ?

**ઉત્તર :** સચિત્ત.

**પ્રશ્ન : ૪૪૩.** કેળાનો ઝુમખો લીલો હોય, તો સચિત્ત ત્યાગી શ્રાવક અને સાધુને એ ઝુમખામાંથી કાઢેલું કેળું તરત કલ્પે કે ૪૮ મિનીટ પછી ?

**ઉત્તર :** ઝુમખાનું કાણ્ડ લીલું હોય, તો કેળું એમાંથી કાઢ્યા પછી ૪૮ મિનીટ પછી કલ્પે, કેમકે સ્વયં અચિત્ત કહેવાય તો પણ સચિત્ત સાથે સંબદ્ધ હતું.

**પ્રશ્ન : ૪૪૪.** આખા આંબળાનો ચાસણીમાં કરેલો મુરબ્બો બીજ સહિત હોય છે, તો તે બીજ સચિત્ત કે અચિત્ત ? જો સચિત્ત હોય તો બીજ કાઢ્યા પછી કેટલા સમય પછી કલ્પે ?

**ઉત્તર :** બાફેલા આમળાના મુરબ્બામાં બીજ અચિત્ત છે. તેથી કાળ જોવાનો નથી, પણ બીજ પરઠવવું પડે તેથી લેતી વખતે જ ઉપયો-ગથી બીજ કઢાવીને લેવું.

**પ્રશ્ન : ૪૪૫.** દેશના પ્રમુખ કે વડાપ્રધાનનો સ્વર્ગવાસ થાય તો અસજ્ઝાય ગણાય ? જોગમાં હોઇએ તો દિવસ પડે ?



books\satyakant\proof.pm6,mch2,98

**ઉત્તર :** અસજ્ઝાય ગણવી જોઇએ, કાલગ્રહણ ન લેવાય, દિવસ પાડવો જરુરી છે છતાં સમુદાયના વડીલ કહે તેમ કરવું.

**પ્રશ્ન : ૪૪૬.** (૧) દશવૈકાલિક સૂત્રમાં 'નિયાગમભિહડાણિ ય' ગાથામાં 'નિયાગ'નો અર્થ છે 'આપે મારે ત્યાં હંમેશા આવવું' એ પ્રમાણે આમંત્રણ કરનારને ત્યાં પ્રતિદિન પિંડ લેવો તે એમ બતાવ્યું છે. તો જે આમંત્રણ ન કરે એના ઘરે રોજ ગોચરી જનારને નિત્યપિંડનો દોષ લાગે ? (૨) વ્યાખ્યાન માટે રોજ આવતા શ્રાવકો વ્યાખ્યાન પછી ગોચરી માટે વિનંતી કરે ને ગોચરી લઇ જાય તો 'નિયાગ' દોષ લાગે ? (૩) અઠ્ઠાઇ વગેરેના પારણે કે વિશેષ ઉત્સવ હોય ત્યારે શ્રાવક વિનંતી કરવા આવે ને સાધુ જાય તો 'નિયાગ' દોષ લાગે ? કેટલાક અન્ય ફિરકાના સાધુ-સાધ્વીઓ આવી રીતે આમંત્રણ આપનારને ત્યાં જવામાં-આમંત્રણ મળ્યે જવામાં દોષ બતાવે છે, આને આમંત્રિત પિંડ કહે છે. તો ખરેખર દોષ લાગે ? જો આ રીતે આમંત્રિત પિંડ દોષ લાગે તો અતિથિ સંવિભાગ વ્રત શ્રાવકે કર્યું હોય, તો તે વખતે સાધુને ખાસ તે ઘરે જવાનો આગ્રહ હોય છે, તે ઉચિત ગણાય ?

**ઉત્તર :** રોજ આમંત્રણ કરે ને તે રોજ સ્વીકારીને જવું એ નિયાગપિંડ છે, વગર આમંત્રણે પણ રોજે રોજ એક ઘરે જવામાં નિત્યપિંડનો દોષ લાગે છે. નામ બદલાય પણ દોષ એવો જ રહે છે. વ્યાખ્યાન પછી રોજ ગોચરી માટે વિનંતી કરવી એ શ્રાવકોનું કર્તવ્ય છે. સાધુ ઉચિત ક્રમે યોગ્ય પરિપાટી જાળવી જાય. એક જ ઘરે-ઘરોમાં જાય તો નિત્યપિંડ દોષ લાગે. અમુક જ ઘરોમાં કે એક જ ઘરે રોજ જાય, તો નિત્યપિંડ દોષ લાગે અને એમ કહે કે 'અમે તમારે ત્યાં રોજ



આવીશું' તો નિયાગપિંડ દોષ લાગે. **રોજ નિમંત્રણ કરે તે દોષ નથી-રોજનું નિમંત્રણ સ્વીકારીને રોજ જાય તો દોષ જરુર લાગે.**

ઉત્સવ-પારણા વગેરે વિશેષ અવસરે વિનંતી કરે ને ત્યાં જઇએ એમાં નિત્ય-નિયાગપિંડ દોષ લાગતો નથી કેમકે એવા અવસરો કવચિત્ જ હોય છે. આમંત્રણ આપવું-વિનંતી કરવી એ ગૃહસ્થોની ફરજ છે. સાધુ 'વર્તમાન જોગ' રાખી જ્યાં જવું હોય, ત્યાં જાય. વિનંતી કરનારને ત્યાં જવું હોય તો ત્યારે જ અને સાથે લઇને જવું આગળ ન મોકલી દેવો, જેથી બીજા દોષો લાગે નહીં. અતિથિ સંવિભાગની વિધિ શાસ્ત્રોમાં બતાવી હોવાથી એવી વિનંતી પર જવા પર દોષ લાગતો નથી. એ વખતે ગોચરી વહોરતી વખતે દોષિતની સંભાવનાવાળી વસ્તુ છોડી નિર્દોષ વસ્તુઓ વહોરી શકાય. બાકી શ્રાવક વિનંતી કરે એટલા માત્રથી નિયાગ પિંડ થતો નથી.

**પ્રશ્ન : ૪૪૭.** ભાદરવા સુદ પાંચમના ચૈત્યપરિપાટી કરવી જોઇએ કે ચોથ (સંવત્સરી)ની ચૈત્યપરિપાટીમાં એ કર્તવ્ય આવી જાય ?

**ઉત્તર :** ભાદરવા સુદ પાંચમના ય પર્વતિથિ નિમિત્તે ચૈત્યપરિપાટી કરવી જોઇએ. પંચમીનો તપ શક્તિ ન હોય તો સંવત્સરી નિમિત્તે ચોથમાં સમાય એ રીતે પંચમીના બીજા કર્તવ્યો તો પર્વતિથિ તરીકે તે દિવસે કરવા જોઇએ. જેમકે જ્ઞાનપંચમી નિમિત્તે કાયોત્સર્ગ વગેરે ન જ કરી શકે તો તેને ચોથમાં આવી ગયા તેમ સંકલ્પ કરવો.

**પ્રશ્ન : ૪૪૮.** ડાલ્ડા વગેરે વનસ્પતિ ઘી ઘી વિગઇમાં ગણાય કે તેલ વિગઇમાં ? એ નિવિયાતી ગણાય કે નહીં ?

**ઉત્તર :** ડાલ્ડા વગેરે વનસ્પતિ ઘી ને નિવિયાતી ગણવાનો વ્યવહાર નથી. લોકવ્યવહારથી એ ઘી વિગઇમાં ભલે ગણાય. તેલ વિગઇમાં



books\satyakant\proof.pm6,mch2,99

ગણો તો પણ સીંગતેલમાંથી બનેલું ઘી હોય, સીંગતેલ વિગઇ નથી તેથી એ ઘી પણ વિગઇ નથી. નીવીયાતા અંગે ગીતાર્થ ગુરુઓ જે નક્કી કરે તે કરવું.

**પ્રશ્ન : ૪૪૯.** કેટલાક એમ કહે છે કે સીંગતેલ મોંઘુ હોવાથી એમાં વિગઇરુપ ગણાતા બીજા તેલોનું મિશ્રણ થાય છે. જો આમ હોય તો સીંગતેલ વિગઇ ગણાય ને ?

**ઉત્તર :** કોઇના કહેવાથી નિર્ણય ન થાય. બરાબર તપાસ કરી પછી નિર્ણય કરાય. પણ વિગઇમાં આવતા તલતેલ વગેરે તેલો તો વધુ મોંઘા હોવાથી એ તેલોની સીંગતેલમાં ભેળસેળ થવી સંભવતી નથી. સીંગતેલ કરતા સસ્તા સોયાબીન વગેરેના તેલની ભેળસેળ સંભવે. પણ સોયાબીન તેલ પણ વિગઇમાં નથી ગણાતું.

**પ્રશ્ન : ૪૫૦.** કેટલાક એમ કહે છે કે આજકાલ હિંગમાં ગુંદર મેળવવામાં આવે છે. તો આવી હિંગ આંબેલમાં કલ્પે ?

**ઉત્તર :** તપાસ કરવી. ગુંદર વિનાની મળતી હિંગ આંબેલ માટે લેવી. એ ન મળતી હોય ને ગુંદરનું પ્રમાણ અતિ અલ્પ હોય, તો આજના વ્યવહારથી ન કલ્પે એમ ન કહેવું.

**પ્રશ્ન : ૪૫૧.** જાણવા મુજબ ડાલ્ડા વગેરે ઘીમાં ચરબીની મિલાવટ કરવામાં આવે છે. તો તે શ્રાવકો માટે ભક્ષ્ય કે અભક્ષ્ય ? ઘીમાં ચરબી નાખ્યા પછી એ ઘી સચિત્ત બને કે અચિત્ત જ રહે ? ચરબી સ્વયં સચિત્ત કે અચિત્ત ?

**ઉત્તર :** ચરબીની ભેળસેળ કરી છે એવું જે ઘી માટે જાણવા મળે, તે ઘી શ્રાવકોએ પણ નહીં વાપરવું કેમકે તે અભક્ષ્ય છે. પણ એ બાબ-તમાં કહેવા માત્રથી ન માની લેતા પૂરતી ચકાસણી કરાવી લેવી.



ચરબી અચિત્ત હોય પણ અભક્ષ્ય જ છે. તેથી એમાં સચિત્ત-અચિ-ત્તનો પ્રશ્ન મહત્ત્વનો નથી.

**પ્રશ્ન : ૪૫૨.** ૨૨ અભક્ષ્યમાં ચલિત રસ આવે છે. તો જે સુકી વસ્તુ ચલિત રસ થાય એના પર ફુગ કે ત્રસ જીવ વગેરે કાંઇ દેખાતું ન હોય તો એ સંસક્ત કહેવાય કે નહીં ? આવા ખાખરા-મીઠાઇ વગેરે જોગમાં આવ્યા હોય તો શું કરવું ?

**ઉત્તર :** ચણા વગેરે સુકી વસ્તુ પર ફુગ વગેરે ન થાય, તો પણ જો ચલિત રસ થાય, તો અભક્ષ્ય જ ગણાય. એ ન વપરાય કાં તો પરઠવવી પડે કાં તો પાછી આપવી પડે. જોગમાં એવી ચીજ આવી જાય તો અનવસ્થા અટકાવવા પરઠવવી. કદાચ પાછી ન આપ-વામાં ગેરસમજ થવાની સંભાવના હોય, તો પાછી આપવી. અથવા જેમની નિશ્રામાં હોઇએ એ વડીલ કહે તેમ કરવું. વાપરવી નહિ.

**પ્રશ્ન : ૪૫૩.** દૂધ-ઘી વગેરે જેનો સ્વાદ અને સુગંધ બગડી જાય, એ જીવસંસક્ત ગણાય તેથી અભક્ષ્ય છે એમ માનવું કે માત્ર સ્વાસ્થ્યને હાનિકારક છે એટલે અભક્ષ્ય છે એમ માનવું ?

**ઉત્તર :** બીજી કોઇ કલ્પ્ય વસ્તુ જેમકે તળેલું ઘી ભળવાથી સ્વાદ વગેરેમાં ફરક પડે, તો તે અભક્ષ્ય કે જીવોત્પત્તિવાળું નથી. એમ જ સહજ જેનો સ્વાદ બગડી જાય, તો તે જીવોત્પત્તિવાળું ગણાય ને તેથી અભક્ષ્ય ગણાય.

**પ્રશ્ન : ૪૫૪.** ચાલુ દાણાદાર અથવા પીસેલી ખાંડ ચોમાસામાં પીળી પડી જાય તો અભક્ષ્ય બની જાય ?

**ઉત્તર :** હાલની ચાલુ સફેદ ખાંડ પીળી થતી નથી. દળેલી ખાંડ વધુ દિવસો ન રખાય. એમાં પણ લોટની જેમ જીવાત પડી શકે છે. તેથી



books\satyakant\proof.pm6,mch2,100

જયણાવાળા શ્રાવકો જરુરિયાત પૂરતી થોડી થોડી દળાવે. હાલ સફેદ દાણાદાર ખાંડ ચોમાસામાં પણ લેવાય છે. પૂર્વે પીળી ખાંડમાં ચોમાસામાં બાવા-જાળા બાઝતા હતા, જીવાત ઉત્પન્ન થતી હતી તેથી ચોમાસામાં ખાંડ લેતા ન હતા. હાલમાં ઉપલબ્ધ ખાંડમાં પ્રાયઃ એવું થતું નથી. પીળી ખાંડ પીસેલી હોય તો ચોમાસામાં ૧૫ દિવસનો કાળ ગણવો. દાણાદાર હોય તો અભક્ષ્ય ગણવી. ધોળી ખાંડ પણ ચોમાસામાં ટાળી શકાય તો ન લેવી. પણ અભક્ષ્ય ન ગણવી. એમાં બાવા બાઝયા નથી ને એ જોવું. પીસેલી સફેદ ખાંડ પણ ઘણી જુની હોય તો ન લેવી. આમ વિચારતા લાગે છે.

**પ્રશ્ન : ૪૫૫.** કાકડી, ભીંડા, ટીંડોળા વગેરેનું રાંધેલુ શાક જો કડક હોય એટલે બરાબર ચઢેલું ન હોય એવું હોય તો ખપે ? જો ભૂલમાં આવી ગયું હોય તો શું કરવું ? પરઠવવું ? ગૃહસ્થને પાછુ આપવું કે વાપરી જવું ?

**ઉત્તર :** જો કાકડી વગેરે લીલા શાક બરાબર સીઝયા ન હોય, કાચા-પાકા હોય તો ન વહોરવા. વહોરતા કાળજી રાખવી. છતાં જો આવી જાય તો પાછું આપવું અથવા પરઠવી દેવું પણ વાપરવું નહીં, સચિત્ત અપક્વ કે દુષ્પક્વ ગણાય તે શી રીતે વપરાય ? ગૃહસ્થ-શ્રાવકોએ પણ આવા કાચા અપક્વ દુષ્પક્વ શાક ખાવા ન જોઇએ.

**પ્રશ્ન : ૪૫૬.** જોગમાં બે ઘડા રાખીને વાપરવાની પદ્ધતિ જરૂરી છે કે એ ન રાખીને વાપરીએ તો પણ ચાલે ?

**ઉત્તર :** જોગમાં બે ઘડા રાખીને વાપરવાની પદ્ધતિ યોગ્ય છે. જેથી તરપણીઓ, પાત્રીઓ વગેરે બરાબર ગોઠવી શકાય અને દાંડો પણ વ્યવસ્થિત રહી શકે. સીધા પલાંઠીવાળીને બેસવામાં ઘણી અગવડ



પડે પગ પણ અકડાઇ જાય. આમ લાભ જોઇ વિચારપૂર્વક આ મર્યાદા ચાલે છે. માટે એમાં ફેરફાર ન કરવો સારો.

**પ્રશ્ન : ૪૫૭.** નંદીની ક્રિયા કરનાર તે દિવસે સાંજે વાધાઇનું કાલ-ગ્રહણ લઇ શકે ?

**ઉત્તર :** જેણે નંદીની ક્રિયા કરી હોય, તે તે દિવસે બીજા માટે સાંજે વાધાઇનું કાલગ્રહણ લઇ શકે. પણ એ નંદીની ક્રિયા કરનાર માટે બીજો પણ વાધાઇનું કાલગ્રહણ લઇ શકે નહીં.

**પ્રશ્ન : ૪૫૮.** કાચા દૂધનો કાળ કેટલો ?

**ઉત્તર :** કાચા દૂધનો કાળ જાણવામાં આવ્યો નથી. દૂધ બીજા દિવસે નહીં રાખવાનો લોક રિવાજ ચાલે છે. ડેરીના દૂધની પ્રક્રિયા જાણીને યથોચિત કરવું.

**પ્રશ્ન : ૪૫૯.** ઉકાળ્યા પછી દૂધનો કાળ કેટલો ?

**ઉત્તર :** ઉકાળ્યા પછીનું દૂધ બીજા દિવસે ન રાખવું.

**પ્રશ્ન : ૪૬૦.** મહારાજ સાહેબ માટે લુકખી રોટલી વહોરાવવાની ભાવનાથી શરુઆતની પાંચ-સાત રોટલી ઉતારીને જુદી રાખવામાં આવે ને પછીની દરેક રોટલી ઉતરતી જાય એમ ચોપડાતી જાય તો એ રાખેલી રોટલી વહોરતા મુનિને કયો દોષ લાગે ? આધાકર્મી કે સ્થાપના ?

**ઉત્તર :** જો રોટલી ઉતારતી વખતે જ એ લુક્ખી રાખવાનો આશય હોય, તો આધાકર્મી દોષ ગણાય. સ્થાપના દોષ તો છે જ. ગૃહ પરંપરાથી રોજના રિવાજ મુજબ રખાય તો મહારાજશ્રી આવે કે ન આવે તો પણ આધાકર્મી ન લાગે.



books\satyakant\proof.pm6,mch2,101

**પ્રશ્ન : ૪૬૧.** ભગવતીસૂત્રના જોગમાં કાલગ્રહણ પૂરા થયે રોજ જે છે એ માટે રોજ 'પાલી પારણું કરશું' એમ બોલવું કે 'પાલી પલટી પારણું કરશું' એમ બોલવું ?

**ઉત્તર :** 'પાલી પારણું કરશું' એટલું જ બોલવું. પાલી પલટવાનો આદેશ આપવાની જરુરત નથી.

**પ્રશ્ન : ૪૬૨.** જોગમાં કે ઉપધાનમાં આંબેલના સ્થાને લુકખી નીવી ચાલે ? અને લુકખી નીવી કરે (સ્નિગ્ધ નીવીના સ્થાને) ત્યારે વલો-ણાની છાશ કલ્પે ?

**ઉત્તર :** જોગમાં કે ઉપધાનમાં આંબેલના સ્થાને લુકખી નીવી ન ચાલે અને જોગ-ઉપધાનની સ્નિગ્ધ કે લુકખી નીવીમાં વલોણાની છાશ ન કલ્પે. એ છાશથી બનાવેલી વસ્તુ કલ્પે.

**પ્રશ્ન : ૪૬૩.** ઉપધાનમાં કે આઉત્તવાણય જોગમાં આખું કઠોળ કેમ ન કલ્પે ?

**ઉત્તર :** આમાં સામાચારી હેતુ છે. માત્ર આખુ કઠોળ નહીં, આખું ધાન પણ કલ્પતું નથી. ડાંગરના ફોતરા નીકળી જવાથી ભાત આખા ધાનમાં ગણાતા નથી. પણ બાફેલા ઘઉં વગેરે ન કલ્પે.

**પ્રશ્ન : ૪૬૪. આવશ્યકગ્રંથની હારિભદ્રીય ટીકામાં** પચ્ચક્ખાણ અંગેની બાબતમાં 'ન તુ તથાવિધપ્રમાદાત્' આવું લખ્યું છે. તો એનું તાત્પર્ય શું છે ? સવારના પ્રતિક્રમણ વખતે નિદ્રાના કારણે એકાસ-ણાના બદલે ઉપવાસનું પચ્ચક્ખાણ લેવાઇ જાય તો ઉપવાસ કરવો પડે ? મોટી ઓળીવાળા ભૂલમાં પારણાના દિવસે પણ આંબેલનું પચ્ચક્ખાણ લઇ લે તો શું આંબેલ કરવું પડે ? તથા 'અનેનાપાન્ત-રાલગત:' આ પાઠનું તાત્પર્ય શું ?



**ઉત્તર :** ટીકામાં અધિકતર સંયમનો ઉલ્લેખ છે. તપનો નહીં. તેથી ગુરુ, ગ્લાન વગેરેની ભક્તિના કોઇ કાર્યમાં મન ગયું હોય તો પચ્ચક્-ખાણ બેસણું કરવાનું નક્કી કર્યું હોય, ને આપનાર વડીલ સાધુ રોજના એકાસણા કરતા ધારીને જ્યારે એકાસણાનું પચ્ચક્ખાણ આપે ત્યારે પચ્ચક્ખાણ લેતી વખતે ઉપયોગ ન રહેવાથી એકાસણાનું પચ્ચક્-ખાણ લેવાઇ જાય, તો પણ બેસણું જ પ્રમાણ ગણાય એકાસણું નહીં. એ રીતે પારણાના દિવસે નવકારશી ધારી હોવા છતાં અનાભોગથી આંબેલનું પચ્ચક્ખાણ લેવાઇ જાય, તો પચ્ચક્ખાણ નવકારશી ગણાય. પણ નિદ્રા વગેરેના કારણે પ્રાયઃ નવકારશીના સ્થાને ઉપ-વાસનું પચ્ચક્ખાણ લેવાતું નથી. પ્રમાદથી અર્થાત્ અનિશ્ચિત મનો-વૃત્તિ-ફાવે તે કરીશું એવો ભાવ રાખે, અથવા કશું પચ્ચક્ખાણ ધારે જ નહીં, તો આવી બેદરકારી એક પ્રકારનો પ્રમાદ છે. એમાં ઉપરોક્ત વિકલ્પ મળતો નથી. એટલે લીધેલાં પચ્ચક્ખાણ મુજબનો જ તપ કરવો પડે. મનમાં સારા ભાવ છે, તો ઉપરોક્ત છૂટ છે. બેદરકારને પચ્ચક્ખાણની ખરી અપેક્ષા ન હોવાથી છૂટ નથી.

'અનેનાપાન્તરાલગત :'-'જો આમ હશે, તો આમ કરીશું, આમ થશે તો આમ કરીશું' આવા વિકલ્પરુપ વિવક્ષાઓનો નિષેધ આ વચનથી થાય છે. પ્રમાદનો પણ ત્યાગ કરવાનો આશય છે. મુખ્ય માર્ગ અધિકતર સંયમયોગમાં મન જાય એ રીતે પચ્ચક્ખાણ અંગે સમજવું. એવે સ્થળે ઉપયોગ શૂન્યતા પણ ક્ષન્તવ્ય છે. અન્યત્ર એ બાબતમાં અતિચાર લાગે.

**પ્રશ્ન : ૪૬૫.** દેવદ્રવ્યના કે જ્ઞાનદ્રવ્યના પરચુરણ લેવાય ? સામે એટલા જ રુ. મુકવા જોઇએ કે વધારે ?



books\satyakant\proof.pm6,mch2,102

**ઉત્તર :** નોટો આપીને છુટા પૈસા લેવાનો રિવાજ વર્ષોથી ચાલતો જોવા મળે છે. તેમાં હરકત જણાતી નથી. તેથી વધારે મુકવાનો નિયમ ન કરાય, વધારે મુકે એ લાભમાં છે.

**પ્રશ્ન : ૪૬૬.** પરમાત્માનો એવો કલ્પ જ હોય છે કે કેવળજ્ઞાન સુધી મૌન રહેવું અને દરેક પરમાત્મા કેવળજ્ઞાન સુધી કરપાત્રી જ હોય છે ને ? તો પછી વીર પ્રભુએ મૌન-કરપાત્રી અંગેના અભિગ્રહ કેમ લીધા ?

**ઉત્તર :** કલ્પ હોવા છતાં વિશેષરુપે અપ્રમત્ત રહેવા અભિગ્રહ કરવામાં દોષ નથી. પ્રભુએ તાપસ કુલપતિએ હાથ લંબાવવા પર સ્વયં હાથ લંબાવી સ્વાગત સ્વીકાર્યું અને ચોમાસા માટેની વિનંતી ચોમાસાથી ઘણા કાળ પૂર્વે સ્વીકારી, ગૃહસ્થના પાત્રામાં પારણું કર્યું હતું. ઇત્યાદિ પ્રસંગો બન્યા તેથી પ્રભુએ પુનરાવર્તન ટાળવા માટે વિશેષથી અભિગ્રહ કર્યો.

**પ્રશ્ન : ૪૬૭.** અચિત્તરજનો કાઉસગ્ગ રહી જાય તો શું શું ન થાય ?

**ઉત્તર :** અચિત્તરજનો કાઉસગ્ગ કરવાનો રહી જાય તો યોગ ન થાય, આગમ વાંચન કે કલ્પસૂત્ર વાંચન ઉત્સર્ગથી ન થાય. બીજાને યોગ ન કરાવી શકાય. દીક્ષા-વડીદીક્ષા-પદવી-ઉપધાન વિ. ન કરાવી શકાય.

**પ્રશ્ન : ૪૬૮.** ભરતચક્રીને ગૃહસ્થલિંગ સિદ્ધ તરીકે 'ગિહીલિંગ સિદ્ધ-ભરહે' કેમ કહ્યા ? એમનો તો પ્રાય: કેવળજ્ઞાન પછીનો શ્રમણપર્યાય ઘણો લાંબો છે ?

**ઉત્તર :** કેવળજ્ઞાનની પ્રાપ્તિ વખતના વેશની અપેક્ષાએ ગૃહસ્થ લિંગ-સિદ્ધ તરીકે ભરતને બતાવ્યા. મોક્ષ સમયના વેશની અપેક્ષાએ મરુ-



દેવામાતા ગૃહસ્થલિંગ સિદ્ધ કહી શકાય. જેમ વલ્કલચીરી અન્ય લિંગ સિદ્ધ કેવળજ્ઞાન પ્રાપ્તિની અપેક્ષાએ છે.

**પ્રશ્ન : ૪૬૯.** કૃષ્ણ વાસુદેવે સાતમી નરકનું આયુષ્ય કયા પાપના આધારે બાંધેલું ?

**ઉત્તર :** એવી કોઇ સ્પષ્ટ વિગત જાણવામાં આવી નથી. સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું હતું. એટલી વાત આવે છે. **શ્રી ભગવતીસૂત્રમાં** આવે છે અને અપવર્તિને સંક્ષેપીને ત્રીજી નરકનું કર્યું તે વાત આવે છે.

**પ્રશ્ન : ૪૭૦.** આયુષ્ય કર્મ નિકાચિત થાય, તે સાથે જ અન્ય કર્મો પણ નિકાચિત થાય કે એ પહેલા પણ એ કર્મો નિકાચિત થઇ શકે ?

**ઉત્તર :** આયુષ્ય બંધાતી વખતે એની સાથે ઉદયમાં આવનારા કર્મો પણ પ્રાય: નિકાચિત થાય અને આયુષ્યમાં ઘટ થાય તો એ કર્મોમાં પણ ફેરફાર થાય. આયુષ્ય બાંધતા પૂર્વે જે કર્મો નિકાચિત થયા હોય, તે કર્મો આયુષ્ય બંધાતા વધુ મજબૂત થાય અને કેટલીક વખતે એ નિકાચિત કર્મોને અનુરુપ જ નવા ભવનું આયુષ્ય બંધાય.

**પ્રશ્ન : ૪૭૧.** બીજાના જીવનમાં હસ્તક્ષેપ કોણ કરી શકે ?

**ઉત્તર :** જેના જીવનમાં-જીવનની બાબતોમાં હસ્તક્ષેપ કરવાનો છે, એના પ્રત્યે જેને લાગણી હોય, મમત્વભાવ હોય, એની નુકશાનીમાં બચાવ કરનારો હોય, નુકશાનીમાં સાથે ઉભો રહેનારો હોય, કાયમી સંભાળ લેનારો હોય, નુકશાની-દોષ જાહેર ન કરે ઇત્યાદિ કરનારો હોય, એ હસ્તક્ષેપ કરી શકે, પણ સામે પેલી વ્યક્તિ પણ આમન્યા રાખતી હોવી જોઇએ અને હસ્તક્ષેપ કરનારની વાતને સાંભળનારી-એ મુજબ વર્તનારી હોવી જોઇએ. ભાગીદાર દુકાનના કાર્યમાં હસ્તક્ષેપ



books\satyakant\proof.pm6,mch2,103

કરે છે કેમકે ત્યાં ભાગીદારી દુકાનનું મમત્વ છે, નુકશાન ન થાય એની ભાવનાવાળો છે અને એક ભાગીદારથી થયેલા નુકશાનને જાહેર કરવાના બદલે ભરપાઇ કરે છે. પછી પણ ભાગીદારી ટકાવી રાખે છે.

આથી વિપરીત જેને એ વ્યક્તિ કે એના ઘર પર મમતા નથી પોતાના ઘરના કાર્ય જેવો ભાવ નથી, વિરોધીઓને કહી દેનારો હોય, નુકશાની ભરે એવો નથી, જેને બીજાની આબરુ જવાની ચિંતા નથી, નજીવી બાબતમાં હોબાળો મચાવવાની ટેવ છે, બીજાની ગુપ્ત વાતને મનમાં રાખવાની ત્રેવડવાળો નથી, પણ લીકેજ કરી નાખનારો છે, વળી જેની કોઇ સત્તા નથી એવી વ્યક્તિ હસ્તક્ષેપ કરે તે યોગ્ય નથી.

**પ્રશ્ન : ૪૭૨.** આ રીતે હસ્તક્ષેપ કરવા માટે સત્તા જરુરી છે ?

**ઉત્તર :** જ્યારે સંપ, પ્રેમ, સમજાવટથી કામ ન થાય, ને પેલાના જીવનમાં મોટું નુકશાન થતું દેખાતું હોય, ત્યારે સત્તા હોય, તો સત્તાનો પણ ઉપયોગ એને સુધારવા-અટકાવવા જરુરી પડે છે. જેની પાસે પ્રેમ, સહાનુભૂતિ કે વિવેકયુક્ત સત્તા પણ નથી પણ બળજબરી કરવા માગે તેવાનો હસ્તક્ષેપ ન ચાલે. ભૂલ હોય, તો પણ હસ્તક્ષેપ કરવા ન દેવાય. લાયક-પ્રામાણિક ડોક્ટર સિવાય જેને તેને ઓપરેશનની સત્તા ન હોય.

જેમ પોતાની જાંઘ પ્રગટ નથી કરવાની, એમ બીજાની જાંઘ પણ પ્રગટ નથી કરવાની. એમ પોતાના ઘરની વાત જેમ જાહેર નથી કરવાની, એમ બીજાના ઘરની વાત પણ જાહેર ન કરાય. એવી રીતે જે બીજાની નબળી વાત જાણવા પર ટોણા-મેણા મારવાના સ્વભાવવાળો છે, એવાને આપણી નબળી કડી કદી ન જણાવવી, કેમકે



નબળી કડી વાળા કરતાંય એ કડીને પ્રગટ કરનાર વધુ મોટો ગુનેગાર છે. આમ બીજાની નબળી કડી જાહેર કરી દેનાર પણ હસ્તક્ષેપ માટે અયોગ્ય છે. ઉકરડા કરતાં પણ એની દુર્ગન્ધ બધે પ્રસારનાર પવન વધુ ખરાબ છે.

**પ્રશ્ન : ૪૭૩.** મૈત્રી વગેરે ચાર ભાવનાઓનું સ્વરુપ અને ફળ સંક્ષેપમાં જણાવવા કૃપા કરશો.

**ઉત્તર :** મૈત્રી વગેરે ચાર ભાવના અંતરાયોના નાશ માટે અને ભૌતિક-આધ્યાત્મિક શક્તિ-વિકાસ માટે ખૂબ ઉપયોગી છે. એમાં (૧) આપણી અપેક્ષાએ બીજામાં ભૌતિક-આધ્યાત્મિક સમાન શક્તિ જોઇ સ્પર્ધાના ભાવથી દૂર રહી એમની પણ શુભ પ્રગતિ થાય એવી શુભ લાગણી-ભાવના કરવી. એ મૈત્રી ભાવના છે. (૨) બીજામાં આપણી અપેક્ષાએ ભૌતિક કે આધ્યાત્મિક અતિવિશિષ્ટ શક્તિ કે વિકાસ થયેલો જોઇ ઇર્ષ્યા ન થતાં જે આનંદ ઉભરાય એ પ્રમોદભાવના કહેવાય. (૩) જેનામાં ભૌતિક કે આધ્યાત્મિક શક્તિ-પ્રગતિ નથી કે નહિવત્ જ છે તેને તે વિશેષરુપે પ્રાપ્ત થાય એવી લાગણી થવી એ કરુણાભાવના છે, એમાં પોતે યથાશક્તિ સહાયક બનવાના પ્રયત્નવાળો પણ હોય. (૪) જેને જે કાંઇ શક્તિ વગેરે મળ્યું છે એનો એ દુર્વ્યય કરે, ઘમંડ કરે તથા વ્યવહારમાંય વિનય-નમ્રતા-સરળતા-સહાનુભૂતિ વગેરે સારા ભાવોવાળો નથી તથા સમજાવવા વગેરે દ્વારા પણ જેની શક્તિઓને સારા માર્ગેવાળી શકાય એમ નથી, પણ પોતાની સાથે અનેકને પાપમાંજ પ્રવર્તાવનારો છે-અધ્યાત્મવિરોધી છે, અને પ્રજ્ઞાપ્ય નથી, ઉલ્ટો વધુ વિરોધી બને એવો છે એવાઓની પ્રત્યે અને તેઓની શક્તિ પ્રત્યે જે મધ્યસ્થતા-ઉપેક્ષા-ઉદાસીનતા રાખવી એ ઉપેક્ષા-



books\satyakant\proof.pm6,mch2,104

ભાવના છે.

જ્યાં જેટલા અંશમાં સુધરવાની-અટકવાની કે સારા માર્ગે આગળ વધવાની શક્યતા છે ત્યાં તેની અપેક્ષાએ કરુણાભાવના છે અને જ્યાં જે અંશે અટકવાની-સુધરવાની શક્યતા નથી કે જે અંશે આગળ વધવાની સંભાવના નથી એટલા અંશે એના પ્રત્યે હૃદયમાં કરુણા હોવા છતાં વ્યવહાર ઉપેક્ષાનો-ઉદાસીનતાનો રાખવો.

ત્યાં કરુણાથી પ્રયત્ન કરવા પર નિષ્ફળતા મળે, તો હતાશ થવાનો, એના પર દ્વેષ થવાનો સંભવ છે.

આ ભાવનાઓથી-વિચારણાઓથી-લાગણીઓથી બંને પ્રકારની શક્તિઓના અંતરાયો તૂટે છે ને નવા અંતરાય બંધાતા નથી.

અપુનર્બંધક અને તેથી આગળ વધેલા ભાવિત ધર્માત્માઓ આ ચારે ભાવનાથી આંશિક રીતે યુક્ત હોય છે. ભાવનાઓમાં તેઓ જેમ જેમ આગળ વધે છે, તેમ તેમ તેમનો ભાવ ધર્મ વધુને વધુ વિકસિત થતો જાય છે. તેથી ભાવધર્મના ઇચ્છુકે આ ભાવનાઓ અને તેથી પડતાં સંસ્કાર અને થતાં ક્ષયોપશમને આત્મસાત્ કરવા જરુરી છે. તેથી જ આ ચાર ભાવનાઓને ધર્મના મૂળ તરીકે બતાવી છે. આનાથી જુના અંતરાયો તુટે છે અને નવા અંતરાયો બંધાતા નથી.

આ ચાર ભાવનાઓ જીવોને આશ્રયીને છે.

અનુકૂળ-પ્રતિકૂળ પુદ્ગલ-બાહ્ય સંયોગો વગેરેને અપેક્ષીને અનિત્ય વગેરે બાર ભાવનાઓ છે. એમાંથી અનિત્ય, અશરણ, સંસાર વગેરે પ્રથમ છ ભાવનાઓ મુખ્યતયા મમત્વ વગેરે અશુભ ભાવોથી છોડાવતી હોવાથી શુભ છે.

આશ્રવ-સંવર-નિર્જરા વગેરે પછીની છ ભાવનાઓ ધર્મનું સ્વરુપ,



ધર્મનું માહાત્મ્ય, ધર્મના ઉપાય, સંસારના પ્રધાન કારણરુપ બાહ્ય-આભ્યંતર આશ્રવના નુકશાન-છોડવાના ઉપાય વગેરે સમજાવવા દ્વારા જીવને હિતકારી અને ઉપયોગી બને છે. આ બાર ભાવનાઓના ભાવનથી પણ અસદ્ અંતરાયો અને તેના અનુબંધો તૂટે છે ને નવા બંધાતા નથી. મૈત્રી વગેરે ચાર અને અનિત્યાદિ બાર ભાવનાઓ એકબીજાની પૂરક-પ્રેરક છે. જ્ઞાનાભ્યાસ, પરાવર્તના, અનુપ્રેક્ષા-ચિંતન અને ધર્મકથા દ્વારા આ ભાવનાઓ પુષ્ટ થાય છે, ઉત્પન્ન થાય છે, સ્થિર થાય છે. સાહજિક છે. આના પ્રભાવે અસદ્ભાવનાઓ અટકે છે. આચાર વગેરે સંબંધી વિસ્તૃત ભેદો-કાળજી વગેરેના ચિંતન-ચીવટથી પણ અસદ્ભાવનાઓ અટકે છે. આમ અસદ્ભાવનાઓ અટકવાથી અને સદ્ભાવનાઓ સહજ થવાથી જીવ અધ્યાત્મના શિખરે પહોંચે છે.

**પ્રશ્ન : ૪૭૪.** વ્યવહારમાં જે વિશેષથી અંતરાયરુપે ઓળખાય, એવા ક્યા ક્યા અંતરાયો ૪થા વગેરે ગુણસ્થાને રહેલા ભાવસમકિતીને બંધાય ? એને ધર્મના અંતરાયો બંધાય કે સાંસારિક સુખ-સગવડના અંતરાયો બંધાય ?

**ઉત્તર :** ધર્મી, વૈરાગી, ભાવસમકિતી આત્મા લોક વ્યવહારમાં જેને ઉગ્ર અંતરાયરુપ કહેવાય, તેવા એકપણ અંતરાય કર્મને બાંધતો નથી. તેઓ દુર્ભગ, અનાદેય વગેરે કર્મો પણ બાંધતા નથી કેમકે તેઓને એવા ક્લિષ્ટ પરિણામ આવતા નથી. મૈત્રી વગેરે ભાવનાઓના ભાવન એમનામાં ક્લિષ્ટ પરિણામને આવતા રોકે છે. જ્યારે ભાવનાઓનું ભાવન ન હોય, ત્યારે પણ એના સંસ્કાર આ કામ કરે છે. તેથી ભૌતિક બાબતો અંગે ક્લિષ્ટ અંતરાયો બંધાતા નથી, એમ આધ્યા-



books\satyakant\proof.pm6,mch2,105

ત્મિક દ્રઢ અંતરાયો પણ બંધાતા નથી, કેમકે બીજાને અધ્યાત્મની બાબતમાં અટકાવવાનું કામ અવિવેક કરે છે, પણ ભાવસમકિતીને અવિવેક હોતો નથી.

આભિગ્રહિક અને આભિનિવેશિક મિથ્યાત્વ તીવ્ર કોટિનું હોય છે. તેથી તે વખતે કષાયભાવ પણ તીવ્ર હોય છે, તેથી તે વખતે અંતરાય દ્રઢરુપે બંધાય છે. અનાભિગ્રહિક, અનાભોગિક અને સાંશયિક મિથ્યાત્વ વખતે તીવ્રતા ન હોવાથી, કષાયોમાં પણ તેવી તીવ્રતા ન રહેવાથી તે વખતે જે ભૌતિક કે આધ્યાત્મિક અંતરાયો બંધાય, તે મોળા-મંદ પાવરવાળા હોય છે. ક્યારેક નથી પણ બંધાતા.

અપુનર્બંધક દશાથી મિથ્યાત્વ વિશેષરુપે મંદ પડવાથી કષાયો પણ મંદ પડે છે, તેથી પ્રાયઃ વ્યવહારિક પારિભાષિક અંતરાયો બંધાતા નથી. અપુનર્બંધકથી જીવની પરિસ્થિતિ તેવા પ્રતિપાતરુપ વિશેષ સંયોગ વિના સામાન્યથી અશુભ કર્મબંધને અપેક્ષીને તીવ્રતા વિનાની હોય છે. તેથી અશુભ કર્મોના અનુબંધ પ્રાયઃ હોતા નથી. હોય તો પણ તીવ્રતા વિનાના હોય છે.

આમ થવાનું મુખ્ય કારણ વૈરાગ્ય છે. **વૈરાગ્ય આવે એટલે બધા ગુણોનો આંશિક ઉઘાડ શરુ થાય. આ જ વૈરાગ્ય એકબાજુ ભવનિર્વેદરુપ બને છે, તો બીજી બાજુ ભગવદ્ બહુમાનરુપ બને છે.**

જો કે કર્મગ્રંથની અપેક્ષાએ અંતરાય કર્મનો બંધ દસમા ગુણસ્થાનક સુધી છે. પણ અહીં જે વાત છે, તે લોક વ્યવહારમાં સ્પષ્ટ અંતરાય-રુપ ગણાતા (દા.ત. કોઇને જાણી જોઇને આહારપાણીમાં અન્તરાય કરીને તેનો જ અન્તરાય બાંધે એવા) કર્મબંધ અંગે છે.

**પ્રશ્ન : ૪૭૫.** (૧) અવિરતિની નિકાચિતતા (૨) વિરતિની સાનુ-



બંધિતા (૩) પુણ્યકર્મની નિકાચિતતા (૪) પાપકર્મની નિકાચિતતા (૫) ગુણોની સાનુબંધિતા (૬) પુણ્યકર્મની સાનુબંધિતા અને (૭) પાપકર્મની સાનુબંધિતા શાનાથી થાય તે જણાવવા કૃપા થાય.

**ઉત્તર :** મિથ્યાત્વ ગાઢ હોય, ત્યારે અવિરતિ, પાપ, દોષો નિકા-ચિત-સાનુબંધ થાય. મિથ્યાત્વ મંદ પડે એટલે અપુનર્બંધક વગેરે દશામાં અવિરતિ દોષ પણ મંદ પડે, નિકાચિત વગેરે દશામાં અવિ-રતિ દોષ પણ મંદ પડે, નિકાચિત ન રહે. પણ તથાભવ્યતા વગેરે કારણથી જીવને શરુમાં ભક્તિ-ભાવનાની રુચિ થાય છે. એના પ્રભાવે એ પછી વિરતિ અંગે રુચિ થાય, પણ સ્વીકાર-પાલન માટે પ્રયત્ન ન થાય. અપુનર્બંધક દશા વગેરેના પ્રભાવથી આચાર અંગે પણ રુચિ થાય છે. આમ ભક્તિ-ભાવના અને આચાર રુચિના પ્રભાવે ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ થવાથી અલ્પકાળમાં ચારિત્ર પણ પ્રાપ્ત થાય છે. કેમકે અવિરતિ નિકાચિત રહેતી નથી.

**ભક્તિ-ભાવના મુખ્યતયા સમ્યક્ત્વ માટે અને આચારરુચિ મુખ્યતયા ચારિત્ર માટે ભાગ ભજવે છે.** ગુણસંપન્ન-આચાર સંપન્નની ભક્તિ તેના અંતરાયભૂત કર્મના ક્ષયોપશમમાં નિમિત્ત બને છે. ભાવના આચારમાં કારણરુપ બને છે, તથા ભોગની આસક્તિ-મમતાનો નાશ કરવામાં કારણ બને છે.

મિથ્યાત્વને અવિરતિ-અસંયમ સાથે મિત્રતા છે. તેથી એની હાજ-રીમાં દ્રવ્ય સંયમ પણ લાંબુ ન ટકે. ક્યારેક-કો'કને એક ભવ પૂરતું ટકે, તો પણ ભવિષ્યમાં પ્રાપ્ત ન થાય.

એ જ રીતે ભક્તિ-ભાવના અને સમ્યક્ત્વને ચારિત્ર સાથે સંબંધ છે. તેથી ભક્તિ-ભાવના-સમ્યક્ત્વવાળાને અવિરતિ એક ભવ કે દેવ-



books\satyakant\proof.pm6,mch2,106

ભવ બીજો ગણીએ, તો બે ભવથી વધુ ન ટકે. ત્રીજા ભવે અવશ્ય દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત થાય.

સમ્યગ્દર્શનને અવિરતિ સાથે મૈત્રી નથી, તેથી ૪થા ગુણસ્થાનકે નિકાચિત અવિરતિ લાંબી ટકતી નથી.

**ભક્તિ-ભાવનાથી પ્રથમ દર્શન મોહનીય કર્મ તુટે, પછી ચારિત્ર મોહ-નીય તૂટે. આચાર પાલનથી બંને સાથે તૂટે છે. ઘટે છે.**

**આચાર એ ભક્તિ-ભાવનાના ફળરુપ છે, અને આચાર સંપન્નમાં અંતર્ગત રીતે ભક્તિ-ભાવના હોય જ છે.**

વિરતિ સાનુબંધ બને એનો અર્થ છે કે વિરતિ દ્રઢ રાગ અને કાળજી-પૂર્વકની બને. દરેક સ્થળે એક નિયમ સમજવો કે **અત્યંત આદર અને ચીવટપૂર્વકનો પ્રયત્ન તે કાર્ય-તે ગુણ / દોષને સાનુબંધ બનાવે. વીતરાગ સ્તોત્રમાં** પ્રભુના વૈરાગ્ય માટે જે 'પટવાભ્યાસાદરૈઃ પૂર્વમ્' એવું જે કહ્યું છે, તે આ રીતે આવે છે. અત્યંત આદરપૂર્વકની વિરતિ તીવ્ર વૈરાગ્યથી જ સંભવે છે, અને વૈરાગ્યની તીવ્રતા એ જ્ઞાનગર્ભિત હોય, તો જ સંભવે છે. **સામાન્યથી કોઇપણ ગુણ જ્ઞાન ગર્ભિત હોય, તો જ સાનુબંધ થાય છે. જ્ઞાનગર્ભિત ગુણમાં જ આદર અને કાળજી સાહ-જિક આવે છે.**

આ માટે ગીતાર્થ ગુરુના સમર્પણ-સૂચન-સાંનિધ્ય અને નિશ્રા જોઇએ. એમાં **સમર્પણ** એટલે એમના પર હૃદયથી આદર અને એમના માર્ગ-દર્શનને આદરપૂર્વક સ્વીકારવાની તૈયારી.

**સૂચન** એમના સૂચનોને લક્ષ્યમાં લઇ તે મુજબ જ કરવાની ભાવના અને તૈયારી રાખવી. દરેક બાબતમાં એમને પૂછી-જણાવી કરવું અને કર્યા પછી પણ વિસ્તારપૂર્વક જે રીતે કર્યું તે કહેવું. એમનાથી કશું



ખાનગી નહીં રાખવાનો દ્રઢ સંકલ્પ રાખવો. જો તેઓ દૂર હોય, તો સંયોગ અનુસાર આગળ-પાછળ પણ અવશ્ય જણાવવું.

**સાંનિધ્ય** એમની હાજરી-નિકટતા હોય એ રીતે જ રહેવું. ગુરુ હાજર ન હોય, તો અન્ય જ્ઞાનસંપન્ન નાના કે મોટાની હાજરીનું ચોક્કસ ધ્યાન રાખવું. **આપણે જાણકાર હોઇએ તો પણ બીજા જ્ઞાનીની મહોર છાપ મળવી જરુરી છે.** એમની જાણકારીને-એમની સલાહને સ્વીકા-રવી શક્ય વિચારણામાં લેવી. સાંનિધ્ય માત્ર ભાવથી નહીં, સંયોગો હોય ત્યાં સુધી દ્રવ્યથી પણ હોય તે જરુરી છે.

**નિશ્રા** એટલે જ્ઞાની-વડીલ ગુરુની ઇચ્છા સૂચનાને શિરોધાર્ય કર-વાની તૈયારી-માનસિક સંકલ્પ.

**અહીં ૩ની નિશ્રા સમજવાની છે. (૧) ગુરુ (૨) અન્ય પણ ગીતાર્થ સાધુ ભગવંતો અને (૩) પોતાના જ્ઞાનની ઉપસ્થિતિ.** આ ત્રણ ગુરુની નિશ્રા ગણવાની. સામાન્ય સંયોગોમાં આ ત્રણેય જરુરી છે. ત્રણ ન હોય, તો પ્રથમ બે તો જોઇએ જ. ચાલુ સંયોગોમાં-ચાલુ વ્યવહા-રમાં પ્રથમ જરુરી છે. વિશેષ પ્રયોજન વખતે બીજા પણ ખાસ જરુરી છે. એકલા પ્રથમ કે ત્રીજા (=પોતાનું જ્ઞાન) કામ ન આવે, કેમકે છદ્મસ્થનું જ્ઞાન વિસંવાદી-અનેકાન્ત વિરોધી થવાની ક્યારેક સંભા-વનારુપ રહે છે. તેથી ત્રણ જોઇએ. બીજા મધ્યસ્થ ગીતાર્થો ક્યારેક મુખ્ય ભૂમિકા પણ ભજવી શકે.

જ્યારે પ્રથમ બે નથી હોતા, ત્યારે તો સર્વત્ર પોતાનું જ જ્ઞાન ઉપ-યોગી થાય છે.

આમ આચારપાલન, તીવ્ર વૈરાગ્ય, ગુણો મેળવવા-વધારવાનો દ્રઢ અનુરાગપૂર્વકનો-કાળજીપૂર્વકનો પ્રયત્ન પણ જ્ઞાનીની નિશ્રા અને



books\satyakant\proof.pm6,mch2,107

જ્ઞાનસંપન્નતા પણ જોઇએ, આટલાથી વિરતિનું અને ગુણોનું સાનુ-બંધપણું-દ્રઢતા આવે છે. એથી ઉદ્ભવતું પુણ્ય પણ સાનુબંધ-નિકા-ચિત-ઉપયોગી થાય.

આનાથી વિપરીત આચરણા વગેરેથી વિરતિના અનુબંધો નાશ પામે છે. ગુણો પણ સમય જતાં નાશ પામે છે, તેથી વિરતિના અનુબંધ માટે ઉપરોક્ત પ્રયત્ન કરવો.

**પ્રશ્ન : ૪૭૬.** 'જ્ઞાની શ્વાસોચ્છવાસમાં કરે કર્મનો ક્ષય' ઇત્યાદિ જે પંક્તિ આવે છે, ત્યાં જ્ઞાની તરીકે કોણ આવે ?

**ઉત્તર :** સંયમની પરિણતિ અને કાળજીવાળો, સંયમના જ્ઞાનવાળો. અથવા એવા જ્ઞાનીની સમર્પિત ભાવવાળી નિશ્રાવાળો અહીં જ્ઞાની સમજવાનો છે.

સંયમની ક્રિયા હોય, પણ જ્ઞાન પરિણતિ ન હોય, તો તે અલ્પ નિર્જરા અને અલ્પ પુણ્યનો ભાગી બને-દેશ આરાધક ગણાય.

જે પરિણતિવાળો હોય અથવા પરિણતિવાળા જ્ઞાનીની નિશ્રામાં રહી પરિણતિ લાવવા મથતો હોય, તે જ્ઞાની કહેવાય.

પરિણતિ વગરનાને સંયમની કાળજી ન હોય. સ્વર્ગાદિની કામનાથી સંયમજીવન સ્વીકારેલા અભવ્ય વગેરેને ભૌતિક ઉદ્દેશની સિદ્ધિ માટે બાહ્ય દ્રવ્યક્રિયામાં યતના દેખાતી હોય તો પણ એને ભાવ સંયમની યતના કાળજી હોતી નથી.

દ્રવ્ય-ભાવ ઉભય સંયમના આરાધકને એ માટે જ્ઞાન અને જ્ઞાનીની નિશ્રા આવશ્યક લાગે છે, તેથી એ નિશ્રામાં જ રહે છે, તે માટે પ્રયત્ન પણ કરે છે. એ નિશ્રાદાતાને એ સ્વયં સમર્પિત બની જાય છે. આવો જ્ઞાની શ્વાસોચ્છવાસમાં ય વિશેષ કર્મનિર્જરા કરે છે ને સર્વા-



રાધક બને છે.

**જેને ઉભય સંયમ માટે કે એની પરિણતિ માટે ઇચ્છા-રુચિ નથી, એને જ્ઞાન-જ્ઞાનીની નિશ્રા નિરર્થક બને છે. એ વિશેષ કર્મનિર્જરાનો ભાગી પણ થતો નથી.** બાહ્યભાવે સમર્પિત દેખાતો હોય, તો પણ વાસ્તવમાં સમર્પિત નથી, તેથી વિશેષ ફળદાયક બને નહીં. સ્વાર્થ કે અશક્તિ વગેરે કારણથી જ બાહ્યભાવે સમર્પિત હોય છે. આમ જ્ઞાની જે વિશેષથી આરાધક-સર્વારાધક બને તેમ કહ્યું છે ત્યાં 'ત્રિગુપ્તિ-ગુપ્ત' એવું વિશેષણ મુકવું છે. જે નિશ્રાદાતાને વાસ્તવિક સમર્પિત નથી, એ ત્રિગુપ્તિગુપ્ત નથી.

ટૂંકમાં પરિણતિ અને કાળજીવાળો જ્ઞાની ઘણા કર્મોનો નાશ કરે છે. એ સંયમની ગુણશ્રેણિઓ પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન : ૪૭૭.** જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં અહીંની જેમ જિનમં-દિરો છે ?

**ઉત્તર :** પાંચેય મહાવિદેહના ૧૬૦ ક્ષેત્રોમાં શાશ્વત પર્વતોની જેમ અવશ્ય અનેકાનેક જિનમંદિરો હોય છે.

**પ્રશ્ન : ૪૭૮.** મહાવિદેહમાં જિનમંદિરોમાં ક્યા ક્યા તીર્થંકરોની પ્રતિમા હોય ?

**ઉત્તર :** ત્યાં ભૂતકાળમાં નિયતકાળમાં થયેલા, વર્તમાનમાં વિચરતા અને નિયત ભવિષ્યમાં થનારા તીર્થંકરોની પ્રતિમા હોઇ શકે. જેમ અહીં ભૂત-વર્તમાન-ભવિષ્યની ૩ ચોવીશીની પ્રતિમાઓ હોય છે, તે પહેલાની કે તે પછીની ચોવિશીના હોતા નથી, એમ ત્યાંની અપે-ક્ષાએ ભૂત-ભવિષ્ય-વર્તમાન જિનની પ્રતિમાઓ સંભવે છે. ૧૭૦ જિનની પ્રતિમાઓ પણ સંભવે છે. વર્તમાન વિચરતા જિનની પ્રતિ-



books\satyakant\proof.pm6,mch2,108

માઓ અને તત્કાળમાં જે જિનનું તીર્થ ચાલતું હોય, તે જિનની પ્રતિમાઓ પણ હોય.

**પ્રશ્ન : ૪૭૯.** વર્તમાનના સીમંધર સ્વામી વગેરે વીશજિનની પ્રતિમાઓ ત્યાંના મંદિરોમાં હોઇ શકે ખરી ?

**ઉત્તર :** પ્રાયઃ કરીને હોવાની પૂરેપૂરી શક્યતા છે.

**પ્રશ્ન : ૪૮૦.** મહાવિદેહમાં જિનપ્રતિમાઓની અષ્ટપ્રકારી પૂજા આપણા જેવી જ હોય કે અન્ય રીતે હોય ?

**ઉત્તર :** આપણે ત્યાં જેમ ૮-૧૭-૨૧ એમ અનેક પ્રકારે પૂજા છે, એમ ત્યાં પણ અનેક પ્રકારે પૂજા હોવી સંભવે છે. પૂજાની પદ્ધતિ-ક્રમ-વસ્તુઓમાં ફેરફાર પણ હોઇ શકે છે.

**પ્રશ્ન : ૪૮૧.** અહીં જ્યારે દિવસ હોય, ત્યારે જ્યાં સીમંધર સ્વામી છે, ત્યાં દિવસ હશે કે રાત ? અહીંના સમય મુજબ ત્યાં ક્યારે દેશના અપાતી હશે ?

**ઉત્તર :** મહાવિદેહના પૂર્વના વિજયોમાં ત્યારે રાતનો પ્રારંભ થાય છે, જ્યારે અહીં દિવસનો આરંભ થાય છે. પશ્ચિમના વિજયોમાં ત્યારે દિવસનો આરંભ થાય, જ્યારે અહીં દિવસનો અંત થાય છે.

અહીં દિવસનો આરંભ થાય, તે પહેલા શ્રી સીમંધર સ્વામીની સાંજની દેશનાનો અંત થાય. અહીં જ્યારે દિવસનો અંત થાય છે. ત્યારે ત્યાં શ્રી સીમંધરસ્વામીની સવારની દેશના શરુ થાય છે. એમ વિચારતા લાગે છે.

**પ્રશ્ન : ૪૮૨.** દિવસ દરમ્યાન પ્રભુની દેશના છ કલાક ચાલતી હોય, તો સાધુ-સાધ્વી તેમની દૈનિક આરાધના વિશિષ્ટ આરાધના ક્યારે કરે ? શ્રાવક-શ્રાવિકાઓ તેમની આરાધના-ગૃહસ્થ યોગ્ય પ્રવૃત્તિઓ ક્યારે કરે ?



**ઉત્તર :** જ્યારે શિયાળામાં દિવસ ૧૨ મુહૂર્તનો હોય છે ત્યારે પ્રભુની સવાર-સાંજની દેશના ૩-૩ મુહૂર્તની એટલે કે લગભગ સવા બે કલાકની હોય. અને જ્યારે ઉનાળામાં દિવસ ૧૮ મુહૂર્તનો હોય, ત્યારે પ્રભુ દેશના સવાર-સાંજ સાડા ચાર-સાડા ચાર મુહૂર્ત એટલે કે લગભગ સાડાત્રણ કલાક, સાડાત્રણ કલાક દેશના આપે.

સાધુ-સાધ્વીઓ પ્રભુની દેશનાના આ સમયને લક્ષ્યમાં રાખી દૈનિક આરાધનાઓ કરે. ક્યારેક એ નિમિત્તે મોડા આવે અથવા વહેલા ઉઠી જાય. પડિલેહણ વગેરે માટે આ સમજવાનું એ તીર્થંકરના કાળમાં (મહાવિદેહમાં અથવા અહીં ૨ થી ૨૩ તીર્થંકરના કાળમાં) ફરજિયાત પ્રતિક્રમણ હોતું નથી. દેશનાશ્રવણ નિમિત્તે ગોચરી-પાણી વહેલા મોડા કરે અથવા તપ પણ કરે.

અભ્યાસ કરતાં સાધુઓમાંથી બધા જ જાય એવો નિયમ નથી. પ્રથમ વખત અવશ્ય જાય. બાકી ગુર્વાજ્ઞા મુજબ અને પોતાની રુચિ મુજબ કરે, પણ વિશિષ્ટ અભ્યાસ સાધનાવાળા ન હોય તેઓ અને સૂત્રાર્થના પાર પામેલા પણ અધ્યાપનની વિશેષ જવાબદારી વિનાના હોય, તેઓ પ્રાયઃ દરેક વખતે જાય. પ્રભુ દેશનાના અવસરે શ્રાવક-શ્રાવિકાઓ પ્રતિક્રમણ પૂજા વગેરેના સમયમાં વહેલા મોડા કરવાનું ગોઠવે એમ સંભવે છે.

**પ્રશ્ન : ૪૮૩.** મહાવિદેહમાં અહીંની જેમ સ્થાપના નિક્ષેપના પરમાત્માની દ્રવ્યપૂજા થાય ખરી ?

**ઉત્તર :** દેવલોકમાં અને મહાવિદેહ ક્ષેત્રમાં કર્મભૂમિમાં સ્થાપના નિક્ષેપાના અરિહંતની દ્રવ્યપૂજા અવશ્ય-શાશ્વત હોય છે. સર્વકાળે હોય છે.



books\satyakant\proof.pm6,mch2,109

**પ્રશ્ન : ૪૮૪.** વીશે વિહરમાન પરમાત્માના પાંચેય કલ્યાણક એક સાથે એક જ દિવસે થયા-થશે ? વર્ષ પણ એ જ કે જુદા જુદા ?

**ઉત્તર :** વર્તમાનના વીશેય વિહરમાન પરમાત્માના પાંચેય કલ્યાણક એક જ દિવસે થયા વર્ષમાં પણ ફરક નથી. મુહુર્ત પણ એ જ. ફરક પડે સમયનો કેમકે એક સમયે એકી સાથે વધુમાં વધુ ચાર તીર્થંકર જ મોક્ષે જાય છે. તેથી વીશ માટે સમયાંતરો સમજવાના જન્મ માટે પણ એમ સમજી શકાય. પણ અભિષેક વગેરે કાર્યક્રમો એક સાથે થાય. તેથી ચૈત્ર વદ દસમના વીશે તીર્થંકર જે જનમ્યા, તે એક જ વર્ષે સમજવાના, અલગ-અલગ વર્ષે નહીં. એમ દરેક કલ્યાણક માટે સમજવું.

**પ્રશ્ન : ૪૮૫.** દિગંબરોની શ્રી જિન પ્રતિમા પૂજા વિધિ અલગ છે, તો તેનાથી તેમને પણ આપણાજેટલું જ ફળ મળે ?

**ઉત્તર :** આવી બાબતમાં વ્યવહારથી નિરુપણ થઇ શકે. નિશ્ચયથી તો પરિણામ વગેરે પર આધારિત છે અને તે તો જ્ઞાની જ જાણી શકે. વ્યવહારથી એમ કહી શકાય કે અસદ્ અભિનિવેશના કારણે એમને ફળ ન મળે અથવા ઘણું ઓછું ફળ મળે. કેમકે ખોટા માર્ગમાં રહેલાની સારી દેખાતી ક્રિયા તાત્ત્વિક ન હોવાથી વાસ્તવિક ફલદાયી બનતી નથી એટલે આદરપાત્ર રહેતી નથી. ભદ્રકતા વગેરે નિશ્ચય માન્ય અર્થને તો આપણે જાણી શક્તા નથી. અને જ્યારે ફળ વગેરેની વિચારણા ચાલતી હોય ત્યારે વ્યવહાર નય જ ઉપયોગી છે, નિશ્ચય-વ્યવહાર પ્રયોજક થતો નથી. એટલે વ્યવહારથી વિશેષફળનો નિષેધ કરાય, નિશ્ચયથી ફળ જ્ઞાનીગમ્ય છે, અવ્યવહાર્ય છે.

**પ્રશ્ન : ૪૮૬.** શ્રુતદેવી શ્રી સરસ્વતી માતાનું સ્થાન-નિવાસ ક્યાં છે ?

**ઉત્તર :** આ અંગે વિશેષ ખ્યાલ નથી. પણ તે દેવી વૈમાનિક દેવોને



પણ માન્ય-પૂજ્ય ગણાય છે, તેથી તે પણ વૈમાનિક દેવી હોય એમ સંભવી શકે છે.

**પ્રશ્ન : ૪૮૭.** જૈન-સમકિતીને મિથ્યા દેવદેવીઓની ઉપાસનાથી શું લાભ-પુણ્ય થાય ?

**ઉત્તર :** જૈન-સમકિતી સામાન્યથી આવા મિથ્યાત્વીઓના માન્ય દેવ-દેવીઓની ઉપાસના ન કરે, કેમકે એમાં સમકિત જાય અથવા મલીન થાય. આગારથી-અશક્ય પરિહારરુપે સમજી ભૌતિક કાર્ય માટે કરે તો ક્યારેક કાર્યસિદ્ધિ થાય પણ ખરી. જેમ ચક્રવર્તી તે-તે સ્થાન સાધવા તે-તે દેવને ઉદ્દેશીને અઠ્ઠમ તપ વગેરે કરે છે, તે કારણિક હોવાથી ક્ષન્તવ્ય વ્યવહાર ગણાય છે, એમ ક્યારેક સમજુ-વિવેકી શ્રાવકને એવું કરવું પડે એ ક્ષન્તવ્ય વ્યવહાર કાર્ય ગણાય એ ધર્મમાં બાધક ન બને, પણ એ ધર્મકાર્ય તો ન જ ગણાય.

**પ્રશ્ન : ૪૮૮.** નવગ્રહની ઉપાસના જૈન પદ્ધતિ મુજબ કરવાથી લાભ કે નુકશાન ખરું ? જૈનેતર વિધિથી કરવાથી લાભ-નુકશાન ખરું ? લક્ષ્મીદેવીની જૈન-જૈનેતર પદ્ધતિથી ઉપાસના કરવાથી લાભ-નુકશાન શું ?

**ઉત્તર :** જૈન વિધિથી નવગ્રહ ઉપાસનામાં મુખ્યતા તે-તે તીર્થંકરની અને પાંચ પરમેષ્ઠી પદોની છે. તેથી સત્ત્વહીન અને આપત્તિથી અકળાયેલો એ વિધિથી ઉપાસના કરે એ ક્ષન્તવ્ય છે. એમાં પ્રભુનો-પાંચ પરમેષ્ઠીના જાપ હોવાથી શ્રદ્ધાળુને પ્રભુભક્તિમાં આગળ વધવાનો યોગ સંભવે છે, એ ઉપરાંત ગ્રહો અનુકૂળ થાય, આપત્તિ નિવારણ થાય, ઇષ્ટ સંયોગની પ્રાપ્તિ થાય આ બધું પણ સંભવે. પણ ધર્મતત્ત્વનો વ્યવહાર કાર્ય માટે વારંવાર ઉપયોગ કરવો ઉચિત નથી. ધર્મ



books\satyakant\proof.pm6,mch2,110

મુખ્યતયા આત્મ પરિણતિને નિર્મળ કરવા માટે છે. જ્યારે વ્યવહાર કાર્ય માટે એનો ઉપયોગ આશંસારુપ ન ગણાય. આ માટે શ્રીપાળ-રાજાનું દ્રષ્ટાંત લઇ પોતાના કાર્યને ઉચિત ઠેરવવાનો પ્રયત્ન ન કરવો. પરમાત્માની ઉપાસના હોવાથી વ્યવહારથી મિથ્યાત્વી પણ ન કહેવાય.

જૈનેતર પદ્ધતિથી નવગ્રહ ઉપાસના કરવાથી મિથ્યામતનું પોષણ થાય છે. આમાં આત્માની સમ્યક્ત્વ પ્રત્યેની દ્રઢતા જાય છે. સામાન્ય પુણ્ય બંધાય અને તેથી કાર્ય થાય પણ ખરું પણ સામે સમ્યક્ત્વ જવાનો કે મલીન થવાનો મહા મોટો ભય ઉભો થાય છે. માટે એવી ઉપાસના ન કરવી એ જ ઉત્તમ છે. લક્ષ્મીદેવી માટે પણ આ રીતે સમજવું.

એટલો ખ્યાલ રાખવો કે નવે ગ્રહના ઇંદ્રદેવો અને લક્ષ્મીદેવી સમકિતી છે. તેથી તેઓ મુખ્યરુપે તો પરમેષ્ઠીની આરાધનાને જ ઇષ્ટ ગણે છે.

**પ્રશ્ન : ૪૮૯.** મહાવિદેહમાં દિગંબરમતના-દિગંબર સાધુઓ હોય ખરા ?

**ઉત્તર :** ત્યાં દિગંબરમત-દિગંબર સાધુનો સંભવ નથી. માણસ નગ્નતા દેખાય એ રીતે ફરે તે લોકનિંદ્ય છે. સાચો ધર્મી લોકનિંદ્ય કાર્ય કરતો નથી તેથી જેમ તેવી લબ્ધિરુપ અતિશયવાળા જ કરપાત્રી હોય છે. (આવી લબ્ધિવાળાના હાથ-ખોબો અછિદ્ર હોય છે-એમાંથી પ્રવાહી વગેરે જમીન પર પડતા નથી. જેઓ આવી લબ્ધિવાળા નથી, તેઓએ અવશ્ય પાત્રા રાખવાના છે. એ જ રીતે તેવી વિશિષ્ટ લબ્ધિ-વાળા-અતિશયવાળા (કે જે અતિશયથી નગ્નતા પ્રગટરુપે દેખાતી નથી) જ વસ્ત્ર રહિત રહી શકે. જેમની નગ્નતા દેખાઇ શકતી હોય, તેઓએ વસ્ત્ર ધારણ કરવા જ જોઇએ. પ્રભુ એવા અતિશયવાળા છે. પણ સામાન્ય સાધુ એવા અતિશયવાળા નથી. તેથી વસ્ત્ર જરુરી છે.



**બત્રીશ બત્રીશીમાં કેવળભુક્તિ પ્રસંગમાં ટીકામાં** પ્રભુ નગ્ન ન દેખાય તે વાત બતાવી છે આ વાતો લખેલી છે. જિનકલ્પી માટે વિશેષ ગુરુગમથી જાણવું.

**પ્રશ્ન : ૪૯૦.** મહાવિદેહમાં અલગ-અલગ ગચ્છ, પંથ, સમુદાય કે સંપ્રદાય હોય ખરા ?

**ઉત્તર :** મહાવિદેહમાં પણ જેટલા ગણધર એટલા ગચ્છ હોય છે, અનેક ગચ્છો હોય છે. પણ કથંચિત્ પરસ્પર આચારભેદની સંભાવના હોવા છતાં પરસ્પર વિરોધી હોતા નથી.

**પ્રશ્ન : ૪૯૧. ઉપદેશ પ્રાસાદમાં** પ્રાય : એવી વાત આવે છે કે દેવદ્રવ્યની ઉછામણી બોલ્યા પછી શ્રાવક એ રકમ જ્યાં સુધી ન ભરે, ત્યાં સુધી તે ઘરમાં રહેલી વસ્તુના ભોજનાદિ કરે, તો એને દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગે. તો પર્યુષણ દરમ્યાન ઉછામણી બોલ્યા પછી જ્યાં સુધી એ રકમ ભરે નહીં ત્યાં સુધી એને તો એ દોષ લાગે જ, પણ એના ઘરની ગોચરી વહોરીએ, તો આપણને પણ એ દોષ લાગે ને ? એ જ રીતે પ્રતિષ્ઠાની ઉછામણી બોલ્યા પછી ભલે પ્રતિષ્ઠાના આગલા દિવસે રકમ ભરી દે, પણ વચ્ચે જેટલા દિવસ જાય એટલા દિવસ દેવદ્રવ્ય ભક્ષણનો દોષ લાગે ને ?

**ઉત્તર :** દેવદ્રવ્યની ઉછામણી બોલ્યા પછી રકમ વહેલી તકે ભરી દેવી જોઇએ, પણ વર્તમાનમાં અમુક દિવસ પછી ભરપાઇ કરવાનો વ્યવહાર છે, તેથી ભક્ષણનો દોષ ન લાગે. ઘણું લંબાઇ જતું દેખાય, તો વહેલું ચુકવવા દબાણ કરી શકાય, પણ ગોચરી-પાણીનું દેવદ્રવ્ય-ભક્ષણના દોષના ભયથી વર્જન ન કરવું.

સામાન્યથી સંઘે ચઢાવા બોલાયા પછી વધુમાં વધુ પંદર દિવસ જેટલો



books\satyakant\proof.pm6,mch2,111

ભરપાઇનો ટાઇમ રાખવો ઠીક છે, પણ વધુ મોટા ચઢાવા થાય એના લોભમાં લાંબો પીરીયડ રાખવો ઉચિત નથી. પ્રતિષ્ઠાના ચઢાવા વખતે પણ 'ક્યાં સુધીમાં ભરપાઇ કરવું ?' એની જાહેરાત કરી હોય છે. ત્યાં સુધીમાં ભરપાઇ કરે, તો દોષ નથી. પણ એટલી રાહ જોવા કરતાં દેવદ્રવ્યના ઋણમાંથી જેટલા જલ્દી મુક્ત થવાય એટલા જલ્દી થવું હિતાવહ અને ઉત્તમ છે.

**પ્રશ્ન : ૪૯૨.** દેવદ્રવ્યમાંથી બનેલા દેરાસરમાં, એના રંગમંડપમાં, દેવદ્રવ્યથી લીધેલી જમીનમાં, પરિસરમાં, ઓટલા પર કે ચોકીમાં અધિષ્ઠાયક દેવ-દેવીના, માણિભદ્રયક્ષના કે ગુરૂમૂર્તિના ગોખલા કે દેરી બનાવવામાં આવે તો દોષ ખરો ?

**ઉત્તર :** દેરાસરમાં મૂળનાયક ભગવાનના શાસનરક્ષક દેવ દેવીની મૂર્તિ એમના પરિકરની બેઠકમાં પ્રાય: આવે છે. મૂળનાયક ભગવા-નની બેઠકની નીચે પ્રાસાદદેવીના ગોખલાનો પણ રિવાજ દેખાય છે. એ સિવાય દેવદેવીઓની મૂર્તિ દેરાસરમાં ન રાખવામાં આવે એ સારું છે. જો રાખે, તો એટલી જગ્યા અને એ ગોખલાનો ખર્ચ સાધા-રણમાંથી આપવો જોઇએ. પણ છતાં આ રીતે પણ આવો રિવાજ શોભાસ્પદ નથી. રાજાના મહેલમાં જ રાજાના નોકરનું રહેઠાણ હોતું નથી. દેરાસરના પરિસરમાં પણ કે ઓટલાપર પણ આ રીતે દેવ-દેવીનું સ્થાન શોભાસ્પદ નથી.

**પ્રશ્ન : ૪૯૩.** શ્રી સીમંધર સ્વામીનું જ્યાં સમવસરણ મંડાય, ત્યાંથી હજારો માઇલ દૂર રહેતા શ્રાવક વગેરે ત્યાં પહોંચવા માંગે તો કેવી રીતે પહોંચી શકે ? અહીં જેવી વાહન વ્યવહાર વ્યવસ્થા ખરી ? કે પછી વિદ્યાના બળથી જાય ?



**ઉત્તર :** પ્રભુના સમવસરણથી ઘણે દૂર રહેતા હોય, તો તેઓ સમવસરણમાં જાય જ એવો નિયમ નથી. પોતાની યાંત્રિક-માંત્રિક શક્તિ હોય, તો જાય પણ ખરા અથવા ક્યારેક દેવની સહાયથી પણ જાય. પણ આ કાયમ માટેનો નિયમ નહીં. ત્યાંના મંત્ર-યંત્રથી ચાલતા વાહનો અહીંના વિમાન કરતાંય વધુ પાવરફુલ હોવાનું સંભવે છે.

**પ્રશ્ન : ૪૯૪.** પાણી ગાળવાની વિધિ શું છે ? સંખારો કેવી રીતે કરવાનો ?

**ઉત્તર :** પાણી ગાળીને એ ગરણાને નાની તપેલીમાં રહેલા થોડા પાણીમાં ઉંધું કરી એ કચરો કે સંખારો એમાં આવી જાય પછી એ પાણી પાછું કુવામાં નાખવું એવી જુના કાળના શ્રાવકોની વિધિ હતી. આજે શહેરો વગેરેમાં એ શક્ય ન બને, તો પણ પાણી મૂળવિધિથી ગાળી એનો સંખારો નાના વાસણમાં ઉપરોક્ત રીતે કરી પાસેની નદીના વહેતા પાણીમાં કે ટાંકીમાં સાચવીને પધરાવવાથી સંખા-રાની પૂરી જયણા ન થવા છતાં જીવદયાનો પરિણામ ટકે છે, વિધિ સચવાય છે.

પાણી વ્યવસ્થિત ગળાય એ માટે ગરણું વ્યવસ્થિત જાડું-મોટું રાખવું જોઇએ. ચાહ ગાળવાની ગરણી જેવું ન જોઇએ.

પાણી ગાળ્યા પછી સંખારો ગટરમાં ફેંકી દેવો એ યોગ્ય નથી. પાણી ગાળવું જ નહીં એ ઉપેક્ષાભાવ છે અને ગરણા માટે કોથળી બાંધી દેવી એ વેઠ છે, એમાં ખાસ જયણા પળાતી નથી. સંખારો થતો નથી.

**પ્રશ્ન : ૪૯૫.** સીંગની પણ બે ફાડ થાય છે. તો કાચા દુધ વગેરે સાથે સીંગ લેવાથી દ્વિદળ કેમ ન થાય ?

**ઉત્તર :** સીંગ તેલમય છે. તેમાંથી ઘણું તેલ નીકળે છે, તેથી તે કઠોળ



books\satyakant\proof.pm6,mch2,112

નથી એમ વિચારતા જણાય છે. છતાં મુખ્યતયા તો આજ્ઞા, શાસ્ત્ર અને વ્યવહારજ અહીં મુખ્ય કારણ સમજવા. કઠોળની વ્યાખ્યામાં તેલવાળું બે ફાડ થાય, તો પણ કઠોળ ન ગણાય એવું છે. તેથી દ્વિદળ ન થાય.

**પ્રશ્ન : ૪૯૬.** ફુગ નિગોદ ગણાય ?

**ઉત્તર :** જે લીલ-ફુગ પાંચ વર્ણની થાય છે, તે પણ નિગોદ ગણાય છે. તેમાં અનંત જીવો માન્યા છે.

**પ્રશ્ન : ૪૯૭.** અભવ્યને શ્રુત સામાયિકનો લાભ કેવી રીતે થાય ?

**ઉત્તર :** અભવ્યને શ્રુત સામાયિકનો લાભ સાહજિક કે પ્રતિપક્ષ ભાવનાના ફળરૂપે તત્કાળ થયેલી કષાય મંદતાના કારણે થાય છે.

અભવ્યને પણ જેમ ગ્રૈવેયક સુધીનો પુણ્યબંધ સંભવે છે એમ આગંતુક-આંશિક-શુભભાવના-પ્રતિપક્ષભાવના સંભવે છે. અલબત્ત તે સ્થાયી કે પ્રબળ ન હોય, ન બને.

અચરમાવર્તમાં પ્રતિપક્ષ ભાવના એકાંતે ન જ હોય, એવું નહીં સમજવું. આંશિક-આગંતુક સંભવે છે કે જે સ્થાયી કે સબળ નથી હોતા. તેથી જ અચરમાવર્તમાં શુભવિચારણા, શુભ ક્રિયા અને દુ:ખગર્ભિત કે મોહગર્ભિત વૈરાગ્ય પણ સંભવે છે.

અભવ્યો અને ગ્રંથિદેશે આવી સમ્યક્ત્વ પામ્યા વિના પાછા ફરનારા ભવ્યોને પણ પ્રતિપક્ષભાવના અપ્રધાન-ગૌણરૂપે સંભવે છે. સમ્યક્ત્વ પામનારને એ ભાવના પ્રધાનરૂપે હોવી ઘટે છે. આ પ્રતિપક્ષભાવના વગેરેમાં પણ ધર્મશ્રવણ-ધર્માચરણ વગેરે નિમિત્ત બને છે. સંસારભાવથી વિરૂદ્ધ જે પ્રતિપક્ષ ભાવનાઓ છે તે પ્રધાન પ્રતિપક્ષભાવના છે. જે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય વગેરેથી સંભવે છે.



જે પ્રતિપક્ષભાવના સ્પષ્ટ ન હોય, તે ઓઘ પ્રતિપક્ષ ભાવના છે. જે પ્રતિપક્ષભાવના સ્પષ્ટ હોવા છતાં મૂળ સુધી કે મોક્ષરૂપી ફળ સુધી ન પહોંચે-પહોંચાડે તે અપ્રધાન પ્રતિપક્ષભાવના છે.

**પ્રશ્ન : ૪૯૮.** રાતના કપાળે રહેલો ચાંદલો રાખવાનો કે કાઢી નાખવાનો ?

**ઉત્તર :** રાતના કેસરનો ચાંદલો કાઢી નાંખવો જોઇએ એમ ગ્રંથમાં વાંચવામાં આવ્યું છે.

**પ્રશ્ન : ૪૯૯.** સ્થાપનાચાર્યની ઠવણીમાં ચાર દાંડીમાં જે ફુમતા બંધાય છે, તે પૂર્વે હતું ? ચાર દાંડીમાં દોરી બાંધવા જે કાણા કરવામાં આવે છે, તે રાક્ષસગણ ગણાય ?

**ઉત્તર :** દાંડીઓવાળી ઠવણી સહિત ફુમતું બાંધવાનો રિવાજ પાછળથી શરૂ થયો હોય, એમ લાગે છે. કાણું જાણીને પાડવામાં આવે છે અને રાક્ષસગણ વગેરે દોષોમાં કપડા અંગેની ગણત્રી અલગ રીતથી હોય છે. દાંડા-દાંડીમાં તે લાગુ પડે તેમ નથી. તેથી એમાં રાક્ષસગણની ગણત્રી નથી હોતી.

**પ્રશ્ન : ૫૦૦.** દેરાસરમાં રહેલી દેવ-દેવીની મૂર્તિના પૂજા-ધૂપ-દીવા દેવદ્રવ્યમાંથી આવેલી સામગ્રીથી કરી શકાય ?

**ઉત્તર :** દેવદ્રવ્યમાંથી લાવેલી સામગ્રીથી દેવ-દેવીના પૂજા-ધૂપ વગેરે ન કરી શકાય. એ માટે સાધારણ દ્રવ્ય અથવા દેવ-દેવીના ભંડારનું દ્રવ્ય વાપરી શકાય. 'દેરાસરના નિભાવ માટે' અથવા દેરાસર સાધારણ કરાયું હોય, તો દેરાસરને જ અંતર્ગત દેવ-દેવી હોવાથી એ દ્રવ્ય દેવ-દેવીના પૂજા વગેરે માટે વાપરવામાં દોષ નથી. શ્રાવકો પોતાના ન્યાયોપાર્જિત દ્રવ્યથી ભક્તિ કરે તે ઉત્તમ છે.



books\satyakant\proof.pm6,mch2,113